નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

# ગુજરાત ટુડે

GUJARAT TODAY (Daily)

AHMEDABAD ••• SINCE-1991

અશ્લીલતાથી દૂર રહી, સ્વચ્છતા અને સંસ્કારિતાને અપનાવી પ્રસિદ્ધ થતાં 'ગુજરાત ટુડે' દૈનિકને સ્ત્રીઓ અને બાળકોને વંચાવવા ઘરમાં વસાવો.

(લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા જનહિતાર્થે પ્રકાશિત)

**કરન્સી માર્કેટ**

| | |
|---|---|
| US.ડોલર | ૮૩.૯૧ |
| પાઉન્ડ | ૧૧૦.૨૭ |
| યુરો | ૯૩.૦૬ |
| સઉદી રિયાલ | ૨૨.૩૬ |
| સોનુ (૧૦ ગ્રા.૨૪ કેરેટ) | ૭૪,૩૭૫ |
| ચાંદી (૧ કિલો) | ૯૫,૦૦૦ |

Regd. No.Guj.168/2023-2025 Valid up to Dt. 31-12-2025 ● RNI. No. 48870/91 ● વર્ષ-૩૪ અંક-૪૭ ● તંત્રી : અઝીઝ ટંકારવી ● E-mail : gujarattodaydaily@gmail.com

# અરવિંદ કેજરીવાલને અંતે ૬ મહિના પછી જામીન

## સુપ્રીમની શરતો : તેઓ ઓફિસ જઈ શકશે નહીં અથવા ફાઈલો પર સહી કરી શકશે નહીં

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૩

દિલ્હીના મુખ્યપ્રધાન અરવિંદ કેજરીવાલને સુપ્રીમ કોર્ટ દ્વારા જામીન આપવામાં આવ્યા છે. કથિત દારૂની આબકારી નીતિ કેસના સંબંધમાં જૂનમાં સેન્ટ્રલ બ્યુરો ઑફ ઇન્વેસ્ટિગેશન દ્વારા તેમની ધરપકડ કરવામાં આવી હતી.

આમ આદમી પાર્ટીના નેતા હવે જેલમાંથી બહાર આવી શકે છે કારણ કે તેને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા દાખલ કરવામાં આવેલા કેસમાં જામીન મળી ચૂક્યા છે. જો કે, તે લેફ્ટનન્ટ ગવર્નર વી.કે. સક્સેનાની સંમતિ વિના તેમની ઓફિસ અથવા દિલ્હી સચિવાલયમાં જઈ શકશે નહીં અથવા ફાઈલો પર સહી કરી શકશે નહીં. શુક્રવારે સવારે સંક્ષિપ્ત સત્રમાં જસ્ટિસ ઉજ્જલ ભૂયાન અને જસ્ટિસ સૂર્યકાંતે કેજરીવાલની બે અરજીઓ પર અલગ-અલગ ચુકાદો સંભળાવ્યો હતો પરંતુ તેઓ સંમત થયા હતા કે મુખ્યપ્રધાનને મુક્ત કરવા જ જોઈએ. દિલ્હીની તિહાર જેલના સૂત્રોએ એનડીટીવીને જણાવ્યું કે તેમને આજે મુક્ત કરવામાં આવશે. જસ્ટિસ કાંતે સીબીઆઈની ધરપકડમાં ''કોઈ અવરોધ નહીં'' હોવાનું જાહેર કર્યું હતું, પરંતુ જસ્ટિસ ભૂયાને પૂછ્યું હતું કે ઈડી કેસમાં ટ્રાયલ કોર્ટે જામીન આપ્યા પછી જ એજન્સી શા માટે સક્રિય થઈ છે. જામીનની બાબતમાં આ બંને ન્યાયાધીશો સહમત થયા હતા, અને નોંધ્યું હતું કે કેસના ટ્રાયલની પૂર્ણતા નજીકના ભવિષ્યમાં અસંભવિત છે. ત્યારબાદ કોર્ટે પૂર્વ નાયબ મુખ્યપ્રધાન મનીષ સિસોદિયા અને તેલંગાણાના રાજકારણી કે કવિતા સહિત અન્ય લોકો માટે આ કેસમાં ચુકાદો આપ્યો હતો અને આ બંનેને સમાન આધાર પર મુક્ત કરવામાં આવ્યા હતા. 'જામીન એ નિયમ છે, જેલ એ અપવાદ છે' એવા કાયદાકીય સિદ્ધાંતને પણ રેખાંકિત કરતા સુપ્રીમ કોર્ટે આ સિદ્ધાંતની પ્રાધાન્યતા પર ભાર મૂક્યો છે. કેજરીવાલની પત્ની, સુનીતા કેજરીવાલ, જેમણે તેમના પતિ જેલમાં હતા ત્યારે રાજકીય ભાષણો આપ્યા હતા, તેમણે જણાવ્યું હતું કે ભાજપની યોજનાઓ નિષ્ફળ ગઈ છે. તેઓ વિપક્ષના નેતાઓને જેલમાં રાખીને સત્તામાં રહેવા માંગે છે. કેજરીવાલની મુક્તિના સમાચારને AAPના વરિષ્ઠ નેતાઓ અને પક્ષના કાર્યકરો દ્વારા પણ ખૂબ જ આનંદ સાથે આવકારવામાં આવ્યા હતા. સિસોદિયાએ કહ્યું કે, આજે, ફરી એકવાર, અસત્ય અને ષડયંત્રો સામેની લડાઈમાં સત્યની જીત થઈ છે. દિલ્હીના શિક્ષણ પ્રધાન તરીકે તેમના અનુગામી, આતિશીએ કહ્યું કે, સત્ય પરેશાન થઈ શકે છે, પરંતુ પરાજિત થઈ શકતું નથી. AAP સાંસદ રાઘવ ચઢ્ઢાએ આ નિર્ણયનું સ્વાગત કર્યું છે. કેજરીવાલની મુક્તિ એ હરિયાણા વિધાનસભા ચૂંટણીના અઠવાડિયા પહેલા થઈ છે, જેમાં તેમની પાર્ટી તમામ ૯૦ બેઠકો પર ચૂંટણી લડશે. હરિયાણામાં ૫ ઓક્ટોબરે ચૂંટણી યોજાશે. AAP ઈન્ડિયા બ્લોક સાથે રાષ્ટ્રીય મંચ પર તેના સહયોગી કોંગ્રેસ સાથે વાટાઘાટો કરી રહી હતી, પરંતુ બેઠકોની વહેંચણી અડચણરૂપ સાબિત થઈ હતી. AAP રાજ્યની ૯૦માંથી ૧૦ બેઠકો પર ચૂંટણી લડવા માંગતી હતી, પરંતુ કોંગ્રેસ માત્ર ૭ બેઠકો આપતી હતી. દિલ્હી લિકર એક્સાઈઝ પોલિસી કેસમાં એવા આરોપોનો સમાવેશ થાય છે કે કેજરીવાલ અને AAPને જથ્થાબંધ લાયસન્સની ફાળવણી માટે શ્રીમતી કવિતાની આગેવાની હેઠળના 'સાઉથ ગ્રુપ' તરફથી નોંધપાત્ર ચૂકવણી સહિત રૂા.૧૦૦ કરોડની લાંચ મળી હતી. ED અને CBI માને છે કે આ નાણાનો ઉપયોગ AAP દ્વારા ૨૦૨૨ની ગોવા વિધાનસભા ચૂંટણી સહિત ચૂંટણી પ્રચાર માટે કરવામાં આવ્યો હતો. તેઓ એવું પણ માને છે કે કેજરીવાલે વિવાદાસ્પદ નવેમ્બર ૨૦૨૧ નીતિનો મુસદ્દો તૈયાર કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. અરવિંદ કેજરીવાલ, મનીષ સિસોદિયા અને શ્રીમતી કવિતા અને તેમની પાર્ટીએ તમામ આરોપોને નકારી કાઢ્યા છે. તેઓએ શાસક ભાજપ પર પણ વળતો આરોપ લગાવ્યો છે, અને તેના ટીકાકારો અને વિપક્ષી નેતાઓ પર ED અને CBI જેવી ફેડરલ એજન્સીઓ દ્વારા દબાણ કરવાનો આરોપ મૂક્યો છે.



વરસતા વરસાદમાં કેજરીવાલ એમના પક્ષના સાથીઓ મનિષ સિસોદિયા, આતિશી વગેરે સાથે તિહાર જેલની બહાર આવ્યા અને દિલ્હીની જનતાનો આભાર માનતા કહ્યું, મારી શક્તિમાં સો ગણો વધારો થઈ ગયો છે

### સુપ્રીમ કોર્ટે દિલ્હીના મુખ્યમંત્રીને અરીસો બતાવ્યો, તેમણે રાજીનામું આપવું જોઈએ : જામીન પર ભાજપની પ્રતિક્રિયા

ભાજપે શુક્રવારે જણાવ્યું હતું કે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે તાત્કાલિક તેમના પદ પરથી રાજીનામું આપવું જોઈએ કારણ કે સુપ્રીમ કોર્ટે તેમને માત્ર શરતી જામીન આપ્યા છે અને તેઓ એક્સાઈઝ પોલિસી કૌભાંડ સાથે જોડાયેલા ભ્રષ્ટાચારના કેસમાં આરોપી તરીકે ચાલુ છે. સુપ્રીમે જામીન આપતાં કહ્યું કે, લાંબા સમય સુધી સ્વતંત્રતાથી વંચિત રાખવું એ અન્યાય સમાન છે. એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા ગૌરવ ભાટિયાએ કહ્યું કે, ''સુપ્રીમ કોર્ટે 'કટ્ટર બેઈમાન' (એકદમ અપ્રમાણિક) અરવિંદ કેજરીવાલને જામીન આપતાં તેમને અરીસો બતાવ્યો છે. આ પછી તેમણે તાત્કાલિક રાજીનામું આપી દેવું જોઈએ.'' ભાટિયાએ ઉમેર્યું હતું ''ન તો તેમની સામેના આરોપો રદ કરાયા છે અને ન તો તેમને નિર્દોષ જાહેર કરાયા છે.''

## CBIએ પોતે પાંજરાનો પોપટ નથી એ સાબિત કરવું જોઈએ : અરવિંદ કેજરીવાલની ધરપકડ અને તેઓને જામીન આપતા સમયે સુપ્રીમ કોર્ટના જજનું નિવેદન

**અરવિંદ કેજરીવાલની એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) દ્વારા ૨૧ માર્ચના રોજ દારૂ નીતિ કૌભાંડ સાથે જોડાયેલા મની લોન્ડ્રિંગ કેસમાં ધરપકડ કરવામાં આવી હતી, CBIએ પાછળથી ૨૬ જૂને ભ્રષ્ટાચારના કેસમાં ધરપકડ કરી હતી**

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૩

સુપ્રીમ કોર્ટે શુક્રવારે કથિત દિલ્હી લિકર પોલિસી કૌભાંડમાં દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને જામીન આપ્યા છે. જસ્ટિસ સૂર્યકાંત અને ઉજ્જલ ભૂયાનની બેન્ચે આ ચુકાદો સંભળાવ્યો હતો. અરવિંદ કેજરીવાલની એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) દ્વારા ૨૧ માર્ચના રોજ દારૂ નીતિ કૌભાંડ સાથે જોડાયેલા મની લોન્ડ્રિંગ કેસમાં ધરપકડ કરવામાં આવી હતી. સીબીઆઈએ ૨૬ જૂને ભ્રષ્ટાચારના કેસમાં ધરપકડ કરી હતી. સીબીઆઈ દ્વારા તેમની ધરપકડને કારણે સુપ્રીમ કોર્ટે ૧૨ જુલાઈએ તેમને જામીન આપ્યા છતાં તેઓ તિહાર જેલમાં જ છે.

**અરવિંદ કેજરીવાલને જામીન આપતા સુપ્રીમ કોર્ટે શું કહ્યું હતું ? :**

- દિલ્હીના મુખ્યપ્રધાન અરવિંદ કેજરીવાલને આજે જામીન આપવામાં આવ્યા હતા. જામીન આપતાં જસ્ટિસ સૂર્યકાંતે કહ્યું હતું કે, જેલમાં લાંબા સમય સુધી કેદ રહેવું એ સ્વતંત્રતા માટે સમસ્યા છે. અદાલતો સામાન્ય રીતે સ્વતંત્રતા તરફ ઝૂકે છે. અમે અરવિંદ કેજરીવાલને રૂા.૧૦ લાખના જામીન બોન્ડને આધીન જામીન પર મુક્ત કરવાનો નિર્દેશ આપીએ છીએ. આમ આદમી પાર્ટી (AAP)ના રાષ્ટ્રીય કન્વીનરે પાંચ ઓગસ્ટના રોજ ભ્રષ્ટાચારના કેસમાં તેમની ધરપકડને સમર્થન આપતા દિલ્હી હાઈકોર્ટના ચુકાદાને પડકાર્યો હતો.
- ન્યાયાધીશ સૂર્યકાંતે જણાવ્યું હતું કે, વિકસિત સમાજ માટે જામીન પર એક વિકસિત ન્યાયશાસ્ત્રની જરૂર છે અને જ્યારે ટ્રાયલ ચાલુ હોય ત્યારે આરોપીની લાંબી જેલની સજાને ન્યાયી ઠેરવી શકાતી નથી.
- કેજરીવાલે દાવો કર્યો હતો કે, કથિત કૌભાંડના સંબંધમાં સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશન (CBI) દ્વારા તેમની ધરપકડ એક વ્યૂહાત્મક ચાલ હતી, જસ્ટિસ સૂર્યકાંતે કહ્યું કે, તેમની ધરપકડ ગેરકાયદેસર નથી. ન્યાયાધીશ સૂર્યકાંતે કહ્યું કે, તપાસના હેતુઓ માટે અન્ય કેસ માટે કસ્ટડીમાં રહેલા વ્યક્તિની ધરપકડ કરવામાં કોઈ અવરોધ નથી. સીબીઆઈએ તેમની અરજીમાં નોંધ્યું છે કે, શા માટે આ ધરપકડ જરૂરી હતી અને ન્યાયિક આદેશ હતો. કલમ ૪૧(એ)(૩)નું કોઈ ઉલ્લંઘન થયું નથી. આમ કલમ ૪૧(એ)(૩)નું પાલન ન થયું હોય તેવી કોઈ યોગ્યતા આ દલીલમાં નથી.
- દિલ્હીના મુખ્યપ્રધાનને જામીન આપતા ન્યાયાધીશ સૂર્યકાંતે જણાવ્યું હતું કે, ત્રણ પ્રશ્નો છે : શું સીબીઆઈ દ્વારા ધરપકડ કરવામાં ગેરકાયદેસરતા હતી, જો તેને તરત જ મુક્ત કરી શકાય અને શું ચાર્જશીટ દાખલ કરવી એવી પ્રકૃતિની છે કે, તેણે ટ્રાયલ કોર્ટમાં જવું પડશે. અરવિંદ કેજરીવાલે જામીન માટે ત્રણ શરત સંતોષી છે અને અમે તે મુજબ આદેશ આપીએ છીએ.
- સર્વોચ્ચ અદાલતે જામીનની શરતો નક્કી કરી હતી કે, અરવિંદ કેજરીવાલ જામીન પર બહાર હોય ત્યારે એક્સાઈઝ પોલિસી કેસ પર ટિપ્પણી કરી શકતા નથી. જસ્ટિસ સૂર્યકાંતે કહ્યું કે, અરવિંદ કેજરીવાલ આ કેસ વિશે કોઈ જાહેર ટિપ્પણી કરશે નહીં અને મુક્તિ ન મળે ત્યાં સુધી ટ્રાયલ કોર્ટ સમક્ષ તમામ સુનાવણી માટે હાજર રહેશે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ બાબતમાં લાદવામાં આવેલી શરતો આ કેસમાં પણ લાગુ પડશે. તે ટ્રાયલ કોર્ટને સંપૂર્ણ સહકાર આપશે.
- CBIની ધરપકડની કાયદેસરતા પર સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશોએ અલગ મત આપ્યો. બંને ન્યાયાધીશોએ અલગ-અલગ પરંતુ એકસરખા ચુકાદાઓ આપ્યા પરંતુ સર્વસંમતિથી જણાવ્યું કે, નજીકના ભવિષ્યમાં કેસની સુનાવણી પૂર્ણ થવાની શક્યતા નથી. જસ્ટિસ સૂર્યકાંતે કહ્યું કે, સીબીઆઈ દ્વારા કેજરીવાલની ધરપકડ ગેરકાયદેસર નથી, જસ્ટિસ ઉજ્જલ ભૂયાને કહ્યું કે, સીબીઆઈ દ્વારા ધરપકડ તેના જવાબો કરતાં વધુ પ્રશ્નો ઊભા કરે છે. માર્ચ ૨૦૨૩માં તેમની પૂછપરછ કરવામાં આવી હતી છતાં CBIને તેમની ધરપકડ કરવાની જરૂર જણાય ન હતી અને EDની ધરપકડ પર રોક લગાવવામાં આવી હતી તે પછી જ CBI સક્રિય થઈ અને કેજરીવાલની કસ્ટડી માંગી અને તેથી ૨૨ મહિનાથી વધુ સમય સુધી ધરપકડની જરૂર નથી. સીબીઆઈ દ્વારા આ પ્રકારની કાર્યવાહી ધરપકડના સમય પર ગંભીર પ્રશ્ન ઊભો કરે છે.
- જસ્ટિસ ભૂયાને કહ્યું હતું કે, કેજરીવાલની ધરપકડ કરવાની સીબીઆઈની ઉતાવળને તેઓ સમજી શકતા નથી. જ્યારે તેણે ૨૨ મહિનાથી તેમની ધરપકડ કરી ન હતી અને જ્યારે તેઓ ED કેસમાં જામીન મેળવવાના આરે હતા ત્યારે જ તેમની ધરપકડ કરી હતી.

જસ્ટિસ ઉજ્જલ ભૂયાને કહ્યું કે, CBIએ પાંજરામાં બંધ પોપટ હોવાની તેની કલ્પનાને દૂર કરવી જોઈએ અને એ બતાવવું જોઈએ કે, તે પાંજરા વગરનો પોપટ છે.

- જસ્ટિસ ઉજ્જલ ભૂયાને જણાવ્યું હતું કે, જ્યારે કેજરીવાલ ED કેસમાં જામીન પર હોય ત્યારે તેમને જેલમાં રાખવા એ ન્યાયની ઉપેક્ષા હશે.
- જસ્ટિસ ભૂયાને જસ્ટિસ સૂર્યકાંતથી અલગ જણાવ્યું હતું કે, જામીન એ વિકસિત ન્યાયશાસ્ત્રીય પ્રણાલીનું એક પાસું છે. આમ જામીન એ નિયમ છે અને જેલ અપવાદ છે. અજમાયશની પ્રક્રિયા અથવા ધરપકડ તરફ દોરી જતા પગલાં હેરાનગતિ થવા જોઈએ નહીં. આમ સીબીઆઈની ધરપકડ ગેરવાજબી છે અને તેથી અપીલકર્તાને તાત્કાલિક મુક્ત કરવામાં આવે છે.
- દિલ્હી એક્સાઈઝ પોલિસીની રચનામાં ગેરરીતિઓના આરોપોમાં અરવિંદ કેજરીવાલ પર એવો આરોપ છે કે, કેજરીવાલે અન્ય AAP નેતાઓ સાથે મળીને દારૂના લોબીસ્ટ પાસેથી લાંચ મેળવવા માટે આ નીતિમાં ઈરાદાપૂર્વક છટકબારીઓ રાખી હતી. તપાસ એજન્સીઓએ દાવો કર્યો હતો કે, આ યોજના દ્વારા મેળવેલ ભંડોળ ગોવામાં AAPના ચૂંટણી પ્રચારમાં વાપરવામાં આવ્યું હતું. સીબીઆઈ અને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) સંયુક્ત રીતે કેસની તપાસ કરી રહ્યા છે, કેજરીવાલની ૨૧ માર્ચે ઈડી દ્વારા ધરપકડ કરવામાં આવી હતી.

## TMC સાંસદ મહુઆ મોઈત્રાએ SEBIના વડા વિરુદ્ધ લોકપાલમાં કથિત 'અયોગ્ય વ્યવસ્થા' માટે ફરિયાદ નોંધાવી

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૩

તૃણમૂલ કોંગ્રેસના સાંસદ મહુઆ મોઈત્રાએ સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (SEBI)ના અધ્યક્ષ માધબી પુરી બુચ વિરુદ્ધ લોકપાલમાં ફરિયાદ નોંધાવી છે, જેમાં 'અયોગ્ય વર્તન' અને 'ગોઠવણ'નો આરોપ લગાવ્યો છે. મહુઆએ X પરની પોસ્ટમાં જણાવ્યું હતું કે, સુશ્રી પુરી-બુચ વિરુદ્ધ મારી લોકપાલ ફરિયાદ ઈલેક્ટ્રોનિક અને ભૌતિક સ્વરૂપે દાખલ કરવામાં આવી છે. લોકપાલે ૩૦ દિવસની અંદર તેને સીબીઆઈ/ઈડીને પ્રાથમિક તપાસ માટે મોકલવી જોઈએ અને પછી સંપૂર્ણ એફઆઈઆરની તપાસ કરવી જોઈએ. તેમાં સામેલ દરેકને સમન્સની જરૂર છે અને દરેક લિંકની તપાસ કરવી જોઈએ. આ



ફરિયાદમાં એપ્રિલ ૨૦૧૭થી ઓક્ટોબર ૨૦૨૧ સુધી SEBIના સંપૂર્ણ સમયના સભ્ય તરીકે અને ત્યારબાદ માર્ચ ૨૦૨૨થી અધ્યક્ષ તરીકેના કાર્યકાળ દરમિયાન બુચના કથિત ગેરવર્તણૂકને દર્શાવવામાં આવી હતી. ટીએમસી સાંસદે તેની ફરિયાદમાં દાવો કર્યો હતો કે, બુચ દ્વારા અયોગ્ય કાર્યો કરવામાં આવ્યા હતા અને તે સંભવિતપણે ભારતના 'રાષ્ટ્રીય હિતોને' જોખમમાં મૂકે છે. માધબી પુરી બુચને એપ્રિલ ૨૦૧૭થી ઓક્ટોબર, ૨૦૨૧ સુધી સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ કમિશન ઓફ ઈન્ડિયા (SEBI)ના સંપૂર્ણ સમયના સભ્ય તરીકે અને ત્યારબાદ માર્ચ ૨૦૨૨માં SEBIના અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. જો કે, એક ઘટસ્ફોટના આધારે એવું જણાય છે કે, બુચ એક સીરિયલ અપરાધી છે જેણે જાહેર સેવકના ભાગરૂપે અયોગ્ય આચરણ કર્યું હતું અને અયોગ્ય કાર્યો કર્યા છે અને ભારતના રાષ્ટ્રીય હિતોને સંભવિતપણે જોખમમાં મૂકે તેવું કામ કર્યું છે. મોઈત્રાની ફરિયાદે SEBIમાં ફરજ બજાવતા બુચને ICICI બેંક અને ICICI પ્રુડેન્શિયલ પાસેથી નિયમિત આવક મેળવવા અંગે પણ ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. મોઈત્રાએ ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ ૧૯૮૮ હેઠળ ઉલ્લંઘનની તપાસની માંગ કરી છે. પાંચ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ અન્ય દસ્તાવેજી પુરાવાઓ દર્શાવે છે કે, સુશ્રી બુચ ૨૦૧૧ અને ૨૦૧૩ની વચ્ચે ICICI બેંકમાં તેમના કાર્યકાળ દરમિયાન ગ્રેટર પેસિફિક કેપિટલ, એક ખાનગી ઈક્વિટી ફંડમાં પણ કાર્યરત હતા જ્યાં શૌર્ય ડોભાલ (NSA અજિત ડોભાલના પુત્ર) લીડરશિપ ટીમના સભ્ય છે. ૪ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ ગ્રેટર પેસિફિક કેપિટલ સાથે બુચની સંડોવણી અંગેનો સમાચાર એન્ક્લોઝર ૯ તરીકે મારી ફરિયાદ સાથે જોડાયેલ છે.

ઓગસ્ટમાં હિન્ડનબર્ગ રિસર્ચે આરોપ મૂક્યો હતો કે, બુચ અને તેના પતિએ અદાણી જૂથના શેરોમાં રોકાણ કરવા માટે ગૌતમ અદાણીના મોટા ભાઈ વિનોદ અદાણી જેવા જ ઓફશોર કંપનીઓમાં રોકાણ કર્યું હતું. અદાણી જૂથે હિન્ડનબર્ગના તમામ આરોપોને રદિયો આપ્યો છે. આ અહેવાલમાં આક્ષેપ કરવામાં આવ્યો હતો કે, બુચ અને તેના પતિ દ્વારા ઓફશોર ફંડ્સમાં કથિત રોકાણને કારણે સેબીએ અદાણી સામેની તેની તપાસમાં ગેરીરીતિ હતી. દરમિયાન માધબી પુરી બુચ અને તેના પતિ ધવલ બુચે પણ હિન્ડનબર્ગ રિસર્ચ દ્વારા તેમની સામે કરવામાં આવેલા આરોપોને રદિયો આપ્યો છે. આ દંપતીએ નિરાશા પણ વ્યક્ત કરી અને તેઓએ જણાવ્યું હતું કે, તેમનું જીવન અને નાણાકીય બાબતો પારદર્શક છે અને તેઓએ સતત સેબીને તમામ જરૂરી જાહેરાતો પ્રદાન કરી છે.

### ક્યા બાત હૈ ?!

**ચૂપ મર ! ચૂંટણીમાં ભવ્ય વિજય બદલ માત્ર જનતાનો આભાર માન ! ચૂંટણીપંચ, ઈવીએમ અને મીડિયાનો નહીં !**



- જામી

## ૧૯૮૪ના શીખ વિરોધી રમખાણો : દિલ્હીની કોર્ટે જગદીશ ટાઈટલર વિરૂદ્ધ હત્યાના આરોપો મૂક્યા

**૧૯૮૪ના દિલ્હીના કોમી રમખાણગ્રસ્ત પીડિતોનાં ન્યાય માટે શીખ સમુદાયે સંઘર્ષ કર્યો છે. આજે ૪૦ વર્ષ બાદ પણ તેઓ આરોપીને છોડતા નથી. પરંતુ કેટલાક સમાજ પ્રત્યે નફરત ફેલાવી રમખાણ કરાવી જાનમાલનું નુકસાન થાય તો પણ કોઈ કોર્ટમાં ફરિયાદ કરવા જતો નથી! ન્યાય મેળવવા કાયદેસર લડત આપવી એ પણ હદીસ છે પરંતુ ટૂંકી દૃષ્ટિવાળા લોકોને દુન્યવી આનંદ સિવાય કંઈ દેખાતું નથી.**

**ન્યુઝ GT પોઈન્ટ**

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૩

દિલ્હીની એક અદાલતે શુક્રવારે ૧૯૮૪ના શીખ વિરોધી રમખાણોના કેસમાં કોંગ્રેસ નેતા જગદીશ ટાઈટલર વિરુદ્ધ હત્યા અને અન્ય ગુનાઓના આરોપો ઘડ્યા હતા. સ્પેશિયલ જજ રાકેશ સિયાલે નિર્દેશ આપ્યો હતો કે ટાઈટલરે ગુનાઓ માટે દોષિત ન હોવાની કબૂલાત કર્યા બાદ તેઓને ટ્રાયલનો સામનો કરવો પડશે. ન્યાયાધીશે કહ્યું હતું કે આરોપીઓ સામે કાર્યવાહી કરવા માટે પૂરતું કારણ છે. એક સાક્ષીએ અગાઉ ચાર્જશીટમાં એવી રજૂઆત કરી હતી કે ૧ નવેમ્બર, ૧૯૮૪ના રોજ ગુરુદ્વારા પુલબંગશની સામે ટાઈટલર સફેદ રંગની એમ્બેસેડર કારમાંથી બહાર આવ્યા અને તેમણે ટોળાને એવું કહીને ઉશ્કેર્યા હતા કે, શીખોને મારી નાખો, તેઓએ અમારી માતાને મારી નાખી છે. અદાલતે ગેરકાયદેસર ભેગા થવા, રમખાણો કરવા, જુદા જુદા જૂથો વચ્ચે દુશ્મનાવટને પ્રોત્સાહન આપવા, ઘરમાં પેશકદમી અને ચોરી સહિતના વિવિધ ગુનાઓ માટે આરોપો ઘડવાનો આદેશ આપ્યો હતો.



ટાઈટલરે આ ગુના માટે દોષિત ન હોવાની કબૂલાત કરી છે.

## આરએસએસ મોદીના નેતૃત્વની અતિશયતાનો અસ્વીકાર કરે છે : સંઘના પૂર્વ કાર્યકર

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૩

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ એક સંગઠન તરીકે અતિશયતા અને એક વ્યક્તિની પૂજાને નાપસંદ કરે છે, તેથી જ તેના વર્તમાન વડા મોહન ભાગવત અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી વચ્ચે સંઘર્ષના અનેક સંકેતો જોવા મળે છે. પાર્થ બેનરજીએ આરએસએસના સૈનિક તરીકે તેમની વિચારધારાથી વિમુખ થતા પહેલા લગભગ બે દાયકા કામ કર્યું છે. સામાન્ય ચૂંટણીઓ પહેલા બીજેપી અધ્યક્ષ જેપી નડ્ડાએ કહ્યું હતું કે પાર્ટીએ આરએસએસની જરૂરિયાતને વટાવી દીધી છે. ત્યારથી ભાગવતે વડાપ્રધાન પર આકરા પ્રહારો કર્યા છે. ગયા અઠવાડિયે શંકર દિનકર કાણેના શતાબ્દી સમારોહમાં ભાગવતે કહ્યું હતું કે કોઈ વ્યક્તિઓએ એવું જાહેર ન કરવું જોઈએ કે તેઓ ભગવાન છે. તેમના નિવેદનને એક ટીવી ઈન્ટરવ્યુમાં પોતાને 'બિન-જૈવિક' ગણાવતા પીએમ મોદીની ટીકા ગણવામાં આવી રહી છે. બેનરજીએ કહ્યું કે, ભાજપની મોદી-શાહ બ્રાન્ડ અને આરએસએસના જૂના જમાનાના લોકો વચ્ચે ઘણો સંઘર્ષ છે. મોદીએ તેમના નેતૃત્વમાં જે પ્રકારની અતિશયતા દાખવી છે તેને RSS મૂળભૂત રીતે નકારે છે. બેનરજીએ ૧૯૮૧માં સંઘ છોડી દીધો અને ૧૯૯૬માં તેમના શૈક્ષણિક અને સક્રિયતાને આગળ ધપાવવા માટે યુએસ ગયા. તેમણે તાજેતરમાં બંગાળીમાં અમેરિકા સ્વપ્નપુરીનાહત્યાપુરી નામનું પુસ્તક પ્રકાશિત કર્યું છે. આ પ્રોજેક્ટ્સ માટે, બેનરજી પોતે દર વર્ષે ચાર મહિના માટે કોલકાતામાં સ્ટેશન રાખે છે. તેમણે કહ્યું કે, હું સાવરકર અને ગોલવલકરના હિન્દુત્વના વિચારને ધિક્કારું છું.

### પાર્થ બેનરજી જ્યારે સંઘથી છૂટા પડ્યા ત્યારે આરએસએસની વિદ્યાર્થી પાંખ અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ બંગાળના સચિવ હતા

હિંદુ ધર્મનો મારો વિચાર સંવાદિતા અને શાંતિનો છે. આરએસએસના પ્રચારક જિતેન્દ્રનાથ બેનર્જીના પુત્ર તરીકે સંઘના માર્ગ પર ચાલવું તેમના માટે સ્વાભાવિક હતું અને ખૂબ જ નાની ઉંમરથી, તેમણે શાખાઓમાં જવાનું શરૂ કર્યું હતું અને RSS નેતાઓ તેમના ઘરે આવતા હતા. ૧૯૫૦ના દાયકામાં સંગઠન પરનો પ્રતિબંધ હટાવ્યા પછી બંગાળમાં આરએસએસને મજબૂત બનાવવા માટે જીતેન્દ્રનાથને પસંદ કરવામાં આવ્યા હતા. બેનરજીના પિતા અટલ બિહારી વાજપેયી અને લાલ કૃષ્ણ અડવાણીના નજીકના હતા અને પોતે પણ ઉચ્ચ પદના વ્યક્તિ હતા. તેથી જિતેન્દ્રનાથને નવી દિલ્હીથી કોલકાતા મોકલવામાં આવ્યા હતા. બેનરજી કહે છે કે RSSની અંદર એક સર્વગ્રાહી ઈકોસિસ્ટમ કે જે વ્યક્તિને લગભગ સંઘના માણસો દ્વારા પ્રભુત્વ ધરાવતા અને વસ્તીવાળા સામાજિક વર્તુળમાં ફસાવી દે છે, તે લોકો માટે સામાન્ય રીતે સંસ્થામાંથી બહાર નીકળવું મુશ્કેલ બનાવે છે. વિચારધારામાં અભિપ્રાય પણ નાનપણથી જ શરૂ થાય છે, તેથી અનુયાયીઓ સામાન્ય રીતે વિચારધારાને ગોસ્પેલ સત્ય તરીકે સ્વીકારે છે.

# ‘ભાજપની આગેવાની હેઠળની એનડીએ સરકારને ઝટકો’ : સુપ્રીમ કોર્ટ દ્વારા કેજરીવાલને જામીન અપાતા સિદ્ધારમૈયાની પ્રતિક્રિયા

(એજન્સી) તા.૧૩

ઈન્ડિયા એલાયન્સના નેતાઓએ શુક્રવારે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને સુપ્રીમ કોર્ટ દ્વારા જામીન આપવાને ‘બંધારણની જીત’ ગણાવી હતી. ઉત્તર પ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી અખિલેશ યાદવ, કર્ણાટકના સીએમ સિદ્ધારમૈયા અને જમ્મુ-કાશ્મીરના પૂર્વ સીએમ ઓમર અબ્દુલ્લાએ પણ આ નિર્ણય પર ખુશી વ્યક્ત કરી અને ભાજપ પર નિશાન સાધ્યું. સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવે કેજરીવાલને ‘લોકપ્રિય અને લોક કલ્યાણ તરફી’ મુખ્યમંત્રી ગણાવ્યા અને ભાજપ પર ‘બંધારણની વિરૂદ્ધર’ હોવાનો અને તેનો ‘દુરૂપયોગર’ કરવાનો આરોપ લગાવ્યો. યાદવે હિન્દીમાં પોસ્ટ કર્યું દુનિયા આ પરંપરા પર અત્યાર સુધી આગળ વધી છે અને આગળ પણ આગળ વધશે. તે જ સમયે, કર્ણાટકના મુખ્ય પ્રધાન સિદ્ધારમૈયાએ શુક્રવારે કહ્યું હતું કે એક્સાઈઝ નીતિ કૌભાંડ કેસમાં દિલ્હીના મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલને જામીન આપવાના સુપ્રીમ કોર્ટના આદેશે સત્ય અને ન્યાય માટે લડતા તમામ લોકોને આશા આપી છે. તેમણે કહ્યું કે તે ભાજપની આગેવાની હેઠળની એનડીએ સરકાર માટે પણ ‘આંચકો’ છે, જે તેના ‘રાજકીય બદલો’ને અનુસરવા માટે બંધારણીય સંસ્થાઓનો દુરૂપયોગ કરી રહી છે. સિદ્ધારમૈયાએ કહ્યું કે કેજરીવાલને જામીન આપવા અને તેમને જેલમાંથી મુક્ત કરવાના આદેશથી દેશની ન્યાયતંત્રમાં અમારો વિશ્વાસ વધુ મજબૂત થયો છે. ‘આ આદેશ સત્ય અને ન્યાય માટે લડતા તમામ લોકોને આશા આપે છે,’ તેમણે કહ્યું. તેમણે એક પોસ્ટમાં કહ્યું કે નેતૃત્વવાળી સરકારે કોર્ટના આ આદેશથી પાઠ શીખવો જોઈએ અને જાગવું જોઈએ. તેમણે કહ્યું કે આખરે સત્ય અને ન્યાયનો જ વિજય થશે. નેશનલ કોન્ફરન્સના નેતા ઓમર અબ્દુલ્લાએ શુક્રવારે દિલ્હી એક્સાઈઝ પોલિસી કેસમાં દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને સુપ્રીમ કોર્ટ દ્વારા આપવામાં આવેલી જામીનનું સ્વાગત કર્યું હતું. તેમણે કહ્યું કે કાનૂની મામલાઓનો ઉકેલ કોર્ટમાં થાય છે, ચૂંટણી દ્વારા નહીં. તેમણે કહ્યું, ‘તેમને અભિનંદન’ જેલમાંથી બહાર આવવું માત્ર કોર્ટ દ્વારા જ છે. આ બારામુલ્લાના લોકો સાથે વિશ્વાસઘાત છે, તેમને કહેવામાં આવ્યું હતું કે તેઓ વોટ દ્વારા કોઈને પણ બહાર લાવી શકે છે. કોર્ટ દ્વારા કોઈને બહાર લાવી શકાય નહીં. ‘તે માધ્યમ દ્વારા બહાર પાડવામાં આવતું નથી, તે ફક્ત કોર્ટ દ્વારા જ છે.’ આરજેડી સાંસદ મનોજ ઝાએ કહ્યું, ‘આ થવાનું જ હતું. દરેક કેસમાં આવું થશે, કારણ કે તમામ કેસ નકલી, બનાવટી અને દિલ્હી ભાજપ કાર્યાલયમાં ઘડવામાં આવ્યા હતા. સત્તાનું ટ્રાન્સફર થતું રહે છે. હેમંત સોરેન કેસમાં હાઈકોર્ટની ટિપ્પણી આજના કેસ વિશે સાંભળો, વાંચો અને વાંચો - આ માત્ર ED, ઈક્રમટેક્સ અને CBI માટે જ નહીં પરંતુ આ ષડયંત્ર રચનારાઓને પણ લપડાક છે. કેન્દ્રીય એજન્સીઓના દુરૂપયોગ પર ભાજપ પર નિશાન સાધતા આરજેડી સાંસદે કહ્યું, ‘આનાથી સ્પષ્ટ સંદેશ ગયો છે. સાવચેત રહો, કાલે જ્યારે તમે સત્તામાં નહીં હોવ ત્યારે આ એજન્સીઓ પણ તમારા દરવાજા ખખડાવશે. અમને ખરાબ લાગશે. તે સમય પણ કારણ કે રાજનીતિમાં પ્રતિશોધ માટે કોઈ અવકાશ ન હોવો જોઈએ પરંતુ આજનો નિર્ણય આવકાર્ય છે. આ પહેલા શુક્રવારે સુપ્રીમ કોર્ટે કેજરીવાલને એક્સાઈઝ પોલિસી કૌભાંડના સંબંધમાં સીબીઆઈ દ્વારા નોંધાયેલા ભ્રષ્ટાચારના કેસમાં જામીન આપતાં કહ્યું હતું કે તેમને લાંબા સમય સુધી જેલમાં રાખવા એ સંપૂર્ણ સ્વતંત્રતાથી વંચિત રહેવા સમાન છે. જસ્ટિસ સૂર્યકાંત અને ઉજ્જવલ ભુયાનની બેન્ચે કેજરીવાલને રૂા. ૧૦ લાખના જામીન બોન્ડ અને સમાન રકમની બે જામીન આપવા પર રાહત આપી હતી. સર્વોચ્ચ અદાલતે દિલ્હીના મુખ્ય પ્રધાનને કેસની યોગ્યતા પર કોઈ જાહેર ટિપ્પણી ન કરવાનો નિર્દેશ આપ્યો અને કહ્યું કે ED કેસમાં લાદવામાં આવેલા નિયમો અને શરતો અહીં પણ લાગુ થશે. લોકસભા ચૂંટણી દરમિયાન તેમને આ કેસમાં સુપ્રીમ કોર્ટમાંથી વચગાળાના જામીન મળ્યા હતા. કોર્ટે તેમને ચૂંટણી પ્રચારમાં ભાગ લેવા માટે ૨૧ દિવસની રાહત આપી હતી. જો કે, ૨૬ જૂને સેન્ટ્રલ બ્યુરો ઑફ ઈન્વેસ્ટિગેશન (સીબીઆઈ) દ્વારા એક અલગ એક્સાઈઝ પોલિસી કેસમાં તેની ધરપકડ કરવામાં આવી હતી જ્યારે તે હજુ પણ ન્યાયિક કસ્ટડી હેઠળ તિહાર જેલમાં હતો.

# કર્ણાટક : ગણેશ ચતુર્થીના સરઘસ વચ્ચે કોમી અથડામણ, ૫૨ની ધરપકડ, પ્રતિબંધિત આદેશો લદાયા

(એજન્સી) તા.૧૩

ગણેશોત્સવ દરમિયાન કેટલાક અસામાજિક તત્ત્વો દેશમાં કોમી અશાંતિ ફેલાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. બુધવારે કર્ણાટકના માંડ્યા જિલ્લામાં ગણેશ વિસર્જન દરમિયાન ભક્તો પર પથ્થરમારો કરવાની ઘટના સામે આવી હતી. જે પછી શહેરમાં તોડફોડ અને આગચંપીની ઘટનાઓ બની હતી. પોલીસે આ મામલે તાત્કાલિક પગલાં લઇ ૫૨ લોકોની ધરપકડ કરી છે અને ૧૫૦ વિરૂદ્ધ અશાંતિ ફેલાવવા બદલ ફરિયાદ દાખલ છે. આ ઉપરાંત કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે શહેરમાં ૧૪ સપ્ટેમ્બર સુધી ચારથી વધુ લોકોના એકઠા થવા પર રોક લગાવવામાં આવી છે. પોલીસના જણાવ્યા મુજબ, પથ્થરમારાની ઘટનામાં બે પોલીસ કર્મીઓ ઘાયલ થયા છે અને કેટલાક લોકોને સામાન્ય ઈજા પહોંચી છે. પોલીસે સ્થિતિ નિયંત્રિત કરવા તાત્કાલિક પગલાં લીધા હતા અને ભીડને વિખેરવા માટે સામાન્ય બળપ્રયોગ કર્યો હતો. આરોપીઓ વિરૂદ્ધ બીએનએસ ૨૦૨૩, ૧૦૯, ૧૧૫(૨), ૧૧૮(૧), ૧૨૧(૧), ૧૩૨, ૧૮૯(૨), ૧૮૯(૩), ૧૮૯(૪), ૧૯૦,૧૯૧(૧), ૧૯૧ (૨), ૧૯૧(૩), ૩૨૪(૪), ૩૨૪(૫), ૩૨૬(એફ), ૩૨૬(જી) અંતર્ગત કેસ નોંધવામાં આવ્યો છે અને હાલ સ્થિતિ સામાન્ય છે. કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ કહ્યું કે, ‘હિંસા એ તોફાનીઓની હરકત છે, જે સમાજની શાંતીને જોખમમાં નાખે છે. સરકારે માંડ્યામાં થયેલી હિંસાને ગંભીરતાથી લીધી છે. ધાર્મિક આધાર પર સમાજમાં વિભાજન કરવા પ્રયાસ કરનારા લોકો વિરૂદ્ધ અમારી સરકાર કડક કાર્યવાહી કરશે.’ જાણકારી મુજબ, આ ઘટના માંડ્યા જિલ્લાના નાગમંગલા વિસ્તારમાં બની હતી. કેટલાક યુવકો ગણેશ વિસર્જન માટે સરઘસ નીકાળી રહ્યા હતા, પરંતુ આ સરઘસ જ્યારે એક મસ્જિદ પાસેથી પસાર થઈ રહ્યો હતો ત્યારે અચાનક કેટલાક લોકોએ સરઘસ પર પથ્થરમારો કર્યો હતો. પથ્થરમારો થયા બાદ પરિસ્થિતિ ધીમે-ધીમે વણસવા લાગી હતી અને બંને જૂથો વચ્ચે અથડામણ શરૂ થઈ હતી. જે પછી તોફાનીઓએ દુકાનોમાં તોડફોડ કરી અને વાહનોને આગ ચાંપી હતી. જો કે, પોલીસે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી પરિસ્થિતિને કાબૂમાં લીધી હતી. દરમિયાન અન્ય જિલ્લાઓમાંથી પણ વધારાના દળોને બોલાવવામાં આવ્યા હતા. કર્ણાટક વિધાનસભામાં વિપક્ષના નેતા આર અશોકે આરોપ લગાવ્યો છે કે, ગણેશ વિસર્જન દરમિયાન સરઘસ પર હુમલો તુષ્ટિકરણના રાજકારણનું પરિણામ છે. ગણેશ વિસર્જન પર જાણ કરીને અશાંતિ ફેલાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

# સુપ્રીમ કોર્ટે અદાણીની તપાસ પર નિયંત્રણ રાખવું જોઈએ; JPCની રચના કરવી જોઈએ : કોંગ્રેસ

**જયરામ રમેશે જણાવ્યું હતું કે, સ્વિસ અદાલતે કથિત રીતે ‘અદાણીના વિશ્વાસુ’ ચાંગ ચુંગ-લિંગ અને તેના સહયોગીઓને બજારમાં છેતરપિંડી કરવી હોવાનું જણાયું હતું**

(એજન્સી) તા.૧૩

કોંગ્રેસે માંગ કરી છે કે, સુપ્રીમ કોર્ટ અદાણીની તપાસ પર નિયંત્રણ રાખે અને આ ‘કૌભાંડ’ના સંપૂર્ણ અવકાશની તપાસ કરવા માટે એક સંયુક્ત સંસદીય સમિતિની રચના કરવામાં આવે. કોંગ્રેસના જનરલ સેક્રેટરી ઈન્ચાર્જ કોમ્યુનિકેશન્સ જયરામ રમેશે જણાવ્યું હતું કે, આજે સવારે સમાચાર અહેવાલો દર્શાવે છે કે, સ્વિસ પબ્લિક પ્રોસિક્યુટર્સ ઓફિસે મની લોન્ડ્રિંગ રિપોર્ટિંગ ઓફિસ દ્વારા તપાસ બાદ લાંબા સમયથી અદાણીના વિશ્વાસુ ચાંગ ચુંગ-લિંગના ૩૧૧ મિલિયન સાથે પાંચ એકાઉન્ટ્સ ફ્રીઝ કરી દીધા છે. યુએસ સ્થિત શોર્ટ-સેલર હિન્ડનબર્ગ રિસર્ચે ૨૦૨૩માં અદાણી ગ્રુપને નિશાન બનાવ્યું હતું, જેના કારણે તે પછીના અઠવાડિયામાં સમૂહની લિસ્ટેડ કંપનીઓના માર્કેટ વેલ્યુમાં ૧૫,૦૦૦ કરોડ ડૉલરનું ધોવાણ થયું હતું. સ્વિસ ગુનાહિત રેકોર્ડમાં જણાવવામાં આવ્યું છે કે, સ્વિસ સત્તાવાળાઓએ અદાણીમાં મની લોન્ડ્રિંગ અને સિક્યોરિટીઝની બનાવટી તપાસના ભાગરૂપે બહુવિધ સ્વિસ બેંક ખાતાઓમાં ૩૧ કરોડ ડૉલરથી વધુ ભંડોળ સ્થિર કર્યું છે. પ્રોસિક્યુટર્સે વિગતવાર જણાવ્યું હતું કે, કેવી રીતે અદાણીના ફ્રન્ટમેને અપારદર્શક BVI/મોરેશિયસ અને બર્મુડા ફંડ્સમાં રોકાણ કર્યું હતું જે લગભગ વિશિષ્ટ રીતે અદાણીના શેરોની માલિકી ધરાવતા હતા.

અદાણી જૂથે આરોપોને પાયાવિહોણા ગણાવીને ફગાવી દીધા હતા અને કહ્યું હતું કે, સ્વિસ કોર્ટની કોઈપણ કાર્યવાહીમાં તેની કોઈ સંડોવણી નથી કે અમારી કંપનીના કોઈપણ ખાતાને કોઈપણ સત્તાધિકારી દ્વારા જપ્ત કરવામાં આવ્યા નથી. સ્વિસ ફેડરલ ક્રિમિનલ કોર્ટ દ્વારા ૯ ઓગસ્ટ, ૨૦૨૪ના આદેશમાં ફ્રીઝિંગ સામેના પડકારને ફગાવી દેવામાં આવ્યો છે, જેમાં જણાવાયું છે કે, આ અપારદર્શક ભંડોળ કોર્પોરેશનનું હોવાનું માનવામાં આવે છે જે મની લોન્ડ્રિંગ અને ઉચાપત સહિતની ગેરકાયદેસર પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા હોવાની શંકા છે.

સ્વિસ અદાલતે અહેવાલ આપ્યો છે કે, ચાંગ અને તેના સહયોગીઓ બજારની હેરાફેરીમાં સંડોવાયેલા છે. સ્વિસ તપાસકર્તાઓએ દલીલ કરી છે કે, આ ખાતાઓ બનાવટી, ક્રેડિટ ફ્રોડ અને મની લોન્ડ્રિંગ સાથે સંકળાયેલા છે. રમેશે જણાવ્યું હતું કે, અદાણી જૂથ સાથે ચાંગના નજીકના સંબંધો એ કોઈ રહસ્ય નથી. ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ એન્ડ કરપ્શન રિપોર્ટિંગ પ્રોજેક્ટ (ઓસીઆરપી) દ્વારા કરવામાં આવેલી તપાસમાં જાણવા મળ્યું છે કે, ઈન્ડોનેશિયાથી અદાણી દ્વારા આયાત કરવામાં આવેલા કોલસાના ઓવર ઈનવોઈસિંગમાં ચાંગ અને તેના સહયોગી નાસેર અલી શાબાન અલી હતા. જેની કિંમત ગુજરાતના મુન્દ્રામાં આગમન વચ્ચે રહસ્યમય રીતે ૫૨% વધી ગઈ હતી.

OCCRPને જાણવા મળ્યું કે, ૨૦૨૧ અને ૨૦૨૩ની વચ્ચે ચાંગ અને અહલી સાથે જોડાયેલી ટ્રેડિંગ ફર્મ્સ દ્વારા ૧૨,૦૦૦ કરોડ રૂપિયા ભારતની બહાર મોકલવામાં આવ્યા હતા. આ સમયગાળા દરમિયાન ગુજરાતમાં અદાણી પાવર પાસેથી ખરીદવામાં આવેલી વીજળીના ભાવમાં ૧૦૨%નો વધારો થયો છે. તેમણે વધુમાં આક્ષેપ કર્યો હતો કે, ચાંગનું શાંઘાઈ અદાણી શિપિંગ અને અદાણી શિપિંગ (ચીન) સાથે જોડાણ હતું જે ઉત્તર કોરિયા પરના સંયુક્ત રાષ્ટ્રના પ્રતિબંધોના કથિત ઉલ્લંઘનમાં સામેલ હતા. મોદી તેમના મિત્રને સમૃદ્ધ અને સુરક્ષિત કરવા માટે એટલા કટિબદ્ધ છે કે, જો સ્વિટ્ઝર્લેન્ડ, શ્રીલંકા અને બાંગ્લાદેશમાં ભારતની પ્રતિષ્ઠાને નુકસાન થાય તો તેઓ તેની પરવા કરતા નથી. સુપ્રીમ કોર્ટ માટે અદાણી તપાસ પર નિયંત્રણ મેળવવું અનિવાર્ય છે અને અદાણી મેગા કૌભાંડના સંપૂર્ણ અવકાશની તપાસ કરવા માટે તાત્કાલિક JPC બોલાવવામાં આવવી જોઈએ.

# ‘સંસ્થાગત ધમકીઓ, હિંસામાં વધારો’ : પ્રદર્શનકારી ડોક્ટરોએ આર.જી. કર મડાગાંઠ અંગે રાષ્ટ્રપતિ-પીએમની દરમ્યાનગીરી માંગી

(એજન્સી) કોલકાતા, તા. ૧૩

કોલકાતા આરજી કર કેસમાં વિરોધ કરી રહેલા ડોક્ટરોએ શુક્રવારે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખીને મડાગાંઠ ઉકેલવા માટે હસ્તક્ષેપની માંગ કરી હતી. એક મહિનાથી તાલીમાર્થી ડૉક્ટર પર બળાત્કાર અને હત્યાના વિરોધમાં ડૉક્ટરો વિરોધ કરી રહ્યાં છે. પશ્ચિમ બંગાળ જુનિયર ડૉક્ટર્સ ફ્રન્ટ દ્વારા લખવામાં આવેલા પત્રમાં આરજી કર મેડિકલ કોલેજ અને હોસ્પિટલ પર ટોળા દ્વારા કરવામાં આવેલા હુમલાની વિગતવાર માહિતી આપવામાં આવી હતી. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને તેમના ચાર પાનાનો પત્ર લખ્યો હતો જેની નકલ વડપ્રધાન નરેન્દ્ર મોદી, ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ અને આરોગ્ય પ્રધાન જેપી નડ્ડાને મોકલાઈ છે. ડૉક્ટરોએ લખ્યું, ‘‘અમે નમ્રતાપૂર્વક તમારા દેશના વડા તરીકે આદરણીય મહાનુભાવ સમક્ષ મુદ્દાઓ મૂકીએ છીએ. જેથી અમારા કમનસીબ સાથીદાર કે જેઓ અત્યંત



ધિક્કારપાત્ર અપરાધનો ભોગ બન્યા છે તેમને ન્યાય મળે અને જેથી અમે પશ્ચિમ બંગાળના આરોગ્ય વિભાગ હેઠળના આરોગ્યસંભાળ વ્યવસાયિકો, ડર અને આશંકા વિના જનતા પ્રત્યે અમારી ફરજો નિભાવી શકીએ.’’ ડોક્ટરોએ ઉમેર્યું કે, ‘વિરોધ શરૂ થયો ત્યારથી ‘‘સંસ્થાકીય ધમકીઓ, હિંસા અને તોડફોડ’’માં વધારો થયો હોવાનું જણાવતા કહ્યું ‘‘આ મુશ્કેલ સમયમાં તમારો હસ્તક્ષેપ આપણા બધા માટે પ્રકાશની દીવાદાંડી તરીકે કામ કરશે, અમને આગળનો માર્ગ બતાવશે. જે અંધકારમાં આપણે ઘેરી વળ્યા છે.

**શું કહ્યું ડોકટરોએ :** અપરાધનું વિકરાળ સ્વરૂપને ઢાંકવાના કથિત પ્રયાસો અને ભયના વાતાવરણે રાષ્ટ્રને નિષ્પક્ષ તપાસ પ્રક્રિયા અને ઝડપી, ન્યાયી અને તર્કસંગત ટ્રાયલની માંગ કરવા માટે જાગૃત કર્યા. સામૂહિક ભાવનાના અનુસંધાનમાં પશ્ચિમ બંગાળના લોકોએ ૧૫ ઓગસ્ટે શહેરો, નગરો અને ગામડાઓમાં પણ ‘‘રાત્રિને પુનઃપ્રાપ્ત કરો’’ મીણબત્તીથી પ્રકાશિત શેરી કૂચ દ્વારા મૃતકો પ્રત્યે એકતા અને ન્યાય માટેની તેમની તરસ દર્શાવવાની માંગ કરી હતી’’ તેમ પત્રમાં લખાયું હતું. તેમાં ઉમેરાયું કે, ‘‘તે આવા વિચિત્ર સમય હેઠળ હતા કે એક પકડાયેલ ટોળું આરજી કર મેડિકલ કોલેજ અને હોસ્પિટલના પરિસરમાં બેરોકટોક ધસી આવ્યું હતું અને હોસ્પિટલ કેમ્પસમાં તોડફોડ કરી હતી, ઈમરજન્સી વિભાગમાં તોડફોડ કરી હતી, મેક-શિફ્ટ વિરોધ સ્થળ પર તોડફોડ કરી હતી અને વધુ નાશ કરવાનો પ્રયાસ કર્યો હતો. ઘટનાના કથિત સ્થળની પવિત્રતા જે પણ પુરાવા બાકી હતા તેને દૂર કરવાની ધમકી અપાઈ હતી.’’ વિરોધ કરી રહેલા ડોકટરોએ રાજ્ય પોલીસ પર ‘‘મૂક પ્રેક્ષક’’ તરીકે ઉભી હોવાનો આરોપ મૂક્યો હતો જ્યારે ડોકટરો પર ગુંડાઓ દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો. તેમાં કહેવાયું ‘‘ભય, અવિશ્વાસ અને નિરાશાના આ અશાંત વાતાવરણમાં પશ્ચિમ બંગાળના જુનિયર ડોકટરોને હોસ્પિટલના પરિસરમાં કામ કરવાનું ટાળવાની ફરજ પડી છે અને તેના બદલે નાગરિકોને આરોગ્ય સંભાળ સેવાઓ પૂરી પાડવાની અમારી ફરજ નિભાવવા માટે વૈકલ્પિક પદ્ધતિઓ અપનાવી છે. WBJDF અભય ક્લિનિક્સ પહેલ હેઠળ રાજ્યભરમાં અનેક સ્થળોએ જાહેર મેદાનો પર તબીબી શિબિરોનું આયોજન કરવામાં આવી રહ્યું છે જેથી આરોગ્ય સંભાળ સેવાઓ મેળવવા માટે તમામને મફત ઍક્સેસ પ્રદાન કરવાનું ચાલુ રાખવામાં આવે.’’ ઓગસ્ટના અંતમાં મુર્મુએ કહ્યું હતું કે તે તાલીમાર્થી ડૉક્ટરના બળાત્કાર અને હત્યાથી ડરી ગઈ હતી અને ગભરાઈ ગઈ હતી.

# આર.જી. કર હત્યા કેસ : કોર્ટે કથિત આરોપી સંજય રોયના નાર્કો-એનાલિસિસ માટેની CBIની અપીલ ફગાવી દીધી

**અદાલતે CBIની અપીલને ફગાવી દીધી હતી, કારણ કે, આરોપીએ તેના પર ટેસ્ટ કરાવવા માટે જરૂરી સંમતિ આપવાનો ઈન્કાર કર્યો હતો**

(એજન્સી) તા.૧૩

કોલકાતાની એક અદાલતે શુક્રવારે સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (સીબીઆઈ) દ્વારા રાજ્ય દ્વારા સંચાલિત આર.જી. કર મેડિકલ કોલેજ એન્ડ હોસ્પિટલમાં એક જુનિયર ડોક્ટર પર ભયાનક બળાત્કાર અને હત્યાના એકમાત્ર આરોપી, નાગરિક સ્વયંસેવક સંજય રોયનો નાર્કો-એનાલિસિસ ટેસ્ટ કરાવવાની અરજીને ફગાવી દીધી હતી. કોર્ટે સીબીઆઈની અપીલને ફગાવી દીધી હતી કારણ કે, આરોપીએ તેના પર પરીક્ષણ કરવા માટે જરૂરી સંમતિ આપવાનો ઈન્કાર કર્યો હતો. પ્રોટોકોલ મુજબ કોર્ટ કોઈપણ તપાસ એજન્સીને કોઈપણ વ્યક્તિ પર નાર્કો-વિશ્લેષણ અથવા પોલીગ્રાફ ટેસ્ટ કરાવવાની પરવાનગી જ આપી શકે છે, જ્યારે સંબંધિત વ્યક્તિ તેના માટે સંમતિ આપે છે.

રોયે સંમતિ આપી હોવાથી તેના પર પહેલાથી જ પોલીગ્રાફ ટેસ્ટ કરવામાં આવ્યો છે. પોલીગ્રાફ ટેસ્ટ અને નાર્કો-એનાલિસિસ વચ્ચે મૂળભૂત તફાવત છે. પોલિગ્રાફ ટેસ્ટ જેને ‘જૂઠાણું શોધનાર’ ટેસ્ટ તરીકે પણ ઓળખવામાં આવે છે, તે વ્યક્તિના શારીરિક પ્રતિભાવો જેમ કે બ્લડ પ્રેશર, પલ્સ અને શ્વસનને માપે છે, જે વ્યક્તિ જૂઠું બોલે છે ત્યારે તેના શારીરિક પ્રતિભાવો અલગ હોય છે તે વિચારના આધારે તેને પ્રશ્ન કરવામાં આવે છે. જ્યારે નાર્કો-વિશ્લેષણમાં વ્યક્તિને પૂછપરછ કરવા માટે સોડિયમ પેન્ટોથલ જેને સામાન્ય રીતે ‘ટ્રુથ ડ્રગ’ અથવા ‘ટ્રુથ સીરમ’ તરીકે ઓળખવામાં આવે છે, તેનો ઈન્જેક્શન આપવાનો સમાવેશ થાય છે, જે સંબંધિત વ્યક્તિને સંમોહનના તબક્કામાં લઈ જાય છે અને એવું માનવામાં આવે છે કે, તે વ્યક્તિ આવી સ્થિતિમાં માત્ર સત્ય બોલે છે.

સૂત્રોએ જણાવ્યું હતું કે, CBI અધિકારીઓ ઈચ્છતા હતા કે, રોયનો નાર્કો-એનાલિસિસ ટેસ્ટ કરવામાં આવે જેથી તેણે પોલીગ્રાફ ટેસ્ટ દરમિયાન આપેલા જવાબો સાથે મેળ કરવામાં આવે. હવે કોર્ટમાંથી તે માટેની પરવાનગી ઉપલબ્ધ નથી ત્યારે સૂત્રોએ જણાવ્યું હતું કે, સીબીઆઈ હાલમાં આ મામલે તપાસ આગળ વધારવા માટે વૈકલ્પિક વ્યૂહરચના પર કામ કરી રહી છે. બુધવારે સીબીઆઈ અધિકારીઓએ રોયના દાંતની છાપ પણ લીધી હતી. સૂત્રોએ જણાવ્યું હતું કે, બળાત્કાર અથવા બળાત્કાર અને હત્યાના કેસમાં કોઈપણ તપાસના કિસ્સામાં આરોપીના દાંતની છાપને ઘણીવાર મહત્ત્વપૂર્ણ પુરાવા માનવામાં આવે છે અને આ કેસમાં રોય અત્યાર સુધી એકમાત્ર ધરપકડ કરાયેલ આરોપી છે, તેથી સીબીઆઈ દ્વારા તે એકત્રિત કરવામાં આવેલ છે.

# ‘સરમુખત્યારશાહીની હાર’ : AAPએ કહ્યું; કેજરીવાલ માટે સુપ્રીમથી જામીનનો આદેશ ભાજપ માટે મોટો ફટકો

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૩

સુપ્રીમ કોર્ટે શુક્રવારે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને એક્સાઈઝ પોલિસી કેસમાં જામીન આપ્યા બાદ આમ આદમી પાર્ટીના સભ્યો અને સમર્થકોએ ઉજવણી કરી હતી. અરવિંદ કેજરીવાલના પત્ની સુનીતા કેજરીવાલે સોશિયલ મીડિયા પર તેમનો આભાર વ્યક્ત કર્યો હતો અને આપ સમર્થકોને અભિનંદન આપ્યા હતા તથા અન્ય જેલમાં બંધ આપ નેતાઓની મુક્તિની આશા વ્યક્ત કરી હતી. આપ સાંસદ રાઘવ ચઢ્ઢાએ સુપ્રીમ કોર્ટના નિર્ણયને આવકારતા કહ્યું કે, તે કેજરીવાલની ‘પ્રામાણિક રાજનીતિની બ્રાન્ડ’ને યોગ્ય ઠેરવે છે અને સૂચવે છે કે, તેમની જેલની સજા રાજકીય રીતે પ્રેરિત હતી. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, આપ આગામી હરિયાણા ચૂંટણી પહેલાં નવી તાકાત માટે તૈયાર છે, કેજરીવાલ હવે પ્રચારનું નેતૃત્વ કરશે તેવી અપેક્ષા છે.

પૂર્વ નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયાએ કોર્ટના ચુકાદાને સત્યની જીત ગણાવ્યો હતો. તેમણે ભાજપ પર કેજરીવાલને નિશાન બનાવવાનો આરોપ લગાવતાં કહ્યું કે, તેઓ જનતાના ભલા માટેના તેમના કામમાં અવરોધ ઊભો કરે. સિસોદિયાએ કહ્યું કે, ફરી એકવાર જૂઠ્ઠાણા અને ષડ્યંત્ર સામેની લડાઈમાં સત્યની જીત થઈ છે. તેમણે કહ્યું, ‘લોકોનું જીવન સુધારવાનું કામ કરનાર એક ઈમાનદાર માણસને જેલમાં ધકેલી દેવામાં આવ્યો. લોકશાહીના ઈતિહાસમાં આનાથી મોટું કોઈ પાપ નથી.’ સિસોદિયાએ CBI અને ED પર વધુ પ્રહારો કર્યા અને તેમને ભાજપની આગેવાની હેઠળની કેન્દ્ર સરકારના નિયંત્રણ હેઠળના ‘પાંજરામાં બંધ પોપટ’ ગણાવ્યા. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, સર્વોચ્ચ અદાલતનો ચુકાદો શાસક પક્ષને તેના ‘સરમુખત્યારશાહી શાસન’ને બંધ કરવાનો સ્પષ્ટ સંદેશ છે. સંજયસિંહે ભાજપ પર પ્રહાર કરતા આરોપ લગાવ્યો હતો કે, મોદી સરકાર કેજરીવાલ પર ખોટા આરોપ લગાવવા માટે તપાસ એજન્સીઓનો ઉપયોગ કરે છે. તેમણે કહ્યું, ‘અમે પહેલાં દિવસથી કહીએ છીએ કે આ આખો મામલો ખોટા તથ્યો પર આધારિત છે. મોદી સરકાર સરમુખત્યાર શાસન અને ખોટા તથ્યો રજૂ કરવા માટે ઈડી અને સીબીઆઈનો ઉપયોગ કરે છે.’ દિલ્હીના મંત્રીઓ આતિશી અને ગોપાલ રાયે પણ ચુકાદાની પ્રશંસા કરી હતી. આતિશીએ સોશિયલ મીડિયા પર પોસ્ટમાં લખ્યું, ‘સત્યમેવ જયતે. સત્ય પરેશાન થઈ શકે છે, પરાજિત નહીં.’ ગોપાલ રાયે આ ઘટનાને ‘અમારી પાર્ટીની મોટી જીત અને સરમુખત્યારશાહીની હાર’ ગણાવી હતી.

# ‘‘કેજરીવાલ લિકર પોલિસી કેસ સિવાય તમામ ફાઈલો પર સહી કરી શકશે’’ : વકીલ અભિષેક સિંઘવી

(એજન્સી) નવી દિલ્હી, તા. ૧૩

અરવિંદ કેજરીવાલને આપવામાં આવેલા જામીનનું સ્વાગત કરતાં વરિષ્ઠ વકીલ અભિષેક મનુ સિંઘવીએ કહ્યું છે કે તેમના અસીલ દિલ્હીના મુખ્યમંત્રી છે અને ચૂંટાયેલી સરકાર અથવા રાષ્ટ્રપતિ શાસન સિવાય કોઈ સત્તા તે સ્થિતિ બદલી શકે નહીં. શુક્રવારે સમાચાર એજન્સી સાથે વાત કરતા રાજ્યસભાના સાંસદ અને કોંગ્રેસના નેતા પણ રહેલા તથા સિંઘવીએ દાવો કર્યો હતો કે આપના પ્રમુખ પણ તમામ ફાઈલો પર હસ્તાક્ષર કરી શકે છે સિવાય કે દારૂની નીતિના કેસને લગતી ફાઈલો જે હેઠળ તેમની ધરપકડ કરવામાં આવી હતી. સુપ્રીમ દ્વારા કેજરીવાલને અપાયેલી રાહત એ ‘‘યોગ્ય લાયક મુક્તિ’’ હોવા પર ભાર મુકતાં સિંઘવીએ કહ્યું કે બેન્ચના બંને ન્યાયાધીશો જસ્ટિસ સૂર્યકાન્ત અને ઉજ્જલ ભુયાન એ હકીકત પર એકમત હતા કે તેઓ જામીન પર મુક્ત થવાને લાયક હતા.

અભિષેક સિંઘવીએ સીબીઆઈ દ્વારા ધરપકડને વારંવાર યાદ કરાવી હતી જે ઈડી દ્વારા દાખલ કરવામાં આવેલા કેસમાં ટ્રાયલ કોર્ટ દ્વારા કેજરીવાલને જામીન આપવામાં આવ્યા પછી કરાઈ હતી તેને સિંઘવીએ ‘‘વીમા ધરપકડ’’ ગણાવી અને શુક્રવારે પુનરોચ્ચાર કર્યો હતો કે એજન્સીએ તેમની ધરપકડ કરવી જોઈએ નહીં. સીબીઆઈ દ્વારા ધરપકડની ગેરકાયદેસરતા પર અસંમત ન્યાયાધીશો અંગેના પ્રશ્નના જવાબમાં સિંઘવીએ કહ્યું કે તેમાં ટેકનિકલ બાબતો છે જેને ધ્યાનમાં લેવાની જરૂર છે સાથે જ કહ્યું આ મુદ્દો મોટી બેંચમાં જશે નહીં. તેમણે કહ્યું ‘‘તે એક રસપ્રદ કારણોસર તકનીકી રીતે મોટી બેંચમાં જઇ શકશે નહીં પરંતુ અમે જોઈશું કે તે પછી શું થાય છે.’’ કેજરીવાલ પર કોઈ નવી શરતો લાદવામાં આવી નથી તેના પર ભાર મૂકતા સિંઘવીએ કહ્યું, ‘‘તેઓ મુખ્યમંત્રી તરીકે કામ કરી શકતા નથી તે કહેવું એક નિષ્કપટ છે. તમે જે શરતોનો ઉલ્લેખ કર્યો છે તે ઈડી બાબતમાં ઘણા મહિનાઓથી છે, એક પણ નવી શરત મૂકવામાં આવી નથી, તે આ કેસને લગતી ફાઈલો સિવાયની તમામ ફાઈલો સાથે વ્યવહાર કરવા અને સહી કરવા માટે હકદાર છે.’’ તેમણે દાવો કર્યો કે, ‘‘અયોગ્ય અને ખોટી રીતે દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નરની ઓફિસે તેમના દ્વારા સહી કર્યા સિવાય મામલાઓનો વ્યવહાર કરવાનું બંધ કરી દીધું હતું. તે ભાગ તેમની પાસે સુપ્રીમ કોર્ટના ચોક્કસ કલમ સાથે સહી કરવા માટે ઉપલબ્ધ છે કે કોઈપણ ફાઈલને લેફ્ટનન્ટ ગવર્નર પાસે જવા માટે મુખ્ય પ્રધાનની સહી જરૂરી છે. તેમના દ્વારા પણ સહી કરવામાં આવશે.’’ તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, ‘‘બંધારણીય કાયદામાં, વ્યવહારમાં, વાસ્તવિક જીવનમાં, જાહેર જીવનમાં, કાયદામાં, અડધા મુખ્યમંત્રી, ક્વાર્ટર મુખ્યમંત્રી તરીકે જાણીતું નથી. કેજરીવાલ મુખ્યમંત્રી છે અને ચૂંટાયેલી સરકાર અથવા કલમ ૩૫૬ (રાષ્ટ્રપતિ શાસન) તે સ્થિતિ બદલી શકે છે તેના સિવાય કોઈની પાસે સત્તા નથી.’’

# તબીબી હડતાળને કારણે મૃત્યુ પામેલા ૨૯ દર્દીઓના પરિવારોને રૂા.૨-૨ લાખની સહાય જાહેર કરતા મમતા બેનરજી



(એજન્સી) કોલકાતા, તા.૧૩

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ એવી મહત્ત્વપૂર્ણ જાહેરાત કરી છે કે, જુનિયર ડોક્ટરોની હડતાળને કારણે સારવારને અભાવે માર્યા ગયેલા મનાતા ૨૯ દર્દીઓના પરિજનોને રાજ્ય સરકાર રૂા.૨-૨ લાખનું વળતર આપશે. તેમણે સોશિયલ મીડિયા પર પોસ્ટ મૂકી હતી કે, જુનિયર ડોક્ટરોએ કામ અટકાવી દીધું હોવાથી આરોગ્ય સેવાઓ ઠપ્પ થઈ ગઈ અને ૨૯ કિંમતી માનવ જિંદગી ગુમાવવી પડી છે એ ગણી કમનસીબ અને દુઃખદ ઘટના છે. એટલે રાજ્ય સરકાર શોકાતુર પરિવારજનો તરફ મદદનો હાથ લંબાવી રહી છે અને રૂા.૨-૨ લાખની નાણાકીય સહાય આપવાનું નક્કી કર્યું છે.

# દિલ્હી શીખ વિરોધી રમખાણ કેસ : કોંગ્રેસ નેતા જગદીશ ટાઈટલરે દોષિત ન હોવાની કબૂલાત કરી

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૩

પૂર્વ કેન્દ્રીય મંત્રી અને કોંગ્રેસના નેતા જગદીશ ટાઈટલરે શુક્રવારે ૧૯૮૪ના શીખ વિરોધી રમખાણો દરમિયાન દિલ્હીના પુલ બંગશ વિસ્તારમાં ત્રણ લોકોની હત્યા સાથે સંબંધિત કેસમાં તેમની સામેના આરોપોને નકારી કાઢ્યા હતા. ટાઈટલરે દાવો કર્યો હતો કે, ટ્રાયલ પછી વિશેષ ન્યાયાધીશ રાકેશ સ્યાલની અદાલતે આ મામલાને ૩ ઓકટોબરે ટ્રાયલ અને પુરાવાના રેકોર્ડિંગ માટે સૂચિબદ્ધ કર્યો હતો. કોર્ટે ૩૦ ઓગસ્ટના રોજ ટાઈટલર સામે આરોપો ઘડવાનો આદેશ આપ્યો હતો અને કહ્યું હતું કે, રેકોર્ડ પર લાવવામાં આવેલી સામગ્રી પ્રાથમિક દૃષ્ટિએ દર્શાવે છે કે, આરોપી તે વિસ્તારના ગુરૂદ્વારામાં ગેરકાયદેસર રીતે વ્યક્તિઓની સભાનો સભ્ય હતો. કોર્ટે કહ્યું કે, ‘તેણે ટોળાને ગુરૂદ્વારા પુલ બંગશને નષ્ટ અથવા નુકસાન કરવા, શીખોની હત્યા કરવા અને તેમની મિલકતો લૂંટવા માટે ઉશ્કેરણી કરી હતી.’ ૧ નવેમ્બર, ૧૯૮૪ના રોજ તત્કાલીન પીએમ ઈન્દિરા ગાંધીની હત્યા બાદ ટોળાની હિંસામાં ત્રણ શીખો સરદાર ઠાકુરસિંહ, બાદલસિંહ અને ગુરચરણસિંહને બાળી નાખવામાં આવ્યા હતા. કોર્ટે કહ્યું કે, એવું લાગે છે કે, ટાઈટલરે ભીડને ‘મારો, મારો’ અને ‘પહલે મારો, ફિર લૂંટો (પહેલાં મારી નાખો, પછી લૂંટો)’ શબ્દો સાથે ઉશ્કેર્યા હતા, તેમને કહ્યું હતું કે, તોફાનીઓ ગુરૂદ્વારામાં કંઈપણ કરી શકે છે કારણ કે, શીખોએ તેમની ‘માતા’ અથવા ઈન્દિરા ગાંધીની હત્યા કરી હતી. આ કેસમાં ફરિયાદી મૃતક બાદલસિંહની પત્ની લખવિંદર કૌર છે. કોર્ટે નોંધ્યું હતું કે, ટાઈટલરે તોફાનીઓને શીખો વિરુદ્ધ ગુનાહિત બળ અથવા હિંસા કરવા માટે ઉશ્કેર્યા હતા. કોર્ટે અવલોકન કર્યું કે, ‘ઉપરોક્ત ગેરકાયદેસર મેળાવડાના કેટલાક સભ્યો જેમાંથી આરોપી એક સભ્ય હતો તેણે ગુરૂદ્વારા પુલ બંગશને આગ લગાડીને દુષ્કર્મ આચર્યું હતું અથવા તે જાણતા હતા કે, તેઓ આ ઈમારતના વિનાશનું કારણ બનશે.’ કોર્ટે ટાઈટલરના વકીલની દલીલોને ફગાવી દીધી હતી કે, ત્રણ મુખ્ય સાક્ષીઓ હરપાલ કૌર, હરવિંદરજીતસિંહ અને અબ્દુલ વાહિદે દાયકાઓ પછી કોંગ્રેસ નેતાને ફસાવવા માટે જુબાની આપી હતી. સરકારી વકીલની દલીલને સ્વીકારતા કે ડરના કારણે પ્રત્યક્ષદર્શીઓ રમખાણોની તપાસ કરતી વિવિધ એજન્સીઓ, સમિતિઓ અથવા કમિશન સમક્ષ સત્યતાપૂર્વક રજૂઆત કરી શક્યા ન હતા, કોર્ટે કહ્યું કે, એવું લાગે છે કે, પીડિતોના પરિવારના સભ્યોની હત્યા અને લૂંટની ઘટનાઓના સાક્ષી, તેમની પોતાની અને તેમના પરિવારની સલામતી હતી પ્રથમ પ્રાથમિકતા છે. કોર્ટે બચાવપક્ષના વકીલની એવી દલીલને પણ ફગાવી હતી કે, પુલ બંગશ ખાતેની ઘટનાઓમાં ટાઈટલરને કોઈપણ સંડોવણી માટે સીબીઆઈ દ્વારા ક્લોઝર રિપોર્ટ દાખલ કરવામાં આવ્યો હતો. અદાલતે જણાવ્યું હતું કે, માત્ર હકીકત એ છે કે, આરોપીના સંદર્ભમાં ક્લોઝર રિપોર્ટ્સ દાખલ કરવામાં આવ્યા હતા તેથી તે આરોપોમાંથી મુક્ત થવા માટે હકદાર નથી.

# ‘ગુલામી સે આઝાદી’ : પોર્ટ બ્લેરનું નામ શ્રી વિજયપુરમ કરતાં ગૃહમંત્રી અમિત શાહે વીર સાવરકરનો ઉલ્લેખ કર્યો

(એજન્સી) તા.૧૩

કેન્દ્ર સરકારે આંદામાન અને નિકોબાર ટાપુઓની રાજધાની પોર્ટ બ્લેરનું નામ બદલીને ‘શ્રી વિજયપુરમ’ કર્યું છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આ અંગે જાહેરાત કરી હતી. કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે આ અંગે એક્સ પર પોસ્ટ કરી માહિતી આપી હતી. એક્સ પર પોસ્ટ કરતા અમિત શાહે લખ્યું કે, ‘દેશને ગુલામીના તમામ પ્રતીકોથી મુક્ત કરવાના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સંકલ્પથી પ્રેરિત થઈને આજે ગૃહ મંત્રાલયે પોર્ટ બ્લેરનું નામ બદલીને ‘શ્રી વિજયપુરમ’ કરવાનો નિર્ણય લીધો છે. ‘શ્રી વિજયપુરમ’ નામ આપણી આઝાદી માટેની લડત અને તેમાં આંદામાન અને નિકોબારના યોગદાનને દર્શાવે છે. તેમણે કહ્યું, આ ટાપુનું આપણા દેશની સ્વાધીનતા અને ઈતિહાસમાં અદ્વિતીય સ્થાન રહ્યું છે. ચોલ સામ્રાજ્યમાં નૌસેના અડ્ડાની ભૂમિકા નિભાવતા આ ટાપુ આજે દેશની સુરક્ષા અને વિકાસને ગતિ આપવા માટે તૈયાર છે. આ ટાપુ નેતાજી સુભાષચંદ્ર બોઝ દ્વારા સૌથી પહેલા તિરંગા લહેરાવવાને લઈ સેલુલર જેલમાં વીર સાવરકર અને અન્ય સ્વતંત્રતા સેનાનીઓ દ્વારા મા ભારતીની સ્વાધીનતા માટે સંઘર્ષનું સ્થાન પણ છે. અગાઉ ગયા વર્ષે જાન્યુઆરીમાં શૌર્ય દિવસના અવસર પર પીએમ મોદીએ ૨૧ અનામી ટાપુઓના નામ પરમવીર ચક્ર વિજેતાઓના નામ પર રાખવાની જાહેરાત કરી હતી. આટલું જ નહીં, પીએમ મોદીએ નેતાજી સુભાષચંદ્ર બોઝ આઈલેન્ડ પર બની રહેલા નેશનલ મેમોરિયલના મોડલનું અનાવરણ કર્યું હતું. કેન્દ્ર સરકારે નિકોબાર ટાપુ પર ૭૨,૦૦૦ કરોડ રૂપિયાના પ્રોજેક્ટને પણ મંજૂરી આપી છે. આ પહેલા પણ દેશમાં ઘણી જગ્યાઓના નામ બદલવામાં આવ્યા છે. કેન્દ્રની સરકારે વારસાને પ્રતિબિંબિત કરતા અને અન્ય ઘણી યુનિવર્સિટીઓ અને રસ્તાઓના નામ પણ બદલ્યા છે.

**દેખાવકારોને રોકવા માટે વોટર કેનનનો ઉપયોગ**

# મંડી મસ્જિદ પર ભારે હંગામો, હિંદુ સંગઠનોના કાર્યકર્તાઓ રસ્તા પર ઊતર્યા

**મુખ્યમંત્રીએ તમામ લોકોને શાંતિ જાળવવા અપીલ કરી**

(એજન્સી) નવી દિલ્હી,તા.૧૩

શિમલામાં પ્રદર્શન બાદ હવે મંડીમાં પણ હિંદુ સંગઠનો રસ્તા પર ઉતરી આવ્યા છે. દેખાવકારોને રોકવા માટે પોલીસે વોટર કેનનનો ઉપયોગ કર્યો હતો. આ મામલે પ્રશાસને આદેશ આપ્યો છે કે કોર્ટના નિર્ણય સુધી મસ્જિદ સીલ રહેશે. હિમાચલ પ્રદેશના સીએમ સુખવિંદર સિંહ સુખુએ પણ સર્વપક્ષીય બેઠક યોજી છે. સીએમએ પ્રેસ કોન્ફરન્સ કરીને તમામ લોકોને શાંતિ જાળવવા અપીલ કરી હતી. તેમણે કહ્યું કે શિમલા વિવાદનો પણ કાનૂની ઉકેલ શોધી કાઢવામાં આવશે. આના કારણે પ્રવાસનને પણ ઘણી અસર થઈ છે. તેમણે કહ્યું કે જો ક્યાંય ગેરકાયદે બાંધકામ થશે તો તેની સામે કાર્યવાહી કરવામાં આવશે. તેમણે કમિટી બનાવવાની વાત પણ કરી છે. ઉલ્લેખનીય છે કે મંડીના જેલ રોડ પર બનેલી મસ્જિદની દિવાલ PWD અને મસ્જિદના લોકોએ તોડી પાડી હતી. મસ્જિદની દિવાલ અને રૂમને હથોડી મારી દેવામાં આવી હતી અને વિવાદિત મસ્જિદનો ગેરકાયદેસર ભાગ પોલીસની હાજરીમાં તોડી પાડવામાં આવ્યો હતો. આરોપ છે કે મસ્જિદની દિવાલ ઉદ્ઘની જમીન પર બનાવવામાં આવી હતી અને વિસ્તારના લોકો તેનો વિરોધ કરી રહ્યા હતા. આ મસ્જિદનો કેસ મંડી મ્યુનિસિપલ કમિશનરની કોર્ટમાં ચાલી રહ્યો છે. જો કે, મ્યુનિસિપલ કોર્પોરેશન કોર્ટના નિર્ણય પહેલા જ મસ્જિદમાં દિવાલ તોડી પાડવામાં આવતા મસ્જિદમાં ક્યાંક ગેરકાયદે બાંધકામ થયું હોવાનું દર્શાવે છે.

આ પહેલા હિમાચલ પ્રદેશની રાજધાની શિમલામાં આવેલી સંજૌલી મસ્જિદને લઈને ઘણો હોબાળો થયો હતો. દરમિયાન, સ્થાનિક મુસ્લિમ કલ્યાણ સમિતિએ મ્યુનિસિપલ કોર્પોરેશન કમિશનરને અનધિકૃત ભાગને સીલ કરવા વિનંતી કરી હતી. એટલું જ નહીં, મુસ્લિમ કલ્યાણ સમિતિએ કોર્ટના આદેશ મુજબ મસ્જિદના ગેરકાયદે ભાગને તોડી પાડવાની ઓફર પણ કરી હતી. કમિટીમાં મસ્જિદના ઈમામ અને વક્ફ બોર્ડ અને મસ્જિદ મેનેજમેન્ટ કમિટીના સભ્યોનો સમાવેશ થાય છે.

# આર.જી. કર કેસમાં ચાર્જશીટમાં વિલંબ અંગે TMCના ડેરેક ઓ'બ્રાયને CBI પર નિશાન સાધ્યું

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૩

તૃણમૂલ કોંગ્રેસના નેતા ડેરેક ઓ'બ્રાયને શુક્રવારે આર.જી. કર હોસ્પિટલ બળાત્કાર-હત્યા કેસમાં સીબીઆઈ દ્વારા ચાર્જશીટ દાખલ કરવામાં વિલંબ પર સવાલ ઊઠાવ્યા હતા. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર એક પોસ્ટમાં ટીએમસી નેતાએ 'ઝડપી ન્યાય'ની માંગ કરી હતી. રાજ્યસભામાં ટીએમસીના સંસદીય દળના નેતા ઓ'બ્રાયને પોસ્ટમાં જણાવ્યું હતું કે, આર.જી. કર પીડિત પરિવારને ન્યાય માટે ક્યાં સુધી રાહ જોવી પડશે. સુપ્રીમ કોર્ટ આ કેસ પર નજર રાખી રહી છે તેમણે ઉમેર્યું હતું કે, 'CBI પાસે



આરોપી અને તમામ પુરાવા છે. તે શા માટે ચાર્જશીટ દાખલ કરી રહી નથી અને ટ્રાયલ શરૂ કરી રહી નથી ?' ઓ'બ્રાયને કહ્યું કે, 'આપણે બધાને ઝડપી ન્યાય જોઈએ છે. સીબીઆઈ ટ્રાયલમાં કેમ વિલંબ કરી રહી છે ? અમને જવાબની જરૂર છે.' ગયા મહિને પશ્ચિમ બંગાળ સરકાર સંચાલિત આર.જી. કર મેડિકલ કોલેજ અને હોસ્પિટલના સેમિનાર રૂમમાંથી ફરજ પરના પોસ્ટ-ગ્રેજ્યુએટ ટ્રેઈની ડોક્ટરનો મૃતદેહ મળી આવ્યો હતો. તેની સાથે બળાત્કાર બાદ હત્યા કરવામાં આવી હતી. કલકત્તા હાઈકોર્ટે આ કેસની તપાસ રાજ્ય પોલીસ પાસેથી સીબીઆઈને ટ્રાન્સફર કરી હતી. મુખ્ય આરોપી નાગરિક સ્વયંસેવકની ધરપકડ કરવામાં આવી છે.

# મારે કોઈ પાર્ટીથી લેવા-દેવા નથી : જાહેરમાં જીએસટીની નીતિ અંગે નાણામંત્રી નિર્મલા સીતારમણને સવાલ કરતાં અણ્ણાપૂર્ણા ચેઈનના માલિકે માફી માગી, રાહુલ ગાંધીના તીખા પ્રહાર

(એજન્સી) તા.૧૩

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. ખરેખર નિર્મલા સીતારમણ તમિલનાડુના કોઈમ્બતુરમાં આયોજિત એક MSME મીટિંગમાં ભાગ લેવા આવ્યા હતા. દરમિયાન રેસ્ટોરન્ટ ચેઈન શ્રી અન્નપૂર્ણા હોટેલના મેનેજિંગ ડિરેક્ટર શ્રીનિવાસને GST (ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ)ની જટિલતાઓ અંગે સવાલ પૂછ્યો હતો. આ સવાલો બાદ શ્રીનિવાસને નિર્મલા સીતારમણની માફી માંગવી પડી હતી. જ્યારે બીજી બાજુ કોંગ્રેસ અને ડીએમકેએ શ્રી અન્નપૂર્ણા રેસ્ટોરન્ટના માલિક શ્રીનિવાસનનો જાહેરમાં અનાદર કરવા બદલ ભગવા પાર્ટીની ટીકા કરી છે. સતત ટીકાઓ વચ્ચે તમિલનાડુ બીજેપીના વડા કે અન્નામલાઈએ ખાનગી વાતચીતનો વીડિયો શેર કરવા બદલ માફી માંગી છે. અન્નામલાઈએ X પર પોસ્ટ કર્યું કે 'ભાજપ તમિલનાડુ વતી, હું અમારા પદાધિકારીઓની ક્રિયાઓ માટે દિલથી માફી માંગુ છું જેમણે એક આદરણીય ઉદ્યોગપતિ અને અમારા માનનીય નાણામંત્રી વચ્ચે ખાનગી વાતચીત શેર કરી. મેં અન્નપૂર્ણા રેસ્ટોરન્ટ ચેઇનના આદરણીય માલિક થિરુ શ્રીનિવાસન અવલ સાથે વાત કરી, આ અજાણતા ગોપનીયતાના ભંગ બદલ ખેદ વ્યક્ત કર્યો. અન્નપૂર્ણા શ્રીનિવાસન અન્ના તમિલનાડુના





બિઝનેસ હાઉસના મુખ્ય આધારસ્તંભ છે, જેઓ રાજ્ય અને દેશના આર્થિક વિકાસમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપી રહ્યા છે. હું દરેકને વિનંતી કરું છું કે આ મામલાને યોગ્ય આદર સાથે સમાપ્ત કરો. કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ ટ્વિટર પર પોસ્ટ કર્યું, 'જ્યારે કોઈમ્બતુરમાં અન્નપૂર્ણા રેસ્ટોરન્ટ જેવા નાના વેપારી માલિકો અમારા સરકારી કર્મચારીઓ પાસેથી સરળ GST શાસનની માંગ કરે છે, ત્યારે તેમનું અપમાન થાય છે. બીજી બાજુ જ્યારે કોઈ અબજોપતિ મિત્ર નિયમો તોડે છે, કાયદાની અવગણના કરે છે અથવા રાષ્ટ્રીય સંપત્તિ પ્રાપ્ત કરવા માંગે છે, ત્યારે મોદીજી રેડ કાર્પેટ પાથરે છે. રાહુલે વધુમાં કહ્યું કે, 'અમારા નાના વેપારીઓ પહેલાથી જ નોટબંધી, જટિલ બેંકિંગ સિસ્ટમ, ટેક્સ કલેક્શન અને વિનાશક GST હુમલાનો ભોગ બન્યા છે. છેલ્લી વસ્તુ જે તેઓ ઈચ્છે છે તે વધુ અપમાન છે. પરંતુ જ્યારે સત્તામાં રહેલા લોકોના નાજુક અહંકારને ઠેસ પહોંચે છે, ત્યારે એવું લાગે છે કે અપમાન જ તેઓ આપશે.' કોંગ્રેસના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ જણાવ્યું હતું કે કોઈમ્બતુરમાં જીએસટી દરોની જટિલતાઓ અંગે ચિંતા વ્યક્ત કરવા બદલ સ્થાનિક ઉદ્યોગસાહસિક શ્રીનિવાસનની મજાક ઉડાવવામાં આવી હતી, જે અત્યંત દુર્ભાગ્યપૂર્ણ છે. આ ઘટના નાણામંત્રીના ઘમંડનું પ્રદર્શન હતું.

# તમિલનાડુ ભાજપના નેતાએ કરી મોટી ભૂલ, અન્નપૂર્ણા હોટેલ માલિકનો નિર્મલા સીતારમણની માફી માંગતો વીડિયો કર્યો વાયરલ, હવે માફી માંગી

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૩

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. નિર્મલા સીતારમણ તમિલનાડુના કોઈમ્બતુરમાં આયોજિત એક MSME બેઠકમાં ભાગ લેવા પહોંચ્યા હતા, આ દરમિયાન અન્નપૂર્ણા રેસ્ટોરન્ટના મેનેજિંગ ડિરેક્ટર શ્રીનિવાસને GSTની જટિલતાઓ નાણામંત્રી સામે રાખી હતી.

જો કે, સવાલો પછી શ્રીનિવાસને નિર્મલા સીતારમણની માફી માંગવી પડી હતી. કોંગ્રેસ અને દ્રવિડ મુનેત્ર કઝગમ (DMK)એ અન્નપૂર્ણા રેસ્ટોરન્ટના માલિક શ્રીનિવાસનનો જાહેરમાં અનાદર કરવા બદલ ભગવા પાર્ટીની ટીકા થઈ રહી છે. સતત આલોચના વચ્ચે તમિલનાડુ ભાજપના ચીફ કે. અન્નામલાઈએ વીડિયો શેર કરવા બદલ માફી માંગી છે.

અન્નામલાઈએ સોશિયલ મીડિયા માધ્યમ 'X' પર પોસ્ટ શેર કરતાં કહ્યું છે કે, ભાજપ તમિલનાડુ તરફથી હું અમારા પદાધિકારીઓના કૃત્ય માટે ઈમાનદારીથી માફી માંગુ છું. મે અન્નપૂર્ણા રેસ્ટોરન્ટના માલિક શ્રીનિવાસન સાથે વાત કરી છે. જેથી ગોપનીયતાના આ અજાણતા ભંગ બદલ ખેદ વ્યક્ત કરી શકાય. અન્નપૂર્ણા શ્રીનિવાસન અન્ના તમિલનાડુના બિઝનેસ હાઉસના મુખ્ય આધારસ્તંભ છે, જેઓ રાજ્ય અને દેશના આર્થિક વિકાસમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપી રહ્યા છે. હું દરેકને વિનંતી કરૂં છું કે, આ મામલાને યોગ્ય આદર સાથે સમાપ્ત કરો.

કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ પણ પોસ્ટ શેર કરીને જણાવ્યું હતું કે, જ્યારે કોઈમ્બતુરમાં અન્નપૂર્ણા રેસ્ટોરન્ટના જેવા નાના વેપારી માલિકો અમારા સરકારી કર્મચારીઓ પાસેથી સરળ GST વ્યવસ્થાની માંગ કરે છે, ત્યારે તેમનો અનાદર થાય છે. બીજી તરફ જ્યારે કોઈ અબજોપતિ મિત્ર નિયમો તોડે છે, કાયદાની અવગણના કરે છે અથવા રાષ્ટ્રીય સંપત્તિ પ્રાપ્ત કરવા માંગે છે, ત્યારે મોદીજી રેડ કાર્પેટ પાથરે છે. નાના વેપારોના માલિકો પહેલાથી નોટબંધ, જટિલ બેંક સિસ્ટમ, ટેક્સ અને વિનાશકારી GST પ્રહારોનો સામનો કરી રહ્યા છે. પરંતુ જ્યારે સત્તામાં રહેલા લોકોના અહંકારને ઠેસ પહોંચે છે, ત્યારે એવું લાગે છે કે, અપમાન જ તેઓ આપશે.

કોંગ્રેસના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ જણાવ્યું હતું કે, કોઈમ્બતુરમાં GST દરોની જટિલતાઓ અંગે ચિંતા વ્યક્ત કરવા બદલ સ્થાનિક ઉદ્યોગસાહસિક શ્રીનિવાસનની મજાક ઉડાવવામાં આવી હતી, જે અત્યંત દુર્ભાગ્યપૂર્ણ છે. આ ઘટના નાણામંત્રીના ઘમંડનું પ્રદર્શન હતું.

તમિલનાડુ યુનિટે ઘટના બાદ ખાનગી વાતચીત દરમિયાન કેન્દ્રીય મંત્રીની માફી માંગતા અન્નપૂર્ણા રેસ્ટોરન્ટના માલિક શ્રીનિવાસનનો વીડિયો પોસ્ટ કર્યા બાદ વિવાદ ફાટી નીકળ્યો હતો. તમિલનાડુમાં લોકપ્રિય રેસ્ટોરન્ટ ચેઈન અન્નપૂર્ણાના અધ્યક્ષે ખાદ્ય ચીજવસ્તુઓ પર વિવિધ GST દરોને કારણે રેસ્ટોરન્ટના માલિકોને સામનો કરવા પડતા પડકારોને રેખાંકિત કર્યા હતા.

તેમણે હાઈલાઈટ કર્યું કે, ક્રીમ ભરેલા બન્સ પર ૧૮% ટેક્સ લાગે છે, જ્યારે સામાન્ય બન્સ પર કોઈ GST નથી. શ્રીનિવાસને જણાવ્યું હતું કે, 'મીઠાઈ પર ૫% GST છે, પરંતુ નમકીન પર ૧૨% છે. ગ્રાહકો વારંવાર ફરિયાદ કરે છે કે, મને ફક્ત બન આપો, હું ક્રીમ ઉમેરીશ અને જાતે જામ કરીશ.'

# નાણામંત્રીની માફી માગતો રેસ્ટોરન્ટ માલિકનો વીડિયો શેર કરવા બદલ અન્નામલાઈએ માફી માગી

(એજન્સી) તા.૧૩

કેન્દ્રીય નાણા મંત્રી નિર્મલા સીતારમણનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. નિર્મલા સીતારામન તમિલનાડુના કોઈમ્બતુરમાં આયોજિત એક MSME બેઠકમાં ભાગ લેવા પહોંચ્યા હતા, આ દરમિયાન શ્રી અન્નપૂર્ણા રેસ્ટોરન્ટના મેનેજિંગ ડિરેક્ટર શ્રીનિવાસને GSTની જટિલતાઓ નાણામંત્રી સામે રાખી હતી. જો કે, સવાલો પછી શ્રીનિવાસને નિર્મલા સીતારમણની માફી માંગવી પડી હતી.કોંગ્રેસ અને દ્રવિડ મુનેત્ર કઝગમ (DMK)એ શ્રી અન્નપૂર્ણા રેસ્ટોરન્ટના માલિક શ્રીનિવાસનનો જાહેરમાં અનાદર કરવા બદલ ભગવા પાર્ટીની ટીકા થઈ રહી છે. સતત આલોચના વચ્ચે તમિલનાડુ ભાજપના ચીફ કે. અન્નામલાઈએ વીડિયો શેર કરવા બદલ માફી માંગી છે. અન્નામલાઈએ સોશિયલ મીડિયા માધ્યમ 'X' પર પોસ્ટ શેર કરતાં કહ્યું છે કે, 'ભાજપ તમિલનાડુ તરફથી હું અમારા





પદાધિકારીઓના કૃત્ય માટે ઈમાનદારીથી માફી માંગુ છું. મે અન્નપૂર્ણા રેસ્ટોરન્ટના માલિક શ્રીનિવાસન સાથે વાત કરી છે. જેથી ગોપનીયતાના આ અજાણતા ભંગ બદલ ખેદ વ્યક્ત કરી શકાય. અન્નપૂર્ણા શ્રીનિવાસન અન્ના તમિલનાડુના બિઝનેસ હાઉસના મુખ્ય આધારસ્તંભ છે, જેઓ રાજ્ય અને દેશના આર્થિક વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપી રહ્યા છે. હું દરેકને વિનંતી કરૂં છું કે, આ મામલાને યોગ્ય આદર સાથે સમાપ્ત કરો.'

# પૂર્વ IRS અધિકારી ત્રણ લાખથી વધુ ઉમેદવારોને તેમના IASના સ્વપ્નને પૂર્ણ કરવા માટે કેવી રીતે મદદ કરી રહ્યા છે

## પૂર્વ IRS અધિકારી રવિ કપૂર, જે UPSC ઉમેદવારોને IAS પરીક્ષામાં સફળ થવા માટે તૈયાર કરી રહ્યા છે, તેમના 'ફ્રી મેન્ટરશિપ પ્રોગ્રામ' દ્વારા તેમણે ૩ લાખથી વધુ ઉમેદવારોને માર્ગદર્શન આપ્યું છે

(એજન્સી) તા.૧૩

અનેક લોકોની કારકિર્દીની સફળતામાં અનેક લોકોની ભૂમિકા હોય છે જે તેમની સિદ્ધિને દર્શાવે છે. રવિ કપૂરની આ યાત્રા પરિવર્તન અને સમર્પણનું અસાધારણ ઉદાહરણ છે. નાણા મંત્રાલયમાં ડેપ્યુટી કમિશનર તરીકે ફરજ બજાવતા, કપૂરની કારકિર્દીએ એક અણધાર્યો વળાંક લીધો હતો. ડેપ્યુટી કમિશનર તરીકેની તેમની આદરણીય ભૂમિકામાંથી તેમનું રાજીનામું માત્ર જુસ્સો અથવા મહત્વાકાંક્ષાથી પ્રેરિત ન હતું. તે UPSC તૈયારીમાં ગહન પ્રતિબદ્ધતા દ્વારા પ્રોત્સાહિત હતું. આ પૂર્વ IRS અધિકારી કહે છે કે, મારી પોતાની UPSC સફર દરમિયાન, મેં જોયું કે કેટલાક ઉમેદવારો ચિંતા, અનિશ્ચિતતા અને સ્પષ્ટ દિશાના અભાવ સાથે મૂંઝવણમાં હતા. કોવિડ-૧૯ રોગચાળો એ કપૂર માટે ઉત્પ્રેરક બની ગયો હતો. તેમણે કહ્યું કે, આ રોગચાળાએ મને ઊંડાણપૂર્વક વિચારવાનો સમય આપ્યો. આ પ્રતિબિંબિત સમયગાળામાં જ કપૂરે એક વિચારની કલ્પના કરી હતી જે ટૂંક સમયમાં હજારો મહત્વાકાંક્ષી સરકારી કર્મચારીઓના જીવનમાં પરિવર્તન લાવશે. ૨૦૨૧માં, તેમણે 'ફ્રી મેન્ટરશિપ પ્રોગ્રામ' શરૂ કર્યો, જે UPSC ઉમેદવારોને કોઈપણ ખર્ચ વિના માર્ગદર્શન અને સમર્થન આપવા માટે એક સાહસિક પહેલ છે. આ પ્રોગ્રામ એક નાના પ્રોજેક્ટ તરીકે જે શરૂ થયું તે હવે ૩૦૦,૦૦૦ ઉમેદવારો માટે જીવનરેખા બની ગયું છે. કપૂરનો આ અભિગમ અનોખો છે, જેમાં સાયકોલોજી કન્સલ્ટન્ટ તરીકેની તેમની આંતરદષ્ટિ સાથે IRS અધિકારી તરીકેના એક દાયકાના અનુભવનું મિશ્રણ છે. તેઓ કહે છે કે, ફ્રી મેન્ટરશિપ પ્રોગ્રામ મારા માટે એક પ્રોજેક્ટ નથી; તે એક જુસ્સો છે. અન્ય લોકોને UPSC પ્રવાસમાં નેવિગેટ કરવામાં મદદ કરવા માટેની તેમની પ્રતિબદ્ધતા છે. યોગ્ય અનુરૂપ સલાહ અને ભાવનાત્મક ટેકો આપીને, કપૂર ઘણા લોકો માટે માર્ગદર્શક બની ગયા છે. નાણા મંત્રાલયમાં સત્તાના કોરિડોરમાંથી એક મહત્વાકાંક્ષી સનદી કર્મચારીઓના વર્ગખંડમાં રવિ કપૂરનું સંક્રમણ એ એક શક્તિશાળી રીમાઈન્ડર છે. તેમની વાર્તા એ સાબિત કરે છે કે કેવી રીતે વ્યક્તિની કુશળતા અને અનુભવોને અર્થપૂર્ણ પરિવર્તન લાવવા માટે ઉપયોગ કરી શકાય છે, અને આ પહેલ અન્ય લોકોને તેમના પગલે ચાલવા અને સમર્પણ અને હૃદયથી તેમના જુસ્સાને આગળ વધારવા પ્રેરણા આપે છે.

**આ મફત માર્ગદર્શક કાર્યક્રમના મુખ્ય સિદ્ધાંતો**

માર્ગદર્શક કાર્યક્રમ તેના મુખ્ય સિદ્ધાંતોને



કારણે અલગ પડે છે, જેમાં નીચેનાનો સમાવેશ થાય છે :

**૧. વ્યક્તિગત શિક્ષણ :** અનુરૂપ શૈક્ષણિક સામગ્રી અને કાર્યો વ્યક્તિગત જરૂરિયાતોને પૂર્ણ કરે છે.

**૨. સર્વગ્રાહી અભિગમ :** મનોવૈજ્ઞાનિક સિદ્ધાંતોનું એકીકરણ, શિક્ષણ તકનીકો અને માનસિક સુખાકારી.

**૩. ગેમિફાઈડ લર્નિંગ :** સકારાત્મક વર્તન અને શૈક્ષણિક સંલગ્ન પદ્ધતિઓ.

**૪. સુલભતા :** મફત નોંધણી અને સંસાધનો ઈમેલ, YouTube અને સોશિયલ મીડિયા દ્વારા ઉપલબ્ધ છે.

**૫. ઈન્ટરેક્ટિવ પ્રતિસાદ :** નિયમિત સમીક્ષાઓ, લાઈવ વર્ગો અને પ્રશ્ન અને જવાબ સત્રો સ્પષ્ટતા અને પ્રગતિની ખાતરી કરે છે.

તેઓ કહે છે કે, મારો આ પ્રોગ્રામ એક વ્યાપક અને સહાયક ઈકોસિસ્ટમ પ્રદાન કરે છે જે પરંપરાગત શિક્ષણથી અલગ છે, તે માનસિક સુખાકારી અને વ્યક્તિગત રીતે ધ્યાન કેન્દ્રિત કરીને, વિદ્યાર્થીઓને તેમની UPSC મુસાફરી દરમિયાન સાતત્ય અને પ્રેરણા જાળવવામાં મદદ કરે છે. UPSC ઉમેદવારો અનેક પડકારોનો સામનો કરે છે જેમ કે યોગ્ય માર્ગદર્શનનો અભાવ અને સતત અભ્યાસક્રમ પર ધ્યાન કેન્દ્રિત કરવું. કપૂરનું માર્ગદર્શન એ વ્યક્તિગત માર્ગદર્શન, સોંપણીઓ અને સમયમર્યાદા સાથે દૈનિક ઈમેઈલ દ્વારા આ મુદ્દાઓને સંબોધિત કરે છે. આ વ્યક્તિગત માર્ગદર્શન તેમને તણાવનો સામનો કરવામાં, પ્રેરિત રહેવામાં અને પરીક્ષાના અભ્યાસક્રમમાં વ્યવસ્થિત રીતે નેવિગેટ કરવામાં મદદ કરે છે.

**સ્ટ્રેસ અથવા તણાવને મેનેજ કરવા અને પ્રેરિત રહેવા માટેની વ્યૂહરચનાઓ**

કપૂર તણાવનું સંચાલન કરવા અને પ્રેરણા માટે ઘણી વ્યૂહરચનાઓ પર ભાર મૂકે છે:

**૧. માઈન્ડફુલનેસ અને મેડિટેશન :** "સ્ટ્રેસ ઘટાડવા અને ફોકસ સુધારવા માટે માઈન્ડફુલનેસ અને મેડિટેશન જેવી પ્રેક્ટિસનો સમાવેશ કરવો."

**૨. સામાજિક જોડાણ :** ભાવનાત્મક સમર્થન માટે મિત્રો અને પરિવાર સાથે વાતચીત કરવી.

**૩. સંતુલન અને દિનચર્યા :** સારી ઊંઘ, શારીરિક પ્રવૃત્તિ અને તંદુરસ્ત આહાર સહિત સંતુલિત દિનચર્યા.

આ વ્યૂહરચનાઓને અમલમાં મૂકીને, તમે અસરકારક રીતે તણાવનું સંચાલન કરી શકો છો, પ્રેરણા જાળવી શકો છો અને UPSC તૈયારી દરમિયાન તમારું શ્રેષ્ઠ પ્રદર્શન કરી શકો છો.

રવિ કપૂરે UPSC પરીક્ષા પ્રક્રિયામાં ઘણા ફેરફારો જોયા છે. પ્રશ્નોની પ્રકૃતિ સરળ હકીકત-આધારિત ક્વેરીઝમાંથી એવા પ્રશ્નોમાં બદલાઈ ગઈ છે જેના માટે વિષયોની ઊંડી સમજની જરૂર હોય છે, અને વર્તમાન બાબતો શીખવા માટે ટેક્નોલોજીના ઉપયોગ પર પણ વધુ ધ્યાન આપવામાં આવ્યું છે. ઘણા ઉમેદવારો હવે પ્રેક્ટિસ અને શીખવા માટે ઓનલાઈન પ્લેટફોર્મ, વેબિનાર્સ અને YouTube ચેનલોનો ઉપયોગ કરે છે.

કપૂરનું પોડકાસ્ટ, 'સિલેબસ ઓફ લાઈફ', પરંપરાગત શિક્ષણમાં જીવનના કૌશલ્યો સાથે તેમના માર્ગદર્શક કાર્યને વિસ્તૃત કરે છે. આ પોડકાસ્ટ બહુવિધ માર્ગદર્શકો અને વૈવિધ્યસભર પરિપ્રેક્ષ્યની ઍક્સેસ પ્રદાન કરે છે, વિશ્વ વિશે સમજ આપે છે, આ પોડકાસ્ટ શૈક્ષણિક તૈયારી ઉપરાંત મૂલ્યવાન આંતરદષ્ટિ પ્રદાન કરે છે.

**યોગ્ય વૈકલ્પિક વિષય પસંદ કરવો**

કપૂર વૈકલ્પિક વિષયને સમજદારીપૂર્વક પસંદ કરવાના મહત્વ પર ભાર મૂકે છે. તેમાં માત્ર રસ જ નહીં પણ વ્યૂહરચના પણ જરૂરી છે. તેઓ અગાઉની શૈક્ષણિક તાલીમ, રસ સ્તર અને સંસાધનની ઉપલબ્ધતા જેવા પરિબળોને ધ્યાનમાં લેવાની સલાહ આપે છે. ઉત્તર લેખન અને સમય વ્યવસ્થાપન માટે તેઓ ઉમેદવારોને પરીક્ષા જેવી પરિસ્થિતિઓમાં નિયમિત પ્રેક્ટિસ કરવાની ભલામણ કરે છે. સતત પ્રેક્ટિસ એ ઝડપ અને માળખું વિકસાવવાની ચાવી છે.

સફળ UPSC ઉમેદવારો શિસ્તબદ્ધ દિનચર્યાઓનું પાલન કરે છે, માનસિક સુખાકારી સાથે અભ્યાસ સંતુલિત કરે છે. તેઓ સકારાત્મક માનસિકતા જાળવી રાખે છે અને સમજે છે કે નિષ્ફળતા એ આ પ્રવાસનો એક ભાગ છે. રવિ કપૂરની આ વાર્તા અન્ય લોકોના જીવન પર નોંધપાત્ર અસર કરવા માટે જુસ્સા સાથે અનુભવને જોડવાનો એક પુરાવો છે. તેમનો માર્ગદર્શક કાર્યક્રમ અસંખ્ય ઉમેદવારોને તેમની સફળતાની સફરમાં માર્ગદર્શન અને પ્રેરણા આપે છે.

# નાણામંત્રીએ હસતા-હસતા કહ્યું; મારી પાસે એમના પ્રશ્નનો જવાબ નથી

(એજન્સી) તા.૧૩

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણની કોઈમ્બતુરની મુલાકાતની બે ટૂંકી વીડિયો ક્લિપ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ છે. પ્રથમ ક્લિપમાં કોઈમ્બતુરના એક વેપારી સામાન્ય રીતે ટેક્સ અને ખાસ કરીને GST વિશેની તેમની ફરિયાદો પ્રસારિત કરતા સાંભળવામાં આવે છે. નાણાપ્રધાને આ દરમિયાન હસતા કહ્યું કે, તેમની પાસે પ્રશ્નનો કોઈ જવાબ નથી. બીજી ક્લિપમાં એક રૂમની અંદર શૂટ કરવામાં આવી છે, તે જ ઉદ્યોગપતિ અન્ય મહિલાની હાજરીમાં કેન્દ્રીય મંત્રીની માફી માંગતો સંભળાય છે. કોઈમ્બતુરમાં એક લોકપ્રિય શાકાહારી રેસ્ટોરન્ટ ચેઈન અન્નપૂર્ણાના માલિકે અન્ય બાબતોની સાથે કહ્યું હતું કે, જ્યારે તેણે એક બિઝનેસમેન તરીકે નાણાંનું રોકાણ કર્યું હતું, સ્ટાફને રાખ્યો હતો અને વ્યવસાય ચલાવવાનું જોખમ લીધું હતું, ત્યારે ભારત સરકાર તે બધું લઈ રહી હતી. આજે ભારત સરકાર બ્રોકર (ઉદ્યોગપતિ) કરતાં વધુ કમાણી કરી રહી છે હું બધું જ રોકાણ કરૂં છું; હું ઘણું જોખમ ઉઠાવી રહ્યો છું અને



સરકાર મારો આખો નફો છીનવી રહી છે. તમે મારા સ્લીપિંગ પાર્ટનર છો... હું વર્કિંગ પાર્ટનર છું. તેમણે આગળ કહ્યું કે, સરકાર GST, સ્ટેમ્પ ડ્યુટી, IGST, STT, લોંગ ટર્મ કેપિટલ ગેઈન્સ ટેક્સ લાદે છે. તેમણે GSTના અલગ-અલગ દરોને કારણે મૂંઝવણ ઊભી કરી છે. સમસ્યા એ છે કે, GST દરેક વસ્તુ પર અલગ રીતે લાગુ થાય છે. ઉદાહરણ તરીકે બન પર કોઈ GST નથી પરંતુ જો તમે તેમાં ક્રીમ નાખો છો, તો GST ૧૮ ટકા થઈ જાય છે; આ કારણે ગ્રાહકો કહે છે કે, આપણે તેમને બન અને ક્રીમ અલગથી આપીએ. બધા માટે સમાન રીતે GST વધારો. તેઓએ મીઠાઈઓ પર (ઓછો) પાંચ ટકા GST અને મસાલેદાર (સેવરી) પર ૧૨ ટકા GST મૂક્યો છે કારણ કે, તેઓ ઉત્તર ભારતમાં ઘણી બધી મીઠાઈઓ ખાય છે. તેના માટે સમાન GST વસૂલ કરો. કમ્પ્યુટર પોતે જ GSTમાં ફસાઈ રહ્યું છે.

# ભારતીય મહિલાના સસરાની કુલ સંપત્તિ ૧,૨૫,૯૩૨ કરોડ રૂપિયા છે, તેણે ગોલ્ડમેન સાક્સમાંથી નોકરી છોડી દીધી

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૩

મેઘા મિત્તલ એક જાણીતી ફેશન ઉદ્યોગસાહસિક છે જેણે એક સમયે ચેરપર્સન અને એમ.ડી તરીકે એસ્કેડા, જર્મન ફેશન લક્ઝરી બ્રાન્ડનું નેતૃત્વ કર્યું હતું. મેઘાએ ભારતીય અબજોપતિ ઉદ્યોગપતિ લક્ષ્મી મિત્તલની પુત્રવધૂ છે, જેમની પાસે ફોર્બ્સ અનુસાર ૧,૨૫,૯૩૨ કરોડ રૂપિયાની વાસ્તવિક સંપત્તિ છે. મેઘાનો જન્મ કોલકાતામાં હૈદરાબાદી પરિવારમાં થયો હતો. તેણે તેનું સ્કૂલિંગ હૈદરાબાદ પબ્લિક સ્કૂલમાં પૂર્ણ કર્યું. પછી ઉચ્ચ અભ્યાસ માટે યુ.એસ ગઈ હતી. મેઘાએ વ્હાર્ટન સ્કૂલ ઓફ બિઝનેસમાંથી ફાયનાન્સ અને મેનેજમેન્ટની ડિગ્રી સાથે સ્નાતકની પદવી



મેળવી. તે વોર્ટન સ્કૂલના સલાહકાર બોર્ડની સભ્ય પણ છે. તેનું સ્નાતક પૂર્ણ કર્યા પછી, તેણે ઈન્વેસ્ટમેન્ટ બેંક ગોલ્ડમેન સાક્સના સંશોધન વિભાગમાં વિશ્લેષકની નોકરી મેળવી. જો કે, તેણે એક વર્ષ પછી કંપની છોડી દીધી. ૨૦૦૩ માં, તેણે લંડનની ઈંચબાલ્ડ સ્કૂલ ઓફ ડિઝાઇનમાં આર્કિટેક્ચરલ ઈન્ટિરિયર ડિઝાઇનમાં અનુસ્નાતકની ડિગ્રી મેળવી. ૨૦૦૯ માં, તેણે જર્મન ફેશન લક્ઝરી બ્રાન્ડ, એસ્કેડાનું નેતૃત્વ કર્યું અને કંપનીને આધુનિક ભવ્ય અને જીવનશૈલી બ્રાન્ડ તરીકે પુનઃસ્થાપિત કરી. મેઘાએ આર્સેલર મિત્તલના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર (CEO) અને ડિરેક્ટર આદિત્ય મિત્તલ સાથે લગ્ન કર્યા છે. દંપતીને ત્રણ બાળકો છે. બંને ભારત અને યુકે બંનેમાં બાળ સ્વાસ્થ્ય સંબંધિત પરોપકારી કાર્યો માટે સક્રિયપણે દાન આપે છે. ૨૦૦૦ ની શરૂઆતમાં બંને લંડન સ્થળાંતર થયા.

### સુરેન્દ્રનગર પોલીસની આબરૂના લીરેલીરા

# પોલીસ પર હુમલો કરી આઠ મહિનાથી ફરાર વોન્ટેડ આરોપીએ આવી હત્યા કરી નાંખી !!!

## ૮ મહિના પહેલા પોલીસની આંગળી કાપી નાંખી, ટોળા સાથે પોલીસ પર હુમલો પણ કર્યો હતો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૩

સુરેન્દ્રનગર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા અત્યંત ખાડે ગઈ હોય તેવું લાગી રહ્યું છે કારણ કે જે આરોપી પોલીસ પર હુમલો કરી ફરાર થયો હતો અને પોલીસે તેને વોન્ટેડ જાહેર કર્યો હતો એને ૮-૮ મહિના સુધી પોલીસ પકડી શકી નહીં. હવે એ જ આરોપીએ હત્યાનો ગુનો કર્યો છે.

આઠ મહિના પહેલા જાલમસિંહ નામના આરોપીએ સુરેન્દ્રનગર જિલ્લાના ઝિંઝુવાડામાં પોલીસ ઉપર હુમલો કરી પોલીસકર્મીની આંગળી કાપી નાખી હતી અને ટોળા દ્વારા પોલીસ પર હુમલો કરી આરોપીને છોડાવી લેવામાં આવ્યો હતો. આરોપી જાલમસિંહને પોલીસે વોન્ટેડ જાહેર કર્યો હતો. આ આરોપી ૮-૮ મહિનાથી પોલીસ પકડથી દૂર છે પોલીસ તેને હજુ શોધી રહી છે. પરંતુ આ જાલમસિંહે ગામમાં આવીને પોલીસની નાક નીચેથી આધેડ ઉપર કાર ચડાવી દઈ અને તેની હત્યા કરી નાખી છે.

આઠ મહિના પહેલા પોલીસને બાતમી આપી હતી તે અંગેનો રાગદ્વેષ રાખીને ઝીંઝુવાડા ગામે કાર લઈને આવેલા જાલમસિંહ અને અન્ય લોકો દ્વારા આધેડ ઉપર કાર ચડાવી દેવામાં આવી હતી. આ બનાવમાં પોલીસે બે પક્ષો સામે ગુનો દાખલ કર્યો હતો અને કાર્યવાહી હાથ ધરી હતી. જોકે આ ઘટના બાદ આજે ૮૦ વર્ષના ગઉભા ઝાલાનું સુરેન્દ્રનગરની હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નીપજ્યું છે અને ગુનો હત્યામાં ફેરવાયો છે.

પોલીસ ઉપર હુમલો કરી પોલીસની આંગળીઓ કાપી નાખનાર અને પોલીસ જપ્તામાંથી ભાગી ગયેલો જાલમસિંહ ગામમાં આવી અને હત્યા કરી જાય અને પોલીસને આ બાબતની કોઈ જાણ પણ ન થાય ! પોલીસની કામગીરી સામે સવાલ ઊભા થઈ રહ્યા છે કારણકે પોલીસ ઉપર હુમલો કરનાર ઈસમો ગામમાં અવારનવાર દેખાતા હોવાની ફરિયાદ પણ મળી છે છતાં પોલીસ તેની ધરપકડ ન કરી શકતી હોય તે પ્રકારનો ઘાટ સર્જાયો હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે.

### સુરતના સૈયદપુરાની મહિલાઓએ કલેક્ટર-CPને રજૂઆત કરી

# તપાસ કર્યા વિના પોલીસ ૨૫ જેટલા નિર્દોષ મુસ્લિમ યુવકોને ઘરમાંથી ઉઠાવી ગઈ, અસલ ગુનેગારોને સજા આપો

## જે ગુનાઓ અમારા પતિ-પિતા દ્વારા કરાયા નથી તો શા માટે પોલીસે તેમની ધરપકડ કરી મનફાવે તેવી કલમો લગાડી દીધી ? : મહિલાઓનો પ્રશ્ન




(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧૩

સુરતમાં કોમી છમકાલા બાદ રાજકીય દબાણમાં આવી ફક્તને ફક્ત મુસ્લિમ સમાજને ટાર્ગેટ કરી પોલીસ અડધી રાત્રીના સમયે ૨૫ જેટલા મુસ્લિમો યુવાનોને ઘરમાંથી લઈ ગઈ જેમાં ઘણા ખરા નિર્દોષ હોવાનું તથા નિર્દોષ વિરૂદ્ધ ગુનો દાખલ કરી તેમને આરોપી બનાવી તેઓને ચાલવા લાયક ના રાખ્યા હોય તેવા વીડીયો સોશિયલ મિડીયામાં પ્રસારીત કરાવી મુસ્લિમ સમાજ ગુનેગાર છે તેવા મેસેજ ફેલાવી રહ્યાં છે, તે સંદર્ભે સમસ્ત મુસ્લિમ સમાજ દુઃખની લાગણી અનુભવે છે આ બાબતે તેમને તટસ્થ ન્યાય અને ભયમુક્ત થાય તથા કોઈપણ જાતના ધાર્મિક ભેદભાવ વગર નિષ્પક્ષ રહી પોલીસ ધર્મ નિભાવી ગાડીઓને થયેલ નુકશાનની ભરપાઇ કરે તેવું આજરોજ સુરત શહેરના સૈયદપુરા ખાતે કોમી રમખાણમાં સૌથી વધારે ભોગ બનેલા સ્થાનિકોએ પો.કમિ. અને જિલ્લા કલેક્ટરને આપેલ આવેદનપત્રમાં જણાવ્યું હતું.

આ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર શહેરના સૈયદપુરાનો કોમી છમકલા બાદ પોલીસે મુસ્લિમોને ઝડપ્યા હતા સૈયદપુરા વિસ્તારમાં કોમ્બિંગ કરી મુસ્લિમ યુવાનોને ટાર્ગેટ કર્યો હોવાનું સૈયદપુરા ભોગ બનેલા રહીશોએ જણાવ્યું હતું. જે બાબતે આજરોજ બહોળી સંખ્યામાં ભોગ બનેલ સૈયદપુરાના રહીશોનું મહિલાઓનું ઉપસ્થિત વાળુ એક વિશાળ સમુહના શહેરના પો.કમિ. અને જિલ્લા કલેક્ટરને પાસે ન્યાયની ગુહાર લગાવી હતી અને તેમના દ્વારા કલેક્ટર અને પો.કમિ.ને અપાયેલ આવેદનપત્રમાં પોતાની હૈયાવરાળ ઠાલવતા આવેદનપત્રમાં જણાવ્યું હતું કે સુરત શહેરમાં સૈપદપુરા, વરીયાવી બજાર વિસ્તારમાં રવિવારના દિવસે રાત્રે કેટલાક અસામાજીક અને તોફાની તત્વો દ્વારા ભડકાવવામાં આવેલી હિંસાને સમસ્ત મુસ્લિમ સમાજ સખત શબ્દોમાં નિંદા કરી વખોડી કાઢીએ છીએ.

રવિવારના દિવસે બનેલ બનાવમાં હિન્દુ-મુસ્લિમ બંને પક્ષો દ્વારા એકબીજા પર સામસામે પથ્થરમારો કરવામાં આવેલ છે અને અનેક નિર્દોષ લોકોની માલ મિલકતને નુકસાન પહોંચાડવામાં આવેલ છે અને તેના સ્પષ્ટ સીસીટીવી ફુટેજો ઉપલબ્ધ છે તેમ છતાં પોલિટિકલ પ્રેશરમાં આવી ફક્ત અને ફક્ત મુસ્લિમ સમાજને ટાર્ગેટ કરી અડધી રાત્રીના સમયે પચીસ જેટલા મુસ્લિમ યુવાનોને ઘરના તાળા તોડી લઈ ગયેલ છે. જેમાં ઘણા ખરા નિર્દોષો પણ ખોટી રીતે સંડોવાઈ ગયેલ છે અને તેમની વિરુધ્ધ ગુનો દાખલ કરી તેઓને આરોપી બનાવેલ છે અને તેઓ ચાલવા લાયક પણ રહ્યા ન હોય તેવા વિડીયો સોશીયલ મીડિયા અને ન્યુઝ ચેનલ મારફતે પ્રસારીત કરાવી જાણે ફક્ત મુસ્લિમ સમાજ જ કસુરવાર છે અને ગુનેગાર છે તેવા મેસેજ ફેલાવવામાં આવી રહ્યા છે. તે સંદર્ભે સમસ્ત મુસ્લિમ સમાજ ખુબ જ દુઃખની લાગણી અનુભવે છે. તેમજ સીસીટીવી ફુટેજ તપાસ્યા વિના અને પુરાવા વિના પચીસ જેટલા મુસ્લિમ યુવાનોને ઘરના તાળા તોડી આરોપી બનાવવામાં આવ્યા તે બાબતે પણ સમસ્ત મુસ્લિમ સમાજ અત્યંત દુઃખની લાગણી અનુભવે છે તેવું ઉક્ત બંને અધિકારીને આપેલ આવેદનપત્રમાં જણાવ્યું હતું.

સૈયદપુરાના ભોગ બનેલા રહીશો દ્વારા આપેલ આવેદનપત્રમાં વધુમાં જણાવ્યું હતું કે ઉપરોક્ત બનાવમાં સામેલ દરેક અસામાજીક અને તોફાની તત્વો વિરૂદ્ધ કોઈપણ જાતના ધાર્મિક ભેદભાવ વિના નિષ્પક્ષ રહી પોલીસ ધર્મ નિભાવી સીસીટીવી ફુટેજના આધારે યોગ્ય તપાસ કરી કાયદેસરની કાર્યવાહી અને એક તરફી કાર્યવાહી કર્યા વિના કાયદા અનુસાર ગુનેગારોને વહેલી તકે સજા થાય અને નિર્દોષોને થયેલ નુકશાન ભરપાઈ કરી ન્યાય તોળવામાં આવે તેવી માંગણી પો.કમિ. અને સુરત જિલ્લા કલેક્ટરને લેખીતમાં કરવામાં આવી હતી. સૈયદપુરા ખાતે રવિવારના રોજ બનેલ બનાવમાં રામપુરા ખાતે આવેલ રોશન પાર્ક એપાર્ટમેન્ટ ખાતે રહેતા ૫૬ વર્ષિય ઈલ્યાસ મુન્શી ગત રવિવારના રોજ રાત્રીના સમયે પોતાના ઘરમાં જ હતા અને તેમને ઘરમાંથી કાઢીને પોલીસ લઇ ગઇ હોવાનું તેમની પત્ની ઝુબેદા ઈલ્યાસ મુન્શીએ જણાવ્યું હતું. ઈલ્યાસ મુન્શી અને તેમની પત્ની એકલા રહે છે તેમની દિકરી વિદેશમાં ડોક્ટર છે અને દિકરો એન્જીનીયર છે. ઈલ્યાસભાઈ પોતે રીટાયર્ડ લાઈફ જીવે છે. તેમજ રોશન પાર્ક એપાર્ટમેન્ટ ખાતે રહેતા ઈરફાન બેગીયા જે હાલ સબજેલમાં છે તેમની પત્ની દ્વારા જણાવવામાં આવ્યું હતું કે તેઓ એસીનું રીપેરીંગ કામ કરે છે, રવિવારના દિવસે કામ ઉપરથી ઘરે આવી જમીને પોતાના બે સંતાનો સાથે ઘરમાં બેઠા હતા તે સમયે પોલીસ દ્વારા બળજબરી પૂર્વક ઘરમાં પ્રવેશી મારા પતિની ધરપકડ કરી લઇ ગયા હતા. આજરોજ તેમની પત્ની દ્વારા સુરત પો.કમિ.ને રજૂઆત કરવામાં આવી હતી કે તે નિર્દોષ છે પોલીસ દ્વારા તેમના ઉપર લગાવાયેલ કલમો ખોટી છે તેમને ન્યાય મળવો જોઇએ તેવી આપવિતી તેમણે જણાવી હતી. વધુમાં રહેવાસીઓએ જણાવ્યું હતું કે જે ગુનાઓ અમારા પતિ, પિતા દ્વારા કરવામાં આવ્યાં નથી તેવા બનાવમાં પોલીસ દ્વારા તેમની ધરપકડ કરવામાં આવી છે. તેમના મનમાં આવે તેમ કલમો લગાવી દીધી છે, આવી કમલો લગાવવીથી મારી પતિનું આગળનું ભવિષ્ય બગડી શકે છે. મોટા ભાગના પરિવારોમાં ઘરના મોભીની પોલીસ દ્વારા ધરપકડ કરી જેલના સળીયા પાછળ ધકેલવામાં આવ્યાં છે તેમના ઘરનું ગુજરાન કોણ ચલાવશે ? હાલ ઘરમાં પોતાના નાના નાના બાળકો સાથે એકલા રહે છે. તેઓ દ્વારા ઈન્સાફની માંગણી સાથે પો.કમિ.અને કલેક્ટરને રજૂઆત કરવામાં આવી હતી.

### અમેરિકા, યુકે, સિંગાપોર, બેલ્જિયમ સહિતના દેશોના પ્રતિનિધિઓ પણ રહેશે હાજર

# ઓસ્ટ્રેલિયા-જર્મની-ડેન્માર્ક-નોર્વેના સહયોગ સાથે યોજાનારી રિ-ઈન્વેસ્ટ મીટનું મોદી કરશે ઉદ્‌ઘાટન

## ગાંધીનગરમાં તા.૧૬ સપ્ટેમ્બરે ઉદ્‌ઘાટન : ૪૦થી વધુ સત્રો, B2B મીટિંગ્સ યોજાશે

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ભારત સરકારના નવીન અને નવીનીકરણીય ઊર્જા મંત્રાલય (MNRE) દ્વારા આયોજિત ચોથી RE-ઈન્વેસ્ટ ગ્લોબલ રિન્યુએબલ એનર્જી મીટ એન્ડ એક્સ્પો (RE-INVEST)નું ઉદ્ઘાટન કરશે. આ કાર્યક્રમ ૧૬થી ૧૮ સપ્ટેમ્બર, ૨૦૨૪ દરમિયાન ગુજરાતના ગાંધીનગર સ્થિત મહાત્મા મંદિર ખાતે યોજાશે. ભારતના કેન્દ્રીય નવીન અને નવીનીકરણીય ઊર્જા મંત્રી શ્રી પ્રહલાદ જોશી; ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ; સહિતના મહાનુભાવો આ સમીટમાં હાજરી આપશે.

આ સમિટમાં ૪૦થી વધુ સત્રો, ૫ પ્લેનરી ચર્ચાઓ અને ૧૧૫થી વધુ B2B (બિઝનેસ ટુ બિઝનેસ) મીટિંગ્સ યોજાશે, જેમાં ૧૪૦ દેશોના ૨૫,૦૦૦ પ્રતિનિધિઓ, ૨૦૦થી વધુ વક્તાઓ ભાગ લેશે. આ કાર્યક્રમના સહયોગી દેશો ઓસ્ટ્રેલિયા, ડેનમાર્ક, જર્મની અને નોર્વે છે, જ્યારે સહયોગી રાજ્યોમાં આંધ્રપ્રદેશ, કર્ણાટક, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ અને તેલંગાણાનો સમાવેશ થાય છે. યુએસએ, યુકે, બેલ્જિયમ, યુરોપિયન યુનિયન, ઓમાન, યુએઈ, સિંગાપોર અને હોંગકોંગના ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ પણ આ સમિટમાં હાજર રહેશે. આ ઉપરાંત, આ કાર્યક્રમ ભારત અને વિશ્વભરની અગ્રણી નાણાકીય સંસ્થાઓ, રોકાણકારો, સ્ટાર્ટઅપ્સ અને પુનઃપ્રાપ્ય ઊર્જા ક્ષેત્રની મહત્વની વ્યક્તિઓને એકસાથે લાવશે.

૧૬મી સપ્ટેમ્બરે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં સવારે ૧૦:૦૦થી ૧૧:૦૦ દરમ્યાન ઉદ્ઘાટન સત્ર સાથે આ કાર્યક્રમની શરૂઆત થશે, ત્યારબાદ પ્લેનરી અને સમાંતર સત્રો યોજાશે, જેમાં કાર્બન ઉત્સર્જન ઘટાડવામાં ગ્રીન હાઈડ્રોજનની ભૂમિકાને વેગ આપવો અને અપતટીય અને તટવર્તી પવન ઊર્જા (ઓફશોર અને ઓનશોર વિન્ડ એનર્જી)ને મુખ્ય પ્રવાહમાં લાવવી વગેરે જેવા વિષયોને આવરી લેવામાં આવશે. બીજા દિવસે ૧૭મી સપ્ટેમ્બરે, ઊર્જા મંત્રી કનુભાઈ દેસાઈ મુખ્ય સંબોધન કરશે. તેઓ ભારતના પુનઃપ્રાપ્ય ઊર્જા ક્ષેત્રમાં રાજ્યના નેતૃત્વ પર ભાર મૂકશે અને પવન અને સૌર ઊર્જા પ્રોજેક્ટના વિસ્તરણ માટે ગુજરાતની વ્યૂહરચનાઓની ચર્ચા કરશે. ત્રીજા દિવસે યોજાનારા સત્રોમાં ૨૦૭૦ સુધીમાં નેટ-ઝીરો ઉત્સર્જન હાંસલ કરવાનું ભારતનું લક્ષ્ય અને નવીનીકરણ ઊર્જામાં ટેક્નોલોજીને પ્રોત્સાહન આપવા પર ચર્ચા કરવામાં આવશે. બાયોએનર્જી, બેટરી એનર્જી સ્ટોરેજ અને હાઈડ્રોપાવર પર પણ અલગ સત્રોનું આયોજન કરવામાં આવ્યું છે. ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડની હાજરીમાં સમાપન સત્ર યોજાશે.

### તપાસ અધિકારી બદલાતા અરજદારે અરજી પરત ખેંચી

# જમીન મામલે તપાસ અધિકારી ACPએ ત્રણ કરોડ માંગ્યાનો આરોપ

## હાઈકોર્ટના નિર્દેશથી તપાસ મહિલા ACPને સોંપી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૩

અમદાવાદના વેપારીએ અમેરિકામાં રહેતા ગુજરાતી પાસેથી નવરંગપુરામાં જમીન ખરીદી હતી. જોકે, તે કાયદાકીય પ્રક્રિયા અને વિવાદને પગલે આરોપીઓએ ફરિયાદીએ ડ્રાઈવર અને જમીનના ચોકીદારને માર માર્યાની ફરિયાદ કરી હતી. જેની તપાસ ક્રાઈમ બ્રાન્ચમાં ટ્રાન્સફર થતાં તપાસ ACP ભરત પટેલ કરતા હતા. આ મુદ્દે હાઈકોર્ટમાં ફરિયાદીએ અરજી કરી હતી. જેમાં ACP ભરત પટેલે ફરિયાદી પાસેથી રૂા.૨૦ લાખ લીધા હોવાનો આરોપ લગાવ્યો હતો. સાથેસાથે જમીન મેટરમાં ૩ કરોડ માગ્યાનો આક્ષેપ કર્યો હતો. જોકે, કોર્ટમાં ખુદ ACP હાજર રહ્યા હતા અને હાઈકોર્ટના નિર્દેશ બાદ ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસે તેમની પાસેથી તપાસ આંચકીને મહિલા ACPને સોંપી હતી.

અરજદારે ACBમાં કરેલી અરજી પ્રમાણે આક્ષેપ કર્યો હતો કે, ACP ભરત પટેલે તેમને જણાવ્યું હતું કે, તકરારવાળી જમીન ૫૦ કરોડની છે, જેથી અરજદારે તેને ૩ કરોડ રૂપિયા આપવા પડશે. આ ફરિયાદ ક્રાઈમ બ્રાન્ચમાં ટ્રાન્સફર થઈ હતી. જેની તપાસ ACP ભરત પટેલ કરી રહ્યા હતા. આ ACP ભરત પટેલ સામે ફરિયાદીએ એડવોકેટ મારફતે હાઈકોર્ટમાં અરજી દાખલ કરી હતી. અરજદારે જણાવ્યું હતું કે, આ કેસની અંદર પાછળથી એટ્રોસિટી એક્ટની કલમો પણ ઉમેરાઈ હતી. ફરિયાદ દાખલ કરે એક વર્ષ થયું હોવા છતાં તપાસ અધિકારીએ કોઈ તપાસ કરી નથી, આરોપીઓને પકડ્યા નથી કે ચાર્જશીટ પણ દાખલ કરી નથી. વળી તપાસ અધિકારી ACP ભરત પટેલે ફરિયાદી પાસેથી ૨૦ લાખ રૂપિયા લઈ લીધા છે. તેમજ ફરિયાદ પાછી ખેંચવાની ધમકી આપીને ૩ કરોડ રૂપિયાની માંગ કરી છે.

હાઈકોર્ટે અરજદારને પૂછ્યું હતું કે, તમારી પાસે લાંચ માંગી તો તમે ACBમાં ગયા હતા કે કેમ? અરજદારે જણાવ્યું હતું કે, તેમને ACP વિરૂદ્ધ ACBમાં ફરિયાદ આપી હતી. ફરિયાદીના નિવેદન પણ નોંધવામાં આવ્યા છે. જેથી કોર્ટે વ્યંગ કર્યો હતો કે, કેસ બંધ થઈ ગયો હશે! કોર્ટ કાર્યવાહી દરમિયાન તપાસ અધિકારી ACP ભરત પટેલ કોર્ટમાં હાજર રહ્યા હતા. જેથી કોર્ટે ટકોર કરી હતી કે, તપાસ અધિકારીની કોર્ટમાં હાજરી જણાવે છે કે, આ કેસમાં તેમને રસ છે. જો કે, સરકારી વકીલે કહ્યું હતું કે, આ કેસમાં તેઓ તપાસ અધિકારી હોવાથી હાજર રહ્યા છે. હાઈકોર્ટે તપાસ અધિકારી બદલવા માટે સરકારી વકીલને નિર્દેશ આપ્યા હતા. સાથે જ હાઈકોર્ટે નોંધ્યું હતું કે, ફરિયાદી સામે ચાલીને ACBમાં ગયો છે, એટલે તેની ફરિયાદમાં વજૂદ લાગી રહ્યું છે. અરજદારના વકીલે જણાવ્યું હતું કે, તપાસ અધિકારીએ અરજદાર અને સાક્ષીઓને ધમકાવીને ૩ કરોડ માંગ્યા હતા. તેમજ ACBમાં કરેલી ફરિયાદ પરત ખેંચવા ધમકી આપી હતી. સવારે ચાલેલી આ કોર્ટ કાર્યવાહીમાં સરકારી વકીલે સમય માંગીને બપોરે જવાબ રજૂ કર્યો હતો કે, ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસે તપાસ અધિકારી બદલીને તપાસ ACP ભરત પટેલની જગ્યાએ મહિલા સેલના આસિસ્ટન્ટ કમિશનર ઓફ પોલીસને સોંપી છે. અરજદારની સમસ્યાનું નિરાકરણ આવતા અરજદારે અરજી પરત ખેંચી હતી.

૨૦૨૩માં ૮ આરોપીઓ સામે અમદાવાદના નિકોલ પોલીસ સ્ટેશને IPCની કલમ ૧૨૦B, ૧૪૩ ,૧૪૭ ,૧૪૮, ૧૪૯, ૩૨૩, ૪૫૨, ૨૯૪b, ૫૦૬(૨) અને આર્મ્સ એક્ટની કલમ ૨૫(૧-b), (a), ૨૭ તથા ગુજરાત પોલીસ એક્ટની કલમ ૧૩૫(૧) મુજબ ફરિયાદ નોંધાઈ હતી. ફરિયાદી બોડકદેવ, અમદાવાદ અને આરોપીઓ પણ અમદાવાદના છે. ફરિયાદ મુજબ વેપારીએ અમેરિકામાં રહેતા મૂળ ગુજરાતી પટેલ પાસેથી નવરંગપુરા ખાતે તેના ભાગમાં આવતી જમીન ખરીદી હતી. જેમાં જુદીજુદી કાનૂની પ્રક્રિયાઓ અને વિવાદ સર્જાતા આરોપીઓએ ફરિયાદીના ડ્રાઇવર અને જમીનના ચોકીદારને ગંદી ગાળો બોલીને માર માર્યો હતો. તેમજ જમીન ખાલી કરી દેવા ફરિયાદીને ધમકી આપી હતી.

### અમદાવાદમાં એક વિચિત્ર બીમારીનો કેસ

# સોલા સિવિલ હોસ્પિ.માં તબીબોની ટીમે કિશોરીના પેટમાંથી ૧૦ ઈંચ લાંબો વાળનો ગુચ્છો કાઢ્યો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૩

અમદાવાદની સોલા સિવિલ હોસ્પિટલમાં ૧૩ વર્ષીય કિશોરીનો એક વિચિત્ર બીમારીનો કેસ સામે આવ્યો છે. તબીબોની ટીમે રાજસ્થાનની ૧૩ વર્ષીય કિશોરીના પેટમાંથી ૧૦ ઈંચ લાંબો વાળનો ગુચ્છો બહાર કાઢ્યો હતો. આ વાળનો ગુચ્છો જોઈને એક સમયે તબીબો પણ આશ્ચર્યચકિત થઈ ગયા હતા. લેપ્રોસ્કોપી મશીનથી જટિલ સર્જરી કરીને તબીબોએ આ કિશોરીને નવજીવન આપ્યું હતું. રાજસ્થાનના ડુંગરપુરથી એક ૧૩ વર્ષીય કિશોરીને પેટમાં દુખાવો અને ઊલટીની ફરિયાદ હતી, તેને લઈને અમદાવાદ સોલા સિવિલ લાવવામાં આવી હતી. જોકે અહીં તબીબોએ તેની તપાસ કરતાં તેને ટ્રાયકોબેઝોર નામની તકલીફ હોવાનું જાણાવ્યું હતું. આ બીમારીને રેપન્ઝલ સિન્ડ્રોમ તરીકે પણ ઓળખવામાં આવે છે. આ કિશોરીના પેટમાં જે ટ્રાયકોબેઝોર હતું, એ બનવાની શરૂઆત લગભગ એક વર્ષ કરતાં પણ વધુ સમયથી થઈ હોવાનું તબીબોનું કહેવું છે. ખાસ કરીને નાનાં બાળકો અને ૧૦થી ૧૫ વર્ષની કિશોરીઓમાં આ સમસ્યા સૌથી વધુ જોવા મળે છે.

કેટલીક વખત ભૂખને કારણે બાળકો પોતાના જ વાળ ખાવાનું શરૂ કરી દેતાં હોય છે અને એ પેટમાં પચી શકતા નથી, જેને કારણે રેપન્ઝલ સિન્ડ્રોમ થઈ શકે છે. આ બીમારી ધરાવતા દર્દીઓ અને માનસિક અસ્થિરતા હોવાથી તેમનું કાઉન્સેલિંગ પણ કરવામાં આવે છે. એક વખત ઓપરેશન બાદ બીજી વખત આ બીમારી થવાનો ખતરો રહેતો નથી.

અમદાવાદની સોલા સિવિલ હોસ્પિટલમાં પ્રથમ વખત આ પ્રકારની જટિલ સર્જરી લેપ્રોસ્કોપી એચડી વીડિયો મશીનથી કરવામાં આવી હતી, જેમાં ફક્ત કિશોરીના પેટમાં ત્રણ કાણાં પાડીને લેપ્રોસ્કોપી મશીન પેટની અંદર પહોંચાડવામાં આવ્યું હતું. ત્યાર બાદ તેના પેટમાંથી વાળનો ગુચ્છો બહાર કાઢવા માટે એક ચીરો લગાવવામાં આવ્યો હતો એટલે કે ફક્ત ૫થી ૬ ટકામાં જ તેનું સંપૂર્ણ ઓપરેશન સફળ રહ્યું હતું. કિશોરીને હવે કોઈ ઈન્ફેક્શનનો ખતરો પણ રહ્યો નથી.

# એમ.એસ. પબ્લિક સ્કૂલ ખાતે જશ્ને મિલાદુન્નબીની જ્ઞાનવર્ધક પરંપરાગત ઉજવણી




હઝરત મોહમ્મદ પયગમ્બર સાહેબ (સ.અ.વ.)ના મુબારક જન્મદિન-ઈદે મિલાદુન્નબી નિમિત્તે પ્રતિવર્ષની પરંપરા મુજબ દાણીલીમડા એમ.એસ. પબ્લિક સ્કૂલ ખાતે સિરતુન્નબીના જુદા જુદા વિષયો પર અમદાવાદની વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓ વચ્ચે વકતૃત્વ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં પ્રાથમિક, માધ્યમિક કક્ષાના વિદ્યાર્થીઓએ ખુબ જ સુંદર તકરીરો કરી હતી. આ કાર્યક્રમમાં નિર્ણાયકો તરીકે નિવૃત્ત આઈપીએસ અધિકારી જ. મકબૂલ એહમદ અનારવાલા, રેડિયન્સ એજ્યુ. એન્ડ વેલ્ફેર ટ્રસ્ટના પ્રમુખ જનાબ શકીલ એહમદ રાજપુત તથા જમાતે ઈસ્લામી હિંદના આસી. સેક્રેટરી મોહતરમા આરેફા પરવીને ઉમદા કામગીરી બજાવી પ્રેરક ઉદબોધનો કર્યા હતા. આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે એએમસીના વિપક્ષી નેતા જ. શહેઝાદખાન પઠાણ તથા ગુજરાત ટુડેના આસી. એડિટર જ. અલમદાર બુખારીએ પણ પ્રસંગોચિત સંબોધન કર્યું હતું. જ્યારે આ સ્પર્ધામાં વિજેતા નિવડેલા વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓને એમ.એસ. પબ્લિક સ્કૂલના મેનેજિંગ ટ્રસ્ટી જ. મોહમ્મદ ખાન પઠાણ અને પ્રેસિડેન્ટ જ. શરીફખાન પઠાણ, ટ્રસ્ટી ઝૈદખાન પઠાણ સહિતના મહાનુભાવોને હસ્તે ઈનામો અપાયા હતા. સ્પર્ધામાં ભાગ લેનાર તમામે તમામ વિદ્યાર્થીઓને પારિતોષિક અપાયા હતા. આ પ્રસંગે વિસ્તારના અગ્રણી નાગરિકો, વ્યાપારી મિત્રો અને શૈક્ષણિક ક્ષેત્રના આગેવાનોએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી. પ્રસ્તુત તસવીરમાં વિજેતાઓ સાથે અગ્રણીઓ નજરે પડે છે.

## બોપલ નજીક ૪ વર્ષીય બાળકને કારે અડફેટે લેતા કરૂણ મોત

અમદાવાદ, તા.૧૩

અમદાવાદમાં ફરી એક વાર કારના અકસ્માતમાં માસુમ બાળકનું મોત નિપજ્યુ હોવાનું સામે આવ્યું છે. અમદાવાદ નજીક આવેલા બોપલ પાસે રસ્તા પર ૪ વર્ષનું બાળક રમી રહ્યું હતું, તે સમયે એક કાર વળાંક લેતા બાળક અડફેટે આવી ગયું હતું અને બાળકને ગંભીર ઈજા થઈ હતી. આ સમગ્ર અકસ્માત બાદ બાળકને સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો, જ્યાં તેનું મોત નીપજ્યું હતું. આ સમગ્ર મામલે પોલીસે આકસ્મિક મોતનો ગુનો નોંધીને કાર્યવાહી હાથ ધરી છે.

# બાપુનગરની રંજન સ્કૂલમાં વિદ્યાર્થીઓની સંખ્યા પૂરતી ન હોવાથી શાળા બંધ કરવાની નોબત

## શાળા બંધ કરવા DEO દ્વારા નોટિસ અપાઈ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૩

અમદાવાદની વધુ એક ગ્રાન્ટેડ સ્કૂલ બંધ થઈ શકે છે. જેમાં ખાનગી સ્કૂલોનો વ્યાપ વધતા ગ્રાન્ટેડ સ્કૂલોને તાળા લાગ્યા છે. તેમાં બાપુનગરની રંજન સ્કૂલમાં સંખ્યા ન જળવાતા બંધ કરવા મામલે નોટિસ આપવામાં આવી છે. ૧૨૫ વિદ્યાર્થીઓને અન્ય સ્કૂલમાં ટ્રાન્સફર કરાશે. તથા ધોરણ ૯, ૧૧, ૧૨ના વર્ગમાં ૨૫થી ૩૦ વિદ્યાર્થીઓ છે. સ્કૂલમાં ધોરણ ૧૦માં ૩૬ કરતા વધુ વિદ્યાર્થીઓ છે. રાજ્યમાં છેલ્લા ૫ વર્ષમાં ૧૫૦ ગ્રાન્ટેડ સ્કૂલો બંધ થઈ છે. જેમાં ખાનગી સ્કૂલોનો વ્યાપ વધતા ગ્રાન્ટેડ સ્કૂલોને તાળા લાગી રહ્યા છે. જેમાં અમદાવાદની વધુ એક ગ્રાન્ટેડ સ્કૂલ બંધ થઈ શકે છે. અમદાવાદમાં આવેલી બાપુનગરની રંજન સ્કૂલમાં પૂરતા વિદ્યાર્થી ન હોવાથી બંધ કરવા નોટિસ અપાઈ છે. ખાનગી શાળાઓ તરફનો વાલીઓનો લગાવ અને સરકાર દ્વારા સમયસર ભરતી ન કરાતા રોજે રોજ ગ્રાન્ટેડ શાળાઓને તાળા લાગી રહ્યા છે. આવી જ રીતે અમદાવાદ શહેરના બાપુનગરની રંજન હાઈસ્કૂલમાં પણ પૂરતા વિદ્યાર્થીઓ ન હોવાથી વર્ગો બંધ કરવા અંગે DEO દ્વારા નોટિસ આપવામાં આવી છે. DEO નોટિસના પગલે વાલીઓ અને સ્કૂલના સંચાલકોએ એક વર્ષની મુદત માગી હોવાથી હવે હાલમાં સ્કૂલ બંધ કરવી કે કેમ એ અંગે આગામી દિવસોમાં નિર્ણય લેવાશે. સ્કૂલમાં વર્ગદીઠ ૩૬ વિદ્યાર્થીનો રેશિયો જળવાતો ન હોવાથી વર્ગ બંધ થશે. આ સ્કૂલમાં અભ્યાસ કરતા ૧૨૫ વિદ્યાર્થીઓને નજીકની સ્કૂલમાં ટ્રાન્સફર કરાઈ શકે છે.

# ગાઝામા ઈઝરાયેલ સેનાના આક્રમણમાં વધુ ૩૪ પેલેસ્ટીની નાગરિકોનાં મોત, કુલ મૃત્યુઆંક વધીને થયો ૪૧ હજાર

(એજન્સી) તા.૧૩

કબજાગ્રસ્ત ગાજા પર ઈઝરાયેલની સેનાના ભયંકર આક્રમણના કારણે મૃત્યુ આંક દિવસે દિવસે વધી રહ્યો છે છેલ્લા બે દિવસ દરમિયાન ઈઝરાયેલી સેનાના હવાય આક્રમણમાં વધુ ૩૪ જેટલા પેલેસ્ટીની નાગરિકોના મૃત્યુ થયા હતા અને આ રીતે ગાજામાં અત્યાર સુધીમાં યુદ્ધમાં થયેલા નાગરિકોનાં મૃત્યુ આંકડો વધીને ૪૧,૦૦૦ થી વધુ થઈ ગયો છે. ગાઝાના આરોગ્ય મંત્રાલય દ્વારા હૃદયને હચમચાવી નાખતા આંકડા બહાર પાડવામાં આવ્યા હતા અને જણાવ્યું હતું કે લગભગ ૯૫ હજારથી વધુ નાગરિકો ઘાયલ થયા છે યા તો અપંગ થયા છે છેલ્લા ૨૪ કલાકમાં જ ઈઝરાયેલના લશ્કરી દળોએ વધુ ભયાનક દમન આશરીને ત્રણ પરિવારોના ૩૪ લોકોની હત્યા કરી નાખી હતી અને અન્ય ૯૬ ને ઘાયલ કર્યા હતા. મંત્રાલયની યાદી જણાવે છે કે બોમ્બ મારાથી નાશ પામેલી ઈમારતના કાટમાળ હેઠળ હજુ ઘણા બધા લોકો દબાવ્યા હોવાની આશંકા છે અને રસ્તા પણ ભાગી ગયા



હોવાથી બચાવકાર ટુકડીઓ માટે એમના સુધી પહોંચવાનું મુશ્કેલ બન્યું છે. ગઈકાલે યુનોની સલામતી સમિતિએ તાત્કાલિક યુદ્ધ વિરામની માંગણી કરતો ઠરાવ પસાર કર્યો હતો પણ યુનોના ઠરાવની એસી તેસી કરીને ઈઝરાયેલના સેનાએ આક્રમણ ચાલુ રાખ્યું છે જેની વિશ્વભરમાં ચારે તરફ ટીકા થઈ રહી છે. નાકાબંધી અને યુદ્ધને કારણે આ વિસ્તારની લગભગ આખે આખી વસ્તી પોતાના વિસ્તારોમાંથી વિસ્થાપિત થઈ ગઈ છે અને અનાજ તથા ચોખ્ખા પાણી અને દવાઓની ભયંકર અછત ઊભી થઈ છે.

# સંયુક્ત રાષ્ટ્ર દ્વારા સંચાલિત શાળા-આશ્રયસ્થાન પર ઘાતક ઈઝરાયેલ હુમલાએ વૈશ્વિક આક્રોશને વેગ આપ્યો

(એજન્સી) તા.૧૩

વિસ્થાપિત પેલેસ્ટીનીઓ માટે આશ્રયસ્થાન તરીકે કામ કરતી ગાઝામાં એક શાળા પર ઈઝરાયેલના હુમલામાં ૧૮ લોકો મૃત્યુ પામ્યા છે, જેની વૈશ્વિક સ્તરે સખત ટીકા થઈ રહી છે. બુધવારે, નુસરતમાં અલ-જૌની શાળાના ભાગ પર હુમલો કરવામાં આવ્યો હતો, જેમાં પેલેસ્ટીન શરણાર્થીઓ માટે સંયુક્ત રાષ્ટ્રની એજન્સી UNRWA ના છ કર્મચારીઓ મૃત્યુ પામ્યા જે શાળાનું સંચાલન કરે છે. એજન્સીએ જણાવ્યું કે તે તેના ઈતિહાસમાં એક પણ ઘટનામાં તેની ટીમના સભ્યોમાં મૃત્યુની સૌથી વધુ સંખ્યા છે. તેણે જણાવ્યું કે 'યુએનઆરડબ્લ્યુએ આશ્રયસ્થાનના મેનેજર અને વિસ્થાપિત લોકોને સહાય પૂરી પાડતી ટીમના અન્ય સભ્યો મૃત્યુ પામેલા લોકોમાં હતા. યુએન સેક્રેટરી જનરલ એન્ટોનિયો ગુટેરેસે આ હુમલાને 'સંપૂર્ણપણે અસ્વીકાર્ય' ગણાવ્યો હતો. તેમના પ્રવક્તા સ્ટેફન ડુજારિકે કે મૃતકોમાં મહિલાઓ અને બાળકો પણ સામેલ છે. EU વિદેશ નીતિના પ્રમુખ જોસેપ બોરેલે જણાવ્યું કે તેઓ મૃત્યુથી 'રોષિત' હતા અને હુમલાઓ આંતરરાષ્ટ્રીય માનવતાવાદી કાયદાના 'મૂળભૂત સિદ્ધાંતોની અવગણના' દર્શાવે છે. જોર્ડનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા સુફયાન કુદાહે હુમલાની ટીકા કરતા એક નિવેદન જારી કર્યું જેમાં તેમણે જણાવ્યું કે ઈઝરાયેલ દ્વારા આંતરરાષ્ટ્રીય કાયદા અને આંતરરાષ્ટ્રીય માનવતાવાદી કાયદાનું સતત ઉલ્લંઘન મજબૂત અને નિર્ણાયક આંતરરાષ્ટ્રીય વલણની ગેરહાજરીનું પરિણામ છે.' વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના ડાયરેક્ટર-જનરલ ટેડ્રોસ અધાનમ ઘેબ્રેયસસે પણ આ હુમલાની ટીકા કરી, ટ્વિટર પર લખ્યું: 'ગાઝામાં હત્યાકાંડ બંધ થવો જોઈએ.' અલ જઝીરાના હાની મહમૂદે, મધ્ય ગાઝામાં દેર અલ-બાલાહથી અહેવાલ આપતા, શાળાના હુમલાના ભોગ બનેલાઓને હોસ્પિટલમાં લઈ જવામાં આવતા અસ્તવ્યસ્ત દ્રશ્યનું વર્ણન કર્યું. તેમણે જણાવ્યું કે, 'લોકો તેમના સંબંધીઓને અંતિમ વિદાય આપી રહ્યા છે જેમને હોસ્પિટલમાં મૃત



જાહેર કરવામાં આવ્યા હતા. એક વ્યક્તિને, જે ગંભીર હાલતમાં છે, હુમલામાં મૃત્યુ પામેલા પરિવારના સભ્યોને વિદાય આપવા માટે તેને હોસ્પિટલમાંથી બહાર લઈ જવામાં આવ્યો હતો. હૃદયસ્પર્શી તે દશ્ય હતું.' મહમૂદે જણાવ્યું કે 'આ પહેલીવાર નથી જ્યારે અમે યુએન દ્વારા સંચાલિત ઈવેક્યુએશન સેન્ટરો પર હુમલો થતો જોયો છે'. તેમણે જણાવ્યું કે 'આ સુવિધાઓને ચિહ્નિત કરવામાં આવી છે, તેમના કોઓર્ડિનેટ્સ ઈઝરાયેલી સૈન્ય સાથે શેર કરવામાં આવ્યા છે. તેમને વિસ્થાપિત પરિવારો માટે આશ્રયસ્થાનોમાં રૂપાંતરિત કરવામાં આવ્યા છે. પરંતુ આશ્રયસ્થાનો પરના વાદળી અને સફેદ યુએન રંગો અંદરના લોકોની સુરક્ષા કરે છે.

# ગાઝામાં યુદ્ધ ફાટી નીકળતાં વેસ્ટ બેંકમાં ઉગ્રવાદી વિરૂદ્ધ ઈઝરાયેલી કાર્યવાહીમાં પેલેસ્ટીની યુવાનો મરી રહ્યા છે

(એજન્સી) તા.૧૩

જ્યારે વિશ્વનું ધ્યાન ગાઝામાં ઘાતક યુદ્ધ પર કેન્દ્રિત છે, ૮૦ માઈલથી ઓછા દૂર, સંખ્યાબંધ પેલેસ્ટીની કિશોરોની હત્યા કરવામાં આવી છે, ગોળી મારી દેવામાં આવી છે અને વેસ્ટ બેંકમાં ધરપકડ કરવામાં આવી છે, જ્યાં ઈઝરાયેલી દળોએ મહિનાઓથી કડક કાર્યવાહી કરી છે. ગયા ઑક્ટોબરમાં દક્ષિણ ઈઝરાયેલમાં સમુદાયો પર હમાસના ક્રૂર હુમલાથી આ પ્રદેશમાં ૧૫૦થી વધુ કિશોરો અને ૧૭ કે તેથી ઓછી વયના બાળકો મૃત્યુ પામ્યા છે, જેણે યુદ્ધને વેગ આપ્યો હતો. મોટાભાગના ઈઝરાયેલી સૈન્ય દ્વારા લગભગ દૈનિક દરોડામાં મૃત્યુ પામ્યા હતા, જે એમ્નેસ્ટી ઈન્ટરનેશનલ કહે છે કે અપ્રમાણસર અને ગેરકાયદેસર બળનો ઉપયોગ કર્યો છે. અમજદ હમદાનેહ તેના પુત્ર મહમૂદને ગુમાવ્યો હતો તે ૧૫ વર્ષનો હતો શાળાએ મે મહિનામાં દરોડા પાડવાની શરૂઆતમાં વિદ્યાર્થીઓને બરતરફ કર્યા હતા. તેણે એક પણ ભૂલ કરી નથી, અમજદ હમદાનેહ કહે છે, જેનો પુત્ર કમ્પ્યુટર ગેમનો દીવાના હતો, તે સવારે સ્નાઈપર દ્વારા મૃત્યુ પામેલા બે કિશોરોમાંનો એક હતો. 'જો તે સ્વાતંત્ર્ય સેનાની હોત અથવા તેની પાસે કોઈ શસ્ત્રો હોત, તો હું આટલો લાગણીશીલ ન હોત,' તેના પિતા એક બેરોજગાર બાંધકામ મજુર કહે છે. 'પરંતુ તમારા ગળામાં પાણી ઉતરી જાય તેટલી સરળતાથી તેને લઈ જવામાં આવ્યો. તેની પાસે ફક્ત તેના પુસ્તકો અને પેન્સિલનો કંપાસ હતો.' વેસ્ટ બેંકમાં ઈઝરાયેલી દળો, બળવાખોરો અને પરિવારોના નિવેદનો સ્પષ્ટ કરે છે કે તાજેતરના મહિનાઓમાં મૃત્યુ પામેલા ઘણા પેલેસ્ટીની કિશોરો પ્રતિકાર સમૂહના સભ્યો હતા. અન્ય ઘણા લોકો વિરોધ દરમિયાન મૃત્યુ પામ્યા હતા અથવા જ્યારે તેઓ અથવા તેમની આસપાસના કોઈએ લશ્કરી વાહનો પર



પથ્થરો અથવા ઘરેલું વિસ્ફોટકો ફેંક્યા હતા. હજુ પણ અન્ય લોકો રેન્ડમ લક્ષ્યો હોવાનું જણાય છે. એકંદરે, આ હત્યાઓ સલામતી અને સ્વાયત્તતાની શોધમાં યુવાનોના જીવનના અવમૂલ્યન વિશે ચિંતાજનક પ્રશ્નો ઉભા કરે છે. ઈઝરાયેલી સૈન્યએ એસોસિએટેડ પ્રેસને આપેલા એક નિવેદનમાં જણાવ્યું કે તેણે ૭ ઓક્ટોબરથી વેસ્ટ બેંકમાં હુમલા કરવાની શંકાસ્પદ પ્રતિકાર જૂથોને પકડવા માટે દરોડા ઝડપી પાડ્યા હતા, સશસ્ત્ર હતા અથવા પ્રતિકાર જૂથ પ્રવૃત્તિઓમાં સામેલ હતા.' જૂનની બપોરે જ્યારે ૧૭ વર્ષીય ઈસા જલ્લાદની હત્યા કરવામાં આવી હતી, ત્યારે પાડોશીના સુરક્ષા કેમેરાના વીડિયોમાં જોવા મળે છે કે તે મિત્રની મોટરસાઈકલ પર હતો અને ઈઝરાયેલી સશસ્ત્ર વાહન દ્વારા તેનો પીછો કરવામાં આવી રહ્યો હતો. થોડા દિવસો પછી જેનિનમાં તેના પરિવારના ઘરની બહાર એક પોસ્ટરમાં તેને એસોલ્ટ રાઈફલ ધરાવતો દેખાડવામાં આવ્યો અને તેને પવિત્ર યોદ્ધા જાહેર કર્યો. પરંતુ દરોડાના દિવસો પછી એપી દ્વારા સમીક્ષા કરવામાં આવેલી અસ્પષ્ટ ટેપ અને નજીકના કેમેરામાંથી લેવામાં આવેલી અન્ય ટેપ તે સ્પષ્ટ કરતી નથી કે તે સંઘર્ષમાં ક્યાં ફિટ છે. ઈઝરાયેલી સૈન્યએ કહ્યું કે તેના સૈનિકોએ બે પ્રતિકાર જૂથોને શક્તિશાળી વિસ્ફોટક ઉપકરણ સંભાળતા જોયા છે. જ્યારે બંનેએ ભાગવાનો પ્રયાસ કર્યો, ત્યારે સૈનિકોએ ગોળીબાર કર્યો અને 'તેમને તટસ્થ કર્યા.' પરંતુ ઈઝરાયેલના માનવાધિકાર સમૂહ, B'Tselem કહે છે કે બહુવિધ સુરક્ષા કેમેરાના વિડિયોની સમીક્ષા દર્શાવે છે કે જલ્લાદ અને તેના મિત્ર તરફથી કોઈ ખતરો નથી. કિશોરના ભાઈ, મૌસા જલ્લાદે જણાવ્યું કે, 'અમે બધાએ આ પરિસ્થિતિમાં હોવાની અપેક્ષા રાખી હતી.' તે આપણામાંના કોઈપણ સાથે થઈ શકે છે. જેનિનની શરણાર્થી શિબિર લાંબા સમયથી પેલેસ્ટીની વિદ્રોહના કેન્દ્ર તરીકે કુખ્યાત છે, ઈઝરાયેલી દળો દ્વારા વારંવાર હુમલો કરવામાં આવ્યો હતો, જેમણે પડોશી અરબ રાજ્યો સાથે ૧૯૬૭ના યુદ્ધમાં નિયંત્રણ મેળવ્યા બાદથી વેસ્ટ બેંક પર નિયંત્રણ મેળવ્યું છે. યુદ્ધ શરૂ થાય તે પહેલા જ આ પ્રદેશમાં ઘાતક અથડામણો થઈ રહી હતી. પરંતુ ઈઝરાયેલી સૈન્ય, જે લગભગ ૩૦ લાખ પેલેસ્ટીનીઓની પોલીસ છે અને ૫,૦૦,૦૦૦ યહૂદી વસાહતીઓની સુરક્ષા કરે છે, તેણે છેલ્લા કેટલાક મહિનામાં નોંધપાત્ર રીતે દરોડા પાડ્યા છે.

# 'અમે તમને નિરાશ કર્યા, ગાઝાના બાળકો' : કતારના શેખ મોઝાએ નરસંહાર પર 'સ્પષ્ટ મૌન'ની ટીકા કરી

(એજન્સી) તા.૧૩

કતાર ફાઉન્ડેશનના ચેરપર્સન શેખા મોઝા બિન્ત નાસેરે એક શક્તિશાળી ભાષણ આપ્યું જે સમગ્ર અરબ વિશ્વમાં અને તેનાથી આગળ પડ્યું. તેમણે ગાઝામાં ચાલી રહેલી વેદના પ્રત્યે આંતરરાષ્ટ્રીય સમુદાયની નિષ્ક્રિયતાની સખત ટીકા કરી. 'અમે તમને નિષ્ફળ કર્યા છે, ગાઝાના બાળકો' શીર્ષકવાળા તેમના સંબોધનમાં શેખા મોઝાએ પ્રદેશમાં બગડતી માનવતાવાદી કટોકટી તરફ ધ્યાન દોર્યું અને ધીમી ગતિએ ચાલતા નરસંહારના ચહેરામાં 'સ્પષ્ટ મૌન'ની ટીકા કરી. દોહામાં ગ્લોબલ હ્યુમેનિટેરિયન કોન્ફરન્સમાં બોલતા બાળકોના અધિકારો અને શિક્ષણ માટે લાંબા સમયથી હિમાયતી રહેલા શેખા મોઝાએ ખચકાટ વિના વાત કરી. 'ઘણા લાંબા સમયથી અમે નિર્દોષ બાળકોને પેલેસ્ટીનના ભાવિને બોમ્બ ધડાકા થતા ભૂખે મરતા અને મૂળભૂત માનવીય ગૌરવથી વંચિત જોઈ રહ્યા છીએ,' તેમણે ભાવનાત્મક રીતે જણાવ્યું કે 'ઘણા લાંબા સમયથી, દુનિયાએ આંખ આડા કાન કર્યા છે. આ મૌન માત્ર સંડોવણી નથી; તે વિશ્વાસઘાત છે.' તેમની ટિપ્પણી એવા સમયે આવી છે જ્યારે ગાઝામાં નાકાબંધી ચાલુ છે, જેના કારણે લાખો પેલેસ્ટીનીઓને



માનવતાવાદી સહાયની સખત જરૂર છે. શેખા મોઝાએ વિશ્વ નેતાઓ, આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ અને નાગરિક સમાજને પેલેસ્ટીની લોકોના 'વ્યવસ્થિત જુલમ અને ઈરાદાપૂર્વક ભૂંસી નાખવા'નો વિરોધ કરવા માંગ કરી. તેમણે જણાવ્યું કે, '૨૦મી સદીની ભયાનકતા પછી વિશ્વએ વચન આપ્યું હતું કે આ ફરી ક્યારેય નહીં થાય. તેમ છતાં અહીં આપણે બીજી દુર્ઘટના છીએ, જેમાં કોઈ જવાબદારી નથી.' તેમણે ગાઝાની વર્તમાન પરિસ્થિતિ અને વૈશ્વિક નિંદા ખેંચતા ઐતિહાસિક અત્યાચારો વચ્ચે સરખામણી કરી. શેખા મોઝા, જેમણે લાંબા સમયથી તેમની શૈક્ષણિક પહેલ દ્વારા સંવેદનશીલ વસ્તીના અધિકારોની હિમાયત કરી છે, ખાસ કરીને પેલેસ્ટીની બાળકો પર વિનાશક અસર પર ભાર મૂક્યો હતો. 'તે માત્ર આંકડા કે જાનહાનિ નથી. આ એવા બાળકો છે-જેમનું બાળપણ તેમના સપના અને તેમનું ભવિષ્ય છીનવાઈ ગયું છે. અમે તેમને નિષ્ફળ કર્યા છે.' તેમના ભાષણને સમગ્ર પ્રદેશમાં માનવાધિકાર સમૂહો અને કાર્યકરો તરફથી વ્યાપક પ્રશંસા મળી. જો કે તે અરબ નેતાઓ અને નાગરિકોમાં વધતી નિરાશાને પણ રેખાંકિત કરે છે, જેઓ આંતરરાષ્ટ્રીય પ્રતિસાદને અન્ય વૈશ્વિક કટોકટીની તુલનામાં અપ્રમાણસર રીતે મ્યૂટ તરીકે જુએ છે. કતાર લાંબા સમયથી પેલેસ્ટીની ઉદ્દેશ્યનો અવાજભર્યો સમર્થક છે, માનવતાવાદી સહાય અને રાજદ્વારી સમર્થન પૂરું પાડે છે. તેણીના ભાષણના અંતે શેખા મોઝાએ વચન આપ્યું કે કતાર રાહત પ્રદાન કરવા અને ન્યાયની માંગ કરવા માટે તેના પ્રયત્નો ચાલુ રાખશે, પરંતુ વૈશ્વિક સમુદાયને ચાલુ ઘેરાબંધીની વાસ્તવિકતાઓ પ્રત્યે 'જાગૃત' થવા વિનંતી કરી. તેમણે જણાવ્યું કે 'ગાઝાના બાળકો રાહ જોઈ શકતા નથી. આપણે કાર્ય કરવું જોઈએ, નહીં તો ઈતિહાસ અમારી નિષ્ક્રિયતા માટે અમને દોષિત ઠેરવશે.'

# હોસ્પિટલો મુજબ ગાઝામાં સંયુક્ત રાષ્ટ્ર સ્કૂલ અને ઘરો પર ઈઝરાયેલી હવાઈ હુમલાઓમાં ૩૪ લોકોનાં મોત

(એજન્સી) તા.૧૩

હોસ્પિટલના અધિકારીઓએ જણાવ્યું કે, ગાઝામાં આખી રાત અને બુધવારે ઈઝરાયેલી હવાઈ હુમલાઓમાં વિસ્થાપિત પેલેસ્ટીની પરિવારોને આશ્રય આપનારા એક સંયુક્ત રાષ્ટ્ર સ્કૂલ અને બે ઘરોને નિશાન બનાવવામાં આવ્યા, જેમાં ૧૯ મહિલાઓ અને બાળકો સહિત ૩૪ લોકોનાં મોત થયા.

સૌથી ઘાતક હુમલો બુધવારે બપોરે થયો જેમાં મધ્ય ગાઝાના નુસરત શરણાર્થી શિબિરમાં સંયુક્ત રાષ્ટ્રના અલ-જૌની પ્રિપેરેટરી બોયઝ સ્કૂલને નિશાન બનાવવામાં આવી. ઈઝરાયેલી સેનાએ જણાવ્યું કે, તે સ્કૂલની અંદરથી હુમલાની યોજના બનાવી રહેલા હમાસના લડવૈયાઓને નિશાન બનાવી રહી હતી. આ દાવાનું સ્વતંત્ર રીતે સમર્થન કરી શકાતું નથી. અધિકારીઓએ જણાવ્યું કે, હુમલામાં ૧૪ લોકો મૃત્યુ પામ્યા, જેમાં બે બાળકો અને એક મહિલા સામેલ છે. જેમને નજીકની અવદા અને અલ-અક્સા શહીદ હોસ્પિટલોમાં લાવવામાં આવ્યા. હુમલામાં ૧૮ લોકો ઘાયલ થયા છે. મૃત્યુ પામેલા બાળકોમાંથી એક મોમિન સેલ્મીની દીકરી હતી. જે ગાઝાની નાગરિક સુરક્ષા એજન્સીના સભ્ય છે. જે હુમલાઓ પછી ઘાયલો અને મૃતદેહોને બચાવવાનું કામ કરે છે. સેલ્મીએ પોતાની દીકરીને ૧૦ મહિનાથી



જોઈ ન હતી. કારણ કે, તે કામ જારી રાખવા માટે ઉત્તરી ગાઝામાં જ રહેતી હતી. જ્યારે તેનો પરિવાર દક્ષિણ તરફ ભાગી ગયો હતો.

ઈઝરાયેલી હુમલાઓ અને નિકાસી આદેશોના કારણે પોતાના ઘરોમાંથી કાઢવામાં આવેલા હજારો પેલેસ્ટીની ગાઝાની સ્કૂલોમાં રહે છે. અલ-જૌની સ્કૂલ પેલેસ્ટીનીઓ માટે સંયુક્ત રાષ્ટ્ર એજન્સી દ્વારા સંચાલિત ગાઝાની અનેક સ્કૂલોમાંથી એક છે. જે યુદ્ધ દરમ્યાન અનેક હુમલાઓના શિકાર થયા છે.

# ઈઝરાયેલના રામલા શહેરમાં કાર બ્લાસ્ટમાં ચારનાં મોત : ડોક્ટર, પોલીસ

(એજન્સી) તા.૧૩

ગુરૂવારે મધ્ય ઈઝરાયેલના શહેર રામલામાં એક વાહનમાં વિસ્ફોટ થતાં ચાર લોકોના મોત થયા અને આઠ ઘાયલ થયા, તબીબી અને પોલીસે જણાવ્યું હતું. મધ્ય ઈઝરાયેલમાં અસફ હેરોફે મેડિકલ સેન્ટરના પ્રવક્તા લિયાડ એવિલે જણાવ્યું કે તેઓ 'રામલાની ઘટનામાં ઘાયલ થયેલા ચાર વ્યક્તિઓના મૃત્યુ પર શોક વ્યક્ત કરે છે', વધુમાં ઉમેર્યું કે અન્ય છ ઘાયલોને ત્યાં સારવાર આપવામાં આવી રહી છે. ઈઝરાયેલી પોલીસે જણાવ્યું કે તેઓએ વિસ્ફોટના કારણની તપાસ શરૂ કરી છે, જે 'અરબ પડોશમાં ગુનાહિત પરિવારો વચ્ચેના ગુનાહિત સંઘર્ષ' સાથે સંકળાયેલ હોવાની શંકા છે એક દુકાન અને રહેણાંક મકાન નજીક ફૂટપાથ પર પાર્ક કરેલા વાહનમાં થયો હતો. બચાવ કાર્યકર બેની કોહેને એક નિવેદનમાં જણાવ્યું કે, 'વિસ્ફોટના પરિણામે, વિસ્ફોટ અને શ્રાપનેલથી પસાર થતા ઘણા લોકો ઘાયલ થયા હતા.' ''બર્નિંગ કાર સ્ટોરના પ્રવેશદ્વાર પાસે પાર્ક કરવામાં આવી હતી, જે સ્ટોરની અંદરના લોકોને બહાર નીકળતા અટકાવતી હતી. 'અમે જે ઘાયલોની સારવાર કરી હતી તેઓને આગના સ્થળથી દૂર ખસેડવામાં આવ્યા હતા. બચાવી લેવામાં આવેલા પીડિતો બેભાન હતા, અને અમારી ટીમોએ પુનરૂત્થાનના અદ્યતન પ્રયાસો શરૂ કર્યા



હતા અને તેમને ગંભીર હાલતમાં હોસ્પિટલોમાં પહોંચાડ્યા હતા.' ઘટનાસ્થળે અન્ય પેરામેડિક લિયાટ કોહેને જણાવ્યું કે બેભાન પીડિતોમાં એક મહિનાનું બાળક અને ૫૦ વર્ષીય મહિલાનો સમાવેશ થાય છે. તેમણે જણાવ્યું કે ધુમાડાના કારણે તમામ લોકોને ઈજા થઈ હતી અને તેમને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. 'તેઓ અમને કહે છે કે આ વ્યક્તિગત ઝઘડાનો મામલો છે, પરંતુ શહેરના ભીડવાળા વિસ્તારમાં બપોરે વિસ્ફોટ કરવો એ ગાંડપણ છે,' રામલાના રહેવાસી અને સાત બાળકોની માતા જુડિથ તૌટીએ જણાવ્યું. તેમણે જણાવ્યું કે 'મારા બાળકો એક કલાક પહેલા ત્યાં પહોંચી ગયા હતા.' ઈઝરાયેલના વ્યાપારી કેન્દ્ર તેલ અવીવની પૂર્વમાં સ્થિત રામલા એક મિશ્ર શહેર છે, જ્યાં યહૂદીઓ અને અરબો બંને રહે છે. ઈઝરાયેલમાં અરબ સમુદાયો લાંબા સમયથી સંગઠિત અપરાધ સાથે સંકળાયેલી હિંસાની ફરિયાદ કરે છે. ઈઝરાયેલમાં અરબોનું પ્રતિનિધિત્વ કરતી બિન-લાભકારી સંસ્થા મોસાવા સેન્ટર જેવી સંસ્થાઓ દલીલ કરે છે કે સરકારે આવી હિંસા પર વધુ ધ્યાન આપવું જોઈએ.

# WHOએ અત્યાર સુધીના સૌથી મોટા ઓપરેશનમાં ગાઝામાંથી ૯૭ દર્દીઓને બહાર કાઢ્યા

(એજન્સી) તા.૧૩

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને આજે જણાવ્યું કે તેણે ગાઝામાંથી ડઝનેક બાળકો સહિત ૯૭ લોકોને સંયુક્ત અરબ અમીરાતમાં ખસેડ્યા છે અને આ પ્રદેશમાંથી ફરી શરૂ કરવા માટે નિયમિત તબીબી સ્થાનાંતરણ માટે માંગ કરી છે. 'ઑક્ટોબર ૨૦૨૩ પછી ગાઝામાંથી આ સૌથી મોટું સ્થળાંતર હતું,' કબજે કરેલા પેલેસ્ટીની પ્રદેશ માટે વિશ્વ આરોગ્ય સંસ્થાના પ્રતિનિધિ રિચાર્ડ પેપરકોર્ને ગઈકાલે રાતના ઓપરેશનનો ઉલ્લેખ કરતા પત્રકારોને જણાવ્યું હતું. તેમણે જણાવ્યું કે 'ગાઝાને મેડિકલ કોરિડોરની જરૂર છે. અમને વધુ સારી રીતે સંગઠિત અને ટકાઉ સિસ્ટમની જરૂર છે. તેમણે વધુમાં જણાવ્યું કે ૧૦,૦૦૦થી વધુ ગઝાન ટ્રાન્સફરની રાહ જોઈ રહ્યા છે. WHOએ જણાવ્યું કે 'WHO, @mofauae અને ભાગીદારો સાથે મળીને આજે ઓકટોબર ૨૦૨૩ પછીના સૌથી મોટા તબીબી સ્થળાંતર ઓપરેશનમાં ૯૭ બીમાર અને ગંભીર રીતે ઘાયલ દર્દીઓ અને ૧૫૫ સાથીઓને #ગાઝામાંથી બહાર કાઢ્યા. દર્દીઓમાં ૪૫ બાળકો અને ૫૨ પુખ્ત વયના લોકોનો સમાવેશ થાય છે જેઓ કેન્સર, હૃદય રોગ, જન્મજાત વિસંગતતાઓ, રક્ત અને યકૃતના રોગો અને સ્ટ્રોક/ઈજાઓ સહિત વિવિધ રોગોથી




પીડાતા હતા. તેણે જણાવ્યું કે 'ખાલીના સમયે ૮ દર્દીઓ અને ૧૨ સાથીઓને ગાઝા સિટીમાંથી યુરોપિયન ગાઝા હોસ્પિટલમાં સ્થાનાંતરિત કરવામાં આવ્યા હતા તેની ખાતરી કરવા માટે ઉત્તર તરફ એક વિશેષ મિશન હાથ ધરવામાં આવ્યું હતું. તે ભારપૂર્વક જણાવે છે કે 'આખરે, તમામ દર્દીઓ માટે શ્રેષ્ઠ સંભાળ એ યુદ્ધવિરામ છે.'

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ ......

ગુજરાત ટુડે

# કેન્દ્ર સરકાર શું 'એ' મંદિરોની જમીનનો વહીવટ મુસ્લિમોને સોંપશે ???

ભારતના પવિત્ર બંધારણે દેશના તમામ નાગરિકોને પોતપોતાની મુનસફી મુજબ જે તે ધર્મનું પાલન કરવાનો અધિકાર આપ્યો છે અને એ અધિકાર મુજબ અત્યાર સુધી દેશના તમામ નાગરિકો પોતાની મરજી પ્રમાણેના ધર્મને અનુસરી પણ રહ્યા છે. પરંતુ કેન્દ્રમાં જ્યારથી ભાજપના નેતૃત્વવાળી સરકાર આવી છે ત્યારથી ચોક્કસ લોકોની ધાર્મિક આસ્થાની બાબતોને છંછેડી રહી છે. રચનાત્મક વિકાસના હજારો કામ કરવાને બદલે તે એવા કામો કરવામાં વધુ પડતો રસ દાખવે છે કે જેમાં વિવાદ થાય અને એક ધર્મના કે વર્ગના લોકોમાં અસંતોષ પેદા થાય...ખાસ કરીને મુસ્લિમોની ધાર્મિક બાબતમાં દખલ કરવાનો તેને સનેપાત ઉપડયો હોય એમ તે ત્રણ તલાકથી માંડીને મુસ્લિમ પર્સનલ લો, વકફ વગેરે વગેરે જેવી બાબતોમાં ધરાર ટાંગ અડાડી રહી છે. મુસ્લિમ સમાજ તરફથી આવી કોઈ માંગ પણ કરવામાં આવી ન હોવા છતાં તેને આવા ન કરવાના કામો કરવામાં મજ્જા પડે છે કારણ કે આનાથી તેને એવું લાગે છે કે તેની વોટ બેંક મજબૂત થાય છે. દેખીતી રીતે જ બહુમતી મતોના તુષ્ટિકરણની આ નીતિને કારણે લઘુમતી સમાજને શોષાવાનો વારો આવે છે. ખરેખર તો શિક્ષણ કે રોજગાર ક્ષેત્રોમાં લઘુમતી સમાજ વિકાસ ઝંખી રહ્યો છે અને આ અંગે તેની તે તીવ્ર માંગ પણ કરી રહ્યો છે કારણ કે તે આ બંને ક્ષેત્રોમાં ખૂબ પાછળ છે પરંતુ તેની આ બહુ મોટી વાજબી માંગ હોવા છતાં તેના પર ધ્યાન આપવાને બદલે જેની તેણે કદી સામૂહિક માંગ નથી કરી એવી બાબતોમાં ચંચુપાત થઈ રહ્યો છે. બાકી જો સરકારને ખરેખર લઘુમતી સમાજના ઉત્કર્ષમાં રસ હોત તો તેણે લઘુમતીની શિષ્યવૃત્તિમાં કાપ મુકયો ન હોત કે બજેટમાં પણ તેની ફાળવણીમાં સતત ઘટાડો કર્યો ન હોત પરંતુ જેનાથી લઘુમતી સમાજમાં આશંકા, ભય અને અવિશ્વાસ પેદા થાય એવા પગલાં લેવામાં તેને રાજકીય લાભ દેખાય છે એટલે લઘુમતી સમાજમાં નકારાત્મક અસરો ઊભી કરતા પગલાં લઈ રહી છે. જે શ્રૃંખલાના ભાગરૂપે તે વકફ એકટમાં એવા સુધારા લઈ આવી છે કે જે ખુદ મુસ્લિમ સમાજને જ સ્વીકાર્ય નથી..પરંતુ મોદી સરકારને આ સુધારાનું ઝનૂન ઉપડયું છે જો કે હાલની મોદી સરકાર બે એવા સાથી પક્ષોની કાંખઘોડીથી ચાલી રહી છે કે જે મુસ્લિમોના મતોથી પણ ચૂંટાયા છે જેમાં ચંદ્રાબાબુનો ટીડીપી અને નીતિશબાબુનો જેડીયુ મુખ્ય છે એટલે એમણે વકફ સુધારા બાબતે અંદરખાને વિરોધ કરતા જોઈન્ટ પાર્લામેન્ટરી કમિટી-જેપીસીને આ મામલો સોંપવામાં આવ્યો છે અને આ સંયુકત સંસદીય સમિતિ આ વકફ સંશોધનો અંગે મંત્રણા કરી રહી છે ત્યારે એમાં એક જોગવાઈ એવી છે કે વકફના વહીવટમાં તેમજ નિર્ણયો લેવામાં બિન મુસ્લિમ સભ્યને પણ સામેલ કરાશે અને તેને ફેંસલા આપવાની સત્તા પણ મળશે... આ તો એવી વાત થઈ કે કોઈ હિન્દુ, શીખ, ખ્રિસ્તી, પારસી જેવા ધર્મોના ધાર્મિક સ્થાનના વહીવટમાં મુસ્લિમની નિમણૂક કરાય અને તેને નિર્ણય લેવાની સત્તા અપાય...!!! જે ખરેખર શકય પણ નથી અને યોગ્ય પણ નથી કારણ કે ઉપર જણાવ્યું તેમ દેશના દરેક નાગરિકને જે રીતે પોતાની મરજી મુજબનો ધર્મ પાળવાનો અધિકાર છે એમ પોતપોતાના ધર્મ સ્થાનોનો વહીવટ પોતે જ કરવાનો અધિકાર છે એમાં કોઈની દખલને અવકાશ ન જ હોવો જોઈએ છતાં સરકાર જાતજાતનાં વાંધા વચકા ઉપજાવી કાઢી નવાનવા ગતકડાં કાઢે રાખે છે. આવા જ એક અપપ્રચારના ભાગરૂપે ભારત પર સદીઓ પહેલા શાસન કરી ગયેલા મુસ્લિમ શાસકોને પણ યેનકેન પ્રકારેણ ખોટા વિવાદોમાં અપ્રાસંગિક રીતે હાલ ધરાર ઢસડવામાં આવી રહ્યા છે. બાકી ઈતિહાસની વાસ્તવિકતા તો એ છે કે ભારત પર સેંકડો વરસો સુધી રાજ કરી ગયેલા મુસ્લિમ શાસકોએ તેમના રાજાશાહી કાળમાં પણ આપખુદ રીતે વર્તવાને બદલે ભારતની સદીઓ જૂની-ગંગા-જમુની સંસ્કૃતિને જાળવી રાખી હતી અને તમામ ધર્મોને વિકસવા દીધા હતા...આ મુસ્લિમ શાસકોએ અનેક હિંદુ મંદિરોના નિર્માણો થવા દીધા અને એની જાળવણી માટે પણ જમીનો આપી હતી...કટ્ટર હિંદુવાદીઓ દ્વારા જે મુસ્લિમ શાસકને સૌથી વધુ બદનામ કરવામાં આવે છે તે ઔરંગઝેબે મસ્જિદો કરતા વધુ મંદિરો માટે સહાય આપી હતી..!! પરંતુ ઈતિહાસની વાસ્તવિકતાને હવે સદીઓ બાદ વિકૃત રીતે રજૂ કરનારાઓ અને તેને સમર્થન આપનારા સત્તાધીશો શું એ બાબત મંજૂર રાખશે કે જે મંદિરોની જાળવણી-નિભાવ માટે મુસ્લિમ સત્તાધીશોએ જમીનો આપી હતી એના વહીવટમાં હવે મુસ્લિમોને સામેલ કરાશે ? તેમને નિર્ણય લેવાની સત્તા અપાશે ? તો પછી તેઓ કયા મોઢે મુસ્લિમોની વકફ સંપત્તિના વહીવટમાં બિનમુસ્લિમોને સામેલ કરવાની અને તેમને નિર્ણય લેવાની સત્તા આપવા માગે છે ? વકફ સુધારાના નામે આ પ્રકારની હિલચાલ તદ્દન અયોગ્ય અને અસ્વીકાર્ય જ રહેવાની.

# ઔરંગઝેબે ઉત્તરપ્રદેશમાં મંદિર બનાવ્યું; તેની જાળવણી માટે પાંચ ગામોની કરમુક્ત આવક દાનમાં આપી હતી : શું સંઘ આ વાસ્તવિકતાનો સ્વીકાર કરશે ?

## દેશમાં આજે ધ્રુવીકરણનો મુદ્દો એવા સ્તરે પહોંચી ગયો છે કે હવે મુસ્લિમ લોકો માટે પ્રાર્થના કરવા જેવા સાંકેતિક સમય માટે પણ લોકોને ગુસ્સો આવી જાય છે તાજેતરમાં દાઉજી મહારાજ મંદિર વિશેના કેટલાક રસપ્રદ તથ્યો અંગે વાત થઈ હતી

મુઘલ સમ્રાટ ઔરંગઝેબે આ મંદિરને તેની જાળવણીના ખર્ચ માટે પાંચ ગામો દાનમાં આપ્યા હતા. નખ્ખર-ખાના મંદિરના નિર્માણનો આદેશ પણ ઔરંગઝેબે જ આપ્યો હતો. આ મંદિરના પ્રમુખ દેવતા શ્રી કૃષ્ણના મોટા ભાઈ બલરામ છે. આ મંદિરના પ્રાંગણમાં પ્રખ્યાત હોળી પણ રમવામાં આવે છે.



દાઉજી મહારાજ મંદિર

ભારતીય ઈતિહાસમાં મુઘલ યુગને ઘણીવાર હિન્દુત્વ ઉગ્રવાદીઓ દ્વારા નિશાન બનાવવામાં આવે છે. તેમના લક્ષ્યનું કેન્દ્ર મુઘલ બાદશાહ ઔરંગઝેબ છે. તેમણે સૌથી લાંબા સમય સુધી આ દેશ પર શાસન કર્યું હોવાથી, કથિત રીતે હિંદુ મંદિરોનો નાશ કરવા માટે અને તેમના કથિત ક્રૂર શાસન માટે તેમની ખૂબ ટીકા કરવામાં આવે છે. એવી ઘણી વાર્તાઓ છે જે તેમની સાથે સંકળાયેલી લોકપ્રિય દંતકથાથી સતત વિરોધાભાસી હોય છે. અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીના ઈતિહાસ વિભાગના પ્રો. નદીમ રઝવી કહે છે કે ઔરંગઝેબ એક વિશાળ સામ્રાજ્યનો શાસક હતો અને પરિસ્થિતિની માંગ પ્રમાણે તેમણે નિર્ણય લેવો પડ્યો હતો. તેમણે કેટલીક જગ્યાએ મંદિરોને તોડી પાડવાનું જરૂરી માન્યું હતું અને અન્ય સ્થળોએ મંદિરોને આવક માટે અનેક પ્રકારની સહાયતા અને મદદ પણ આપી હતી.

અલીગઢથી લગભગ ૬૪ કિલોમીટર દૂર બલદેવ ગામમાં આવેલું શ્રી દાઓજી મહારાજ મંદિર એવું જ એક મંદિર છે જેના ખર્ચ માટે ઔરંગઝેબે પાંચ ગામ દાનમાં આપ્યા હતા. આ પાંચ ગામો દ્વારા પેદા થતી આવક હજુ પણ આ મંદિરની દેખરેખ માટે દાન કરવામાં આવી રહી છે. આ વિશ્વ વિખ્યાત બાલદેવ ગામ તેની હુરંગા હોળી માટે જાણીતું છે જે મથુરાથી લગભગ ૨૦ કિમી ઉત્તરમાં આવેલું છે. મથુરા એ ભગવાન કૃષ્ણનું જન્મસ્થળ છે અને ત્યાં કાશી પછી સૌથી વધુ મંદિરો ધરાવે છે. તેની સંખ્યા હજારોમાં છે. વૃંદાવન અને ગોવર્ધનના ધાર્મિક કેન્દ્રો પણ અહીં જોવા મળે છે. હિન્દુ ધાર્મિક માન્યતા મુજબ, ભગવાન કૃષ્ણ ભગવાન વિષ્ણુના અવતાર છે અને તે હિન્દુ ભક્તોમાં ખૂબ જ આદરણીય છે. ભગવાન કૃષ્ણનો જન્મ મથુરાની એક જેલમાં થયો હતો જ્યાં તેમના મામા કંસે તેમને મારવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ તેમને તેમના પિતા વાસુદેવે બચાવી લીધા હતા. શ્રી કૃષ્ણના મોટા ભાઈ બલરામે તેમને અન્યાય સામેની લડાઈમાં મદદ કરી હતી. તેઓ બાલદેવ તરીકે પણ

### પ્રશ્નાર્થ

**- હિના મન્સૂર આસ**

ઓળખાય છે અને શ્રી કૃષ્ણ તેમને પ્રેમથી દાઓજી કહેતા હતા. તેમનું મંદિર મથુરા નજીક મહાવન તાલુકામાં એક ગામમાં આવેલું છે.

મુઘલ સમ્રાટ ઔરંગઝેબે આ મંદિરને પાંચ ગામ દાનમાં આપ્યા હતા. આવા મંદિરોની સંભાળ રાખનાર અનિલકુમાર પાંડેએ જણાવ્યું હતું કે, ૫૮૦ એકર જમીન શ્રી દાઓજી મહારાજ રેવન્યુના નામે નોંધવામાં આવી હતી જેમાંથી મંદિરની જાળવણી માટે તેની આવકનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. બલદેવ નગરોની ૧૦ હજાર વસ્તીના દરેક રહેવાસી આ ઐતિહાસિક તથ્યથી વાકેફ છે.

આ મંદિરનું સંચાલન કરનાર અન્ય એક અધિકારી, બ્રજેશકુમાર પાંડે, આ મંદિર સાથે સંબંધિત તમામ બ્રિજવાસીઓ જાણે તે વાર્તા સંભળાવે છે. તે કહે છે કે એક વાર ઔરંગઝેબ તેની પોતાની નીતિ મુજબ મંદિરો તોડીને મથુરા તરફ આગળ વધી રહ્યો હતો. તે બલદેવ મંદિર વિશે જાણતો હતો. જ્યારે તેણે તેના સાથીને પૂછ્યું કે આ મંદિર કેટલું દૂર છે તો તેઓએ જવાબ આપ્યો કે તે લગભગ ચાર માઈલ દૂર છે અને અનેક કલાકો આગળ વધ્યા પછી પણ આ સાથીઓ તેમને એવું જ કહેતા રહ્યા કે આ મંદિર હજુ ચાર માઈલ દૂર છે. ઔરંગઝેબને એવું લાગ્યું કે આ એક પ્રકારનો ચમત્કાર છે અને તેથી તેમણે આ મંદિરને તોડી પાડવાનો વિચાર છોડી દીધો અને તેના બદલે, તેમણે આ મંદિરને ૫ ગામોની આવક સોંપી હતી. AMUના પ્રો. નદીમ રઝવી, જેઓ ઔરંગઝેબના જીવન અને તેના શાસન પર સંશોધન કરી રહ્યા છે, તે કહે છે કે, ઔરંગઝેબ સાંપ્રદાયિક શાસક ન હતા. જો આવું જ હોત તો તેમણે કેટલાક મહત્વના પ્રાંતોના ગવર્નર તરીકે રાજપૂતોની નિમણૂક કરી ન હોત. સામાન્ય રીતે આ પ્રાંતો માત્ર શાહી રાજકુમારો દ્વારા ચલાવવામાં આવતા હતા. તેઓ એક એવા સમ્રાટ હતા જે પોતાનું સામ્રાજ્ય કેવી રીતે ચલાવવું તે જાણતા હતા. તેમણે કેટલીક જગ્યાએ મુસ્લિમોને અને કેટલીક જગ્યાએ હિન્દુઓને પણ ખુશ રાખ્યા હતા. બલદેવ બ્રિજની પ્રખ્યાત હોરંગા હોળી માટે પણ જાણીતું છે. આ વિસ્તારના રહેવાસી વિપિન ગર્ગ જણાવે છે કે, આ મંદિરના પ્રાંગણમાં સેંકડો દેવર ભાભી દ્વારા હોળી રમવામાં આવે છે. આ મંદિરના મુખ્ય હોલની બહાર એક તકતી છે જેમાં ઔરંગઝેબ દ્વારા આ મંદિરને પાંચ ગામ દાનમાં આપવામાં આવ્યા હતા તે લખેલું છે. ઔરંગઝેબે આ મંદિરનો મુખ્ય હોલ (નક્કરખાના) પણ બનાવ્યો હતો. અહીં લખ્યું છે કે: મુઘલ સમ્રાટ આલમગીર ઔરંગઝેબે ૧૬૭૨ને અનુરૂપ સંવત (હિન્દુ કેલેન્ડર) ૧૭૨૯માં આ મંદિરના નક્કરખાનાનું નિર્માણ કરાવ્યું હતું અને આ રોયલ હોલની જાળવણી માટે આ મંદિરને પાંચ ગામોની કરમુક્ત જાગીર પણ આપી હતી. તેમના પછીના મુઘલ સમ્રાટ શાહઆલમે આ પાંચ ગામોની જાગીર દેણગીરીને કરમુક્તિ આપીને આ પ્રથા ચાલુ રાખી હતી અને એટલું જ નહીં પરંતુ તેની સંભાળ રાખનાર શ્રી શોભરીવંશવંતશ આદિગોડ વિપ્રવંશ માર્તંદ ગોસ્વામી, વંશજને સોંપવામાં આવેલ જાગીરના સાડા સાત ગામો આપતા તેમાં અન્ય અઢી ગામોનો ઉમેરો કર્યો હતો. શ્રી કલ્યાણ દેવ, ગોસ્વામી હંસરાજજી અને જગન્નાથજી માટે વધુમાં, બલભદ્ર કુંડના માલિકી હક્કો સાથે, મહાવન તહસીલના દરેક ગામને શ્રી દાઓજી મહારાજ મંદિરની જાળવણી માટે બે રૂપિયા વધારાના કર લેવામાં આવ્યા હતા. સંવત (હિંદુ કેલેન્ડર) વર્ષ ૧૮૪૦ વિક્રમ ચૈત્ર શુક્લ ૩ને અનુરૂપ ૧૧૯૬ ફાસલી (મુઘલ રેવન્યુ કેલેન્ડર)માં જારી કરાયેલા ફરમાન (હુકમ) દ્વારા આ કરવામાં આવ્યું હતું. ઈતિહાસકાર રઝવી કહે છે કે ઉપરોક્ત દાન ઉપરાંત, ઔરંગઝેબે કાશી અને મથુરાના અન્ય મંદિરોને પણ દાન આપ્યું હતું. કેટલાક અન્ય મંદિરોને દાન આપવા માટે અગાઉના મુઘલ સમ્રાટો દ્વારા શરૂ કરવામાં આવેલી પરંપરા પણ તેમણે ચાલુ રાખી હતી. જો કે મહાવનના તહસીલદાર પવન પાઠકે આ સંબંધમાં કોઈ દસ્તાવેજ પૂરો પાડ્યો ન હતો, પરંતુ મથુરાના પ્રખ્યાત ઈતિહાસકાર ઘનશ્યામ પાંડે દાવો કરે છે કે ઔરંગઝેબે પાંચ ગામોના શ્રી દાઓજી મહારાજ મંદિરને કરમુક્ત જાગીરનું દાન કર્યું હોવાના સ્પષ્ટ પુરાવા છે. આ મંદિરોના રીસીવર આર.કે. પાંડે પણ આ હકીકતને સમર્થન આપે છે. હાલમાં, ઔરંગઝેબના નામની તકતી મંદિર પરિસરમાંથી હટાવી દેવામાં આવી હતી પરંતુ મંદિરના હોલમાં ચાલી રહેલા જાળવણી કાર્યને કારણે તેને સુરક્ષિત રીતે રાખવામાં આવી છે. આ જાળવણી કાર્ય પૂર્ણ થયા બાદ પ્લેટ તેની મૂળ જગ્યાએ ફરીથી સ્થાપિત કરવામાં આવશે.

(સૌ. : ધ સાઈટ.ઈન)

### મોટાભાગના મૃત્યુ દીવાલ અને ઘર પડવાથી થયા

# દેશના જુદા-જુદા ભાગોમાં ભારે વરસાદે ૩૬ કલાકમાં ૪૭ લોકોના જીવ લીધા

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૩

પશ્ચિમ હિમાલયના રાજ્યોથી લઈને પૂર્વોત્તર ભારતના લગભગ તમામ રાજ્યોમાં મૂશળધાર વરસાદ પડી રહ્યો છે. પશ્ચિમમાં રાજસ્થાન, મધ્ય ભારતમાં મધ્યપ્રદેશ અને પૂર્વ ભારતમાં ઓડિશા અને ઝારખંડમાં પણ વરસાદ વરસી રહ્યો છે. દેશના જુદા-જુદા ભાગોમાં ભારે વરસાદે ૩૬ કલાકમાં ૪૭ લોકોના જીવ લીધા. જેમાં ઉત્તરપ્રદેશમાં ૩૨, મધ્યપ્રદેશમાં ૧૧ અને રાજસ્થાનમાં ચાર મોત થયા છે. મોટાભાગના મૃત્યુ દીવાલ અને ઘર પડવાથી થયા છે.

દુર્ઘટનામાં ૩૮ લોકો ઈજાગ્રસ્ત પણ થયા છે. ઉત્તરાખંડમાં વરસાદ અને ભૂસ્ખલનના કારણે ખરાબ સ્થિતિ છે. કેદારનાથ યાત્રા રોકી દેવાઈ છે અને શુક્રવારે પ્રદેશમાં તમામ સ્કૂલોને બંધ રાખવાનો આદેશ પણ આપવામાં આવ્યો છે. હવામાન વિભાગે હજુ ત્રણ દિવસ સુધી હિમાચલ અને ઉત્તરાખંડ સહિત ૧૪ રાજ્યોમાં ભારે વરસાદની આગાહી જાહેર કરી છે.

ભારતીય હવામાન વિભાગે આગામી ત્રણ દિવસ સુધી ઉત્તરથી લઈને પૂર્વોત્તરના રાજ્યોમાં જુદા-જુદા સ્થળો પર ભારેથી અતિ ભારે વરસાદની ચેતવણી આપી છે. આ રાજ્યોમાં ઉત્તરાખંડ, ઉત્તરપ્રદેશ, હિમાચલ, મધ્યપ્રદેશ, છત્તીસગઢ, આસામ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરા, પશ્ચિમ બંગાળ, ઓડિશા અને ઝારખંડ સામેલ છે.

ભારતીય હવામાન વિભાગના જણાવ્યા અનુસાર મધ્ય ભારતમાં બની રહેલા લો પ્રેશરના કારણે UP અને ઉત્તરાખંડમાં ભારે વરસાદ પડશે. હરિયાણા, મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં પણ તેના કારણે અમુક વિસ્તારમાં ભારે વરસાદ પડવાની શક્યતા છે. પશ્ચિમ ઉત્તરપ્રદેશ અને પશ્ચિમ મધ્યપ્રદેશમાં ઘણા સ્થળો પર અચાનક પૂર આવવાનું જોખમ પણ છે.

હવામાન વિભાગે શુક્રવારે પણ દિલ્હી-એનસીઆરમાં વરસાદનું યલો એલર્ટ જાહેર કર્યું છે. IMDના જણાવ્યા અનુસાર આ દરમિયાન વાદળછાયું વાતાવરણ રહેશે, ૨૫થી ૩૫ કિ.મી.ની ઝડપે પવન ફૂંકાવાનું અનુમાન છે. ઉત્તરાખંડમાં ભારે વરસાદની ચેતવણી બાદ તમામ જિલ્લામાં તંત્રએ ૧૨મા ધોરણ સુધીની તમામ સ્કૂલ બંધ રાખવાનો આદેશ આપ્યો છે. રુદ્રપ્રયાગ જિલ્લામાં ભારે વરસાદના કારણે ગુરૂવારે કેદારનાથ પગપાળા માર્ગને બંધ કરવો પડ્યો. સુરક્ષાને ધ્યાનમાં રાખતા કેદારનાથ ધામથી પણ કોઈને નીચેની તરફ મોકલવામાં આવ્યા નથી.

યાત્રા બંધ થવાના કારણે સોનપ્રયાગમાં લગભગ ૨૫૦૦ મુસાફર ફસાયા છે. રાજ્યમાં વરસાદ અને ભૂસ્ખલનથી ૧૬૮ માર્ગ બંધ છે. જેમાં નેશનલ હાઈવે, રાજ્ય માર્ગ, સરહદી માર્ગ અને ગ્રામીણ મોટર માર્ગ સામેલ છે. હવામાન વિભાગે દહેરાદૂન, હરિદ્વાર, પૌડી, બાગેશ્વર, નૈનીતાલ, ચંપાવત અને રૂધમસિંહ નગર જિલ્લાના મોટાભાગના ભાગોમાં ભારે વરસાદનું રેડ એલર્ટ જારી કર્યું છે. અન્ય જિલ્લામાં ભારે વરસાદનું ઓરેન્જ એલર્ટ જારી કર્યું છે. હિમાચલપ્રદેશ ખાસ કરીને ત્રણ જિલ્લામાં શિમલા, કિન્નૌર અને સિરમૌર માટે શુક્રવારનો દિવસ ખૂબ ભારે રહેવાનો છે. સ્થાનિક હવામાન કેન્દ્રએ આ જિલ્લામાં ઝડપી વરસાદના કારણે અચાનક પૂર આવવાની શક્યતા વ્યક્ત કરી છે અને વહીવટી સ્ટાફની સાથે જ લોકોને પણ સાવધાન કર્યાં છે. રાજ્યના ૧૨માંથી પાંચ જિલ્લામાં શુક્રવારે પણ વાદળ ગર્જના સાથે ભારે વરસાદને લઈને યલો એલર્ટ જાહેર કર્યું છે. રાજ્યમાં વરસાદ અને ભૂસ્ખલનના કારણે ૩૭ રસ્તા બંધ છે અને ૧૦૬ વીજ પુરવઠા યોજનાઓ પણ ઠપ પડી છે.

ધારચૂલાની દારમા અને વ્યાસ ખીણના ઊંચાઈ ધરાવતા વિસ્તારોમાં ગુરૂવારે સિઝનની પહેલી હિમવર્ષા થઈ. બુધવારે સતત પડી રહેલા વરસાદથી ઉચ્ચ હિમાલયના વિસ્તારોમાં તાપમાન નીચું રહ્યું. બપોર બાદ દારમા ખીણના અંતિમ ગામ સીપૂ (ઊંચાઈ ૧૧,૮૨૦ ફૂટ)માં અચાનક હવામાન બદલાયું અને સામાન્ય વરસાદની સાથે હિમવર્ષા શરૂ થઈ ગઈ. મેદાની વિસ્તારોમાં લગભગ છ ઈંચ અને પહાડો પર એક ફૂટ સુધી બરફ પડ્યો. મુનસ્યારીના ઊંચા શિખરો પંચાચૂલી, રાજરંભા સહિત અન્ય ઊંચા શિખરો પર પણ હિમવર્ષા થઈ છે. હિમાચલના આદિવાસી જિલ્લા કિન્નૌર અને ઊંચાઈ ધરાવતાં વિસ્તારોમાં હિમવર્ષા થઈ છે.

રાજસ્થાનમાં છેલ્લા ઘણા દિવસોથી પડી રહેલા વરસાદના કારણે નીચલા વિસ્તારોમાં પાણી ભરાવાની સમસ્યા ઊભી થઈ ગઈ છે. ધોલપુર, ભરતપુર, કરૌલી, કોટા અને પ્રતાપગઢ જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં બારે વરસાદ પડ્યો છે. ધોલપુરના રાજખેડામાં સૌથી વધુ ૨૩૭ મિમી વરસાદ રેકોર્ડ કરવામાં આવ્યો છે. જેના કારણે ધોલપુર બારી સ્થિત ઉર્મિલા સાગર ડેમનું પાણી રસ્તા પર આવી ગયુ અને નેશનલ હાઈવે ૧૧બીને પરિવહન માટે બંધ કરવો પડ્યો. પાર્વતી ડેમમાં વધુ પાણી જમા થવાથી તેના ૧૦ ગેટ ખોલવા પડ્યા. અલીગઢ સ્ટેશન પર રેલવે ટ્રેક પર વરસાદનું પાણી આવવાના કારણે રેલ પરિવહન અટવાયું. સિગ્નલ ફેલ થવાની ૧૦ ટ્રેન ગમે ત્યાં રોકાઈ ગઈ. લગભગ અઢી કલાક બાદ સિગ્નલ ઠીક કરાવીને તેને ચલાવવામાં આવી. પાણી ભરાવાના કારણે અન્ય ટ્રેનોને પણ ધીમી સ્પીડથી પસાર થવું પડ્યું. વરસાદની ચેતવણી બાદ અલીગઢની સાથે જ હાથરસમાં શુક્રવારે ધો.૧૨ સુધીની સ્કુલ બંધ રાખવાનો આદેશ જાહેર કરવામાં આવ્યો છે. ભારે વરસાદના કારણે મથુરામાં નેશનલ હાઈવે-૧૯ આગ્રા-દિલ્હી માર્ગ પર સવારથી લઈને સાંજ સુધી લગભગ ત્રણ કિલોમીટર લાંબો ટ્રાફિક જામ રહ્યો.

દતિયાના કલેક્ટરે જણાવ્યું કે, જિલ્લામાં ૩૬ કલાક સતત વરસાદ પડવાથી ગુરૂવારે લગભગ ચાર વાગ્યે ખલકાપુરા વિસ્તારમાં રાજગઢ કિલ્લાની દીવાલ બાજુના ઘર પર પડી ગઈ. ઘરમાં એક જ પરિવારના ૯ લોકો સૂઈ રહ્યાં હતાં અને તમામ કાટમાળમાં દબાઈ ગયા. સ્થાનિક લોકોએ ગમે તેમ રીતે કાટમાળમાંથી બે લોકોને જીવિત બહાર કાઢ્યા. જિલ્લા તંત્ર, પોલીસ અને સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (એસડીઆરએફ)ની ટીમો ઘટના સ્થળે પહોંચી અને બચાવ કાર્ય શરૂ કર્યું.

# પીએમ મોદીની કાશ્મીર મુલાકાતના કલાકો પહેલાં જ કિશ્તવાડમાં આતંકી હુમલો, બે જવાન શહીદ

### હુમલામાં બે જવાન ઘાયલ, મોડી રાત્રે બારામુલ્લામાં પણ આતંકવાદીઓ સાથે અથડામણ ચાલુ

(એજન્સી) શ્રીનગર, તા. ૧૩

જમ્મુ-કાશ્મીરના કિશ્તવાડમાં શુક્રવારે સાંજે થયેલી ઘાતક અથડામણમાં સેનાના બે જવાન શહીદ થયા હતા અને અન્ય બે ઘાયલ થયા હતા. શહીદ થયેલા બે જવાનોની ઓળખ નાયબ સુબેદાર વિપિન કુમાર અને સિપાહી અરવિંદ સિંહ તરીકે થઈ છે. આ એન્કાઉન્ટર ચત્રુના નૈદગામ ગામ પાસે પિંગનાલ દુગડ્ડા જંગલમાં થયું હતું. આ અથડામણ ત્યારે શરૂ થઈ જ્યારે આતંકવાદીઓએ ભારતીય સેના અને જમ્મુ અને કાશ્મીર પોલીસની સંયુક્ત સુરક્ષા ટીમ પર ગોળીબાર કર્યો જ્યારે તેઓ વિસ્તારમાં શોધખોળ કરી રહ્યા હતા. અહેવાલો સૂચવે છે કે બેથી ત્રણ આતંકવાદીઓ જંગલમાં છુપાયેલા છે અને વધારાના સૈન્ય તૈનાત કરવામાં આવ્યા છે. આ દરમિયાન બારામુલ્લાના ચક ટપ્પર કરીરી પટ્ટન વિસ્તારમાં વધુ એક એન્કાઉન્ટર શરૂ થયું છે. પોલીસ અને સુરક્ષા દળો કામ પર છે અને વધુ વિગતો હજુ આવવાની બાકી છે. ઉધમપુર જિલ્લામાં સુરક્ષા દળોએ બે આતંકવાદીઓને ઠાર કર્યાના થોડા દિવસો બાદ જ ચત્રુ એન્કાઉન્ટર થયું છે. ૧૮ સપ્ટેમ્બરે ચૂંટણી નજીક આવી રહી હોવાથી કિશ્તવાડ, ડોડા અને રામબન જિલ્લામાં સુરક્ષા વધારી દેવામાં આવી છે. ગીચ વસ્તીવાળા વિસ્તારો અને મતદાન મથકોને સુરક્ષિત કરવા માટે વધારાના દળો તૈનાત કરવામાં આવ્યા છે. જ્યારે જંગલવાળા વિસ્તારોમાં સર્ચ ઓપરેશન ચાલુ છે. આ હુમલો વડાપ્રધાન નરેન્દ્ર મોદીની શનિવારે મુલાકાતના કલાકો પહેલા થયો છે. પીએમ શનિવારે ડોડાની મુલાકાત લે તેવી શક્યતા છે. ડોડા, ઉધમપુર અને કઠુઆ જિલ્લામાં થયેલા હુમલાઓ સાથે તાજેતરના મહિનાઓમાં આતંકવાદી હુમલામાં વધારો થયો છે જેના પરિણામે ડોડામાં એક ઓપરેશનમાં માર્યા ગયેલા ત્રણ આતંકવાદીઓની સાથે બે આર્મી કેપ્ટન અને સાત સૈનિકો સહિત લગભગ એક ડઝન લોકોના મોત થયા છે.

### મણિપુરમાં મોડર્ન હથિયારો ક્યાંથી આવી રહ્યાં છે ?

# મણિપુરમાં હવે ડ્રોન અને રોકેટ લોન્ચરથી હુમલો થઈ રહ્યો છે

(એજન્સી) ઈમ્ફાલ, તા.૧૩

છેલ્લા ૧ વર્ષ ૪ મહિનાથી મણિપુર હિંસાની આગમાં સળગી રહ્યું છે. મણિપુરમાં હજુ પણ જનજીવન સામાન્ય નથી થયું. દરરોજ ક્યાંકને ક્યાંક હિંસાની આગ જોવા મળી રહી છે અને તેમાં ઘણાં નિર્દોષ લોકો હોમાઈ રહ્યાં છે.

જેમ-જેમ સમય વીતી રહ્યો છે, તેમ-તેમ સાથે હિંસાનું રૂપ પણ મોટું થઈ રહ્યું છે. કાલ સુધી જે લોકો હાથમાં દંડા લઈને તોડફોડ અને હિંસા કરતા હતાં તે લોકો હવે ડ્રોન અને રૉકેટ લૉન્ચરથી હુમલો કરી રહ્યાં છે. જો કે, સૌથી મોટો મોટો પ્રશ્ન એ છે કે, આ વિદ્રોહીઓ પાસે મોડર્ન વેપન આવે છે ક્યાંથી ? હાઈટેક શસ્ત્ર ભંડાર તેમને આપી કોણ રહ્યું છે ? આકાંશી આતંક સાંભળીને તમને નવાઈ લાગી રહી હશે, પરંતુ મણિપુર છેલ્લા ઘણાં દિવસોથી આ સહન કરી રહ્યું છે. ઈમ્ફાલ વેસ્ટમાં આવેલું કદમબન છેલ્લા આ ડ્રોન હુમલા સહન કરી રહ્યું છે. ૨ સપ્ટેમ્બરે અહીં પહેલો ડ્રોન બોમ્બ એટેક થયો હતો. સૌથી વધારે જોખમ

**ઈમ્ફાલ વેસ્ટમાં આવેલું કદમબન આ ડ્રોન હુમલા સહન કરી રહ્યું છે : ૨ સપ્ટેમ્બરે અહીં પહેલો ડ્રોન બોમ્બ એટેક થયો હતો**

KPI વિસ્તારમાં છે. આ વિસ્તારમાં એક બાજુ નાગા વસ્તી રહે છે તો બીજી બાજુ કુકી વસ્તી અને ઉપરથી એટેક થઈ રહ્યાં છે. આ જ વિસ્તારમાં કાંગપોપકી વિસ્તાર છે જ્યાં સિગાદમ ડેમ પણ છે. જેની બાજુમાં એલાઈડ પર્વત છે અને તેની ટોચથી ડ્રોન ઓપરેટ કરવામાં આવે છે. ડ્રોનને ઓપરેટ કરીને કદમબનને ટાર્ગેટ કરવામાં આવે છે. આ પર્વતની ઉપર આતંકવાદનો ખોફનાક કિલ્લો જોવા મળી રહ્યો છે. ડ્રોન હુમલા સિવાય પણ વિદ્રોહીઓ પાસે ઘણાં ખતરનાક હથિયાર હાજર છે. L9A1 51 mm light mortar જેવા હથિયાર પણ આ હુમલાખોરો પાસે જોવા મળી રહ્યાં છે, જે એક હાઈ એક્સપોલિબ બોમ્બ છે. હુમલાખોરોએ જણાવ્યું કે, તેઓને શિલોંગમાં નેપામાં જઈને પોલીસ ટ્રેનિંગ એકેડમીમાં ટ્રેનિંગ પણ લીધી છે. A1-51 મોર્ટાર સિવાય તેમની પાસે AK-47, ઈંસાસ રાઈફલ, ઈસાપોર ફેક્ટ્રીમાં બનેલી ૭૬.૪ લાખની સેલ્ફ લોડિંગ રાઈફલ્સ અને સ્ટેન કાર્બાઈન જેવા હથિયાર પણ છે. ઘણાં રિપોર્ટમાં દાવો કરવામાં આવી રહ્યો છે કે, મણિપુરને હથિયાર ચીન અને મ્યાનમાર જેવા દેશો સપ્લાઈ કરી રહ્યાં છે. ડ્રોનથી થતાં વિસ્ફોટક હુમલાથી બચવા માટે લોકો બંકર બનાવી રહ્યાં છે. સ્થાનિક લોકોએ આવા એક નહીં પરંતુ અલગ-અલગ વિસ્તારમાં ઘણાં બંકરો બનાવ્યા છે. રોટેશન વાઈઝ લોકો ૨૪ કલાક ડ્યુટી કરી છે. લોકોનું કહેવું છે કે, ક્યારે એટેક થશે તેનો કોઈ ભરોસો નથી. હુમલાનું જોખમ દરરોજ ૨૪ કલાક રહે છે. બંકરમાં એક માણસ ૩-૩ કલાક ડ્યુટી કરે છે.

### હદીસ બોધ

નાસ્તિક માણસ સત્ય સ્વીકારવાથી પીછેહઠ કરે છે. - હદીસ બોધ

### બોધ વચન

મહાસાગર કરતાં પણ ભવ્ય એક દૃશ્ય છે અને તે છે આકાશનું. આકાશ કરતાં પણ એક ભવ્ય દૃશ્ય છે અને તે છે આત્માના આંતરપ્રદેશનું. -વિકટર હ્યુગો

### આજની આરસી

૧૪ સપ્ટેમ્બર શનિવાર ૨૦૨૪
૧૦ રબીઉલ અવ્વલ હિજરી ૧૪૪૬
ભાદરવા સુદ અગિયારસ સંવત ૨૦૮૦
સુબ્હ સાદિક ૫-૦૬
ખત્મે ઝવાલ ૧૨-૩૬
તુલૂએ આફતાબ (સૂર્યોદય) ૬-૨૬
ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) ૬-૪૫

### અગત્યની સૂચના

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચકમિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી. - વ્યવસ્થાપક

જેમાં ૧૯૭૦-૭૧માં થયો વન-ડે ક્રિકેટનો જન્મ

# ૭ ટેસ્ટ જે એકપણ બોલ રમાયા વિના રદ થઈ

નવી દિલ્હી, તા.૧૩

અફઘાનિસ્તાન અને ન્યુઝીલેન્ડ વચ્ચેની ટેસ્ટનો વરસાદની ભેટ ચઢતા જોઈ ક્રિકેટ પ્રશંસક હેરાન છે. કારણ કે, ૨૧મી સદીમાં આવું પહેલીવાર થયું છે પણ ટેસ્ટ ક્રિકેટમાં આ કોઈ નવી વાત નથી. ટેસ્ટ ક્રિકેટના ઈતિહાસમાં કુલ ૭ મેચ વરસાદની ભેટ ચઢી છે જે એકપણ બોલ રમાયા વિના રદ થઈ ગઈ. આમાંથી એક મેચ એવી છે જેણે વન-ડે ક્રિકેટને જન્મ આપ્યો. આ વાત ૧૯૭૦-૭૧ની છે જ્યારે ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડ વચ્ચેની એક ટેસ્ટ મેચ વરસાદની ભેટ ચઢી ગઈ હતી ત્યારે એમસીસી મેનેજર, ઓસ્ટ્રેલિયન બોર્ડ અને બે એમસીસી અધિકારીઓની ચર્ચા બાદ એક દિવસની મેચ રમાઈ હતી. જેને સત્તાવાર રૂપે પ્રથમ વન-ડે મેચ માનવામાં આવે છે. આ વન-ડે મેચ ૪૦-૪૦ ઓવરની રમાઈ હતી અને વ્હાઈટ ટી-શર્ટ અને લાલ બોલથી રમાઈ હતી.

### ન્યુઝીલેન્ડને ડબલ નુકસાન થયું : કોચ

## અફઘાનિસ્તાન-ન્યુઝીલેન્ડ ટેસ્ટ મેચ ટોસ થયા વિના જ રદ કરવી પડી

ગ્રેટર નોઈડા, તા.૧૩ : ગ્રેટર નોઈડામાં પહેલીવાર ટેસ્ટ મેચ રમાવાની હતી પણ હવે આ ઈતિહાસ બની ગયો કે અહિંયા મેચ શિડ્યુલ તો હતું પણ આયોજિત થઈ શકી નહીં. કારણ કે, વરસાદે એક અથવા બે દિવસ નહીં પણ પાંચેય દિવસ વિઘ્ન નાંખ્યું અને મેચ ટોસ વિના જ રદ કરવી પડી. આનાથી ન્યુઝીલેન્ડ અને અફઘાનિસ્તાન બંને ટીમોના કોચ નાખુશ અને નિરાશ છે. કિવી ટીમના કોચ થોડા વધારે જ પરેશાન છે. કારણ કે, ના તો તેમના ખેલાડીઓને મેચ રમવા મળી અને ના તો ટીમ પ્રેક્ટિસ કરી શકી. કારણ કે, મેદાન રમવા માટે સુરક્ષિત ન હતું. આવું જ કંઈક અફઘાનિસ્તાનના કોચનું માનવું છે. ન્યુઝીલેન્ડના કોચ ગૈરી સ્ટીડે મેચ રદ થવા પર કહ્યું કે, આ અમારા માટે નિરાશાજનક છે. આ અફઘાનિસ્તાન વિરુદ્ધ અમારી પ્રથમ ટેસ્ટ મેચ હતી અને અમે આના માટે ઘણા ઉત્સાહિત હતા. સૌથી નિરાશાજનક વાત એ છે કે, અમે આગામી સપ્તાહ પોતાની ટેસ્ટ મેચમાં જતા પહેલાં મેચ માટે તૈયાર થવાની ક્ષમતા ગુમાવી ચૂક્યા છે. શ્રીલંકા વિરુદ્ધ ૧૮ સપ્ટેમ્બરથી ન્યુઝીલેન્ડને ટેસ્ટ સિરીઝ રમવાની છે. આના માટે ટીમ તૈયાર નથી.

### એકપણ બોલ ફેંક્યા વિના રદ થયેલી ટેસ્ટ મેચ

- **ટેસ્ટ નં.૩૪ :-** ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડ વચ્ચે ઓલ્ડ ટ્રેફર્ડમાં રદ થનારી પ્રથમ મેચ હતી. આ મેચમાં ટોસ પણ થયો ન હતો.
- **ટેસ્ટ નં.૨૬૪ :-** ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડ વચ્ચેની આ ટેસ્ટ પણ વરસાદને કારણે રદ થઈ, જેમાં પણ ટોસ થયો ન હતો.
- **ટેસ્ટ નં.૬૭૫ :-** ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડ વચ્ચેની આ ટેસ્ટ મેચ માટે જ્યારે ખેલાડીઓ મેદાનમાં પ્રવેશ કરી રહ્યા હતા, વરસાદ શરૂ થઈ ગયો. અધિકારીઓની ચર્ચા બાદ સીમિત ઓવરોની મેચ રમાડવાનું નક્કી કરાયું અને બાદમાં આ મેચને પ્રથમ વન-ડે માનવામાં આવે છે.
- **ટેસ્ટ નં.૧૧૧૩ :-** ન્યુઝીલેન્ડ અને પાકિસ્તાન વચ્ચે ડુનેડીનમાં ૩ ફેબ્રુઆરી, ૧૯૮૯ના રોજ મેચ રદ કરી દેવાઈ હતી. સાથે જ યોજના બનાવાઈ કે ૯ ફેબ્રુઆરીએ એક વન-ડે મેચ રમાશે.
- **ટેસ્ટ નં.૧૧૪૦ :-** ઈંગ્લેન્ડ અને વેસ્ટઈન્ડિઝ વચ્ચે ગુયાનામાં રમાનારી ટેસ્ટ મેચ વરસાદના કારણે રદ કરી દેવાઈ હતી. આ મેચના પાંચમા દિવસે એક વન-ડે મેચ રમાઈ.
- **ટેસ્ટ નં.૧૪૩૪ :-** પાકિસ્તાન અને ઝિમ્બાબ્વે વચ્ચે ફૈસલાબાદમાં રમાનારી આ ટેસ્ટ મેચ ટોસ થયા વિના જ રદ કરવી પડી હતી.
- **ટેસ્ટ નં.૧૪૩૪ :-** ન્યુઝીલેન્ડ અને ભારત વચ્ચે ડુનેડીનમાં રમાનારી આ ટેસ્ટ મેચને ત્રીજા દિવસે રદ કરી દેવાઈ હતી. એ નક્કી કરાયું કે, ચોથા દિવસે બિનસત્તાવાર એક દિવસીય મેચ રમાશે.

# વર્ધા યુનિવર્સિટીમાં દલિત-બહુજન રિસર્ચ સ્કોલરના શોષણનો આરોપ, આઠ મહિનાથી ન્યાયની આશામાં ભટકતા વિદ્યાર્થીઓ

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૩

વર્ધા સ્થિત મહાત્મા ગાંધી ઈન્ટરનેશનલ હિન્દી યુનિવર્સિટી છેલ્લાં કેટલાક સમયથી વિવાદોમાં છે. પૂર્વ વાઈસ ચાન્સેલર રજનીશ શુક્લાની વિવાદાસ્પદ ભૂમિકા પછી યુનિવર્સિટીમાં અનેક વિવાદો સામે આવ્યા છે.અહીંના દલિત અને બહુજન વર્ગના વિદ્યાર્થીઓ પ્રત્યે વહીવટીતંત્રના કથિત ભેદભાવપૂર્ણ વલણ અને તાનાશાહી નિર્ણયોએ યુનિવર્સિટીની છબીને ઊંડે સુધી અસર કરી છે. તાજેતરમાં, ૨૭ જાન્યુઆરી ૨૦૨૪ ના રોજ, જ્યારે ગેરકાયદેસર રીતે નિયુક્ત કાર્યકારી વાઈસ ચાન્સેલર ભીમરાવ મેત્રીનો વિરોધ કર્યો, ત્યારે યુનિવર્સિટી પ્રશાસને ત્રણ રિસર્ચ સ્કોલર સહિત બે વિદ્યાર્થીઓને તેમનો પક્ષ સાંભળ્યા વિના સરમુખત્યારશાહી રીતે સસ્પેન્ડ કરી અને હાંકી કાઢ્યા. ગયા વર્ષે ઓગસ્ટ ૨૦૨૩ માં તત્કાલિન કુલપતિ રજનીશ શુક્લા પર મોટા પાયે ભ્રષ્ટાચારનો આરોપ લાગ્યો હતો. તેના પર ૫૦ થી વધુ શિક્ષકોની નિમણૂંકમાં છેડછાડ અને નોકરી આપવાના નામે મહિલા શિક્ષકોનું યૌન શોષણ કરવાનો આરોપ હતો. આ સાથે તેના લગ્નેતર સંબંધોના અહેવાલો પણ સામે આવ્યા હતા, જેના કારણે યુનિવર્સિટીનું વાતાવરણ અશાંત બની ગયું હતું. આ આરોપોને કારણે વધતા વિદ્યાર્થીઓના આંદોલન અને વિરોધના દબાણ



હેઠળ, વાઈસ ચાન્સેલર શુક્લાએ ૧૪ ઓગસ્ટ ૨૦૨૩ ના રોજ રાજીનામું આપ્યું. શુક્લાના રાજીનામા પછી, યુનિવર્સિટીએ પ્રોફેસર લૈલા કારૂણ્યકારાને યુનિવર્સિટી એક્ટ હેઠળ કાર્યકારી વાઈસ ચાન્સેલર તરીકે નિયુક્ત કર્યા. પ્રોફેસર કારુણ્યાકરને તેમની દલિત અને આંબેડકરવાદી વિચારધારાને કારણે યુનિવર્સિટીના સામંતવાદી શિક્ષકો અને કેન્દ્ર સરકારના અધિકારીઓ તરફથી આકરી ટીકાઓનો સામનો કરવો પડ્યો હતો. પરિણામે, કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયના હસ્તક્ષેપથી પ્રોફેસર કારૂણ્યાકરને ૨૦ ઓક્ટોબર,૨૦૨૩ ના રોજ પદ પરથી દૂર કરવામાં આવ્યા હતા અને IIM નાગપુર (મહારાષ્ટ્ર)ના ડિરેક્ટર ડૉ. ભીમરાય મેત્રીને કાર્યકારી કુલપતિ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. આ નિમણૂંક યુનિવર્સિટી અધિનિયમ-૧૯૯૬નું સ્પષ્ટ ઉલ્લંઘન હતું. પ્રોફેસર કારૂણ્યકારાએ આ ગેરકાયદેસર નિમણૂંક સામે બોમ્બે હાઈકોર્ટની નાગપુર બેંચમાં અરજી દાખલ કરી હતી. સુનાવણી દરમિયાન કેન્દ્ર સરકારના ડેપ્યુટી સોલિસિટર જનરલે સ્વીકાર્યું કે ભીમરાઈ મેત્રીની નિમણૂંક નિયમો અનુસાર નથી અને તેને પાછી ખેંચી લેવાની ભલામણ કરવામાં આવશે. આ સ્થિતિએ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને વર્તમાન કાર્યકારી કુલપતિ સામે વિરોધ કરવા માટે પ્રેરિત કર્યા હતા. વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું કે, ગેરકાયદેસર રીતે નિયુક્ત કરાયેલા કુલપતિ દ્વારા ધ્વજ ફરકાવવો એ માત્ર યુનિવર્સિટી એક્ટનું ઉલ્લંઘન નથી પરંતુ રાષ્ટ્રધ્વજનું પણ અપમાન છે. આખરે, અરજીની સુનાવણી અને ચુકાદો આપતા, માનનીય ન્યાયાધીશે કુલપતિની નિમણૂંકને ગેરકાયદેસર જાહેર કરી. ૨૬ જાન્યુઆરી,૨૦૨૪ ના રોજ, પ્રજાસત્તાક દિવસની ઉજવણી દરમિયાન, વિદ્યાર્થીઓએ વાઈસ ચાન્સેલર મેત્રીના ધ્વજ ફરકાવા સામે વિરોધ કર્યો. રાજેશ કુમાર યાદવ અને ડૉ. રજનીશ કુમાર આંબેડકરે સમારંભ દરમિયાન તેમના પર ગેરકાયદેસર વીસી ગો બેક લખેલા કાળા કપડાં બતાવ્યા. આ વિરોધ વિદ્યાર્થીઓની હિંમત અને વહીવટી અન્યાય સામેનો તેમનો સંકલ્પ દર્શાવે છે. વહીવટીતંત્રે તરત જ કાર્યવાહી કરી અને પોલીસને બોલાવી, જેણે બંને વિદ્યાર્થીઓની ધરપકડ કરી.જોકે, કાર્યક્રમ પૂરો થયા બાદ તેઓને છોડી દેવામાં આવ્યા હતા. ૨૭ જાન્યુઆરી, ૨૦૨૪ ના રોજ, યુનિવર્સિટી વહીવટીતંત્રે કોઈપણ ઔપચારિક સુનાવણી વિના પાંચ વિદ્યાર્થીઓને હાંકી કાઢ્યા અને સસ્પેન્ડ કર્યા. રાજેશ કુમાર યાદવ, ડૉ. રજનીશ આંબેડકર અને નિરંજન કુમારને પ્રજાસત્તાક દિવસની ઉજવણીમાં ખલેલ પહોંચાડવા અને વાઈસ ચાન્સેલરનું અપમાન કરવા બદલ હાંકી કાઢવામાં આવ્યા હતા. રામચંદ્ર અને વિવેક મિશ્રાને સોશિયલ મીડિયા દ્વારા યુનિવર્સિટીની છબી ખરાબ કરવાના ખોટા આરોપમાં સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. રિસર્ચ સ્કોલર નિરંજન કુમાર અને વિવેકે ગેરકાયદે હકાલપટ્ટી વિરૂદ્ધ હાઈકોર્ટમાં અરજી કરી છે. અરજી પર સુનાવણી કરતી વખતે, બોમ્બે હાઈકોર્ટની નાગપુર બેંચે વિદ્યાર્થીઓને સસ્પેન્ડ કરી અને હાંકી કાઢવા અંગે વહીવટીતંત્રને ઠપકો આપ્યો હતો અને આદેશ આપ્યો હતો કે યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ન્યાયના સિદ્ધાંતોનું ઉલ્લંઘન કરી રહ્યા છે. આ હોવા છતાં, માત્ર વિવેક મિશ્રા અને નિરંજન કુમારની હકાલપટ્ટી પાછી ખેંચી લેવામાં આવી હતી, જ્યારે અન્ય ત્રણ હાંકી કાઢવામાં આવેલા વિદ્યાર્થીઓ હજુ પણ ન્યાયની આશામાં સંઘર્ષ કરી રહ્યા છે. વિદ્યાર્થીઓએ છેલ્લાં આઠ મહિનામાં અનેક વખત એક્ઝિક્યુટિવ વાઈસ ચાન્સેલર કે.કે. સિંઘ અને એક્ઝિક્યુટિવ રજિસ્ટ્રાર આનંદ પાટીલને ઈમેલ અને વોટ્સએપ દ્વારા ગેરકાયદેસર સસ્પેન્શન અને હકાલપટ્ટી વિરૂદ્ધ રજૂઆત કરી હતી, પરંતુ યુનિવર્સિટી પ્રશાસને આ ફરિયાદો પર કોઈ પગલાં લીધાં નથી. વિદ્યાર્થીઓએ વિવિધ સંબંધિત સંસ્થાઓમાં તેમની ફરિયાદો પણ નોંધાવી છે, પરંતુ હજુ સુધી આ આઠ મહિનામાં હકાલપટ્ટી પાછી ખેંચવા માટે કોઈ નક્કર પગલાં લેવામાં આવ્યા નથી. નાણાંકીય ગેરરીતિ અને અન્ય ગંભીર આરોપો ધરાવતા પૂર્વ એક્ઝિક્યુટિવ રજિસ્ટ્રાર ધર્વેશ કથેરિયાને તેમના પદ પરથી હટાવી દેવામાં આવ્યા છે. તેમ છતાં તેમની સામે કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી અને કોઈ તપાસ સમિતિની રચના કરવામાં આવી નથી. આ ઘટનાઓ યુનિવર્સિટીની વહીવટી બેદરકારી અને ગેરવહીવટને ઉજાગર કરે છે, જે વિદ્યાર્થીઓ અને કર્મચારીઓના અધિકારો પ્રત્યે ઉદાસીનતાનો સ્પષ્ટ સંકેત છે. વિદ્યાર્થીઓને હાંકી કાઢવા અને સસ્પેન્ડ કરવાના કેસમાં કોર્ટની અવમાનના અને વહીવટી ગેરરીતિઓએ યુનિવર્સિટીની કામગીરી પર ગંભીર સવાલો ઊભા કર્યા છે. પૂર્વ એક્ઝિક્યુટિવ રજિસ્ટ્રાર-ડીન ધર્વેશ કથેરિયા, જેમની પર નાણાંકીય ગેરરીતિઓ, વિદ્યાર્થીઓ અને કર્મચારીઓની હેરાનગતિનો આરોપ છે, તેમને રજિસ્ટ્રાર પદેથી દૂર કરવામાં આવ્યા હતા. પરંતુ, આદેશ મુજબ, હજુ સુધી કોઈ તપાસ સમિતિની રચના કરવામાં આવી નથી અને કથેરિયા સામે કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી. ધર્વેશ કથેરિયા પર અગાઉ પણ વાઈસ ચાન્સેલર રજનીશ શુક્લાના કાર્યકાળ દરમિયાન યુનિવર્સિટીની છબી ખરડવાનો અને યુનિવર્સિટી વિરોધી પ્રવૃત્તિઓમાં સામેલ હોવાનો આરોપ લાગ્યો હતો, જેના કારણે તેમને સસ્પેન્ડ પણ કરવામાં આવ્યા હતા. આમ છતાં ગેરકાયદેસર રીતે નિમાયેલા કુલપતિ ભીમરાવ મેત્રીએ કોઈ પણ જાતની તપાસ કે નિષ્કર્ષ વગર કથેરિયાને રજિસ્ટ્રાર-પ્રોક્ટરનો ચાર્જ સોંપી દીધો હતો. આ અરાજકતાએ વહીવટીતંત્રની કામગીરી પર વધુ સવાલો ઉભા કર્યા છે અને તે દર્શાવે છે કે યુનિવર્સિટીમાં પારદર્શિતા અને જવાબદારીનો ગંભીર અભાવ છે. તેમની માંગણીઓમાં, વિદ્યાર્થીઓએ યુનિવર્સિટી વહીવટીતંત્ર પાસેથી ન્યાયી અને પારદર્શક તપાસની માંગ કરી છે. તેમનું કહેવું છે કે, દોષિત અધિકારીઓ સામે કડક કાર્યવાહી થવી જોઈએ અને તેમની ગેરકાયદેસર હકાલપટ્ટી તાત્કાલિક અસરથી પાછી ખેંચી લેવામાં આવે. આ ઉપરાંત વિદ્યાર્થીઓએ યુનિવર્સિટી પ્રશાસન પાસે માંગણી કરી છે કે ભવિષ્યમાં આવા કોઈ તાનાશાહી નિર્ણય લેતા પહેલા વિદ્યાર્થીઓનો અવાજ સાંભળવામાં આવે અને તમામ કાર્યવાહી નિયમ મુજબ કરવામાં આવે.

# મેરઠના શિક્ષકે દલિત છોકરાને માર મારતાં સસ્પેન્ડ કરવામાં આવ્યો

(એજન્સી) લખનૌ, તા.૧૩

મંગળવારના રોજ મેરઠની સરકારી જુનિયર હાઈસ્કૂલમાં ૧૩ વર્ષના દલિત વિદ્યાર્થીને કથિત રીતે માર મારવા બદલ એક શિક્ષક પર આરોપ મૂકી સસ્પેન્ડ કરવામાં આવ્યો હતો. ૩૦ વર્ષીય વિકેશ કુમાર સિંહે કથિત રીતે વર્ગ દરમિયાન છોકરાને લાકડીઓ વડે માર માર્યો હતો, જેનાથી તેના ચહેરા અને પીઠ પર ઉઝરડા પડ્યા હતા. શનિવારે બનેલી આ ઘટનાએ વિદ્યાર્થીની ઈજાના ફોટા ઓનલાઈન સામે આવ્યા બાદ ધ્યાન ખેંચ્યું હતું. બેઝિક શિક્ષા અધિકારી (BSA), આશા ચૌધરી દ્વારા આંતરવિભાગીય તપાસ બાદ સિંહને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા, જેમાં તે હુમલા માટે જવાબદાર હોવાનું જણાયું હતું. વિદ્યાર્થીના પિતા ચરણ સિંહે ફરિયાદ નોંધાવી હતી અને આરોપ લગાવ્યો હતો કે ભવાનપુર



પોલીસ સ્ટેશનના અધિકારીઓએ શરૂઆતમાં એફઆઈઆર દાખલ કરવાનો ઈનકાર કર્યો હતો. ત્યારબાદ તેણે મેરઠના SSP, વિપિન ટાડાનો સંપર્ક કર્યો, જેમણે પોલીસને કેસ દાખલ કરવા અને વધુ તપાસ કરવાનો આદેશ આપ્યો. એસપી (ગ્રામીણ), રાકેશ કુમાર મિશ્રાએ જણાવ્યું હતું કે, BNS કલમ ૧૧૫(૨) (સ્વૈચ્છિક રીતે ઈજા પહોંચાડવી) અને કલમ ૩૫૨ BNS (ઉશ્કેરવાના ઈરાદાથી ઈરાદાપૂર્વક અપમાન) અને SC/ST એક્ટની જોગવાઈઓ હેઠળ એફઆઈઆર દાખલ કરવામાં આવી છે. તપાસ હવે સર્કલ ઓફિસર હેઠળ છે. ચૌધરીએ તપાસના તારણોને સમર્થન આપતાં કહ્યું કે, રાજપુરાના બ્લોક એજ્યુકેશન ઓફિસરે તપાસની આગેવાની કરી હતી અને શિક્ષક દોષિત હોવાનું જણાયું હતું. જો કે શિક્ષકે આરોપો પાયાવિહોણા હોવાનો દાવો કર્યો હતો. હું ધોરણ ૮ ભણાવતો હતો જ્યારે મને કહેવામાં આવ્યું કે, ધોરણ ૭ ના બે વિદ્યાર્થીઓ લડી રહ્યા છે. મેં તેમને બેસવા કહ્યું પણ કોઈને શારીરિક રીતે સજા ન આપી. ચરણ સિંહે શિક્ષકની જવાબદારી પર સવાલ ઉઠાવતા કહ્યું, જો શિક્ષકે મારા પુત્રને માર્યો ન હતો, તો કોણે માર્યો. તેને તે ઉઝરડા કેવી રીતે મળ્યા.તે ખોટું બોલે છે. મારો પુત્ર હજુ પણ શાળાએ જતા ડરે છે.

‘ઉલટી ગિનતી શુરૂ’ : BCCI

# બાંગ્લાદેશને ધૂળ ચટાડવા માટે ટીમ ઈન્ડિયાએ તૈયારી શરૂ કરી

**એક મહિનાના બ્રેક બાદ ટીમ ઈન્ડિયા મેદાનમાં પરત ફરી, કોહલીએ ૪૫ મિનિટ બેટિંગ પ્રેક્ટિસ કરી**



ચેન્નાઈ, તા.૧૩

ભારતીય ટીમે શુક્રવારથી ચેન્નાઈમાં બાંગ્લાદેશ વિરુદ્ધ રમાનારી બે મેચની ટેસ્ટ સિરીઝ માટે તૈયારી શરૂ કરી દીધી છે. આ દરમ્યાન રોહિત શર્માના નેતૃત્વવાળી ટીમ પહેલીવાર નવા કોચિંગ સ્ટાફને પણ મળી. ભારતીય ટીમના ખેલાડીઓ લગભગ એક મહિનાના લાંબા બ્રેક બાદ ચેન્નાઈમાં ટ્રેનિંગ કેમ્પમાં એકત્રિત થયા છે. બાંગ્લાદેશ વિરુદ્ધ પ્રથમ ટેસ્ટ ૧૯ સપ્ટેમ્બરે રમાશે. બીસીસીઆઈએ પ્રથમ દિવસની પ્રેક્ટિસની તસવીરો શેર કરતા લખ્યું કે, ‘ઉલટી ગિનતી શુરૂ.’ ટીમ ઈન્ડિયાએ રોમાંચક ઘરેલુ સિઝન માટે તૈયારી શરૂ કરી દીધી છે. તસવીરમાં બતાવ્યું છે કે, પૂરી ટીમ ગંભીર, સહયોગી સ્ટાફ અને કપ્તાન રોહિતને ધ્યાનથી સાંભળી રહી છે. આ પહેલા યલો ટી-શર્ટમાં રોહિત સુરક્ષાકર્મીઓની હાજરીમાં એરપોર્ટથી બહાર નીકળ્યો. જ્યારે વિરાટ લંડનથી સીધો અહિંયા પહોંચ્યો છે. બુમરાહ, કે.એલ. રાહુલ, રિષભ પંત ગુરૂવારે જ અહિંયા પહોંચી ગયા હતા. ખેલાડી એક મહિનાના બ્રેક બાદ મેદાનમાં પરત ફરશે. ઓગસ્ટમાં શ્રીલંકા વિરુદ્ધ વન-ડે સિરીઝમાં ભારતને પરાજયનો સામનો કરવો પડ્યો હતો. નવા કોચ ગૌતમ ગંભીર સાથે આ પ્રથમ ટેસ્ટ સિરીઝ છે. બાંગ્લાદેશે હાલમાં જ પાકિસ્તાનને ટેસ્ટ સિરીઝમાં ૨-૦થી હરાવ્યું છે. આ સિરીઝ વિશ્વ ટેસ્ટ ચેમ્પિયનશીપ ચક્રનો હિસ્સો છે. ભારતે આના બાદ ન્યુઝીલેન્ડ સામે ત્રણ ટેસ્ટ મેચોની સિરીઝ અને ઓસ્ટ્રેલિયામાં પાંચ મેચોની બોર્ડર ગાવસ્કર સિરીઝ રમવાની છે.

પ્રથમ પ્રેક્ટિસ સેશન દરમ્યાન ચેમ્પિયન બેટ્સમેન વિરાટ કોહલીએ નેટ પર ૪૫ મિનિટ સુધી બેટીંગ પ્રેક્ટિશ કરી હતી. જ્યારે ઝડપી બોલર જસપ્રીત બુમરાહે પણ જોરદાર બોલિંગ પ્રેક્ટિસ કરી હતી.

# સચિનનો ફાસ્ટેસ્ટ ૨૭,૦૦૦ રનનો રેકોર્ડ તોડવા કોહલીને ૫૮ રનની જરૂર

### કોહલી ૧૪૭ વર્ષના ક્રિકેટ ઈતિહાસમાં ૬૦૦થી ઓછી ઈનિંગમાં ૨૭,૦૦૦ રન સુધી પહોંચનાર વિશ્વનો પ્રથમ ક્રિકેટર બની જશે

નવી દિલ્હી, તા.૧૩

ટીમ ઈન્ડિયાના હેડ કોચ ગૌતમ ગંભીરે ભારતના દિગ્ગજ બેટ્સમેન વિરાટ કોહલીને શહેનશાહ ગણાવ્યો છે અને કોહલીના રેકોર્ડ કોચની વાતનું સમર્થન પણ કરે છે. હાલમાં જ ભારતીય ટીમને બાંગ્લાદેશ વિરુદ્ધ બે મેચોની ટેસ્ટ સિરીઝ રમવાની છે. આ સિરીઝમાં કોહલી પાસે મહાન સચિન તેન્ડુલકરનો રેકોર્ડ તોડવાની તક છે. આંતરરાષ્ટ્રીય લેવલે સૌથી ઝડપી ૨૭,૦૦૦ રન બનાવવાનો રેકોર્ડ સચિન તેન્ડુલકરના નામે છે. સચિન ટેસ્ટ, વન-ડે અને ટી-૨૦ મળીને કુલ ૬૨૩ ઈનિંગ બાદ આ આંકડા પર પહોંચ્યા હતા. સચિનનો આ રેકોર્ડ તોડવા કોહલીને માત્ર ૫૮ રનની જરૂર છે. હાલ તે ટીમ ઈન્ડિયા માટે ૫૯૧ ઈનિંગ રમ્યો છે અને ૨૬,૯૪૨ રન બનાવ્યા છે. સચિનનો આ રેકોર્ડ તોડવાની કોહલી પાસે પૂરતી તક છે. સચિનનો રેકોર્ડ તોડતા જ કોહલી ઈન્ટરનેશનલ ક્રિકેટના ૧૪૭ વર્ષના ઈતિહાસમાં ૬૦૦થી ઓછી ઈનિંગમાં ૨૭,૦૦૦ રન સુધી પહોંચનાર પ્રથમ ક્રિકેટર બની જશે. સચિન ઉપરાંત રિકી પોન્ટિંગ અને કુમાર સંગાકારાએ પણ ઈન્ટરનેશનલ ક્રિકેટમાં ૨૭,૦૦૦થી વધુ રન બનાવ્યા છે.

# સગીર બહેનો પર સામૂહિક બળાત્કારનો મામલો ઉત્તેજિત થયો, હવે દલિત સમાજ ઉગ્ર વિરોધ કરશે

(એજન્સી)

નવી દિલ્હી, તા.૧૩

હનુમાનગઢ જિલ્લાના સાંગારિયા પોલીસ સ્ટેશન વિસ્તારમાં લગભગ ૩૦ દિવસ સુધી બે સગીર બહેનો પર સામૂહિક બળાત્કાર ગુજારવાના મામલામાં મહિલા જનવાદી સંગઠને એસપી ઓફિસ સામે વિરોધ પ્રદર્શન કર્યું હતું અને એસપીનું પૂતળું બાળ્યું હતું. તેમજ જો તેમની માંગણીઓ નહી સંતોષાય તો આગામી ૧૭મીએ ઉગ્ર આંદોલન કરવામાં આવશે તેવી ચીમકી પણ આપી હતી. નોંધનીય છે કે વિવિધ દલિત સંગઠનો છેલ્લાં ૯ દિવસથી પોતાની માંગણીઓને લઈને એસપી ઓફિસની સામે વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. ધરણા પર બેઠેલા લોકોની માંગ છે કે આરોપીઓને જલ્દી પકડવામાં આવે. આરોપીઓના ઘર પર બુલડોઝર ચલાવવું જોઈએ. પીડિત બહેનોને ૧૮ વર્ષ પછી સરકારી નોકરી અને ૧૮ વર્ષ સુધી તેમની સુરક્ષા અને શિક્ષણની જવાબદારી, પીડિત બહેનોના પરિવારજનો સાથે ગેરવર્તન અને મારપીટ કરનાર સાંગારિયા એસએચઓ અને મહિલા કોન્સ્ટેબલને બરતરફ કરવામાં આવે. જો કે, સાંગરિયા પોલીસે આ કેસમાં



કુલ ૭ આરોપીઓની ધરપકડ કરી છે, પરંતુ નાની બહેને ૯ અને મોટી બહેને ૨૨ના નામ આપ્યા છે. બીજી તરફ સરકાર વતી આજે ૧૧માં દિવસે રાજસ્થાન અનુસૂચિત જાતિ આયોગ અધ્યક્ષ રાજેન્દ્રકુમાર નાયક વિરોધ સ્થળ પર પહોંચ્યા હતા. જ્યારે તેને પોલીસ પ્રશાસનની બેદરકારી વિશે પૂછવામાંઆવ્યુંત્યારેતેછટકી ગયો અને પોલીસ પ્રશાસનનો બચાવ કરતો જોવા મળ્યો. તે જ સમયે, રાજસ્થાન અનુસૂચિત જાતિ નાણાં અને વિકાસ આયોગના અધ્યક્ષ રાજેન્દ્ર નાયકે પીસી યોજીને કહ્યું કે, રાજ્ય સરકાર સંવેદનશીલ છે. પીડિત છોકરીઓ અને પરિવારની સામાજિક સુરક્ષા, શિક્ષણ અને રોજગાર માટે શક્ય તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. રાજ્ય સરકાર અને જિલ્લા વહીવટીતંત્ર સંપૂર્ણ રીતે પરિવાર સાથે ઉભું છે. પીડિત બહેનોના પિતાને કોન્ટ્રાક્ટ પર નોકરી, યુવતીઓને ૮.૨૫ લાખની મદદ, દોષિત પોલીસ અધિકારીઓ સામે કડક કાર્યવાહી અને યુવતીઓને સુરક્ષા, શિક્ષણ અને રહેવાની મફત વ્યવસ્થા સહિતની તમામ પ્રક્રિયાઓ શરૂ થઈ ગઈ છે. પરિવારના સભ્યો અને આંદોલનકારી સંગઠનોની માંગણીઓ સ્વીકારવામાં આવી છે. હવે તેઓએ વિરોધ સમાપ્ત કરવો જોઈએ. જો કે, વિરોધ કરી રહેલા સંગઠનો વિરોધ સમાપ્ત કરવા જેવી કોઈ વાત પર સહમત ન હતા.


**રોકાણકાર શૈક્ષણિક અને જાગૃતિ પહેલ**

મ્યુચ્યુઅલ ફંડ્સ વિશે વધુ જાણકારી મેળવવા માટે અમારી સાથે જોડાઓ.

**તારીખ અને સ્થળઃ**

સોમવાર, 16 સપ્ટેમ્બર 2024; સાંજે 6:30 વાગ્યાથી.
હોટેલ લક્ઝુરા, મારુતિ સુઝુકી શો રૂમ આર. બી પાસે, ગોધરા દાહોદ રોડ, ગોધરા – 389 001, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ મયુર ગંગવાણી, મોબાઈલ : 98984 70672.
બુધવાર, 18 સપ્ટેમ્બર 2024; સવારે 11:00 વાગ્યાથી.
ખાસા દૂધ ઉત્પાદક સહકારી મંડળી, ખાસા, પાલનપુર – 385 515, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ સફવાન રાઠોડ, મોબાઈલ : 96628 91934.
નોંધણી ફરજિયાત છે. નોંધણીનો સમય સવારે 9:30 થી સાંજે 5:30 સુધીનો જ રહેશે.
વોક-ઈન્સને મંજૂરી નથી.

Azadi Ka Amrit Mahotsav HDFC MUTUAL FUND BHAROSA APNO KA
An Investor Education and Awareness Initiative

**મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણો બજારનાં જોખમોને અધીન હોય છે, સર્વ યોજના સંબંધી દસ્તાવેજો કાળજીપૂર્વક વાંચો.**



**ગુજરાત રાજ્ય વક્ફ બોર્ડ**

ડો. જીવરાજ મહેતા ભવન, બ્લોક નં. ૮, ભોયતળીયે, જુના સચિવાલય, સેક્ટર-૧૦, ગાંધીનગર.

Established under the Wakf Act, 1995 Constituted by the Government of Gujarat under Wakf Act, 1995 (Central Act-43)

**વક્ફ અધિનિયમ ૧૯૯૫ અને વક્ફ (સુધારા) અધિનિયમ-૨૦૧૩ની કલમ ૩૬**
**વિષય : “પીર ગેબનશાહની દરગાહ વક્ફ”**

ઉપરોક્ત જણાવેલ વક્ફના મુતવલ્લી **સુમરા ફરીદમિયાં લાલુમિયાં, જી. અમદાવાદ** નાઓએ મજકુર વક્ફના ઉદેશો પુર્ણ કરવાના હેતુ માટે પોતાની અંગત માલિકીની મિલકત **સુમરા છોટુમીયાં બચુંમીયાં** + અન્ય, ભડિયાદના એ તેમની પોતાની જમીન વક્ફ (દાન) કરેલ છે. જે નીચે જણાવ્યા મુજબની વિગતો સ્થાવર મિલકત વક્ફ અધિનિયમ ૧૯૯૫ અને વક્ફ (સુધારા) અધિનિયમ-૨૦૧૩ની કલમ-૩૬ હેઠળ નોંધણી કરાવવા માટે નિયત નમુનામાં દરખાસ્ત કરેલ છે. જે મિલકતની વિગત નીચે મુજબ છે.

| પોતાની અંગત મિલકત (દાન) કરનારનું નામ | ગામ/ મુ.પો./ડે. | જિલ્લો અને તાલુકો | મિલકતનો પ્રકાર | સર્વે નં./ મિલકત નં. | ચો.મી. |
|---|---|---|---|---|---|
| સુમરા છોટુમિયાં બચુંમિયાં | મુ.પો. ભડિયાદ, | તા. ધોલેરા, જિ. અમદાવાદ. | ખેતી લાયક જમીન | સર્વે નં.૩૮ જુનો સર્વે નં. ૧૯/૨ | ૦-૫૮-૬૯ પૈકી ૩૭૨ ચો.વાર (દરગાહ) |

ઉપરોક્ત જણાવેલ વાકિફે વક્ફ કરેલ સ્થાવર મિલકત વક્ફ અધિનિયમ ૧૯૯૫ અને વક્ફ (સુધારા) અધિનિયમ-૨૦૧૩ની કલમ ૩૬ અન્વયે નોંધણીની દરખાસ્ત ગુજરાત રાજ્ય વક્ફ બોર્ડ, ગાંધીનગરની વિચારણા હેઠળ હોઈ આ સંબંધે કોઈ વ્યક્તિ કે સંસ્થાના વાંધા સૂચનો હોય તો તે દિન-૭માં ગુજરાત રાજ્ય વક્ફ બોર્ડ, ગાંધીનગરની કચેરીને મળી જાય તે રીતે લેખીતમાં આપવા જણાવવામાં આવે છે. જો કોઈ વાંધા સૂચનો કે રજૂઆત જણાવેલ સમય મર્યાદામાં બોર્ડની કચેરીમાં નહી મળે તો ઉક્ત જણાવેલ વક્ફના વક્ફ અધિનિયમ ૧૯૯૫ અને વક્ફ (સુધારા) અધિનિયમ-૨૦૧૩ની કલમ ૩૬ હેઠળ નોંધણી કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

**સહી/- (એમ. એ. શેખ) કચેરી અધિક્ષક, ગુજરાત રાજ્ય વક્ફ બોર્ડ, ગાંધીનગર.**



**કબજા નોટિસ** (સ્થાવર મિલકત માટે)

(સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૮(૧) સાથે વાંચેલા પરિશિષ્ટ IV મુજબ)

**એડલવાઈસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ**

રિટેલ સેન્ટ્રલ અને રજિસ્ટર્ડ કાર્યાલય : એડલવાઈસ હાઉસ, ઓફ સીએસટી રોડ, કલીના, મુંબઈ-૪૦૦૦૯૮

જ્યારે, મૂળ ધિરાણકર્તાઓએ નીચેની નાણાકીય અસ્કયામતો **એડલવાઈસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ**ને સોંપી છે જે નીચે દર્શાવેલ વિવિધ ટ્રસ્ટીઓ (EARC) તરીકે તેની ક્ષમતામાં કાર્ય કરી રહી છે. અસાઈનમેન્ટ કરારો અનુસાર, SARFAESI એક્ટ, ૨૦૦૨ની કલમ ૫ હેઠળ, EARC એ અસાઈનરના કાર્યક્ષેત્રમાં પ્રવેશ કર્યો છે અને અંતર્ગત સુરક્ષા હિતો, બાંયધરી, વચનો સહિત નાણાકીય અસ્કયામતોના સંદર્ભમાં અસાઈનરના તમામ હક્ક, ટાઈટલ અને હિતો. દેણદારો દ્વારા લેવામાં આવતી નાણાકીય સહાયના સંદર્ભમાં EARCમાં નિહિત છે અને EARC સુરક્ષિત ક્રેડિટર તરીકે તેના તમામ અધિકારોનો ઉપયોગ કરે છે. EARCના અધિકૃત અધિકારી, સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (અધિનિયમ), ૨૦૦૨ હેઠળ અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ નિયમોના (નિયમ ૩) સાથે વાંચેલા સેક્શન ૧૩(૧૨) હેઠળ આપવામાં આવેલી સત્તાના ઉપયોગ માટે , ૨૦૦૨ એ નીચે દર્શાવેલ ડિમાન્ડ નોટિસ જારી કરીને દેણદાર(રો)ને નોટિસમાં દર્શાવેલ રકમની ચુકવણી નોટિસ મળ્યાની તારીખથી ૬૦ દિવસની અંદર કરવા માટે આહ્વાન કર્યું હતું. દેણદારો રકમની ચુકવણી કરવામાં નિષ્ફળ ગયા છે, આથી દેણદારો અને સામાન્ય રીતે લોકોને નોટિસ આપવામાં આવે છે કે **એડલવાઈસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ**ના અધિકૃત અધિકારી હોવાના કારણે નીચે હસ્તાક્ષરિત વ્યક્તિએ આપેલી સત્તાનો ઉપયોગ કરીને અહીં નીચે વર્ણવેલ મિલકતોનો **ભૌતિક કબજો** લઈ લીધો છે. તેને અધિનિયમની કલમ ૧૩ ની પેટા-કલમ (૪) હેઠળ દરેક મિલકત સામે ઉલ્લેખિત તારીખે સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ ના નિયમ ૮ સાથે વાંચો. દેણદારનું ધ્યાન સુરક્ષિત અસ્કયામતો રિડીમ કરવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભમાં કાયદાની કલમ ૧૩ ની પેટા-કલમ (૮) ની જોગવાઈઓ તરફ આમંત્રિત કરવામાં આવે છે. ખાસ કરીને દેણદારને અને સામાન્ય રીતે જાહેર જનતાને આથી સાવચેતી આપવામાં આવે છે કે તે મિલકત સાથે વ્યવહાર ન કરે અને મિલકત સાથેનો કોઈપણ વ્યવહાર નીચે દર્શાવેલ રકમ અને તેના પરના વ્યાજ માટે એડલવાઈસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડના ચાર્જને આધીન રહેશે.

| અસાઈનરનું નામ | ટ્રસ્ટનું નામ | લોન એકા. નં. | દેણદાર અને સહ-દેણદાર(રો)ના નામ | ડિમાન્ડ નોટિસની તારીખ અને રકમ | કબજાની તારીખ | કબજાનો પ્રકાર |
|---|---|---|---|---|---|---|
| મેસર્સ ચોલામંડલમ ઈન્વેસ્ટમેન્ટસ એન્ડ ફાઈનાન્સ કંપની લિમિટેડ (CIFCL) | ઈએઆરસી ટ્રસ્ટ એસસી-૪૮૧ | XOHLAME0 0002359214 | ૧) **શ્રી રાજુભાઈ લક્ષ્મણભાઈ ઠાકોર** (દેણદાર) અને ૨) **શ્રીમતી અંબાબેન લક્ષ્મણભાઈ** (સહ-દેણદાર) | **રૂા.૧૨,૦૧,૪૯૭.૧૪/-** (ફક્ત રૂા. બાર લાખ એક હજાર ચારસો સત્તાણું અને ચૌદ પૈસા માત્ર) **૦૭.૧૨.૨૦૨૩ અને ૧૧.૧૨.૨૦૨૩ મુજબ** | ૦૮.૦૯.૨૦૨૪ | ભૌતિક કબજો |

**સલામત મિલકતનું વર્ણન :-** સ્થાવર મિલકતના તે તમામ ભાગ અને હિસ્સાઓ ધરાવતું ફ્લેટ નં.૨૦૩ના પહેલા માળે, બ્લોક નં.બી-૨૩માં સ્કીમ જાણીતી નામે આ મુજબ “ગ્રીન સિટી” સ્થિત અત્રે બ્લોક નં.૧, એસપી નં.૨, એફપી નં.૧/૧, એફપી નં.૧/૨, મોજે રાણકપુર, તાલુકા : કલોલ, જિલ્લો અને સબ જિલ્લો : ગાંધીનગર (ક્ષેત્રફળ આશરે ૩૩.૫૭ ચો.મીટર સુબા) અને **આ મુજબ ખૂંટ :** ઉત્તર : તરફ ફ્લેટ નં.બી ૨૩/૨૦૪, દક્ષિણ તરફ : અન્ય બ્લોક, પૂર્વ તરફ : રસ્તો અને ફ્લેટ નં.બી૨૩/૨૦૨ , પશ્ચિમ તરફ : આંતરિક રોડ.

**તારીખ : ૦૮.૦૯.૨૦૨૪**
**સ્થળ : ગુજરાત**

**અધિકૃત અધિકારી**
**એડલવાઈસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ**

Edelweiss Asset Reconstruction

# સંશોધન ભંડોળને GSTમાંથી મુક્તિ, નાણાં મંત્રાલય IIT-D અન્ના યુનિવર્સિટીને આપવામાં આવેલી નોટિસ પર કાર્યવાહી નહીં કરે

## GST કાઉન્સિલે તેની ૫૪મી બેઠકમાં યુનિવર્સિટીઓ, કેન્દ્ર અથવા રાજ્ય સરકાર દ્વારા સંચાલિત સંશોધન કેન્દ્રો અથવા આવકવેરામાંથી મુક્તિ મેળવનારાઓને સંશોધન અનુદાન પર GST ચૂકવવામાંથી મુક્તિ આપી છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૩

મીડિયા અનુસાર,GST કાઉન્સિલે કેન્દ્ર અને રાજ્ય-શાસિત ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓને તેમના સંશોધન ભંડોળ પર GST ચૂકવવામાંથી મુક્તિ આપવાનો નિર્ણય લેતા, IIT-દિલ્હી, અન્ના યુનિવર્સિટી અને પંજાબ યુનિવર્સિટી સહિત કેટલીક અગ્રણી સંસ્થાઓને તેમની બાકી GST ચૂકવણી અંગે અગાઉ જારી કરવામાં આવેલ નોટિસ પર કાર્યવાહી કરવામાં આવશે નહીં. ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી) કાઉન્સિલે તેની ૫૪મી બેઠકમાં કેન્દ્ર અથવા રાજ્ય સરકાર દ્વારા સંચાલિત યુનિવર્સિટીઓ અને સંશોધન કેન્દ્રોને, અથવા જેઓને આવકવેરામાંથી મુક્તિ આપવામાં આવી છે તેમને સંશોધન અનુદાન પર GST ચૂકવવાથી મુક્તિ આપવાનો નિર્ણય કર્યો છે. આ મુક્તિ સરકાર તેમજ ખાનગી ક્ષેત્ર બંને તરફથી પ્રાપ્ત સંશોધન અનુદાન માટે છે. અત્યાર સુધી, તેઓએ તેમના સંશોધન ભંડોળ પર ૧૮ ટકા GST ચૂકવવો પડતો હતો. દેશની અનેક શૈક્ષણિક સંસ્થાઓને ડિરેક્ટોરેટ જનરલ ઑફ ગૂડ્ઝ એન્ડ સર્વિસ ટેક્સ ઈન્ટેલિજન્સ દ્વારા તેમને મળેલી રિસર્ચ ગ્રાન્ટ પર GST ન ચૂકવવા બદલ કારણ બતાવો નોટિસ જારી કર્યાના એક મહિના બાદ આ નિર્ણય આવ્યો છે. IIT-દિલ્હીને ૧૨૦ કરોડ રૂપિયાની નોટિસ મળી હતી, જ્યારે તમિલનાડુની અન્ના યુનિવર્સિટીને ૨૦૧૭-૧૮ અને ૨૦૨૧-૨૨ વચ્ચેના સમયગાળા દરમિયાન પ્રાપ્ત સંશોધન અનુદાન માટે ૩૬ કરોડ રૂપિયાની નોટિસ મળી હતી. જેના પગલે કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયે હસ્તક્ષેપ કરીને નાણા મંત્રાલય સાથે વાતચીત શરૂ કરી હતી. મહેસૂલ વિભાગના અધિકારીઓના જણાવ્યા અનુસાર, GST કાઉન્સિલનો નિર્ણય 'જેમ છે, જ્યાં છે'ના આધારે ભૂતકાળના કેસોને ધ્યાનમાં લેશે. વિભાગના એક અધિકારીએ નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે, "આનો અર્થ એ છે કે જે કંપનીઓએ પહેલેથી જ તેમને મળેલી ગ્રાન્ટ પર GST ચૂકવી દીધો છે તેમને રિફંડ મળશે નહીં. પરંતુ જે કંપનીઓએ અત્યાર સુધી ચૂકવણી કરી નથી, તેઓએ ચૂકવણી કરવાની જરૂર રહેશે નહીં,". અધિકારીએ ઉમેર્યું કે, આ અગાઉના ફેરફારથી અલગ છે જેનો અર્થ એવો થતો હતો



કે જે કંપનીઓએ GST ચૂકવ્યો છે તેમને રિફંડ મળશે. 'અને સંભવિત ફેરફારથી પણ અલગ છે, જ્યાં ભૂતકાળમાં નોટિસ મેળવનાર તમામ કંપનીઓએ બાકી રકમ ચૂકવવી પડશે.' શિક્ષણ મંત્રાલયના અધિકારીઓએ જણાવ્યું હતું કે તેઓને નાણા મંત્રાલય તરફથી હજુ સુધી કોઈ સૂચના મળી નથી કારણ કે તેઓ એવું પણ માને છે કે ઘણી ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓને આપવામાં આવેલી નોટિસ હવે રદબાતલ રહેશે. સંશોધન ઈકોસિસ્ટમ માટે મોટી રાહત કારણ બતાવો નોટિસ મેળવનાર ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓના અધિકારીઓએ GST કાઉન્સિલના નિર્ણયને 'મોટી રાહત' ગણાવી હતી. IIT-દિલ્હીના ડિરેક્ટર રંગન બેનર્જીએ જણાવ્યું હતું કે, 'અસરકારક રીતે તેનો અર્થ વધુ સંશોધન ભંડોળ છે. સરકાર સંશોધનને સમર્થન આપી રહી છે તે હકીકતની સ્વીકૃતિ છે. જ્યારે અમે સંશોધનને સમર્થન આપીએ છીએ ત્યારે તે કર પ્રાયોજિત સંશોધનનો અર્થ નથી કારણ કે સંશોધનનો હેતુ સાર્વજનિક હિત છે. તેથી, આ મુક્તિ એ વિચારપૂર્વકનો નિર્ણય છે. તે જાહેર સંસ્થાઓ માટે અને ખાસ કરીને અમારા માટે એક મોટી રાહત છે અન્ના યુનિવર્સિટીના સેન્ટર ફોર સ્પોન્સર્ડ રિસર્ચ એન્ડ કન્સલ્ટન્સીના ડાયરેક્ટર શિવકુમારે જણાવ્યું હતું કે રિસર્ચ ફંડિંગ પર GST ચૂકવવાનું કહેવામાં આવે તે શરૂઆત કરવા માટે યોગ્ય અભિગમ નથી. તેમણે મીડિયાને જણાવ્યું કે, "તે એટલા માટે છે કારણ કે અમને વિવિધ મંત્રાલયો પાસેથી ભંડોળ મળે છે અને અમને GST કારણ બતાવો નોટિસ મળવી ન જોઈએ. અમને હવે આવા ઘટકોમાંથી સંપૂર્ણપણે મુક્તિ આપવામાં આવી છે. અમારી એક સંશોધન સંસ્થા છે અને અમે તેને નફા માટે ચલાવતા નથી. જો સંશોધન ભંડોળ પર જ GST ચાર્જ કરવામાં આવે તો સંશોધન ઈકોસિસ્ટમને પ્રોત્સાહન આપી શકાય નહીં". 'ટેક્સ ટેરરિઝમ' અને કેન્દ્રનો જવાબ AAP નેતા અને દિલ્હીના શિક્ષણ મંત્રી આતિશીએ આ મુદ્દો ઉઠાવ્યો હતો અને તેને 'ટેક્સ ટેરરિઝમ' ગણાવ્યો હતો. તેમણે મીડિયાને જણાવ્યું હતું કે, "દિલ્હી સરકાર, પંજાબ સરકાર અને આમ આદમી પાર્ટી સતત આ મુદ્દો ઉઠાવી રહી છે કે જે શૈક્ષણિક સંસ્થાઓને સંશોધન અનુદાન મળે છે તેમના પર GST ના લાગવો જોઈએ. તેના પર GST લાદવો એ ટેક્સ ટેરરિઝમ સમાન છે અને અમે ખુશ છીએ કે કેન્દ્ર સરકાર તેમજ તમામ રાજ્ય સરકારો આ માટે સંમત થયા છે...". જો કે, GST કાઉન્સિલની મળેલી બેઠક બાદની પ્રેસ કોન્ફરન્સ દરમિયાન, કેન્દ્રીય નાણાપ્રધાન નિર્મલા સીતારમણે સ્પષ્ટતા કરી હતી કે નોટિસોને 'ટેક્સ ટેરરિઝમ' કહી શકાય નહીં, તેના બદલે એવી દલીલ કરી હતી કે તે અધિકારીઓ દ્વારા મોકલવામાં આવી હતી જેઓ તેમનું કામ યોગ્ય રીતે કરવા માંગતા હતા, કારણ કે કેટલાક સંશોધન ભંડોળમાં એક ઘટક હતો જેને 'ક્વિડ પ્રો ક્વો ગોઠવણ' તરીકે ગણી શકાય.

# રેલવે જોબ એલર્ટ : ૧૧,૫૫૮ ખાલી જગ્યાઓ માટે અરજીઓ કરી શકાશે; કોને વયમર્યાદામાં છૂટ મળે છે, તપાસો...

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૩

રેલવે ભરતી બોર્ડ (RRB) RRB NTPC ભરતી ૨૦૨૪માં ૧૧,૫૫૮ નવી જગ્યાઓની રજૂઆત સાથે સરકારી નોકરી શોધનારાઓ માટે એક મહાન તક પ્રદાન કરવા માટે તૈયાર છે. અરજીઓ ૧૪ સપ્ટેમ્બરના રોજથી સ્વીકારવામાં આવશે. ઉમેદવારો અરજી કરવાની તૈયારી કરતા હોવાથી, વિવિધ કેટેગરી માટે ઉપલબ્ધ વિવિધ છૂટછાટોને સમજવી જરૂરી છે. સરકારી નોકરીઓ ઘણીવાર વિવિધ કેટેગરીઓ માટે રાહતો સાથે આવે છે, જેમ કે અનુસૂચિત જાતિ (SC), અનુસૂચિત જનજાતિ (ST), અને અન્ય પછાત વર્ગો (OBC) ઉમેદવારો, જેઓ વય છૂટછાટ અને અન્ય લાભો માટે પાત્ર છે. RRB NTPC ભરતી અભિયાનમાં બે પ્રકારની ખાલી જગ્યાઓનો સમાવેશ થાય છે : એક સ્નાતક સ્તરના ઉમેદવારો માટે અને બીજી ઉપસ્નાતક સ્તરના ઉમેદવારો માટે. સ્નાતક ડિગ્રી ધરાવતા લોકો માટે ૮,૧૧૩ પદો અને ધોરણ ૧૨નું શિક્ષણ ધરાવતા લોકો માટે ૩,૪૪૫ જગ્યાઓ ઉપલબ્ધ છે. સ્નાતક સ્તરની જગ્યાઓ માટેની અરજીઓ ૧૪ સપ્ટેમ્બરના રોજ ખુલશે, જ્યારે ઉપસ્નાતક સ્તરની જગ્યાઓ માટેની અરજી પ્રક્રિયા ૨૧ સપ્ટેમ્બરથી શરૂ થશે. ૧૮ અને ૩૬ વર્ષની વચ્ચેની ઉંમરના ઉમેદવારો સ્નાતક-સ્તરની પોસ્ટ માટે અરજી કરવા પાત્ર છે, જ્યારે ૧૮ અને ૩૩ વર્ષની વચ્ચેની ઉંમરના ઉમેદવારો ઉપસ્નાતક લેવલની જગ્યાઓ માટે અરજી કરી શકે છે. RRB NTPC એ જુનિયર ક્લાર્ક-કમ-ટાઈપિસ્ટ, એકાઉન્ટ્સ ક્લાર્ક-કમ-ટાઈપિસ્ટ, ટ્રેન ક્લાર્ક, કોમર્શિયલ-કમ-




ટિકિટ ક્લાર્ક, ગુડ્સ ટ્રેન મેનેજર, ચીફ કોમર્શિયલ-કમ-ટિકિટ સુપરવાઈઝર, સિનિયર ક્લાર્ક કમ-ટાઈપિસ્ટ, જુનિયર એકાઉન્ટ આસિસ્ટન્ટ-કમ-ટાઈપિસ્ટ અને સ્ટેશન માસ્ટર સહિત વિવિધ જગ્યાઓ માટે ભરતીની જાહેરાત કરી છે. RRB NTPC ભરતી માટે, વિવિધ કેટેગરીના ઉમેદવારો માટે વયમાં છૂટછાટ ઉપલબ્ધ છે. OBC ઉમેદવારોને ત્રણ વર્ષની ઉંમરમાં છૂટછાટ મળશે, જ્યારે SC અને ST અરજદારો વયમાં પાંચ વર્ષ સુધીની છૂટછાટ માટે પાત્ર છે. પર્સન્સ વિથ ડિસેબિલિટી (PwD) જનરલ કેટેગરીના ઉમેદવારોને ૧૦ વર્ષની ઉંમરમાં છૂટછાટ મળશે, જ્યારે OBC PwD ઉમેદવારોને ૧૩ વર્ષની છૂટછાટ મળશે, અને PwD SC/ST ઉમેદવારોને ૧૫ વર્ષ સુધીની છૂટછાટ આપવામાં આવશે. વધુમાં, જમ્મુ અને કાશ્મીરના રહેવાસીઓ અને મહિલાઓ માટે વયમાં છૂટછાટ પણ આપવામાં આવી છે. SC, ST, ભૂતપૂર્વ સૈનિકો, દિવ્યાંગ (ખાસ વિકલાંગ), મહિલા, ટ્રાન્સજેન્ડર, લઘુમતી અને આર્થિક રીતે પછાત વર્ગ (EBC) કેટેગરીના ઉમેદવારોએ શરૂઆતમાં ૨૫૦ રૂપિયાની અરજી ફી ચૂકવવાની રહેશે. જો કે, જ્યારે તેઓ તેમના કમ્પ્યુટર-આધારિત પરીક્ષણ (CBT) માટે હાજર થાય છે, ત્યારે આ રકમ પરત કરવામાં આવશે. સામાન્ય કેટેગરીના ઉમેદવારોએ ૫૦૦ રૂપિયાની અરજી ફી ચૂકવવાની જરૂર પડશે. CBT માટે હાજર થયા પછી, બેંક ચાર્જને બાદ કર્યા પછી તેમને ૪૦૦ રૂપિયા પરત કરવામાં આવશે.

# આગ્રાને હેરિટેજ સિટી જાહેર કરવાની માંગ કરતી અરજી કાઢી નાખતી સુપ્રીમ કોર્ટ

## ઐતિહાસિક અને અદ્‌ભુત વારસા ઈમારત તાજમહેલ અને આસપાસના વિસ્તારોના જતન-સુરક્ષા માટે ૧૯૮૪માં થયેલી અરજી અંગેની PIL નકારી કાઢતા જસ્ટિસ અભય ઓકા અને જસ્ટિસ ઉજજલ ભુયાન

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૩

ઐતિહાસિક પ્રેમના પ્રત્યેક સંબંધ વારસાગત ભવ્ય ઈમારત તાજમહાલ જ્યાં છે એ આગ્રારા શહેરને હેરિટેજ સિટી જાહેર કરવાની માંગણી કરતી એક અરજી સુપ્રીમ કોર્ટે આજે નકારી કાઢી હતી. સુપ્રીમનું એવું માનવું છે કે હેરિટેજ સિટી જાહેર કરવાથી પણ આ શહેરને કોઈ ખાસ લાભ મળે એવું અદાલત માનતી નથી. દંતકથા સમાન અબૂતપૂર્વ તાજમહાલ અને તેની આસપાસના વિસ્તારોના નિભાવ સુરક્ષા અને જતન માટે ૧૯૮૪ માં થયેલી એક પીઆઈએલ પર નવી અરજી થઈ હતી જેમાં આગ્રાની હેરિટેજ સિટી જાહેર કરવા સુપ્રીમને વિનંતી કરવામાં આવી હતી પણ આ અરજી જસ્ટિસ અભય ઓકા અને જસ્ટિસ ઉજલ ભુયાનની બેંચ દ્વારા કાઢી નાખવામાં આવી હતી. અદાલત દ્વારા એવો અભિપ્રાય આપવામાં આવ્યો હતો કે આવું કરવાથી શહેરને કોઈ ખાસ વધારાનો દરજ્જો પડી જશે એ દર્શાવતી કોઈ હકીકતો અદાલત સમક્ષ મૂકવામાં આવી નથી એટલે અદાલત આવી કોઈ જાહેરાત કરી શકે નહીં. અરજદારે સુપ્રીમમાં એવી દલીલ કરી હતી કે આગ્રાનો ૧૦૦૦ વર્ષ જૂનો ઈતિહાસ છે અને અનેક ઐતિહાસિક સ્મારકો અહીં આવેલા હોવાથી તેને હેરિટેજ સિટી જાહેર કરવાની જરૂર છે. ત્યારે અદાલતે પૂછ્યું હતું કે આવી જાહેરાત કરવાથી શહેરને શું વધારાનો લાભ મળશે અને કાયદામાં આ માટેની કેવી જોગવાઈ છે એ વિગતો જાહેરાતથી કોઈ મદદ ન મળતી હોય તો આવી કવાયત કરવાનું વ્યર્થ રહેશે. સુપ્રીમે દર્શાવ્યું હતું કે તાજમહાલની સુરક્ષા અને તેના નિભાવ તથા જતન માટે તથા આખા



અદાલત જાણવા માંગે છે. અરજદારે કહ્યું હતું કે હેરિટેજ સિટી જાહેર કરવાથી પ્રવાસનને વેગ મળશે વધુ રોજગારી ઊભી થશે અને સમગ્ર વિસ્તારનું જતન અને સુરક્ષા થશે ત્યારે જસ્ટિસ ઓકાય વળી એવી ટકોર કરી હતી કે જે શહેરો સ્માર્ટ સિટી જાહેર થયા છે તેમાં કશું સ્માર્ટ જોવા મળતું નથી. એવું જ આગ્રહ બાબતમાં કહી શકીએ હેરિટેજ જાહેર થવાથી વધુ શું ફાયદો થશે ? શું આ જાહેરાત કરવાથી આગરા શહેર એકદમ સ્વચ્છ બની જશે ? જો આવી તાજ ઝોનના રક્ષણ માટેની બાબત અત્યારે સુપ્રીમ કોર્ટના ધ્યાનમાં જ છે અને એ અંગે સુપ્રીમ કામગીરી કરી રહી છે. જાહેર થયેલો તાજ ઝોન ૧૦૪૦૦ ચોરસ કિલો મીટર વિસ્તારમાં પથરાયેલો છે જેમાં આગરા જિલ્લા ઉપરાંત ફિરોઝાબાદ તેમજ મથુરા અને હાથરસ તથા ઈતાહ જિલ્લાઓ પણ છે અને રાજસ્થાનનો ભરતપુર જિલ્લો પણ આ ઝોનમાં સામેલ છે એટલે સુપ્રીમ કોર્ટ તેના નિભાવ અને સંરક્ષણ માટેની વિકાસ કામગીરી પર નજર રાખી રહી છે.

# જેલમાં બંધ પંજાબના સાંસદ અમૃતપાલસિંહના સંબંધીઓના ઘરે NIAના દરોડા, કાકીની અટકાયત

## દિલ્હીની રાષ્ટ્રીય તપાસ ટીમે રાષ્ટ્રીય સુરક્ષા કાયદા હેઠળ દિબ્રુગઢ જેલમાં બંધ સાંસદ અમૃતપાલસિંહના નજીકના સહયોગીઓ અને સંબંધીઓના ઘરે દરોડા પાડ્યા હતા

(એજન્સી) તા.૧૩

માહિતી અનુસાર પ્રથમ દરોડો તેના કાકા પ્રગટ સિંહ સંધુના ઘર અને રૈયા-ફેરૂમાન રોડ પર સ્થિત વર્કશોપ ઉપરાંત બુટાલા ગામ (અમૃતસર)માં તેના સાળા અમનજોત સિંહના ઘર પર પાડવામાં આવ્યો હતો. અમનજોત હાલ કેનેડામાં રહે છે. NIAએ અમૃતસરમાં સંબંધીઓ મહેતા (અમૃતસર), શ્રી હરગોબિંદપુર (ગુરદાસપુર) અને ગુરનામ નગરના ઘરો પર પણ દરોડા પાડ્યા હતા. NIAએ કથિત રીતે બિયાસ પોલીસ



સ્ટેશનમાં પૂછપરછ માટે પરગત સિંહની પત્ની અમરજીત કૌરની અટકાયત કરી છે. અમૃતપાલના પ્રવક્તા અને સમર્થક ચરણજીત સિંહ ભિંડરે દરોડાઓને દબાણની રણનીતિ અને સાંસદના સમર્થકોને હેરાન કરવા માટે ગણાવ્યા હતા. તેમણે કહ્યું કે NIAએ સવારે ૫ વાગ્યે આ પરિસરમાં દરોડા પાડ્યા હતા. તેમણે આરોપ લગાવ્યો કે ૧૯ ઓગસ્ટના રોજ પરંપરાગત રખર પુનિયા કાર્યક્રમ દરમિયાન બાબા બકાલામાં તેમના દ્વારા આયોજિત કોન્ફરન્સ પછી રાજ્ય અને કેન્દ્રીય એજન્સીઓ ગભરાઈ ગઈ હતી.

# હિન્ડનબર્ગનો દાવો : અદાણી ગ્રુપના ફ્રન્ટ મેન સાથે કથિત રીતે જોડાયેલા ૩૧ કરોડ ડૉલર સ્વિસ સત્તાવાળાઓએ ફ્રીઝ કર્યા; અદાણી ગ્રુપે આરોપોને ફગાવ્યા

(એજન્સી) તા.૧૩

'અમે રજૂ કરાયેલા પાયાવિહોણા આરોપોને સ્પષ્ટપણે નકારીએ છીએ અને વખોડીએ છીએ, અદાણી ગ્રૂપની કોઈપણ સ્વિસ કોર્ટની કાર્યવાહીમાં કોઈ સંડોવણી નથી, કે અમારી કંપનીના કોઈપણ ખાતાને કોઈપણ સત્તાધિકારી દ્વારા જપ્ત કરવામાં આવ્યા નથી'. યુએસ સ્થિત શોર્ટ સેલર હિંડનબર્ગ રિસર્ચએ મીડિયા રિપોર્ટને ટાંકીને દાવો કર્યો છે કે, સ્વિસ સત્તાવાળાઓએ અદાણી ગ્રૂપમાં મની લોન્ડરિંગના આરોપોના ભાગરૂપે બહુવિધ સ્વિસ બેંક ખાતાઓમાં USD ૩૧ કરોડથી વધુનું ભંડોળ સ્થિર કરી દીધું છે. આ આરોપને અદાણી સમૂહે સખત રીતે નકારી કાઢ્યો હતો. X પરની એક પોસ્ટમાં હિંડનબર્ગે 'સ્વિસ મીડિયા આઉટલેટ દ્વારા અહેવાલ કરાયેલા નવા જાહેર કરાયેલા સ્વિસ ફોજદારી રેકોર્ડ્સ' ટાંકીને જણાવ્યું હતું કે, 'સ્વિસ સત્તાવાળાઓએ ૨૦૨૧માં શરૂ કરવામાં આવેલ મની લોન્ડરિંગ અને સિક્યોરિટીઝની તપાસના ભાગ રૂપે બહુવિધ સ્વિસ બેંક ખાતાઓમાં $૩૧ કરોડથી વધુ ભંડોળ સ્થગિત કર્યું છે.' તેણે અહેવાલને ટાંકીને જણાવ્યું હતું કે, 'પ્રોસિક્યુટર્સે વિગતવાર જણાવ્યું હતું કે કેવી રીતે અદાણીના ફ્રન્ટમેને અપારદર્શક BVI/મોરેશિયસ અને બર્મુડા ફંડ્સમાં રોકાણ કર્યું હતું જે લગભગ વિશિષ્ટ રીતે અદાણીના શેરોની માલિકી ધરાવતા હતા', અદાણી જૂથે આરોપોને પાયાવિહોણા ગણાવીને નકારી કાઢ્યા હતા કે સ્વિસ કોર્ટની કોઈપણ કાર્યવાહીમાં તેની કોઈ સંડોવણી નથી. જૂથે જણાવ્યું કે, 'અમે રજૂ કરાયેલા પાયાવિહોણા આરોપોને સ્પષ્ટપણે નકારી અને વખોડી કાઢીએ છીએ. અદાણી ગ્રૂપની કોઈપણ સ્વિસ કોર્ટની કાર્યવાહીમાં કોઈ સંડોવણી નથી, કે અમારી કંપનીના કોઈપણ ખાતાને કોઈ સત્તા દ્વારા જપ્ત કરવામાં આવ્યા નથી,'. તે જણાવે છે કે 'કથિત આદેશમાં પણ સ્વિસ કોર્ટે ન તો અમારી જૂથ કંપનીઓનો ઉલ્લેખ કર્યો છે, ન તો અમને આવી કોઈ સત્તા અથવા નિયમનકારી સંસ્થા તરફથી સ્પષ્ટતા અથવા માહિતી માટે કોઈ વિનંતીઓ પ્રાપ્ત થઈ છે. અમે પુનરોચ્ચાર કરીએ છીએ કે અમારું વિદેશી હોલ્ડિંગ માળખું સંપૂર્ણ રીતે જાહેર અને તમામ સંબંધિત કાયદાઓ સાથે સુસંગત અને પારદર્શક છે.' આરોપો, તેમાં કહેવામાં આવ્યું છે કે, 'સ્પષ્ટપણે અવિચારી, અતાર્કિક અને વાહિયાત છે. અમને જણાવવામાં કોઈ ખચકાટ નથી કે અમારા જૂથની પ્રતિષ્ઠા અને બજાર મૂલ્યને ઉલટાવી ન શકાય તેવું નુકસાન પહોંચાડવા માટે સમાન




જૂથો દ્વારા આ એક અન્ય સંગઠિત અને પ્રચંડ પ્રયાસ છે. તેણે ઉમેર્યું હતું કે 'અદાણી ગ્રૂપ તમામ કાનૂની અને નિયમનકારી આવશ્યકતાઓ સાથે પારદર્શિતા અને પાલન માટે નિશ્ચિતપણે પ્રતિબદ્ધ રહે છે', તે આરોપોની 'સખત નિંદા' કરે છે. સ્વિસ મીડિયા આઉટલેટ ગોથમ સિટીએ તેના અહેવાલમાં જણાવ્યું હતું કે 'ફેડરલ ક્રિમિનલ કોર્ટ (FCC) દ્વારા એક ચુકાદો દર્શાવે છે કે જિનીવા પબ્લિક પ્રોસિક્યુટર ઓફિસ હિન્ડેનબર્ગ રિસર્ચના કાર્યકર્તા રોકાણકારોએ પ્રથમ આરોપો મૂક્યા તે પહેલા ભારતીય સમૂહ અદાણી દ્વારા કથિત ગેરરીતિની તપાસ કરી રહી હતી'. 'ગૌતમ અદાઅબજોપતિ અદાણીના કથિત ફ્રન્ટ મેન સાથે જોડાયેલા USD ૩૧ કરોડથી વધુ પાંચ સ્વિસ બેંકોમાં જપ્ત કરવામાં આવ્યા છે,' તેણે ઉમેર્યું હતું કે સ્વિટ્ઝર્લેન્ડના એટર્ની જનરલ (OAG)ના કાર્યાલયે મીડિયામાં મામલો બહાર આવ્યા પછી તપાસ હાથ ધરી હતી. હિન્ડેનબર્ગ, જેણે ગયા વર્ષે જાન્યુઆરીમાં શેરબજારમાં છેતરપિંડી અને ગરબડીનો આરોપ મૂક્યો હતો, તેણે દાવો કર્યો હતો કે ફોજદારી કોર્ટના રેકોર્ડ્સ વિગતવાર દર્શાવે છે કે કેવી રીતે અદાણીના ફ્રન્ટમેને અપારદર્શક BVI/મોરિશિયસ અને બર્મુડા ફંડ્સમાં રોકાણ કર્યું જે લગભગ વિશિષ્ટ રીતે અદાણીના શેરની માલિકી ધરાવે છે. અદાણી ગ્રૂપે તેના જાન્યુઆરી ૨૦૨૩ના અહેવાલમાં હિંડનબર્ગના તમામ આરોપોને નકારી કાઢ્યા હતા.

# યુપી ક્રાઈમ : વારાણસીમાં મોડી રાત્રે સિગારેટ આપવાનો ઈન્કાર કરવા બદલ બાઈક પર સવાર બદમાશો દ્વારા દુકાનદારની ગોળી મારી હત્યા

## મધ્યરાત્રિની આસપાસ ગોળીબાર સાંભળીને પરિવારના સભ્યો બહાર દોડી આવ્યા અને લોહીથી લથપથ શારદાને હોસ્પિટલ લઈ ગયાં, જ્યાં પહોંચતાં જ તેને મૃત જાહેર કરવામાં આવી

(એજન્સી) તા.૧૩

ચૌબેપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનેલી એક દુઃખદ ઘટનામાં ગુરૂવારે મોડી રાત્રે જ્યારે એક દુકાનદાર તેના ઘરની બહાર સૂતો હતો ત્યારે તેની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. મોટરસાઈકલ પર પીડિતની દુકાને પહોંચેલા અજાણ્યા હુમલાખોરોએ તેમને સિગારેટ આપવાનો ઈન્કાર કર્યા પછી કથિત રીતે તેની હત્યા કરી નાખી હતી. અહેવાલો અનુસાર, પીડિત શારદા યાદવ વારાણસીના ચૌબેપુર પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના બિરનાથીપુર ગામમાં તેના ઘરની બહાર એક કામચલાઉ પાનની દુકાન ચલાવતો હતો. તે તેની દુકાનમાંથી કરિયાણાની વસ્તુઓ વેચતો હતો અને તેની બહાર સૂતો હતો. ગુરૂવારે, રાત્રિભોજન પછી શારદા રાત્રે ૯ વાગ્યાની આસપાસ તેની દુકાનની બહાર સૂઈ ગયો. જ્યારે ગોળીબારનો અવાજ સંભળાયો, ત્યારે તેની પત્ની બહાર દોડી ગઈ અને તેના પતિને તેના ખાટલા પર લોહીના ખાબોચિયામાં પડેલો જોયો. સ્થાનિક અહેવાલો અનુસાર, જ્યારે શારદા બહાર સૂતો હતો ત્યારે કેટલાક અજાણ્યા યુવકો મોટરસાઈકલ પર આવ્યા હતા. તેઓએ બ્રાન્ડેડ સિગારેટના પેકેટની માંગણી કરી, પરંતુ શારદાએ તેમને કહ્યું કે તે દુકાન ખોલી શકશે નહીં કારણ કે તેના ઘરની ચાવીઓ અંદર છે. ત્યારબાદ યુવકોએ તેની સાથે દુર્વ્યવહાર કરવાનું શરૂ કર્યું,



છાતીમાં ગોળી મારી અને ભાગી ગયા. મધ્યરાત્રિની આસપાસ ગોળીબાર સાંભળીને પરિવારના સભ્યો બહાર દોડી આવ્યા અને લોહીથી લથપથ શારદાને હોસ્પિટલ લઈ ગયા, જ્યાં પહોંચતા જ તેને મૃત જાહેર કરવામાં આવ્યો. ગ્રામજનોએ તરત જ પોલીસને જાણ કરી હતી, જેણે ઘટનાસ્થળે જઈ તપાસ શરૂ કરી હતી. ચૌબેપુર પોલીસ સ્ટેશનના વડા અને વરૂણા ઝોનના ડીસીપી ચંદ્રકાંત મીણા બાદમાં ઘટનાસ્થળે પહોંચ્યા હતા. શંકાસ્પદ લોકોના વર્ણનો એકત્રિત કર્યા પછી પોલીસે આસપાસના વિસ્તારોમાં સર્ચ ઓપરેશન શરૂ કર્યું છે પરંતુ હજુ સુધી કોઈ ધરપકડ કરી નથી. આ હત્યાથી ગામમાં ભારે આક્રોશ ફેલાયો છે.

# અમદાવાદમાં દિવસભરના ઉકળાટ બાદ સાંજે અડધા ઈંચ વરસાદથી વાતાવરણમાં ઠંડક પ્રસરી

અમદાવાદ, તા.૧૩

રાજ્યમાં આ વર્ષે ચોમાસું શાનદાર રહેતા શ્રાવણ મહિનામાં જોરદાર વરસાદ થયો હતો જ્યારે ભાદરવાના આરંભમાં વરસાદ રહ્યા બાદ છેલ્લા ચાર દિવસથી સામાન્ય વરસાદી ઝાંપટા જોવા મળી રહ્યા છે. ત્યારે શુક્રવારે સાંજના સુમારે શહેરના પૂર્વ વિસ્તારમાં અનેક સ્થળોએ અડધો ઈંચ જેટલો વરસાદ પડ્યો હતો.

સૌથી વધુ વરસાદ વટવા, કાંકરિયા, મણીનગર, ઓઢવ, ઈસનપુર, રામોલ, વસ્ત્રાલ, સીટીએમ, જશોદાનગર, હાટકેશ્વર, ખોખરા સહિતના



## પૂર્વમાં સૌથી વધુ વરસાદ પડ્યો

વિસ્તારોમાં અડધો ઈંચ જેટલો વરસાદ પડ્યો હતો. જ્યારે પશ્ચિમ વિસ્તારમાં સોલા, સાયન્સ સિટી, એસજી હાઈવે, ગોતા, ચાંદલોડિયા, જગતપુર વિસ્તારમાં પણ અડધો ઈંચ જેટલો વરસાદ પડ્યો હતો. બાકીના વિસ્તારોમાં વરસાદી ઝાપટા પડ્યા હતા. ભારે ઉકળાટ વચ્ચે અમદાવાદમાં સમી સાંજે ધોધમાર વરસાદ શરૂ થયો છે. શહેરના પૂર્વ વિસ્તારમાં મણીનગર, કાંકરિયા, ગીતામંદિર, જમાલપુર, આસ્ટોડીયા, ખોખરા, સહિતના વિસ્તારોમાં ધોધમાર વરસાદ પડ્યો છે. ધોધમાર વરસાદ પડતાની સાથે જ વાતાવરણમાં ઠંડક ફેલાઈ ગઈ છે. છેલ્લા બે દિવસથી ભારે ઉકળાટ અને ગરમીનું પ્રમાણ વધ્યું હતું. વાતાવરણમાં અચાનક જ સાંજે પલટો આવ્યો હતો અને આકાશમાં કાળા ડિબાંગ વાદળો છવાતાં ભારે વરસાદ પડ્યો હતો. અમદાવાદ શહેરમાં પૂર્વ વિસ્તારમાં પવન સાથે ધોધમાર વરસાદ પડે છે. દાણીલીમડા, લાલદરવાજા, દિલ્લી દરવાજા, નારોલ, નરોડા, સીટીએમ, રામોલ, વસ્ત્રાલ, વટવા, ઓઢવ, જશોદાનગર રોડ, હાટકેશ્વર, ખોખરા, વિરાટનગર સહિતના વિસ્તારોમાં પવન સાથે ધોધમાર વરસાદ વરસી પડ્યો છે. ગુજરાત હાઈકોર્ટ સહિત એસજી હાઈવે પર પણ વરસાદી ઝાપટા પડ્યા હતા. શહેરમાં વાદળછાયું વાતાવરણ રહ્યું હતું. હવામાન વિભાગની આગાહી મુજબ આગામી સાત દિવસ ગુજરાતવાસીઓને ક્યારેક તડકો તો ક્યારેક વાદળછાયું વાતાવરણ અનુભવાશે. જેને કારણે ગરમી અને બફારાનો અનુભવ રહેશે. સામાન્ય રીતે સપ્ટેમ્બર માસના પાછલા પખવાડિયામાં ભાદરવા મહિનાની શરૂઆત થતી હોય છે. એટલે કે ગુજરાત રાજ્યમાં ચોમાસાની ઋતુના પૂર્ણ થવાની હોય છે, તેથી આકરો તાપ અનુભવાય છે. તેવું કહી શકાય.

### સુપ્રીમે ED અને CBIના ફર્જી કેસને બેનકાબ કર્યા છે : ગઢવી

# કેજરીવાલ અને AAPને તોડવા માટે ભાજપ દ્વારા ખૂબ જ ષડયંત્ર રચાયા

### AAPના પ્રદેશ કાર્યાલય તથા રાજ્યમાં અન્યત્ર ફટાકડા ફોડી ઉજવણી કરાઈ

(સંવાદદાતા દ્વારા)

અમદવાદ,તા.૧૩

આદમી પાર્ટીનાં રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને આજે સુપ્રીમ કોર્ટ તરફથી CBIવાળા કેસમાં જામીન મળ્યા છે. આજે અરવિંદ કેજરીવાલને જામીન મળ્યા તેની ખુશીમાં આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી, પ્રદેશ મહામંત્રી સાગર રબારી અને કચ્છ ઝોન કાર્યકારી પ્રમુખ કૈલાશદાન ગઢવી સહિત પદાધિકારીઓ અને કાર્યકર્તાઓએ અમદાવાદ સ્થિત ગુજરાત પ્રદેશ કાર્યાલય ખાતે ફટાકડા ફોડી અને મોં મીઠું કરાવીને ઉજવણી કરી હતી. અમદાવાદ સહિત સુરત, વડોદરા અને રાજકોટમાં પણ અરવિંદ કેજરીવાલના જામીનની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીમાં આમ આદમી પાર્ટીના પ્રદેશના નેતાઓ, સ્થાનિક પદાધિકારીઓ અને મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા અને ફટાકડા ફોડીને અને મીઠાઈ ખવડાવીને મોં મીઠું કરાવીને ઉજવણી કરવામાં આવી હતી.

પ્રદેશ પ્રમુખ ઈશુદાન ગઢવીએ આ અંગે જણાવ્યું હતું કે છેલ્લા ઘણા સમયથી અરવિંદ કેજરીવાલ અને આમ આદમી પાર્ટીને તોડવા માટે ભાજપ દ્વારા ખૂબ જ ષડયંત્ર રચવામાં આવ્યા હતા. અરવિંદ કેજરીવાલ સહિત આમ આદમી પાર્ટીના અનેક મોટાં નેતાઓ વિરૂદ્ધ શરાબકાંડના નામે ખોટા કેસ કરવામાં આવ્યા હતા પરંતુ આજે સુપ્રીમ કોર્ટે અરવિંદ કેજરીવાલને જામીન આપીને ઈડી અને સીબીઆઇના ફર્જી કેસને બેનકાબ કર્યા છે. અરવિંદ કેજરીવાલને અને આમ આદમી પાર્ટીને ખતમ કરવાનો ભાજપે જે કારસો રચ્યો હતો, તેનો આજે ભાંડો ફૂટી ગયો છે. પહેલા પીએમએલએ અંતર્ગત ખોટા કેસ બનાવીને આમ આદમી પાર્ટીના તમામ મોટા નેતાઓને જેલમાં નાખ્યા અને મહિનાઓ સુધી જેલમાં રાખ્યા. ત્યારબાદ આમ આદમી પાર્ટીને તોડવાની કોશિશ કરવામાં આવી. ભાજપે અને તેના નેતાઓએ આમ આદમી પાર્ટીના સાંસદો અને ધારાસભ્યોને તોડવાની કોશિશ કરી. પરંતુ હંમેશા સત્યની જીત થાય છે એમ આજે પણ સત્યની જીત થઈ અને અરવિંદ કેજરીવાલ આજે જેલની બહાર આવ્યા છે.

### ઉદ્યોગ જગતમાં સરકાર સામે ફેલાયેલી નારાજગી

# વડોદરામાં પૂરગ્રસ્તો માટે જાહેર કરાયેલું પેકેજ લોલીપોપ સમાન : વેપારીઓ

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૩

રાજ્ય સરકારે વડોદરામાં પૂરથી થયેલા નુકસાન બાદ રાહત પેકેજ તો જાહેર કર્યું છે પણ તેની સામે વેપારી આલમ અને ઉદ્યોગ જગતમાં નારાજગી જોવા મળી રહી છે. વેપારીઓ અને ઉદ્યોગો માટે આ પેકેજ લોલીપોપ જેવું હોવાનું સંગઠનો કહી રહ્યા છે.

આ મુદ્દે વડોદરાના વેપારી સંગઠનો વેપાર વિકાસ એસોસિએશન, મધ્ય ગુજરાત વેપારી મંડળ, હાથીખાના ગ્રેઈન મર્ચન્ટ એસોસિએશન તેમજ ફાસ્ટ મૂવિંગ કન્ઝયુમર્સ ગૂડસના વેપારીઓના સંગઠન, ઉદ્યોગોનું પ્રતિનિધિત્વ કરતા વીસીસીઆઈ એમ પાંચ સંગઠનોના પ્રતિનિધિઓની એક બેઠક વીસીસીઆઈની ઓફિસમાં મળી હતી.જેમાં સહાય પેકેજની સામે મુખ્યમંત્રીને રજૂઆત કરવાનો નિર્ણય લેવાયો હતો.

**ઉદ્યોગોનો તો પેકેજમાં ઉલ્લેખ સુદ્ધાં નહી, પાયાની સુવિધા તો આપો : હિમાંશુ પટેલ**

વીસીસીઆઈના પ્રતિનિધિ અને સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ હિમાંશુ પટેલે કહ્યું હતુ કે, પેકેજમાં ઉદ્યોગોનો તો ઉલ્લેખ સુધ્ધાં નથી. ઉદ્યોગોને પણ પૂરના કારણે નુકસાન થયું છે. ઉદ્યોગોને સરકાર મદદ કરે તેવી અમારી આશા નથી પણ મકરપુરા જીઆઈડીસી સહિતની જીઆઈડીસીઓમાં રોડ, ગંદકી જેવા પાયાના પ્રશ્નોનો ઉકેલ તો લાવે..જીઆઈડીસીઓમાં મોટાભાગના રોડ પર પડેલા ખાડાઓના કારણે ઉદ્યોગોને માલ સામાન સપ્લાય કરતા ભારદારી વાહનો ચલાવવાનું પણ મુશ્કેલ બની રહ્યું છે. સરકારમાંથી કોઈ જીઆઈડીસીઓની પૂર બાદ શું સ્થિતિ છે તે જોવા માટે પણ આવ્યું નથી.

બેઠકમાં હાજર પ્રતિનિધિઓએ કહ્યું હતું કે, પૂરના કારણે વેપારીઓને થયેલા નુકસાનના સર્વેમાં વેપારી આલમના પાંચ પ્રતિનિધિઓને સામેલ કરવાની માગણી સરકારે સ્વીકારી નથી. આ ઉપરાંત પાંચ લાખથી ઓછું ટર્નઓવર ધરાવતા અને દુકાનનું પાકુ બાંધકામ હોય તેવા વેપારીઓને ૮૫૦૦૦ની ઉચ્ચક સહાય આપવાનું નક્કી કરાયું છે. જોકે તેમાં પણ વેપારીને ૧૮ પ્રકારના દસ્તાવેજો રજૂ કરવાના છે. સહાયની રકમ પણ ઓછી છે. કારણકે પૂરગ્રસ્ત દુકાનોમાં સરેરાશ પાંચ થી દસ લાખનું નુકસાન છે. વેપાર વિકાસ એસોસિએશનના પરેશ પરીખે કહ્યું હતું કે, પાંચ લાખથી વધારે ટર્ન ઓવર ધરાવતા વેપારીઓને તો માત્ર લોનના વ્યાજમાં પણ માફી છે. આ પરિપત્ર વેપારીઓ સાથે મજાક સમાન છે. આ મુદ્દે અમે આગામી દિવસોમાં સંયુક્ત રીતે રજૂઆત કરવાના છે.

### ગુજરાત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ કર્યો વિરોધ

# ઈન્ડિયન કલ્ચરને અન્ય અભ્યાસક્રમ સાથે મર્જ કરી દેવાતા વિદ્યાર્થીઓ રઝળ્યા

### ચાલુ વર્ષે નવા પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓનો દાવો છે કે અધવચ્ચે જ કોર્સને અન્ય કોર્સ સાથે મર્જ કરાય છે અને બંને કોર્સમાં મોટો તફાવત

અમદાવાદ, તા.૧૩

ગુજરાત યુનિવર્સિટીના સમાજવિદ્યાભવનમાં ઈન્ડિયન કલ્ચર નામના અભ્યાસક્રમના વિદ્યાર્થીઓએ ભણતર ચાલુ થયા બાદ અધવચ્ચેથી રઝળી પડવાનો વારો આવ્યો છે. ચાલુ વર્ષે નવા પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓનો દાવો છે કે સમાજવિદ્યા ભવનમાં ચાલતા ઈન્ડિયન કલ્ચરનો અભ્યાસક્રમ અન્ય વિભાગ સાથે મર્જ કરી દેવામાં આવ્યો છે. જેથી વિદ્યાર્થીઓ મૂંઝવણમાં મુકાયેલા છે. ઈન્ડિયન કલ્ચર ડિપાર્ટમેન્ટમાં ૨૫ જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. તેમનો અભ્યાસ શરૂ થયા બે મહિના જેટલો સમય થઈ ગયો છે. અમદાવાદમાં એક માત્ર ગુજરાત યુનિવર્સિટી કેમ્પસમાં માસ્ટર લેવલનો ઈન્ડિયન કલ્ચર કોર્સ ચાલે છે. જોકે અધવચ્ચે જ તેમના કોર્સને અન્ય કોર્સ સાથે મર્જ કરી દેવામાં આવ્યો છે. એટલે કે ઈન્ટરનેશનલ સ્ટડી સેન્ટરમાં ચાલતા ઈન્ડિયન કલ્ચરએન્ડ સાયન્સ નામના કોર્સ સાથે મર્જ કરી દેવાતા વિદ્યાર્થીઓ અટવાઈ ગયા છે. વિદ્યાર્થીઓનો દાવો છે કે તેમના મૂળ કોર્સમાં અને મર્જ કરાયેલ કોર્સમાં મોટો તફાવત છે. સરકારી અથવા તો તેમના વિષય સંદર્ભે જાહેરાત આવે તો કોર્સના નામ અલગ અલગ હોવાના કારણે સમસ્યા સર્જાઈ શકે છે. વિદ્યાર્થીઓનો એ પણ કેવું છે કે નેટ અને સ્લેટ જેવી પરીક્ષાઓમાં 'ઈન્ડિયન કલ્ચર એન્ડ સાયન્સ' એવો કોઈ વિષય નથી હોતો. આ બાબતે વિદ્યાર્થીઓ દ્વારા યુનિવર્સિટી સત્તાધીશોને રજૂઆત કરવામાં આવી છે પરંતુ કોઈ નિવેડો નથી આવ્યો. જો કે કુલપતિ વિદ્યાર્થીઓના દાવાઓ ને નકારી રહ્યા છે. આ મુદ્દે કુલપતિ નિરજા ગુપ્તાએ જણાવ્યુ કે ઈન્ડિયન કલ્ચરનો અભ્યાસ ક્રમ રાજ્યશાસ્ત્રના ડિપાર્ટમેન્ટ દ્વારા ચલાવવામાં આવતો હતો. હાલ યુનિવર્સિટીમાં ઈન્ડિયન નોલેજ સિસ્ટમ નામથી એક વિભાગ છે, આથી ઈન્ડિયન કલ્ચરને પોલિટિકલ સાયન્સમાંથી કાઢીને ઈન્ડિયન નોલેજ સિસ્ટમમાં ટ્રાન્સફર કરાયુ છે.

### ત્રીજીવાર વડાપ્રધાન બન્યા બાદ પ્રથમવાર ગુજરાત આવી રહ્યા હોઈ ભાજપ દ્વારા ભવ્ય સ્વાગતની તડામાર તૈયારીઓ

# વડાપ્રધાન મોદીના ત્રણ દિવસીય પ્રવાસના ભરચક કાર્યક્રમો : ભાજપનું શક્તિ પ્રદર્શન

### મેટ્રો ટ્રેન પ્રોજેક્ટ નિહાળવા સાથે મુસાફરી પણ કરી શકે; વિશેષ બેઠકો યોજે તેવા અહેવાલ

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧૩

લોકસભાની ચૂંટણી બાદ ત્રીજી વાર વડાપ્રધાન બનેલ નરેન્દ્ર મોદી પ્રથમ વખત ગુજરાત આવી રહ્યાં છે. વડાપ્રધાન મોદી ૧૫ સપ્ટેમ્બરે સાંજે ગુજરાત આવશે અને તેમના જન્મદિવસના દિવસ સુધી એટલે કે ૧૭ સપ્ટેમ્બર સુધી ગુજરાતમાં રોકાશે. ત્યારે વડાપ્રધાન મોદીનો ગુજરાત પ્રવાસનો સમગ્ર કાર્યક્રમ સામે આવી ગયો છે. આ ત્રણ દિવસના પ્રવાસમાં મોદીના કાર્યક્રમના તમામ સ્થળોના સમગ્ર વીસ્તારમાં જડબેસલાક બંદોબસ્ત ગોઠવવામાં આવી રહ્યો છે.

વડાપ્રધાન મોદી ૧૫ સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ ગુજરાત પ્રવાસ પર આવશે. તેઓ ૪:૩૦ વાગ્યે અમદાવાદ એરપોર્ટ પર આવી પહોંચશે અને અહીંથી સીધા જ વડસર એરફોર્સ સ્ટેશને રવાના થશે. અહીં તેઓ એરફોર્સ દ્વારા નવા તૈયાર કરવામાં આવેલા ઓપરેશન કોમ્પલેક્સની મુલાકાત લેશે. જે બાદ સાંજે ૬ વાગ્યે તેઓ સીધા ગાંધીનગર ખાતે રાજભવન આવી પહોંચશે જ્યાં તેઓ રાત્રી ભોજન અને રાતવાસો કરશે. રાજભવન ખાતે રાત્રી રોકાણ દરમિયાન તેઓ મહત્વની બેઠકો કરે તેવી શક્યતા છે. પ્રવાસના બીજા દિવસે, એટલે કે ૧૬ સપ્ટેમ્બરના રોજ સવારે તેઓ મહાત્મા મંદિર ખાતે યોજાનાર એક કાર્યક્રમમાં હાજરી આપશે. ત્યાર બાદ સવારે ૧૦ વાગ્યે તેઓ ફોર્થ ગ્લોબલ રિ-ઈન્વેસ્ટ રિન્યુએબલ એનર્જી સમિટનો આરંભ કરાવશે. ત્યારબાદ કાર્યક્રમ પૂર્ણ થતાં તેઓ ૧૨ વાગ્યે પરત રાજભવન આવશે. રાજભવન ખાતે બપોરનું ભોજન લઈને તેઓ ૧:૩૦ વાગતા ગાંધીનગર સેક્ટર ૧ ખાતે તૈયાર કરવામાં આવેલા મેટ્રો સ્ટેશનની મુલાકાત લેશે. પ્રાપ્ત વિગતો અનુસાર તેઓ અહીંથી ગિફ્ટ સીટી સુધી મેટ્રો ટ્રેનમાં મુસાફરી કરી શકે છે. લગભગ ૩ વાગીને ૩૦ મિનીટ આસપાસ તેઓ GMDC ગ્રાઉન્ડ ખાતે યોજાનાર ભાજપના કાર્યક્રમમાં હાજરી આપવા પહોંચશે. ત્યારબાદ સાંજે ૬ વાગ્યે ફરી રાજભવન આવીને ભોજન લઇ રાત્રી રોકાણ કરશે. બીજા દિવસે સવારે તેમના જન્મદિને એટલે કે ૧૭ સપ્ટેમ્બરના રોજ સવારે ૯ વાગ્યે ગુજરાત પાસેથી વધામણા લઈને ભુવનેશ્વર જવા રવાના થશે.

૧૭મી સપ્ટેમ્બરે વડાપ્રધાન મોદીનો જન્મદિવસ છે ત્યારે ગુજરાત ભાજપ દ્વારા ૧૬મી સપ્ટેમ્બરે ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. ૧૬ સપ્ટેમ્બરે બપોરે ૩-૩૦ વાગ્યે ગુજરાત ભાજપ ભવ્ય શક્તિ પ્રદર્શન કરશે. અમદાવાદના GMDC મેદાનમાં ૧ લાખ ભાજપ કાર્યકરો એકત્રિત થશે. આ કાર્યક્રમની જાહેરાત ભાજપના સદસ્યતા અભિયાનના પ્રારંભ પ્રસંગે પ્રદેશ પ્રમુખ સીઆર પાટિલે કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે સતત ત્રીજી વાર વડાપ્રધાન બન્યા બાદ પીએમ નરેન્દ્ર મોદીની આ પ્રથમ ગુજરાત યાત્રા છે. તેમના આગમનને લઈને ભવ્ય સ્વાગત કરવા ગુજરાતમાં તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી છે. સુરક્ષાને લઈને પણ ચાંપતા બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યા છે. પ્રાપ્ત અહેવાલો પ્રમાણે ૧૨ હજાર જેટલા પોલીસના જવાનો બંદોબસ્તમાં તૈનાત રહેશે આ સિવાય અન્ય એજન્સીઓ સહિતના અધિકારીઓ પણ જોડાશે.

# જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકમાં જ ખાતા ખોલાવવાના પરિપત્ર બાબતે રજિસ્ટ્રારને હાઈકોર્ટે નોટિસ ફટકારી

### સહકાર વિભાગના પરિપત્ર સામે જૂનાગઢના જાગૃત નાગરિક દ્વારા હાઈકોર્ટમાં પિટિશન

અમદાવાદ, તા.૧૩

જિલ્લા રજિસ્ટ્રાર, ગાંધીનગર દ્વારા પરિપત્ર ક્રમાંમ તારીખ ૮/૭/૨૦૨૪નાં રોજ બહાર પાડવામાં આવેલો તે ભારતીય બંધારણ તેમજ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા એ આપેલ ગાઈડલાઈન વિરૂદ્ધમાં જઈ અને "સહકારી મંડળીઓના અને સભાસદોના બેંક ખાતા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક (DCCB)માં જ ખાતા ખોલાવવા બાબત" માટે જે પરિપત્ર બહાર પાડવામાં આવેલો છે જે કાયદાથી સંપૂર્ણ વિરૂદ્ધ છે અને રિઝર્વ બેંકે આપેલ ગાઈડલાઈન તેમજ કેન્દ્ર સરકારનાં કાયદા તેમજ બંધારણથી વિરૂદ્ધ જઈ અને કોઈપણ રાજ્ય સરકાર કોઈ પણ પરિપત્ર બહાર ન પાડી શકે તેમ છતાં પણ પરિપત્ર બહાર પાડેલ હતો જેથી નારાજ થઈને જૂનાગઢ નહેરૂ પાર્ક કો.ઓપ હાઉસિંગ સોસાયટીના જિગ્નેશભાઈ પંડ્યા તથા મુકેશભાઈ પંડ્યા દ્વારા આ પરિપત્ર ગેરકાયદેસર હોવા બાબતે હાઈકોર્ટમાં અરજી કરેલ છે. હાઈકોર્ટમાં કરેલ પિટિશન મુજબ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના પરિપત્ર થી વિરૂદ્ધ જઈને એવો દિશા નિર્દેશ કરવામાં આવેલ છે. આથી રાજ્યની તમામ પ્રકારની સહકારી મંડળીઓને ફંડોનું રોકાણ રાજ્ય સહકારી બેંક અથવા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકમાં કરવા અનુરોધ કરવામાં આવે છે. ઉપરાંત અરજદાર જિગ્નેશભાઈ એ તેમની અરજીમાં એવી પણ દાદ માંગેલ હતી કે કોમ્પિટિશન કમિશન ઓફ ઈન્ડિયા (CCI)એ ભારત સરકારની એક વૈધાનિક સંસ્થા છે જે કોમ્પિટિશન કમિશન ઓફ ઈન્ડિયાનો હેતુ ગ્રાહકો, ઉદ્યોગ, સરકાર અને આંતરરાષ્ટ્રીય અધિકારક્ષેત્રો સહિત તમામ હિતધારકો સાથે સક્રિય જોડાણ દ્વારા મજબૂત સ્પર્ધાત્મક વાતાવરણ સ્થાપિત કરવાનો તેમજ અર્થતંત્રના ઝડપી અને સર્વસમાવેશક વિકાસ અને વિકાસ માટે દેશમાં આર્થિક પ્રવૃત્તિઓમાં નિષ્પક્ષ અને તંદુરસ્ત સ્પર્ધા સુનિશ્ચિત કરવાનો છે. સ્પર્ધાને પ્રતિકૂળ અસર કરે તેવો હોય જેથી તાત્કાલિક અસરથી રદ કરવા માટે હાલની અરજી દાખલ કરેલ છે. અરજદારે તેમની અરજીમાં વધુમાં જણાવેલ હતું કે અગાઉ માધવપુરા બેંક જેવી અનેક બેંકોમાં અનેક લોકોના નાણાં ડૂબી ગયેલ છે તેવા સંજોગોમાં જો સહકારી મંડળીઓના નાણાં એક જ મધ્યસ્થ સહકારી બેંકમાં મૂકવામાં આવે અને આવી બેંકો ફડચામાં જાય કે આવી બેંક બંધ થઈ જાય ત્યારે સહકારી મંડળીઓના રોકાણકારોની લાખો કરોડોની ડિપોઝીટો ચુકવણી વખતે સહકારી મંડળીઓના સભાસદોને ખૂબ જ મુશ્કેલી પડે તેવા સંજોગોમાં બંધારણથી વિરૂદ્ધ કોઈ પણ પરિપત્ર હોઈ શકે નહીં તેમ છતાં પણ તંત્ર દ્વારા બંધારણ તેમજ કોમ્પિટિશન કમિશન ઓફ ઈન્ડિયા (CCI) તેમજ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની ગાઈડલાઈનથી વિરૂદ્ધ પરિપત્ર બહાર પાડેલ હોય જેથી તાત્કાલિક પરિપત્ર રદ કરવા આદેશ કરવા પણ કોર્ટને વિનંતી કરી હતી. ઉપરાંત Gujarat Co-operative Societies Act, ૧૯૬૧માં સ્પષ્ટ જોગવાઈ હોવા છતાં તેમના વિરૂદ્ધ જઈ અને હાલનો પરિપત્ર જેથી પરિપત્ર રદ કરવા દાદ માંગેલ છે ઉપરાંત બંધારણ આર્ટીકલ ૪૩ મુજબ રાજ્ય સહકારી મંડળીઓના સ્વૈચ્છિક રચના, સ્વાયત્ત કામગીરી, માટે સ્પષ્ટ જણાવેલ હોવાથી હાલનો પરિપત્ર તેમનાં બંધારણીય અધિકાર પર તરાપ મારવા સમાન હોય જેથી સત્વરે પરિપત્ર રદ કરવા પણ દાદ માંગેલ છે. ઉપરાંત આ પરિપત્ર બહાર પાડવાની કોઈ પણ સતા નથી અને કોઈ પણ રીજોલ્યુશન ધારાસભા પાસ કર્યા વિના અથવા રાજ્યપાલના આદેશ વિના આવા રીજોલ્યુશન સંપૂર્ણ પ્રતિબંધિત હોય જેથી અરજદાર દ્વારા હાઈકોર્ટમાં અરજી કરેલ છે. અરજદારની અરજી મુજબ બંધારણમાં આપેલ સ્વતંત્રતાની જોગવાઈ મુજબ કોઈપણ સંસ્થાને કઈ બેંકમાં ખાતું ખોલાવવું તે તેમની મનસુફી તેમજ તેમની અનુકૂળતા તેમજ બેંક સાથેના વ્યવહારો તેમજ બેંકની સેવા ઉપર આધારિત હોય છે, અને કોઈ ચોક્કસ બેંકમાં ખાતું ખોલાવવા માટે કોઈ સંસ્થાને પરિપત્ર દ્વારા ફરજ પાડવી તે એક જ ગંભીર પ્રકારની ચુક તેમ જ બંધારણ તેમજ કાયદા થી સંપૂર્ણ વિરૂદ્ધ હોય તેવા સંજોગોમાં અગાઉ અમોએ નોટિસ આપેલ હોવા છતાં કોઈ કાર્યવાહી નહિ થતા અરજદાર દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં અરજી કરતા આજ રોજ ગુજરાત હાઈકોર્ટે નોટિસ કાઢતા આવનારા સમયમાં સહકાર વિભાગમાં નવાજુની થવાના એંધાણ વર્તાઈ રહેલ છે.

# ફ્રાન્સ, બ્રિટન સહિતના દેશોના કૃષિ વૈજ્ઞાનિકોએ પ્રાકૃતિક ખેતી મુદ્દે યોજાયેલી આંતરરાષ્ટ્રીય પરિષદમાં ભાગ લીધો

### પ્રાકૃતિક ખેતી અપનાવો તો આપણી ધરતી અને આપણી જિંદગી બચી શકે : રાજ્યપાલ

અમદાવાદ, તા.૧૩

ડૉ. યશવંત સિંહ પરમાર ઔદ્યનિકી અને વનિકી યુનિવર્સિટી, નૌની, સોલન, હિમાચલ પ્રદેશ દ્વારા ફ્રેન્ચ નેશનલ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ ફોર એગ્રિકલ્ચર, ફૂડ એન્ડ એન્વાયરમેન્ટ, ફ્રાંસ અને ઈન્ડિયન ઈકોલોજિકલ સોસાયટીના હિમાચલ પ્રદેશ ચેપ્ટરના સહયોગથી આજે હિમાચલ પ્રદેશમાં 'સ્થાયી ખાદ્ય પ્રણાલીઓને સક્ષમ બનાવવા માટે પ્રાકૃતિક ખેતી' વિષય પર આંતરરાષ્ટ્રીય પરિષદનું આયોજન થયું હતું. ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે પ્રાકૃતિક ખેતી પર યોજાયેલી આ આંતરરાષ્ટ્રીય પરિષદમાં જણાવ્યું કે, પ્રાકૃતિક ખેતી શુદ્ધ વિજ્ઞાન છે. પ્રાકૃતિક ખેતી સૂક્ષ્મ જીવાણુઓની ખેતી છે. જેટલા વધારે સૂક્ષ્મ જીવાણુઓ અને અળસીયા વધશે, તેટલો જ ધરતીનો ઓર્ગેનિક કાર્બન વધશે. સૌને વિનંતી કરી કે પ્રાકૃતિક ખેતી અપનાવો, જેથી આપણી ધરતી અને આપણી જિંદગી બચી શકે. યૂરિયા અને રસાયણિક ખાતરે આપણી ધરતીને બીમાર બનાવી દીધી છે. તેને પુનઃ ફળદ્રુપ કરવાનો એકમાત્ર ઉપાય પ્રાકૃતિક ખેતી છે. આપણે વિચાર્યા વિના, રસાયણિક ખાતર અને કીટનાશકોનો અંધાધૂંધ ઉપયોગ કર્યો. આ દિશામાં ઝડપ એટલી વધી ગઈ કે તેનું ખરાબ પરિણામ હવે આપણી સામે આવવા માંડ્યું છે.

તેમણે વધુમાં જણાવ્યું કે, ગુજરાતમાં આ સમયે ૧૦ લાખ ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરી રહ્યા છે. હિમાચલમાં પણ ૧,૭૦,૦૦૦ કરતાં વધારે ખેડૂતો પ્રાકૃતિક ખેતી સાથે જોડાયેલા છે.

જંગલોમાં કોણ યૂરિયા કે ડીએપી નાખે છે? કોણ ગોબરનું ખાતર નાખે છે? પાણી કોણ આપે છે ? કોઈ નહીં. છતાંય, જંગલના છોડમાં કોઈ પણ પોષક તત્વની અછત નથી થતી. કુદરત જંગલમાં જે કામ કરે છે, તે જ આપણા ખેતરમાં પણ કરે તે જ પ્રાકૃતિક ખેતી. આ આંતરરાષ્ટ્રીય પરિષદમાં હિમાચલ પ્રદેશના રાજ્યપાલ શિવ પ્રતાપ શુક્લ, ડૉ. યશવંત સિંહ પરમાર ઔદ્યનિકી અને વનિકી યુનિવર્સિટીના કુલપતિ પ્રોફેસર રાજેશ્વર સિંહ ચંદેલ, પ્રોફેસર એલિસન એમ. લૉન્કોટો, હિમાચલ પ્રદેશ સરકારના સચિવ (બાગાયત) ડૉ. સી. પૉલરસુ, ઈન્ડિયન ઈકોલોજિકલ સોસાયટી, હિમાચલ પ્રદેશ ચેપ્ટરના અધ્યક્ષ ડૉ. પ્રદીપ કુમાર અને ફ્રાંસ, સર્બિયા, બ્રિટન, મોરીશિયસ, નેપાળ વગેરે દેશોના કૃષિ વૈજ્ઞાનિકો અને ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

## હવે ગર્ભાશયના કેન્સરનું સચોટ નિદાન થઈ શકશે

અમદાવાદ,તા.૧૩

ડીએનએ વેલનેસ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ (ડીએનએ વેલનેસ)એ કેનેડા સ્થિત બ્રિટીશ કોલંબિયા કેન્સર રીસર્ચ એજન્સી દ્વારા વિકસાવવામાં આવેલા અભૂતપૂર્વ નૈદાનિક સાધન ડીએનએ પ્લોઈડી ટેસ્ટ કરવા માટેના વિશેષાધિકારો પ્રાપ્ત કર્યા હોવાની જાહેરાત કરી હતી. આ ટેસ્ટનું બ્રાન્ડ નેમ 'CERViSure'છે જે ગર્ભાશયના મુખના કેન્સરનું નિદાન કરવા માટેની એક ઝડપી સચોટ અને વાઢકાપ વગરની પદ્ધતિ છે. તેની સાથે કંપનીએ અમદાવાદમાં ભારતની સર્વપ્રથમ 'CERViSure'લેબોરેટરીને પણ લોન્ચ કરી હતી. જે અહીંના લોકોને ગર્ભાશયના મુખના કેન્સરની તપાસની સુવિધા પૂરી પાડશે રૂા.૫,૫૦૦માં થતો આ ટેસ્ટ ગર્ભાશયના મુખના કેન્સરને અટકાવવા માટેનું ખુબ જ મહત્વપૂર્ણ સાધન છે. ગર્ભાશયના મુખના કેન્સરની જાણકારી મેળવવામાં ખુબ મોટી સફળતા ગણાતો 'CERViSure'ટેસ્ટ પરંપરાગત પદ્ધતિઓ કરતા બે વર્ષ પહેલા જ કેન્સરજન્ય કોષોને ઓળખી કાઢવામાં મદદરૂપ થાય છે. આ ટેસ્ટ ૧૦૦ ટકા વિશેષતા અને ૯૮ ટકા સંવેદનશીલતાની સાથે ઘણી ઉંચી સચોટતા ધરાવે છે.

### ઈદે-મિલાદુન્નબીના દિવસે

# એફ.ડી. એજ્યુકેશન કેમ્પસ ખાતે વકતૃત્વ સ્પર્ધાનું આયોજન

અમદાવાદ, તા.૧૩

તા.૧૬-૯-૨૦૨૪ સોમવારના રોજ જશ્ને ઈદેમિલાદુન્નબી (સ.અ.વ.)ના અવસરે સવારે ૧૦:૦૦ કલાકે આર.એમ. ફારૂકી રીટાયર્ડ ઈલેકટ્રીકલ ઈન્સ્પેકટર કલાસ-૧ ગવર્મેન્ટ ઓફ ગુજરાતની અધ્યક્ષતામાં અમદાવાદ શહેરની જુદી જુદી પ્રાથમિક શાળાના ધો-૮ના વિદ્યાર્થીઓ વચ્ચે એક તંદુરસ્ત વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે આ કાર્યક્રમમાં શહેરીજનોએ મુર્કરર કરેલ સમયે એફ.ડી. એજ્યુકેશન કેમ્પસ, જમાલપુર, ખાતે સ્પર્ધામાં પધારેલ તમામ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવશે. આ કાર્યક્રમમાં સૌ લોકોને આમંત્રિત કરવામાં આવ્યા છે. તેમ એફ.ડી. મુસ્લિમ કમિટીના પ્રમુખ અબ્દુર્રરહીમ એ. શેખે એક અખબારી યાદીમાં જણાવ્યું છે.



એરેના એનિમેશન દ્વારા પર્સપેકટીવ-૨૦૨૪નું ઠાકોરભાઈ દેસાઈ હોલ ખાતે આયોજન કરાયું હતું. જેમાં અમદાવાદમાં એરેના એનિમેશન ભણતા આશરે ૫૦૦ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. જેમાં મુંબઈથી ડો. રાજીવ રસ્તોગી (ફાઉન્ડર અને એમડી વ્હાઈટ એપલ એલએલપી) અને ભારત રાજડે (હેડ ઓફ સ્ટુડિયો મીડાસ વીએફએકસ) મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. અને તેઓને એનિમેશન વીએફએકસ અને ગેમિંગ ઈન્ડસ્ટ્રીઝનું વિગતવાર જ્ઞાન આપ્યું હતું અને આ ઈન્ડસ્ટ્રીનું ભવિષ્ય શું છે તેમની ઉજાગર થયો હતો.

# બંગાળના યુવા મુસ્લિમો ઈચ્છે છે કે, સુપ્રીમ કોર્ટ દ્વારા તેમનો OBC દરજ્જો પુનઃસ્થાપિત કરવામાં આવે

## કલકત્તા હાઈકોર્ટે અનેક મુસ્લિમ સમુદાયોના OBC વર્ગીકરણને ફગાવી દીધાના પાંચ મહિના પછી બે યુવાનોએ સુપ્રીમ કોર્ટનો સંપર્ક કર્યો છે

(એજન્સી) તા.૧૩

બંગાળના શાહનવાઝ અલી મોલ્લાએ જણાવ્યું હતું કે, હાઈકોર્ટના ચુકાદાથી મારી નોકરીની સંભાવનાઓને ભારે અસર થઈ છે. મારું OBC પ્રમાણપત્ર રદ થયા પછી, મારે સામાન્ય કેટેગરીના ઉમેદવાર તરીકે પરીક્ષાના ફોર્મ ભરવા પડ્યા છે, જેમાં સ્પર્ધા વધુ સખત છે. મોલ્લા પશ્ચિમ બંગાળના નાદિયા જિલ્લાના પાથરદહા ગામનો ૨૭ વર્ષનો ઈતિહાસ સ્નાતક છે. જેની કુટુંબની આવક ૬,૦૦૦ રૂપિયા પ્રતિ માસથી ઓછી છે, તે મુસ્લિમ મોલ્લા સમુદાયનો છે જેને પશ્ચિમ બંગાળ સરકારે ૨૦૧૦ માં અન્ય પછાત વર્ગોની રાજ્ય સૂચિમાં સામેલ કર્યું હતું. આ સમાવેશથી તેમના જેવા વિદ્યાર્થીઓને OBC અરજદારો માટે અનામત કોલેજની બેઠકો મેળવવા માટે સક્ષમ બનાવ્યા હતા. મોલ્લાને આશા હતી કે તે તેને જાહેર ક્ષેત્રની નોકરી કરવામાં પણ મદદ કરશે. પરંતુ તેમની કોલકાતા હાઈકોર્ટે ૭૭ સમુદાયોના અન્ય પછાત વર્ગના વર્ગીકરણને રદ કર્યું, જેમાં મોટાભાગના મુસ્લિમ હતા, જેમાં મોલ્લાનો પણ સમાવેશ થાય છે. આનાથી ૫ લાખથી વધુ ઓબીસી પ્રમાણપત્રો રદબાતલ થયા હતા. પશ્ચિમ બંગાળ સરકારે ચુકાદાને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો, જેણે ગયા મહિને તેના પર સ્ટે મુકવનો ઈનકાર કર્યો હતો. પરિણામે, ૭૭ સમુદાયો હવે જાહેર ક્ષેત્રની નોકરીઓ માટેના ઓનલાઈન અરજી ફોર્મમાં OBC શ્રેણીમાં સૂચિબદ્ધ નથી. મે મહિનામાં હાઈકોર્ટના ચુકાદા પહેલા મોલ્લાએ OBC ઉમેદવાર તરીકે જે પરીક્ષાઓ આપી હતી તેના પરિણામો પણ અટકી ગયા છે કારણ કે જાહેર એજન્સીઓ આ ૭૭ સમુદાયોના ઉમેદવારો માટે અનામતની સ્થિતિ વિશે સરકાર તરફથી સ્પષ્ટતાની રાહ જોઈ રહી છે. નિરાશામાં રાહ જોવાને બદલે, મોલાએ કાનૂની લડાઈ લડવાનું નક્કી કર્યું છે. તેમણે સુપ્રીમ કોર્ટમાં



અરજી દાખલ કરીને હાઈકોર્ટના ચુકાદા સામે સર્વોચ્ચ અદાલત દ્વારા સુનાવણી કરવામાં આવી રહેલી અપીલમાં હસ્તક્ષેપ કરવાની પરવાનગી માંગી છે. મોલ્લાએ નાદિયાના પુખુરિયા ગામના ૨૯ વર્ષીય વસીમ અક્રમ મોંડલ સાથે મળીને અરજી દાખલ કરી છે. મોંડલ મુસ્લિમ મંડલ સમુદાયમાંથી છે, જેને ૨૦૧૦ માં અન્ય પછાત વર્ગ તરીકે પણ સૂચિત કરવામાં આવ્યું હતું. મુસ્લિમ મોલ્લા અને મુસ્લિમ મોંડલ સમુદાયો ૫૬ સમુદાયોમાંથી હતા, જેઓ OBC-A લેબલવાળી પેટા-શ્રેણીમાં મૂકવામાં આવ્યા હતા, જેને વધુ પછાત તરીકે ગણવામાં આવ્યા હતા. રાજ્યમાં ૧૭% OBC ક્વોટાની અંદર, OBC-A ને ૧૦% અને OBC-B ને ૭% મળવાપાત્ર હતા. હાઈકોર્ટના ચુકાદા દ્વારા આ વર્ગીકરણ પણ દૂર કરવામાં આવ્યું છે. મોલ્લાની જેમ મોંડલ પણ એક ખેતમજૂરનો પુત્ર છે. તેમના પરિવારની માસિક આવક રૂા. ૪,૦૦૦ થી ૫,૦૦૦ ની વચ્ચે છે અને તેમની માલિકીની કુલ સંપત્તિનું મૂલ્ય રૂા. ૧ લાખથી ઓછું છે. તે સરકારી સંસ્થાઓમાં એન્ટ્રી લેવલ, નોન-ટેક્નિકલ, સહાયક ભૂમિકાઓ માટે ભરતી પરીક્ષાઓની તૈયારી કરી રહ્યો છે. તેમણે કહ્યું કે, મારા ગામ અને મારા સમુદાયમાં એવા હજારો લોકો છે જેમને હાઈકોર્ટના ચુકાદાથી પ્રતિકૂળ અસર થઈ છે, અમારા OBC પ્રમાણપત્રો હવે નકામા થઈ ગયા છે. વરિષ્ઠ વકીલ શાદાન ફરસાત અને એડવોકેટ સંચિતા આઈન અને પ્રણવ ધવન કોર્ટમાં તેમનું પ્રતિનિધિત્વ કરવા સંમત થયા હતા. તેઓએ સૂચવ્યું કે હાઈકોર્ટના ચુકાદાની સીધી અસર પામેલા લોકો હસ્તક્ષેપકર્તા તરીકે અરજી કરે. મોલ્લાએ કહ્યું કે, અમારા પરિવાર અને સમુદાયના લોકો જ્યારે કોર્ટ વિશે સાંભળે છે ત્યારે તેઓ ડરી જાય છે. પરંતુ હું શિક્ષિત છું તેથી હું મારા અધિકારોને સમજું છું અને સુપ્રીમ કોર્ટ અમને મદદ કરશે. અમે કંઈ ખોટું કરી રહ્યા નથી. હાઈકોર્ટનો ચુકાદો ત્રણ મુદ્દા પર આધારિત હતો : કે ૨૦૧૦ અને ૨૦૧૨ માં સરકારના OBC વર્ગીકરણના આદેશો પ્રક્રિયાગત રીતે અયોગ્ય હતા, તેના ઉદ્દેશ્ય ડેટા પર આધારિત ન હતા અને તેના બદલે સૂચિત સમુદાયોની ધાર્મિક ઓળખ પર આધાર રાખતા હતા. હાઈકોર્ટે જણાવ્યું હતું કે પશ્ચિમ બંગાળ કમિશન ફોર બેકવર્ડ ક્લાસીસની પર્યાપ્ત સલાહ લેવામાં આવી ન હતી અને સંભવતઃ રાજકીય કારણોસર નોટિફિકેશનના આદેશો કરવામાં આવ્યા હતા. હાઈકોર્ટે એ પણ નોંધ્યું હતું કે પછાત વર્ગોને ઓળખવા માટે ધર્મ એકમાત્ર માપદંડ ન હોઈ શકે, કારણ કે સામાજિક, આર્થિક અને શૈક્ષણિક આધારો પર પછાતપણું સ્થાપિત થવું જોઈએ. હાઈકોર્ટનો ચુકાદો મે મહિનામાં લોકસભાની ચૂંટણીની વચ્ચે આવ્યો હતો. વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ બંનેએ તેનો ઉપયોગ એવો ભય ફેલાવવા માટે કર્યો હતો કે વિપક્ષી ભારત જૂથ, જો સત્તામાં આવશે, તો અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાત વર્ગો પાસેથી અનામતના લાભો છીનવી લેશે અને તેમને મુસ્લિમોને સોંપી દેશે. આ એ હકીકતની અવગણના કરે છે કે પછાત મુસ્લિમ સમુદાયોને ૧૪ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં OBC અનામત મળે છે, જેમાંથી ઘણા ભારતીય જનતા પાર્ટી અને તેના રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધન દ્વારા શાસિત છે.

# નવી દિલ્હીના આધુનિક વિસ્તારમાં મૂળ અફઘાની જીમ સંચાલક માલિકની સરાજાહેર હત્યા, વિચલિત કરતો વીડિયો

## મીડિયાને મળેલા સીસીટીવી ફૂટેજમાં દેખાય છે કે, જીમ માલિક નાદિર શાહ પોતાની કાળા કલરની એસયુવી પાસે ઊભો રહીને કોઈ વ્યક્તિ સાથે વાતો કરી રહ્યો હતો ત્યારે તેના પર ધડાધડ ગોળીઓ છોડવામાં આવી : લોરેન્સ બિશ્નોઈના સાગરિત રોહિત ગોદારા ગેંગ દ્વારા હત્યાની જવાબદારી સ્વીકારાઈ

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૩

નવી દિલ્હીના આધુનિક એવા ગ્રેટર કૈલાશ વિસ્તારમાં બુધવારે રાત્રે મૂળ અફઘાની નાદિર શાહ નામના જીમ માલિકની ધડાધડ ગોળીઓ છોડીને કરપીણ હત્યા કરી નાખવામાં આવી હતી તેમ પોલીસે જણાવ્યું હતું. મૂળ અફઘાની એવા જીમ માલિકના શરીરમાં અત્યારે ૧૧ જેટલી ગોળીઓ ધરવી દીધી આ ઘટના ગેંગવરની હોવાનું માનવામાં આવે છે. પોલીસમાં જાહેર થયા મુજબ જીમ માલિક પર બોડિયો છોડતા પહેલા શૂટરે લગભગ એક કલાક સુધી બાજ નજર રાખી હતી અને રેકી કરી હતી અને જીમની આજુબાજુ ફરતો દેખાયો હતો અને જેવી તક મળી તરત જ શાહની હત્યા કરી નાખી હતી તેમ પોલીસમાં જાહેર થયું છે. દરમિયાન લોરેન્સ બિશ્નોઈના ખાસ સાથી ગોલ્ડી બ્રારન સાગરિત મનાતા ગેંગસ્ટર રોહિત ગોદારાએ અત્યારની જવાબદારી લીધી છે અને એ સોશિયલ મીડિયામાં દાવો કર્યો છે. આ મહિને કેનેડા ખાતે પંજાબી સિંગર એપી ઢીલોનના ઘરની બહાર થોડી બહાર થયો તેની જવાબદારી પણ ગોદારાએ લીધી હતી. સીસીટીવીમાં દેખાય છે કે નાદિરશાહ તેના જીમની બહાર તેની કાળા રંગની પાસે ઉભો રહીને બીજી કોઈ વ્યક્તિ સાથે વાતો કરી રહ્યો હતો ત્યારે અચાનક ધસી આવેલા શૂટરે નાદિરશાહ પર



ધડાધડ ગોળીઓ છોડી હતી ત્યારે તેની સાથે ઉભેલો બીજો શખ્સ બચવાની કોશિશ કરીને ત્યાંથી નાસી ગયો હતો જ્યારે હત્યારો બાદમાં બાઈક પર નાસી ગયો હતો. કેટલાક નજરે જોનારા લોકોએ જણાવ્યું હતું કે લગભગ ૧૦ રાઉન્ડ ગોળીબાર થયો હતો સૂત્રો જણાવે છે કે નાદીર શાહ પણ ગુનાહિત ઈતિહાસ ધરાવતો હતો અને આ વિસ્તારમાં ચાલતી ગેંગવરને કારણે તેની હત્યા થઈ હોવાનું પોલીસ માને છે. રોહિત ગોદારાએ બિશનોઈ ગેંગનો સાગ્રિત છે અને અત્યારે અમેરિકામાં વસે છે અને ત્યાં બેઠો બેઠો ગેંગનું સંચાલન કરે છે છેલ્લા ત્રણ વર્ષથી ત્યાં છુપાયેલો છે અને ગેંગ ચલાવી રહ્યો છે. સોશિયલ મીડિયા પર હિન્દીમાં પોસ્ટ મૂકીને તેને દાવો કર્યો હતો કે હું બિકાનેરનો રોહિત ગોદારા, અમે આજે દિલ્હીમાં નાદિર શાહની હત્યા કરી નાખી છે. તિહાર જેલમાં રહેલા મારા ભાઈ સમીરભાઈનો મને સંદેશો આવ્યો હતો કે જીમનો માલિક આપણા દુશ્મનોને મળે છે અને આપણી તમામ પ્રકારની કામગીરીમાં અવરોધો ઊભા કરી રહ્યો છે એ કારણે અમે તેની હત્યા કરી નાખી છે. અમારા કે અમારા ભાઈના દુશ્મનોને જે ટેકો આપશે તેના આવા જ હાલ કરવામાં આવશે એટલે તમામ દુશ્મનો હવે મરવા માટે તૈયાર થઈ જાય.

# PM મોદી અને CJI ચંદ્રચૂડનું જાહેરમાં આસ્થાનું પ્રદર્શન શા માટે આશ્ચર્ય પમાડનાર છે ?

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૩

ભારતના મુખ્ય ન્યાયાધીશ (CJI) અને સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશો નિમણૂક પર હોદ્દાના શપથ લે છે કે, તેઓ ભારતના બંધારણ પ્રત્યે સાચી શ્રદ્ધા અને વફાદારી રાખશે અને તેઓ ડર કે તરફેણ, સ્નેહ કે દુર્ભાવના વિના તેમની ફરજો બજાવશે તથા યોગ્ય અને વફાદારીપૂર્વક કાર્ય કરશે અને તેઓ બંધારણ અને કાયદાનું સમર્થન કરશે. વડાપ્રધાન દ્વારા ટ્વિટ કરાયેલ ફોટોગ્રાફ્સ તેમને CJI ડી.વાય. ચંદ્રચૂડ અને તેમના પત્ની સાથે ગણેશ પૂજામાં દર્શાવે છે. તે સ્પષ્ટ છે કે, પીએમ આમંત્રિત મહેમાન હતા. આ અનેક પ્રશ્નો ઊભા કરે છે. તેમની વચ્ચે પ્રાથમિક બાબત એ છે કે, શું CJI તેમના પદના શપથ પર ખરાં ઉતર્યા છે. સુપ્રીમે કહ્યું છે કે, ધર્મનિરપેક્ષતા એ બંધારણની મૂળભૂત વિશેષતા છે. એસ.આર. બોમ્માઈ વિરુદ્ધ ભારતીય સંઘ (૧૯૯૪)માં સર્વોચ્ચ અદાલતે ઉપેન્દ્ર બક્ષીને ટાંકીને જણાવ્યું હતું કે, બંધારણમાં 'સેક્યુલારિઝમ'નો અર્થ એ છે કે, 'રાજ્ય પોતે જ કોઈપણ ધર્મને સમર્થન કે સ્થાપશે નહીં અથવા તેનું પાલન કરશે નહીં.' કોર્ટે એ જ ચુકાદામાં એવું પણ ઠરાવ્યું હતું કે, 'દરેક વ્યક્તિગત વ્યક્તિને તે ક્રમમાં અંતરાત્મા અને ધર્મની સ્વતંત્રતાનો સમાન અધિકાર હશે.'

CJI અને પીએમના અંગત રીતે અંતરાત્મા અને ધર્મની સ્વતંત્રતા માણવાના અધિકાર પર કોઈ પ્રશ્ન ઉઠાવી શકે નહીં. જો કે, પ્રશ્ન એ છે કે, શું તેમના વિશ્વાસનું જાહેર પ્રદર્શન તેમના સંબંધિત પદના શપથનો ભંગ કરે છે. જવાબ નિઃશંકપણે હકારાત્મક છે. ભારતના ન્યાયિક ઈતિહાસમાં આ પહેલો કેસ હશે જ્યાં સીટિંગ સીજેઆઈએ સીટિંગ પીએમને ધાર્મિકતાના સાર્વજનિક પ્રદર્શન માટે વીડિયોગ્રાફરો અને ફોટોગ્રાફરો સાથે



આમંત્રિત કર્યા છે કે, જેથી ઘટનાને સાર્વજનિક કરવામાં આવે. CJI કેસરી કુર્તામાં છે જ્યારે પીએમએ મહારાષ્ટ્રીયન ટોપી પહેરી છે. કોઈએ એ પણ યાદ રાખવું જોઈએ કે, CJIએ મહારાષ્ટ્રના ધારાસભ્યોને ગેરલાયક ઠેરવવા અને શિવસેનાના બે જૂથો દ્વારા પક્ષના પ્રતીકોના ઉપયોગને લગતા કેસની સુનાવણી કરી છે અને ટૂંક સમયમાં સુનાવણી થવાની છે. આ પ્રથમ વખત નથી કે અમે આ પ્રકારનું પ્રદર્શન જોયું છે પરંતુ અમે દરેક દાખલાને પસાર થવા દઈએ છીએ અને એક નવું સામાન્ય બનાવીએ છીએ. જાન્યુઆરીમાં CJIએ ગુજરાતમાં દ્વારકાધીશ મંદિરની મુલાકાત લીધી હતી અને જિલ્લા અદાલતના વકીલોને 'ન્યાયની ધ્વજા' ઉડતા રહે તે રીતે કાર્ય કરવા વિનંતી કરી હતી. 'ધ્વજા' એ હિંદુ પ્રતીક છે તો આ ચોરસ ધર્મનિરપેક્ષતા અને તેમના પદના શપથ સાથે કેવી રીતે ? બે બંધારણીય કાર્યકર્તાઓ દ્વારા કરવામાં આવતી પૂજા જાહેર દૃષ્ટિકોણથી પ્રશ્ન ઊભો કરે છે કે, શું ધર્મ ન્યાયતંત્રમાં દાખલ છે ? ભારત બહુ-આસ્થા ધરાવતો સમાજ છે, તો બંધારણીય કાર્યકર્તાઓ દ્વારા એક ધર્મનું જાહેર પ્રદર્શન તેમના પદના શપથનું પાલન કેવી રીતે કરે છે.

**- ઈન્દિરા જયસિંહ**

# કે.પી. એનર્જી ભારતની મહત્ત્વાકાંક્ષી રિન્યુએબલ એનર્જીમાં મહત્ત્વનું યોગદાન આપવા ઈચ્છે છે

## ફારૂક પટેલે ૧૯૯૪માં કે.પી. ગ્રુપની શરૂઆત કરી ત્યારે સુરત સ્થિત આ કંપનીએ મોબાઈલ ટાવર બનાવ્યા, આજે તેની પેટા-કંપનીઓ કે.પી. એનર્જી અને કે.પી.આઈ. ગ્રીન એનર્જીના નેતૃત્વમાં તે ભારતના મહત્ત્વાકાંક્ષી રિન્યુએબલ એનર્જી લક્ષ્યોમાં નોંધપાત્ર યોગદાન આપવાનું લક્ષ્ય ધરાવે છે

(એજન્સી) તા.૧૩

ફારૂક જી. પટેલે કે.પી. ગ્રુપના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર છે. ફારૂક પટેલ નવીન વસ્તુઓ બનાવવાનું પસંદ કરે છે પછી મોબાઈલ ટાવર હોય, સૌર અને પવન ઊર્જા પ્રણાલી હોય. સુરતના બસ કંડક્ટરના આ પુત્રએ કરોડો રૂપિયાનો બિઝનેસ સમૂહ વિકસાવ્યો છે. પટેલે ૨૨ વર્ષની વયે ૧૯૯૪માં કે.પી. ગ્રુપની સ્થાપના કરી હતી. તેની પેટાકંપનીઓમાંની એક, કે.પી. એનર્જી, ફોર્બ્સ એશિયાની બેસ્ટ અંડર અ બિલિયન ૨૦૨૪ની યાદીમાં સ્થાન મેળવ્યું છે. ૨૦૧૬માં બોમ્બે સ્ટોક એક્સચેન્જ (BSE) ખાતે પ્રારંભિક પબ્લિક ઓફર કરનારી ગ્રુપ કંપનીઓમાંની પ્રથમ, કે.પી. એનર્જી પવન અને પવન-સૌર હાઈબ્રિડ પાવર પ્રોજેક્ટ માટે એન્ડ-ટુ-એન્ડ સોલ્યુશન્સ પ્રદાન કરે છે, જેમાં પ્લાન્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું સંતુલન, સાઈટની ઓળખનો સમાવેશ થાય છે અને જમીન અને પરમિટનું સંપાદન, સંચાલન અને જાળવણીનો સમાવેશ થાય છે. આ કંપની ૧૯.૯ મેગાવોટની કાર્યકારી ક્ષમતા સાથે 8.4MW અને 11.5MWdc સોલાર પાવર પ્રોજેક્ટ્સ ધરાવતી, ૧૯.૯ મેગાવોટની કાર્યકારી ક્ષમતા સાથે સ્વતંત્ર વીજ ઉત્પાદક (IPP) પણ છે. BSEના ડેટા મુજબ કે.પી. એનર્જીની આવક ચાર વર્ષમાં છ ગણીથી વધુ વધી છે, જે FY20માં રૂા.૭૪.૧૨ કરોડથી FY24માં રૂા.૪૬૮.૬૯ કરોડ થઈ છે. આ જ સમયગાળામાં ચોખ્ખો નફો પણ રૂા.૧.૧૦ કરોડથી વધીને રૂા.૫૮.૬૫ કરોડ થયો છે. પટેલ કહે છે કે, કંપનીનું માર્કેટ કેપિટલાઈઝેશન છેલ્લા આઠ વર્ષમાં લગભગ ૧૦૦ ગણું વધ્યું છે, જ્યારે તે ૨૦૧૬માં BSEના SME પ્લેટફોર્મ પર લિસ્ટેડ થયું ત્યારે રૂા.૨૪.૨૬ કરોડથી ઓગસ્ટ ૨૯, ૨૦૨૪માં લગભગ રૂા.૨૬૨૦ કરોડ થઈ ગઈ છે. કે.પી. એનર્જી બિગ લીગમાં પ્રવેશ કરી રહી છે. લગભગ ૮૦૦+ મેગાવોટ પ્રોજેક્ટ અમલીકરણના અદ્યતન તબક્કામાં છે અને નેશનલ થર્મલ પાવર કોર્પોરેશન (NTPC) તરફથી ૪૬૪ મેગાવોટનો પવન-સૌર હાઈબ્રિડ પાવર પ્રોજેક્ટ છે અને આગામી ૨.૫ વર્ષમાં 1 GW+ ઓર્ડર બુક અને બિઝનેસ થશે. તેમણે કહ્યું કે, અમે ૫૪૫થી વધુ વિન્ડ ટર્બાઈન ઊભા કર્યા છે. અમારા જેવા નાના ધંધા માટે આટલા ઓછા સમયમાં આ કરવું, એ હું તેને એક સિદ્ધિ માનું છું. છેલ્લા કેટલાક વર્ષોમાં ભારતમાં રિન્યુએબલ એનર્જી માટે પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. નવેમ્બર ૨૦૨૧માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સંયુક્ત રાષ્ટ્ર ક્લાયમેટ ચેન્જ કોન્ફરન્સ (COP26)માં જાહેરાત કરી હતી કે, ભારત ૨૦૩૦ સુધીમાં 500 GW નોન-ફોસિલ ઈંધણ ક્ષમતાનું નિર્માણ કરશે. ભારતે ૨૦૭૦ સુધીમાં નેટ-શૂન્ય અર્થતંત્ર બનવાનું લક્ષ્ય પણ રાખ્યું છે. આબોહવા સંકટ સાથે ઝઝૂમી રહેલા વિશ્વમાં વધતી જતી અર્થવ્યવસ્થા તરીકે, ભારતમાં પણ પાવરની અભૂતપૂર્વ માંગ જોવા મળી રહી છે. તેમાંથી લગભગ ૫૪.૫ ટકા હજુ પણ કોલસા સાથે થર્મલ પાવર દ્વારા પૂરી કરવામાં આવી રહી છે, જૂન ૨૦૨૪માં પાવર મંત્રાલયના જણાવ્યા મુજબ ૨૦૨૪-૨૫માં ભારત માટે ૭૫ ટકા વીજ ઉત્પાદન લક્ષ્યાંક હાઈડ્રો અને ન્યુક્લિયર પાવર થર્મલ દ્વારા પૂર્ણ કરવામાં આવશે. પાવર કંપની અપ્રવા એનર્જીના મેનેજિંગ ડિરેક્ટર રાજીવ રંજન મિશ્રાએ જૂનમાં ફોર્બ્સ ઈન્ડિયાને જણાવ્યું હતું કે, ભારત ઓછામાં ઓછા ૨૦૫૦ સુધી કોલસાને સંપૂર્ણપણે દૂર કરી શકશે નહીં. આપણે વધુ નવીનીકરણીય ક્ષમતાઓનું નિર્માણ ચાલુ રાખવાની જરૂર પડશે. ભારતે અત્યાર સુધીમાં ૫૦૦ ગીગાવોટની લક્ષ્ય ક્ષમતામાંથી લગભગ ૨૦૦ ગીગાવોટનું નિર્માણ કર્યું છે, જેનો અર્થ છે કે, દર વર્ષે લગભગ ૫૦ ગીગાવોટની વધારાની ક્ષમતાનું નિર્માણ કરવું. મિશ્રાના જણાવ્યા અનુસાર ખાનગી ક્ષેત્રમાં રિન્યુએબલમાં સંક્રમણનો દર ઝડપી હશે, જે હાલમાં ભારતની કુલ વીજ ઉત્પાદન ક્ષમતાના લગભગ ૫૨ ટકાનો સમાવેશ થાય છે. જો તમે પટેલ જેવા ઉદ્યોગ સાહસિકોને પૂછો તો આ એક સારી બિઝનેસ તક છે. 500 GWમાંથી અમે ઓછામાં ઓછા 10 GW નોન-ફોસિલ ઈંધણ ક્ષમતામાં યોગદાન આપવા માંગીએ છીએ. અમે ઓછામાં ઓછા બે ટકા ટાર્ગેટ લેવા ઈચ્છીએ છીએ. અમે ૨૦૨૮ પહેલાં આ ક્ષમતાના 5 GW ઈન્સ્ટોલ કરવા માંગીએ છીએ. ફારૂક પટેલની ૧૧૦૦ કર્મચારીઓની ટીમ છે. જીવનમાં ભવ્ય કામગીરી કરવી એ તેમની નાનપણથી જ ટેવ હતી. તેમનો જન્મ ૧૯૭૨માં ગુજરાતના ભરૂચ જિલ્લાના સલાદ્રા નામના ગામમાં થયો હતો. તેમના પિતા ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ (GSRTC)માં બસ કંડક્ટર હતા, જ્યારે પટેલ બે વર્ષના હતા ત્યારે તેમની સુરતમાં બદલી થઈ હતી. તેમના પિતા મહિને આશરે રૂા.૭૦૦ કમાતા હતા. પટેલે સખત અભ્યાસ કર્યો અને તે તેજસ્વી વિદ્યાર્થી તરીકે જાણીતા હતા, જેના કારણે શિક્ષકે તેના માતા-પિતાને તેને ખાનગી શાળા, વી.ડી. દેસાઈ (વાડીવાલા) શાળામાં મોકલવા કહ્યું. જ્યાં તેમણે ધો.૧૨ સુધી અભ્યાસ કર્યો. તેમણે કહ્યું કે, હું કદાચ સૌથી ગરીબ બાળક હતો પણ શાળામાં મળેલા એક્સપોઝરથી તેઓ વધુ આત્મવિશ્વાસ ધરાવતા હતા. ૧૯૯૦માં મેન-મેઈડ ટેક્સટાઈલ રિસર્ચ એસોસિએશનમાં જોડાયા તે પહેલાં તેમણે અનેક નોકરીઓ કરી હતી. તેમણે ડ્રેસ મટિરિયલ વેચવા માટે એક દુકાન ભાડે લીધી ત્યારે તે ૧૮ વર્ષના હતા. એક વર્ષ પછી તેઓ તેમના પરિવારને ટેકો આપવા માટે વધુ પૈસા કમાવવાની આશામાં ૧૯૯૧માં ઈંગ્લેન્ડ ગયા અને ત્યાં એક પિઝા રેસ્ટોરન્ટમાં કામ કર્યું અને ૧૯૯૩માં બાંધકામ ઉદ્યોગમાં કામ કરવા, ફેક્ટરીઓને મકાન સામગ્રી સપ્લાય કરવા માટે સુરત પરત ફર્યા હતા. ૧૯૯૪માં તેમની રૂા.૧ લાખની બચત સાથે કે.પી. ગ્રુપની સ્થાપના કરી હતી. કે.પી. બિલ્ડકોન (હવે



કે.પી. ગ્રીન એન્જિનિયરિંગ કહેવાય છે; BSEના SME પ્લેટફોર્મમાં આ માર્ચમાં સૂચિબદ્ધ) હેઠળ તેમણે મોબાઈલ ટાવર બાંધવા માટે કોન્ટ્રાક્ટ લેવાનું શરૂ કર્યું હતું. પટેલ કહે છે કે, ૨૦૦૪ સુધીમાં અમે રિલાયન્સ, ઈન્ડસ, વોડાફોન, એરટેલ જેવા ગ્રાહકો સાથે ભારતના ૧૬ રાજ્યોમાં કામ કરતાં હતા. તેમણે વડોદરા જિલ્લામાં મોબાઈલ ટાવર બનાવવાની ફેક્ટરી પણ ખરીદી હતી. તે પછી જ્યારે ૨૦૦૭-૦૮ની મંદીથી ધંધાને ફટકો પડ્યો હતો અને 2G સ્પેક્ટ્રમ કૌભાંડને કારણે ટેલિકોમ ઉદ્યોગમાં ઉથલપાથલ મચી ગઈ હતી, ત્યારે પટેલ જાણતા હતા કે, તે ફરીથી સેટ કરવાનો સમય છે. તેમણે રિન્યુએબલ એનર્જી બિઝનેસમાં પ્રવેશવાનું નક્કી કર્યું. તે કહે છે કે, મને સમજાયું કે તે માત્ર મૂળભૂત વ્યવસ્થાપન છે અને તમારે અલગ-અલગ જગ્યાએથી ઘટકોનો સ્ત્રોત લેવો પડશે, તેમને એકસાથે મૂકવા પડશે અને ઊર્જા ઉત્પન્ન કરવી પડશે. તમારે કોલસો, ડીઝલ કે ગેસની જરૂર નથી. એકવાર તમે પ્લાન્ટ લગાવો પછી કુદરત વર્ષો સુધી ઊર્જા ઉત્પન્ન કરશે. ભારત જેવા દેશમાં કુશળ શ્રમની અછત છે, આના જેવો વ્યવસાય ઉચ્ચ સ્તરની કુશળતાની માંગ કર્યા વિના રોજગાર પેદા કરી શકે છે. પટેલે ૨૦૦૮માં કે.પી.આઈ. ગ્રીન એનર્જીની સ્થાપના કરી, ત્યારબાદ ૨૦૧૦માં કે.પી. એનર્જી બનાવી. તેમણે તાજેતરમાં નિયમનકારી ફાઈલિંગ મુજબ શૂન્ય-દેવાની સ્થિતિ પ્રાપ્ત કરી છે અને જૂન ૨૦૨૪ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક ગાળામાં નફામાં વાર્ષિક ધોરણે ૯૮ ટકાનો વધારો થયો હતો, જે ગયા વર્ષના સમાન ક્વાર્ટરમાં રૂા.૩૩.૩ કરોડથી વધુ હતો. ૨૯ ઓગસ્ટના BSE મુજબ કે.પી.આઈ. ગ્રીન એનર્જીનું માર્કેટ કેપિટલાઈઝેશન આશરે રૂા.૧૧,૩૦૦ કરોડ છે. જાન્યુઆરીમાં યોજાયેલી વાઈબ્રન્ટ ગુજરાત સમિટ પહેલાં કે.પી. ગ્રુપે કુલ રૂા.૧૭,૬૯૦ કરોડના બે એમઓયુ પર હસ્તાક્ષર કર્યા હતા. મનીકંટ્રોલમાં એક લેખ મુજબ પ્રથમ એમઓયુમાં સમગ્ર ગુજરાતમાં ૨૬૭૫ મેગાવોટ વિન્ડ સોલાર અને હાઈબ્રિડ પાવર પ્રોજેક્ટ માટે રૂા.૧૬,૬૯૦ કરોડનું રોકાણ કરવાની દરખાસ્ત કરવામાં આવી હતી. બીજા એમઓયુમાં જૂથના પ્રથમ ગ્રીન હાઈડ્રોજન પ્લાન્ટને વિકસાવવા માટે રૂા.૧૦૦૦ કરોડના રોકાણનું વચન આપવામાં આવ્યું હતું, જે આવતા વર્ષે કાર્યરત થવાની ધારણા છે. કે.પી.આઈ. ગ્રીન એનર્જી અને નવી પેટાકંપની ગ્રીન હાઈડ્રોજન પર ધ્યાન કેન્દ્રિત કરશે. પટેલ દાવો કરે છે કે, તેમના જૂથે એકંદરે લગભગ 1.3+ GWની નવીનીકરણીય ઊર્જા ક્ષમતા સ્થાપિત કરી છે અને ૨૦૨૫ સુધીમાં પૂર્ણ કરવાના લક્ષ્ય સાથે 3.33+ GW (સૌર, પવન અને હાઈબ્રિડ)ની ઓર્ડર બૂક ધરાવે છે. આ જૂથ પાસે ગુજરાતની આસપાસ ૨૬૮૬ એકરથી વધુ જમીન છે. આ પરિવારની બીજી પેઢી પણ આ જ ધંધામાં છે. પટેલનો પુત્ર અફફાન કે.પી. એનર્જીમાં ડિરેક્ટર છે, જ્યારે બીજો પુત્ર હસન કે.પી. ગ્રુપમાં માનવ સંસાધનનું સંચાલન કરે છે. તેમના જમાઈ મોઈનુલ કે.પી. ગ્રીન એન્જિનિયરિંગનું નેતૃત્વ કરી રહ્યા છે. પટેલ કહે છે કે, તેઓ હવે સંપત્તિ બનાવવાની ઈચ્છા નથી, કારણ કે, તેમણે કલ્પના કરી હોય તેના કરતાં ઘણું વધારે પ્રાપ્ત કર્યું છે.

**- દિવ્યા જે શેખર**

(સૌ. :- ફોર્બ્સ ઈન્ડિયા)

# હવે પાંચ કલાકમાં અમદાવાદથી ભૂજ પહોંચો : PM મોદી ૧૬ સપ્ટેમ્બરે ભારતની પહેલી વંદે મેટ્રોનું લોકાર્પણ કરશે

## આ મેટ્રો સેવા માટે મુસાફરીનો સમય આશરે પાંચ કલાક અને ૪૫ મિનિટનો છે, જેમાં નવ મધ્યવર્તી સ્ટેશનો પર સ્ટોપ છે, આ સ્ટોપમાં અંજાર, ગાંધીધામ, ભચાઉ, સામખીયાળી, હળવદ, ધ્રાંગધ્રા, વિરમગામ, ચાંદલોડિયા અને સાબરમતીનો સમાવેશ થાય છે, દરેક સ્ટોપની સરેરાશ લગભગ ૨ મિનિટ છે

(એજન્સી) તા.૧૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદી સોમવારે ૧૬ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ અમદાવાદથી દેશની પ્રથમ વંદે મેટ્રો ટ્રેનનું ઉદ્ઘાટન કરવાના છે. આ નવી ટ્રેન સેવાનું લોકાર્પણ એક સીમાચિહ્નરૂપ છે, કારણ કે તે વડાપ્રધાનના જન્મદિવસના માત્ર એક દિવસ પહેલા નિર્ધારિત છે. આ નવી મેટ્રો સેવા અમદાવાદ અને ભુજ વચ્ચે કાર્યરત થશે, જે ગુજરાતના આ બે મુખ્ય શહેરો વચ્ચે મુસાફરી કરતા હજારો મુસાફરો માટે પરિવહનનું ઝડપી અને કાર્યક્ષમ મોડ પ્રદાન કરશે. વંદે મેટ્રો અઠવાડિયામાં છ દિવસ દોડશે.



### ટ્રેનના સમય અને હોલ્ટની વિગતો

આ ટ્રેન ભુજથી સવારે ૫:૦૫ કલાકે ઉપડશે અને સવારે ૧૦:૫૦ કલાકે અમદાવાદ પહોંચશે. વિપરીત દિશામાં તે અમદાવાદથી સાંજે ૫:૩૦ કલાકે ઉપડશે અને ૧૧:૧૦ કલાકે ભુજ પહોંચશે. આ મેટ્રો સેવા માટે મુસાફરીનો સમય આશરે ૫ કલાક અને ૪૫ મિનિટનો છે, જેમાં નવ મધ્યવર્તી સ્ટેશનો પર સ્ટોપ છે. આ સ્ટોપમાં અંજાર, ગાંધીધામ, ભચાઉ, સામખીયાળી, હળવદ, ધ્રાંગધ્રા, વિરમગામ, ચાંદલોડિયા અને સાબરમતીનો સમાવેશ થાય છે, દરેક સ્ટોપની સરેરાશ લગભગ ૨ મિનિટ છે. આ નવી વંદે મેટ્રો સેવા ગુજરાત રાજ્યમાં પ્રથમ મેટ્રો કામગીરી તરીકે નોંધપાત્ર છે, જે રાજ્યના પરિવહન માળખામાં નોંધપાત્ર વિકાસ દર્શાવે છે. તે ભારતીય રેલ્વે નેટવર્કની અંદરની પ્રથમ મેટ્રો સેવા પણ છે, જે તેના લોન્ચને વધુ મહત્ત્વ આપે છે. આ ટ્રેન અમદાવાદ અને ભુજ વચ્ચે મુસાફરી કરતા મુસાફરોની સગવડમાં મોટા પ્રમાણમાં વધારો કરશે, મુસાફરીનો સમય ઘટાડશે અને આરામદાયક, આધુનિક મુસાફરીનો અનુભવ પ્રદાન કરશે તેવી અપેક્ષા છે.

### ભાડું સિસ્ટમ પર વિગતો

ટિકિટની કિંમતના સંદર્ભમાં રેલવે મંત્રાલયે એક સીઝન ટિકિટ માળખું રજૂ કર્યું છે જે નિયમિત પ્રવાસીઓ માટે સુગમતા પ્રદાન કરે છે. સાપ્તાહિક, પખવાડિક અને માસિક સીઝન ટિકિટની કિંમત અનુક્રમે ૭, ૧૫ અને ૨૦ સિંગલ મુસાફરીની સમકક્ષ હશે. લઘુત્તમ ચાર્જેબલ ભાડું ૩૦ રૂપિયા નક્કી કરવામાં આવ્યું છે, જેમાં GSTનો સમાવેશ થાય છે. વધુમાં ભાડું રૂ.૫ના આગામી ઉચ્ચ ગુણાંકમાં રાઉન્ડ ઓફ કરવામાં આવશે. બાળકો માટે સામાન્ય ભાડાના નિયમો લાગુ થશે અને રાહતદરે ભાડાં અથવા સ્તુત્ય પાસ સામે જારી કરાયેલી ટિકિટ કે જે ભરપાઈ કરવામાં આવી નથી તે આ સેવા માટે માન્ય રહેશે નહીં. ક્લર્કેજ ચાર્જીસ પર પણ ૫% GST લાગુ થશે. સેન્ટર ફોર રેલ્વે ઈન્ફોર્મેશન સિસ્ટમ્સ (CRIS)ને ભાડાના માળખાને અમલમાં મૂકવા અને સરળ કામગીરી સુનિશ્ચિત કરવા માટે જરૂરી સોફ્ટવેર અપડેટ્સ કરવાનું કામ સોંપવામાં આવ્યું છે. વંદે મેટ્રોનું લોન્ચિંગ આ પ્રદેશમાં ગેમ ચેન્જર બનવાની ધારણા છે જે કનેક્ટિવિટીમાં સુધારો કરશે અને મુસાફરો માટે હાઈ-સ્પીડ, કાર્યક્ષમ પરિવહન વિકલ્પ પ્રદાન કરશે.

# CCTV બંધ, હોસ્પિટલને લોક કરી : બિહારની હોસ્પિટલમાં ગેંગરેપથી બચવા માટે નર્સે ડોક્ટરનો પ્રાઈવેટ પાર્ટ બ્લેડ વડે કાપી નાંખ્યો

**બિહારના સમસ્તીપુર જિલ્લાની ખાનગી હોસ્પિટલના સંચાલક ડોક્ટર અને તેના બે સહયોગીની ધરપકડ કરવામાં આવી છે**

(એજન્સી) પટના, તા.૧૩

કોલકાતાની આર.જી. કર મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં તાલીમાર્થી ડોક્ટર પર બળાત્કાર અને હત્યા કર્યાના એક મહિના પછી બિહારની એક ખાનગી હોસ્પિટલમાં નર્સ પર સામૂહિક બળાત્કારનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. બિહારના સમસ્તીપુર જિલ્લામાં એક નર્સે એક ડોક્ટરને બ્લેડ વડે ઈજા પહોંચાડી હતી જયારે મેડિકલ પ્રેક્ટિશનર અને બે સહયોગીઓએ સંસ્થાની અંદર તેના પર કથિત રીતે હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો. ડોક્ટર અને તેના સહયોગીઓ નર્સની નજીક આવતા જ તેણે તેમના પર બ્લેડ વડે હુમલો કર્યો અને કોઈક રીતે તે ભાગવામાં સફળ રહી. પોલીસે જણાવ્યું કે, હુમલાખોરોએ હોસ્પિટલના સીસીટીવી કેમેરા બંધ કરી દીધા હતા અને હોસ્પિટલને અંદરથી બંધ કરી દીધી હતી.

પોલીસે જણાવ્યું કે, મહિલા કર્મચારી પર કથિત રીતે હુમલો કરવાનો પ્રયાસ કરનાર ડોક્ટર સંસ્થાનો સંચાલક પણ હતો. આરોપી ડોક્ટર અને તેના બે સહયોગીઓ નશાની હાલતમાં હતા. મહિલા મેડિકલમાંથી ભાગી જતાં તેણે સ્થાનિક પોલીસને ફોન કર્યો. આ ઘટના મુસરીઘરારી વિસ્તારની એક ખાનગી હોસ્પિટલમાં બની હતી. ઘટના બાદ ઘાયલ ડોક્ટર અને તેના બે સહયોગીની ધરપકડ કરવામાં આવી હતી. સમસ્તીપુર (સદર) સબ-ડિવિઝનલ પોલીસ ઓફિસર (SDPO) સંજયકુમાર પાંડેએ પત્રકારોને જણાવ્યું હતું કે, પીડિતાના નિવેદન મુજબ ડોક્ટર અને તેના બે સહયોગીઓએ ગઈકાલે રાત્રે મુસરીઘરારી વિસ્તારની એક ખાનગી હોસ્પિટલમાં તેની સાથે બળાત્કાર કરવાનો પ્રયાસ કર્યો. ત્રણેય નશાની હાલતમાં હતા. પીડિતાએ સ્વબચાવમાં ડોક્ટરના પ્રાઈવેટ પાર્ટ પર બ્લેડ વડે પ્રહાર કર્યા અને ત્યાર બાદ તે ભાગી છૂટી હતી. એસડીપીઓએ જણાવ્યું હતું કે, બાદમાં પોલીસ અધિકારીઓની એક ટીમ હોસ્પિટલ પહોંચી અને ડોક્ટર અને તેના બે સહયોગીઓને પકડી લીધા. ડોક્ટરની હોસ્પિટલમાં સારવાર કરવામાં આવી રહી છે. તેમણે કહ્યું કે, પ્રારંભિક તપાસમાં એવું જાણવા મળ્યું હતું કે, ડોક્ટર અને તેના સહયોગીઓએ તેના પર હુમલો કરતા પહેલા સીસીટીવી કેમેરા બંધ કરી દીધા હતા અને હોસ્પિટલને અંદરથી બંધ કરી દીધી હતી. પોલીસને ઘટનાસ્થળેથી પીડિતા દ્વારા સ્વબચાવમાં ઉપયોગમાં લેવાયેલ બ્લેડ અને દારૂની બોટલ પણ મળી આવી હોવાનું એસડીપીઓએ જણાવ્યું હતું. તેમણે ઉમેર્યું હતું કે, રાજ્યના દારૂબંધી કાયદાની જોગવાઈઓ હેઠળ આરોપીઓ સામે એક અલગ કેસ પણ નોંધવામાં આવ્યો હતો. બિહારમાં એપ્રિલ ૨૦૧૬માં દારૂબંધી કાયદો લાગુ કરવામાં આવ્યો હતો જે હેઠળ રાજ્યમાં દારૂના ઉત્પાદન, વેચાણ અથવા વપરાશ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો.

# કેજરીવાલ તિહાર જેલમાંથી બહાર આવ્યા : 'જેલ મારા સંકલ્પને તોડી નહીં શકે, દેશ વિરોધી શક્તિઓ સામે લડતા રહીશું'

**તેમના વાહનના સનરૂફ પરથી પાર્ટી કાર્યકર્તાઓને સંબોધન કરતાં દિલ્હીના મુખ્યમંત્રીએ 'ઈન્કલાબ ઝિંદાબાદ' અને 'વંદે માતરમ્'ના નારા પણ લગાવ્યા હતા**



(એજન્સી) નવી દિલ્હી, તા.૧૩

દિલ્હીના મુખ્યપ્રધાન અરવિંદ કેજરીવાલ તિહાર જેલમાંથી મુક્ત થયા છે અને તે પછી તેમની પ્રથમ ટિપ્પણીમાં દિલ્હીના મુખ્યપ્રધાન અરવિંદ કેજરીવાલે શુક્રવારે કહ્યું હતું કે, તેઓ રાષ્ટ્રને નબળું બનાવવા માટે કામ કરતી 'રાષ્ટ્ર વિરોધી' શક્તિઓ સામે લડવાનું ચાલુ રાખશે અને તેમણે જણાવ્યું હતું કે, જેલવાસથી તેમનો આ સંકલ્પ વધુ મજબૂત થયો છે. દિલ્હી એક્સાઈઝ પોલિસી કેસમાં સુપ્રીમ કોર્ટે તેમને જામીન આપ્યા પછી કેજરીવાલ જેલમાંથી બહાર નીકળ્યા અને તેમના પક્ષના નેતાઓ અને સમર્થકો દ્વારા તેમનું જોરદાર સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમના વાહનના સનરૂફ પરથી પાર્ટી કાર્યકર્તાઓને સંબોધન કરતાં કેજરીવાલે 'ઈન્કલાબ ઝિંદાબાદ' અને 'વંદે માતરમ્'ના નારા લગાવ્યા હતા. તેમણે કહ્યું કે, હું એવા લોકોનો આભાર માનું છું જેમણે મારી મુક્તિ માટે પ્રાર્થના કરી છે. તમે અહીં આવવાની હિંમત કરી છે અને એ માટે હું તમારો આભારી છું. મારા લોહીનું દરેક ટીપું મારા દેશની સેવામાં સમર્પિત છે. મારા જીવનમાં મેં અનેક મુશ્કેલીઓનો સામનો કર્યો છે પરંતુ ભગવાન હંમેશા મારી સાથે છે.

તેમણે કહ્યું કે, તેઓએ મને નિરાશ કરવા માટે જેલમાં ધકેલી દીધો પણ મારો સંકલ્પ વધુ મજબૂત બન્યો છે. જેલ મારા સંકલ્પને તોડી શકે નહીં. હું દેશ વિરોધી શક્તિઓ સામે મારી લડાઈ ચાલુ રાખીશ. પંજાબના મુખ્યપ્રધાન ભગવંત માન અને દિલ્હીના પૂર્વ નાયબ મુખ્યપ્રધાન મનિષ સિસોદિયા સહિત આમ આદમી પાર્ટી (AAP)ના સેંકડો કાર્યકરો અને પક્ષના વરિષ્ઠ નેતાઓ કેજરીવાલનું સ્વાગત કરવા જેલની બહાર રાહ જોઈ રહ્યા હતા. ચાલુ વરસાદમાં માન, સિસોદિયાએ ટ્રકની ઉપરથી કેજરીવાલને વધાવતા સૂત્રોચ્ચાર કર્યા હતા. જેલ કે તાલે ટૂટ ગયે, કેજરીવાલ છૂટ ગયે, "ભ્રષ્ટાચાર કા એક હી હલ, કેજરીવાલ, કેજરીવાલ" જેવા સૂત્રો પોકાર્યા હતા.

# દિલ્હી રમખાણો : કોર્ટે કૃત્રિમ દાવાઓ અને વિરોધાભાસી નિવેદનોને ધ્યાનમાં લેતા ૧૦ મુસ્લિમોને નિર્દોષ જાહેર કયા

**આ કેસોમાં સાક્ષીઓ કાં તો ફરી ગયા હતા અથવા આરોપીને ઓળખવામાં નિષ્ફળ રહ્યા હતા, કોર્ટે પોલીસ નિવેદનોમાં વિલંબ કરવા અને કાયદાકીય ખામીઓની પણ ટીકા કરી હતી**

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૩

કર્કરડૂમા કોર્ટે ૨૦૨૦ ઉત્તર-પૂર્વ દિલ્હીના રમખાણો દરમિયાન આગ લગાડવાના બનાવો અને રમખાણોના આરોપી દસ મુસ્લિમોને નિર્દોષ જાહેર કર્યા છે અને કોર્ટે કહ્યું છે કે, સાક્ષીઓ દ્વારા કરવામાં આવેલા નિવેદનોમાં 'કૃત્રિમ' દાવાઓ અને વિરોધાભાસ છે.

કોર્ટે નિર્દોષ જાહેર કર્યા છે તેમાં મોહમ્મદ શાહનવાઝ, મોહમ્મદ શોએબ, શાહરૂખ, રાશિદ, આઝાદ, અશરફ અલી, પરવેઝ, મોહમ્મદ. ફૈઝલ, રાશિદ અને મોહમ્મદ તાહિર છે. ગુરૂવારે જમિયત-ઉલેમા-એ-હિંદ દ્વારા જારી કરાયેલી પ્રેસ રિલીઝ મુજબ તેમના પર રમખાણો, સંપત્તિને આગ લગાડવાનો અને ચોરીનો આરોપ મૂકવામાં આવ્યો હતો. જમિયતે કેટલાક આરોપીઓને કાયદાકીય મદદ પૂરી પાડી હતી.

આ મુસ્લિમ જૂથે જણાવ્યું હતું કે, તેમના દ્વારા આપવામાં આવેલા વકીલોએ આરોપીઓ વિરુદ્ધ કરવામાં આવેલા દાવાઓમાં વિરોધાભાસ દર્શાવ્યો હતો. સાક્ષીઓ કાં તો પ્રતિકૂળ બન્યા અથવા આરોપીને ઓળખવામાં નિષ્ફળ ગયા. પોલીસ અધિકારીઓના નિવેદનોમાં વિલંબ અને કાયદાકીય ખામીને લીધે પણ કોર્ટને આરોપીઓને નિર્દોષ જાહેર કરવાની ફરજ પડી હતી.

જમિયતના નેતા નિયાઝ ફારૂકીએ જણાવ્યું હતું કે, તેમના સંગઠને ૬૦૦ આરોપીઓને જામીન મેળવવામાં મદદ કરી હતી. જમિયત દ્વારા પૂરી પાડવામાં આવેલ કાનૂની સહાયને કારણે, દિલ્હી રમખાણો સંબંધિત કેસોમાં આઠ વ્યક્તિઓને આરોપોમાંથી મુક્ત કરવામાં આવ્યા હતા. આ ચુકાદામાં કોર્ટે અવલોકન કર્યું હતું કે, ફરિયાદ પક્ષ દ્વારા તપાસવામાં આવેલા એક સાક્ષી જે ઘટના બની હતી તે સ્થળની નજીક એક દુકાન ચલાવતા હતા તેણે કહ્યું હતું કે, રમખાણો પછી તેની દુકાન સળગાવી ન હતી. જો કે, એક હેડ કોન્સ્ટેબલ અને આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર (ASI)એ દાવો કર્યો હતો કે, દુકાન બળી ગઈ હતી. તે બંનેએ દાવો કર્યો હતો કે, તોફાનીઓએ દુકાનને સળગાવી દીધી હતી. આ બે કથિત પ્રત્યક્ષદર્શીઓ દ્વારા લેવામાં આવેલ આ વિરોધાભાસી વલણ તેમની વિશ્વસનીયતા પર શંકા ઊભી કરે છે.

કોર્ટે એ પણ ધ્યાન દોર્યું હતું કે, ઘટના દરમિયાન તોડફોડ કરનાર ટોળાના એક ભાગ તરીકે આરોપીની ઓળખના પાસા પર બે ફરિયાદીઓએ કાર્યવાહીના કેસનું સમર્થન કર્યું નથી. પોલીસ દ્વારા ન્યાયાધીશને પ્રદાન કરાયેલ ફરજ રોસ્ટર મુજબ PW6 અને PW13 (એક કોન્સ્ટેબલ અને એક ASI)ને ચમન પાર્કમાં ફરજ સોંપવામાં આવી હતી અને PW9 (એક હેડ કોન્સ્ટેબલ)ને જોહરીપુરમાં ફરજ સોંપવામાં આવી હતી. જો કે, હેડ કોન્સ્ટેબલે કોર્ટ સમક્ષ રજૂઆત કરી હતી કે, તે કોન્સ્ટેબલ અને ASI સાથે ફરજ પર હતો. આ નિવેદન ઉપરોક્ત ત્રણ પ્રત્યક્ષદર્શીઓ દ્વારા કરવામાં આવેલા દાવાની વિશ્વસનીયતા પર પ્રતિકૂળ અસર કરે છે.

# કોંગ્રેસે ભાજપના નેતા દ્વારા રાહુલ ગાંધીને કથિત 'ધમકી' પર FIRની માંગ કરી

(એજન્સી) કોલકાતા, તા.૧૩

કોંગ્રેસે શુક્રવારે માંગ કરી હતી કે, ભાજપ નેતા દ્વારા લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીને કથિત 'ધમકી' પર સરકારે એફઆઈઆર દાખલ કરવી જોઈએ અને તેમની સુરક્ષાની સમીક્ષા કરવાની માંગ કરી છે. વિપક્ષી પાર્ટીનું નિવેદન ભાજપના નેતા તરવિંદરસિંહ મારવાહની કથિત રીતે રાહુલ ગાંધીને 'ધમકી' આપતા ક્લિપના પગલે આવ્યું છે. દિલ્હી ભાજપના શીખ સેલના સભ્યોએ બુધવારે લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી વિરુદ્ધ તેમના ૧૦ જનપથ નિવાસસ્થાન પાસે વિરોધ પ્રદર્શન કર્યું હતું અને સમુદાય વિશે અમેરિકામાં તેમની ટિપ્પણી બદલ તેમની પાસેથી માફી માંગવાની માંગ કરી હતી. કોંગ્રેસના કેટલાક નેતાઓ દ્વારા શેર કરવામાં આવેલા વીડિયોમાં મારવાહને કથિત રીતે કહેતા સાંભળવામાં આવ્યા



હતા કે, 'રાહુલ ગાંધી બાઝ આવશે નહીં તો આવનારા સમયમાં તારો પણ હાલ એજ થશે જે તારી દાદીનો થયો હતો.' કોંગ્રેસની ટિકિટ પર ત્રણ વિધાનસભા ચૂંટણી જીતનાર મારવાહ જુલાઈ ૨૦૨૨માં ભાજપમાં જોડાયા હતા.

નવી દિલ્હીમાં એઆઈસીસી હેડક્વાર્ટર ખાતે એક પ્રેસ કોન્ફરન્સને સંબોધતા પંજાબ વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા પ્રતાપસિંહ બાજવાએ કહ્યું, 'જયારે વિપક્ષના નેતાને ભાજપના નેતા તરફથી ધમકી મળી છે ત્યારે આ FIR થવી જોઈએ. સરકાર દ્વારા ફરિયાદ દાખલ કરવામાં આવવી જોઈએ જો તેઓ આમ નહીં કરે તો અમે પહેલ કરીશું. બાજવાએ કહ્યું કે, 'તે વિપક્ષના નેતા છે, કેબિનેટ રેન્કના છે. તમારો ભાજપનો માણસ આવું કહી રહ્યો છે. સૌથી પહેલાં અમારી માગણી એ છે કે, જો ભાજપ નિષ્ઠાવાન છે, જો તેઓ ભારતમાં લોકશાહી જાળવી રાખવા માંગે છે, જો સાચા અર્થમાં તેઓ મારવાહ સાથે નથી તો તેઓએ કાયદા દ્વારા FIR નોંધવી જોઈએ અને રાહુલ ગાંધીની સુરક્ષાની સમીક્ષા કરવી જોઈએ.' પંજાબના પૂર્વ મુખ્યપ્રધાન ચરણજીતસિંહ ચન્નીએ કહ્યું કે, રાહુલ ગાંધીએ દેશમાં એસસી, એસટી, ઓબીસી અને લઘુમતીઓ સાથે જે રીતે વર્તન કરવામાં આવે છે તેના પર ચિંતા વ્યક્ત કરી છે અને તે શીખો સાથે પણ થવાનું શરૂ થઈ શકે છે. ચન્નીએ કહ્યું, 'તેમણે શીખોના અધિકારની તરફેણમાં વાત કરી છે, અમે તેમની પ્રશંસા કરીએ છીએ. રાહુલ ગાંધીએ શીખોની તરફેણમાં જે વાત કરી છે તેનાથી ભાજપ નારાજ છે. તેથી જ તે તેમનું નિવેદન વિકૃત રીતે રજૂ કરી રહ્યું છે.'

# તેલંગાણા સરકારે ગણેશ વિસર્જન, ઈદ-એ-મિલાદુન્નબી જેવા તહેવારો પહેલાં રાજકીય રેલીઓ પર પ્રતિબંધ મૂક્યો

**પોનમ પ્રભાકરે કહ્યું કે, હિન્દુ અને મુસ્લિમ સમુદાયના તહેવારો એકસાથે ઉજવવામાં આવી રહ્યા હોવાથી કોઈએ રાજનીતિ કરવી જોઈએ નહીં**

(એજન્સી) હૈદરાબાદ, તા.૧૩

રાજ્યના પરિવહન અને બી.સી. કલ્યાણ મંત્રી પોનમ પ્રભાકરે જાહેરાત કરી હતી કે, સરકારે ૧૭ સપ્ટેમ્બરે યોજાનારી ગણેશ વિસર્જનની શોભાયાત્રાને ધ્યાનમાં લઈને તમામ રાજકીય રેલીઓ પર પ્રતિબંધ મૂક્યો છે. તેમણે પ્રેસ કોન્ફરન્સ દરમિયાન જણાવ્યું હતું કે, અન્ય સમયે રાજકીય પ્રવૃત્તિઓ માટે પૂરતી તક આપવામાં આવે છે પણ ગણેશ ઉત્સવ દરમિયાન ત્રણેય કમિશનરેટના અધિકારક્ષેત્રમાં રાજકારણને લાવવું જોઈએ નહીં. પોનમ પ્રભાકરે કહ્યું કે, હિન્દુ અને મુસ્લિમ સમુદાયના તહેવારો એકસાથે ઉજવવામાં આવી રહ્યા હોવાથી કોઈએ રાજનીતિ કરવી જોઈએ નહીં.

ગણેશ મૂર્તિ વિસર્જન સરઘસ શાંતિપૂર્ણ અને શાંતિપૂર્ણ રીતે આગળ વધે તે માટે રાજ્ય સરકારે વ્યાપક વ્યવસ્થાઓ કરી છે. તેમણે ચેતવણી આપી હતી કે, મુખ્યમંત્રી એ. રેવંત રેડ્ડીના નિર્દેશ મુજબ કોઈપણ વ્યક્તિ અથવા જૂથ અશાંતિ ભડકાવવાનો પ્રયાસ કરશે તો તેને કાનૂની કાર્યવાહીનો સામનો કરવો પડશે. પોનમ પ્રભાકરે તહેવારોની સુમેળભરી ઉજવણી કરવા માટે સરકારને સહકાર આપવા લોકોને વિનંતી કરી હતી. હૈદરાબાદમાં ગણેશ ચતુર્થીના દિવસે દારૂના આઉટલેટ બંધ રહેશે. શહેરમાં ગણેશ વિસર્જન પહેલાં હૈદરાબાદ શહેર પોલીસે ગુરૂવારે નોટિસ જારી કરીને તમામ દારૂના આઉટલેટ, બાર, ક્લબ અને રેસ્ટોરન્ટને ૧૭ સપ્ટેમ્બર સવારે ૬ વાગ્યાથી ૧૮ સપ્ટેમ્બર સાંજે ૬ વાગ્યા સુધી દારૂનું વેચાણ અને સેવા બંધ રાખવા સૂચના આપી હતી. આ નોટિસમાં કહેવામાં આવ્યું છે કે, દારૂનું વેચાણ અથવા પીરસવા પર કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. હૈદરાબાદ પોલીસ કમિશનર સી.વી. આનંદે જણાવ્યું હતું કે, જાહેર શાંતિ અને સુલેહ-શાંતિના હિતમાં તમામ વાઈન/ટોડીની દુકાનો અને બાર, જેમાં હૈદરાબાદ અને સિકંદરાબાદ શહેરોની રેસ્ટોરાં સાથે જોડાયેલા બાર પણ ગણેશ મૂર્તિઓના અંતિમ વિસર્જનને કારણે બંધ રહેશે.

## ઉદ્ધવ સેનાએ કર્યો કટાક્ષ

# નિવૃત્તિ પછી CJI ચંદ્રચૂડને ક્યાં લઈ જશે પીએમ મોદી ?

**શિવસેનાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ચીફ જસ્ટિસ ઑફ ઈન્ડિયા ચંદ્રચૂડની મુલાકાતનો ફરી વિરોધ કર્યો**

(એજન્સી) મુંબઈ,તા.૧૩

શિવસેના (UBT) એ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ચીફ જસ્ટિસ ઑફ ઈન્ડિયા (CJI) DY ચંદ્રચુડની મુલાકાતનો ફરી વિરોધ કર્યો છે. પાર્ટીએ એવા સવાલો પણ ઉઠાવ્યા છે કે નવેમ્બરમાં નિવૃત્ત થયા બાદ પીએમ જસ્ટિસ ચંદ્રચુડને કયું પદ આપશે. પીએમ મોદીએ બુધવારે CJIના નિવાસસ્થાને આયોજિત ગણેશ પૂજામાં પણ ભાગ લીધો હતો. શિવસેના (UBT) પહેલાથી જ આ બેઠક સામે વાંધો વ્યક્ત કરી ચૂકી છે. પાર્ટીના મુખપત્ર 'સામના'ના સંપાદકીયમાં, મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની પાર્ટીએ કહ્યું કે મોદીએ ભારતીય રાજનીતિના છેલ્લા સ્તંભને પણ તોડી પાડ્યો છે. આ દેશની પ્રતિષ્ઠામાં ઘટાડો છે. સુપ્રીમ કોર્ટની વેબસાઈટ અનુસાર, મુખ્ય ન્યાયાધીશ ચંદ્રચુડ ૧૦ નવેમ્બર, ૨૦૨૪ના રોજ નિવૃત્ત થશે. બુધવારે ચંદ્રચુડના નિવાસસ્થાને મોદીની મુલાકાત પર સંપાદકીયમાં કહેવામાં આવ્યું છે કે, 'વડાપ્રધાન અને મુખ્ય ન્યાયાધીશ વચ્ચેની વ્યક્તિગત મુલાકાતે પ્રોટોકોલને લઈને સવાલો ઉભા કર્યા છે.' તંત્રીલેખ કહે છે કે નિવૃત્તિ પછીની 'સુવિધા' એ ન્યાયતંત્રમાં સૌથી મોટી ખતરાની ઘંટડી છે ! ચંદ્રચુડ પર કટાક્ષ કરતા, શિવસેના (યુબીટી)એ કહ્યું કે નિવૃત્તિ પછી વડા પ્રધાન તેમને ક્યાં લઈ જાય છે તે જોવું રસપ્રદ રહેશે. 'સામના'ના તંત્રીલેખમાં દાવો કરવામાં આવ્યો છે કે જે ન્યાયાધીશોએ સરકારને લોકશાહી અને બંધારણને 'કચડવામાં' મદદ કરી હતી તેમને તેમની નિવૃત્તિ પછી પુરસ્કાર આપવામાં આવ્યો છે. એવું કહેવાય છે કે ચીફ જસ્ટિસ ચંદ્રચુડ વિશે લોકોના અલગ-અલગ મંતવ્યો હતા અને હજુ પણ છે. સૌપ્રથમ, ચંદ્રચુડના પરિવારમાં ન્યાય આપવાની મોટી પરંપરા છે. યશવંત વિષ્ણુ ચંદ્રચુડ ઈન્દિરા (પૂર્વ વડા પ્રધાન)ના કાર્યકાળ દરમિયાન દેશના મુખ્ય ન્યાયાધીશ હતા અને તેઓ હાલના મુખ્ય ન્યાયાધીશના પિતા છે. સંપાદકીયમાં કહેવામાં આવ્યું છે કે ચંદ્રચુડ મહારાષ્ટ્રનો પુત્ર છે, તેથી તે નિશ્ચિત છે કે તે કોઈપણ દબાણ અથવા રાજકીય પ્રલોભનોને વશ નહીં થાય. શિવસેના (UBT)ના નેતા સંજય રાઉતે PM મોદીની CJIના ઘરે જવા પર સવાલ ઉઠાવ્યા છે. તેમણે કહ્યું, 'જુઓ, આ ગણપતિજીનો તહેવાર છે. વડાપ્રધાને અત્યાર સુધીમાં કેટલા લોકોના ઘરની મુલાકાત લીધી છે? મને ખબર નથી. દિલ્હીમાં ઘણી જગ્યાએ ગણેશ ઉત્સવ ઉજવવામાં આવે છે, પરંતુ વડા પ્રધાન મુખ્ય ન્યાયાધીશના ઘરે ગયા હતા અને વડા પ્રધાન અને મુખ્ય ન્યાયાધીશે સાથે મળીને આરતી કરી હતી. રાઉતે કહ્યું, 'મને લાગે છે કે એક પરંપરા છે કે આવા કિસ્સાઓમાં, જો ન્યાયાધીશ અને પક્ષ વચ્ચે કોઈ જોડાણ હોય, તો તે કેસમાંથી પોતાને અલગ કરી લે છે. હવે મને લાગે છે કે ચંદ્રચુડ સાહેબે આનાથી દૂર રહેવું જોઈએ. શિવસેના (UBT)ના નેતા સુનીલ પ્રભુએ મહારાષ્ટ્ર વિધાનસભાના અધ્યક્ષ રાહુલ નાર્વેકરના નિર્ણયને પડકાર્યો છે.

# 'આરોપીને ઠાર કરો અથવા મને ગોળી મારી દો' : બળાત્કાર પીડિતા આઘાતમાં, મહુમાં બે આર્મી ઓફિસર પર હુમલાના બીજા દિવસે મહિલા મિત્રોની માંગ

**આ FIR આર્મીના એક અધિકારીની ફરિયાદના આધારે દાખલ કરવામાં આવી છે, જેમણે જણાવ્યું હતું કે, 'તેઓએ મહિલા સાથે ખરાબ વર્તન કર્યું અને મને શંકા છે કે, તેની સાથે કંઈક ખોટું કરવામાં આવ્યું છે'**

(એજન્સી) ઈન્દોર, તા.૧૩

આ કેસની તપાસ કરી રહેલા અધિકારીઓએ મીડિયાને જણાવ્યું હતું કે, મધ્યપ્રદેશના મહુ નજીક બે યુવાન આર્મી ઓફિસરો પર કથિત રીતે હુમલો કરનાર અને તેમની બે મહિલા મિત્રમાંથી એક પર બળાત્કાર કરનાર પુરૂષો મોટરસાઈકલ પર ફરતા હતા અને તેઓ લૂંટી શકાય તેવા લોકોને શોધતા હતા. તપાસકર્તાઓએ જણાવ્યું હતું કે, જો તેઓ તેમને રૂા.૧૦ લાખ નહીં આપે તો પીડિતોને જાનથી મારી નાખવાની ધમકી પણ આ શખ્સોએ આપી હતી. પોલીસે કહ્યું કે, તેઓ એક મૂંઝવણનો સામનો કરી રહ્યા છે કારણ કે, કથિત રીતે બળાત્કારનો ભોગ બનેલી મહિલાએ તેનું નિવેદન નોંધવાનો ઈન્કાર કર્યો છે. આ એફઆઈઆર આર્મીના એક અધિકારીની ફરિયાદના આધારે દાખલ કરવામાં આવી છે, જેમણે જણાવ્યું હતું કે, 'તેઓએ મહિલા સાથે ખરાબ વર્તન કર્યું અને મને શંકા છે કે, તેની સાથે કંઈક ખોટું કરવામાં આવ્યું છે.'

જેણે મહિલાને તેનું નિવેદન રેકોર્ડ કરવા માટે ઘણી વખત સમજાવવાનો પ્રયાસ કર્યો હતો તેવા એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, 'તે અમને ફક્ત એક જ વાત કહેતી રહે છે - આરોપીને ગોળી મારી દો અથવા મને ગોળી મારી દો. અમે સમજીએ છીએ કે તે આઘાતમાં છે. અમે આ કૃત્ય કરનારા શખ્સોની ધરપકડ કરવા માટે અમારા શ્રેષ્ઠ પ્રયાસો કરી રહ્યા છીએ.'

ઈન્દોર ગ્રામીણ પોલીસ અધિક્ષક હિતિકા વસલે મીડિયાને જણાવ્યું, તે પોતાનું નિવેદન નોંધવામાં સહજ નથી. તે સ્વસ્થ થાય ત્યાં સુધી અમે રાહ જોઈશું. અમે અનિલ, પવન અને રિતેશ એમ ત્રણ લોકોની ધરપકડ કરી છે. રિતેશને ૨૦૧૯માં હત્યાના કેસમાં નિર્દોષ જાહેર કરવામાં આવ્યો હતો. બાકીના ત્રણ આરોપીઓની ટૂંક સમયમાં ધરપકડ કરવામાં આવશે. એફઆઈઆર મુજબ બે યુવાન આર્મી ઓફિસર અને તેમના બે મિત્રો રાત્રે ૧૧ વાગ્યે જામ ગેટ પાસે આર્મીની ફાયરિંગ રેન્જમાં ગયા હતા. તેઓ તેમના વાહનમાંથી બહાર નીકળ્યા અને એક અલગ જગ્યાએ બેઠા હતા તેમણે જણાવ્યું કે, સવારે ૨:૩૦ વાગ્યાની આસપાસ સાતથી આઠ અજાણ્યા વ્યક્તિઓએ લાકડીઓ અને સળિયા વડે અમારા પર હુમલો કર્યો. એફઆઈઆરમાં જણાવાયું છે કે, જયારે અમે તેમને પૂછ્યું કે તેઓ શું ઈચ્છે છે, તેમાંથી એકે કહ્યું, અમને ૧૦ લાખ રૂપિયાની જરૂર છે, નહીં તો અમે તમને મારી નાખીશું. બધા હુમલાખોરો ૨૦થી ૩૫ વર્ષની ઉંમરની આસપાસની વી ધરાવતા હતા અને બધાના મોઢા ખુલ્લા હતા. આ પૈકી એકના હાથમાં પિસ્તોલ હતી. ધરપકડ કરાયેલા ત્રણેય શખ્સોના પોલીસ રેકોર્ડ દર્શાવે છે કે, તેઓ ભૂતકાળમાં અનેક કેસમાં સંડોવાયેલા છે.

અનિલ પર ૨૦૧૬માં માનપુર પોલીસ સ્ટેશનમાં ફાઈનાન્સ કંપનીમાં કામ કરતા કલેક્શન એક્ઝિક્યુટિવને લૂંટવાનો કેસ નોંધવામાં આવ્યો હતો. ફરિયાદીએ આરોપ મૂક્યો હતો કે, ચાર અજાણ્યા વ્યક્તિઓ બે નંબર વગરની મોટરસાઈકલ પર અમારી પાસે આવ્યા અને મને કહ્યું. મારી બેગ અને તમામ સામાન સોંપી દો, નહીં તો તેઓ મને મારી નાખશે.

૧૮ ઓગસ્ટ, ૨૦૨૧ના રોજ એક પોલીસ ટીમ કે જે બે પરિવારો વચ્ચેના વિવાદના કોલમાં હાજરી આપવા ગઈ હતી તેને ૫૦-૬૦ લોકો દ્વારા પથ્થરમારોનો સામનો કરવો પડ્યો. આ કેસમાં ધરપકડ કરાયેલા લોકોમાં અનિલનો પણ સમાવેશ થાય છે. ૧ જુલાઈ, ૨૦૨૪ના રોજ તેના પર અન્ય આઠ સાથે કથિત રીતે ૨૮૫ થાંભલાઓ અને કાંટાળા વાયરો તોડવા બદલ કેસ નોંધવામાં આવ્યો હતો, જે આરક્ષિત જંગલ વિસ્તારની વાડનો ભાગ હતા.

૨૮ સપ્ટેમ્બર, ૨૦૨૧ના રોજ પોલીસે તેની પાસેથી પ્રતિબંધિત દારૂ જપ્ત કર્યા પછી પવન વિરુદ્ધધ એક્સાઈઝ સંબંધી કેસ નોંધવામાં આવ્યો હતો.

સરકારના વકીલ મહેન્દ્રસિંહ મુંજાલદેએ મીડિયાને જણાવ્યું હતું કે, અનિલ અને પવન બંનેને પાંચ દિવસની પોલીસ કસ્ટડીમાં મોકલવામાં આવ્યા છે. પીડિતાનું પર્સ લૂંટી લેવામાં આવ્યું હતું અને અમે તેને શોધી કાઢવા તેમની કસ્ટડી ઈચ્છીએ છીએ. દરમિયાન રાજયમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને લઈને શાસક ભાજપ સરકાર પર વિપક્ષ દ્વારા આકરા પ્રહાર કરવામાં આવ્યા હતા.

વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે, ભાજપશાસિત રાજ્યોમાં કાયદો અને વ્યવસ્થા લગભગ અસ્તિત્વમાં નથી અને મહિલાઓ સામેના દિવસેને દિવસે વધતા ગુનાઓ પ્રત્યે ભાજપ સરકારનું નકારાત્મક વલણ અત્યંત ચિંતાજનક છે.

ગુનેગારોની આ હિંમત વહીવટની સંપૂર્ણ નિષ્ફળતા અને દેશમાં પ્રવર્તી રહેલા અસુરક્ષિત વાતાવરણનું પરિણામ છે. આ કારણે ભારતની દીકરીઓની સ્વતંત્રતા અને આકાંક્ષાઓ પર લગામ લાગી ગઈ છે. મુખ્યમંત્રી મોહન યાદવે પોલીસનો બચાવ કરતા કહ્યું કે, અમારી કડક કાર્યવાહીના આધારે કેટલાક આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે અને કેટલાકની ટૂંક સમયમાં ધરપકડ કરવામાં આવશે. સરકાર આવી બાબતોને લઈને ઘણી કડક છે, કાયદો કાયદાનું કામ કરશે.

# દહેગામના વાસણા સોગઠી ગામ પાસે મેશ્વો નદીમાં ગણેશ વિસર્જન સમયે ૧૦ ડૂબ્યા : આઠનાં મોત

## અન્ય બે જણાની શોધખોળ જારી; મદદ માટે NDRFની ટીમ પણ બોલાવાઈ

**મૃતકોના નામ**
(૧) રાજેશસિંહ ચૌહાણ
(૨) ચિરાગસિંહ ચૌહાણ
(૩) જસપાલસિંહ ચૌહાણ
(૪) ધર્મેન્દ્રસિંહ ચૌહાણ
(૫) યુવરાજસિંહ ચૌહાણ
(૬) સિધ્ધરાજ ચૌહાણ
(૭) પૃથ્વીસિંહ ચૌહાણ
(૮) વિજયસિંહ સોલંકી



(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૧૩

ગાંધીનગરના દહેગામ તાલુકાના વાસણા સોગઠી ગામ પાસે મેશ્વો નદીમાં ગણેશ વિસર્જન સમયે ૧૦ લોકો ડૂબી જતા અફરા તફરી મચી ગઇ હતી. આ લોકોને બચાવી લેવાના પ્રયાસો દરમ્યાન આઠના મોત થયાં છે, જ્યારે અન્ય બેની શોધખોળ હાથ ધરવામાં આવી છે. રાજ્યમાં છેલ્લા ૬ દિવસમાં ગણેશ વિસર્જન દરમિયાન બનેલી આ ચોથી દુર્ઘટના છે જેમાં કુલ ૧૫ લોકોનાં મોત નિપજવા પામેલ ચૂક્યાં છે. બુધવારે પાટણમાં વિસર્જન સમયે ડૂબી જતાં ચાર લોકોના તેમજ નડિયાદમાં ૨ અને જૂનાગઢમાં ૧ યુવકનું મોત નીપજ્યા હતા.

દહેગામના વાસણા સોગઠી ગામ પાસેથી પસાર થતી મેશ્વો નદીમાં આજે ગણેશવિસર્જન સમયે જ ૧૦ લોકો ડૂબ્યા હતા, જેની જાણ થતાં જ દહેગામ ફાયરબ્રિગેડની ટીમ અને બહિયલ તરવૈયાઓની ટીમ ઘટનાસ્થળે પહોંચી છે. આઠ લોકોની લાશ મળી આવી હતી. જ્યારે અન્ય ૨ લોકોની શોધખોળ હાથ ધરવામાં આવી છે. ગણેશ વિસર્જન સમયે અકસ્માતે ૧૦ લોકો ડૂબ્યા બાદ સ્થાનિકો અને ફાયર જવાનો દ્વારા ૮ યુવકોના મૃતદેહ શોધી કાઢવામાં આવ્યા છે. જ્યારે અન્ય બે લોકો પાણીમાં ગરકાવ થઈ ગયા હોય તેઓની શોધખોળ માટે NDRFની ટીમ પણ બોલાવવામાં આવી હતી. પ્રાંત અધિકારી સહિતના અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચ્યા છે. દહેગામના વાસણા સોગઠી ગામ પાસેથી પસાર થતી નદીમાં ડૂબી ગયેલા ૧૦ પૈકીના ૮ના મૃતદેહો મળી આવતા પરિવારજનોમાં આક્રંદ છવાયો હતો. દુર્ઘટનાની જાણ થતા જ ઘટના સ્થળ પર લોકોના ટોળા એકઠા થયા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, પાટણ શહેરના વેરાઈ ચકલા વિસ્તારમાં રહેતા નીતિશભાઈ પ્રજાપતિના પરિવાર ૫ દિવસના ગણપતિ લાવી તેનું પૂજન-અર્ચન કરી બુધવારે સરસ્વતી નદીમાં સાંજના સમયે વિસર્જન કરવા ગયો હતો. જ્યાં એક બાળક ડૂબતા તેને બચાવા જતા વારાફરતી એક બાદ એક ૭ લોકો ડૂબવા લાગતા ત્રણને બચાવી લેવાયા હતા. પરંતુ, શીતલબેન નીતિશભાઈ પ્રજાપતિ અને બે પુત્ર જિમિત નીતિશભાઈ પ્રજાપતિ અને બીજો પુત્ર દક્ષ નીતિશભાઈ પ્રજાપતિ સહિત મામા નયન રમેશભાઈ પ્રજાપતિ વહેતા પાણીમાં ડૂબી ગયાં હતાં. ખેડા જિલ્લાના નડિયાદમાં પણ ગણેશ વિસર્જન સમયે ડૂબવાની ઘટના બની હતી. ગયા રવિવારે ૮ સપ્ટેમ્બરના રોજ નડિયાદના બીલોદરા શેઢી નદીમાં નડિયાદના અને મંજીપુરાના મામા-ફોઈના દીકરા ગણેશ વિસર્જન કરવા જતાં નદીમાં ડૂબ્યા હતા. ૪૨ વર્ષિય સંદીપ આશાભાઈ મકવાણા અને ૩૫ વર્ષિય કેતન ગણેશભાઈ મહેરિયાનો ભોગ લેવાયો હતો. જૂનાગઢના ખોડીયાર ધુનામાં બુધવારે ગણેશ વિસર્જન સમયે ૨૪ વર્ષીય રોહિત વાઘેલા નામનો યુવક ડૂબ્યો હતો. જેની ૧૨ કલાકની શોધખોળ બાદ ગુરૂવારે લાશ મળી આવી હતી.

નકલી ગુટખા દિલ્હીથી મંગાવી મુંબઈ મોકલવાનું કારસ્તાન ઝડપી પાડતી SOG

# સુરતમાં ડુપ્લીકેટ ગુટખા અને પાન-મસાલાનું ગોડાઉન પકડાયું : ૪ કરોડનો જથ્થો જપ્ત

### ગુટખાના પાઉચ પર કાનૂની ચેતવણી પણ લખેલી ન હતી

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧૩

સુરત શહેરના સારોલી સણીયા હેમાદ ગામ ખાતે આવેલા પ્રિન્સ એસ્ટેટમાં એક ગોડાઉનમાં ડુપ્લીકેટ ગુટખાનો જથ્થો એસઓજી પોલીસે ઝડપી પાડ્યો છે. એસઓજી પોલીસે બાતમીના આધારે દરોડા પાડી દિલ્હી ખાતેથી મંગાવવામાં આવેલો ડુપ્લીકેટ તમાકુનો મિશ્રિત ગુટખાનો જથ્થો તથા પાનમસાલાના પાઉચ, ગુટખાના પાઉચ સહિત પાંચ અલગ અલગ વાહનો સાથે ત્રણ વ્યક્તિને ઝડપી પાડ્યા છે. આ ઉપરાંત દિલ્હીથી માલ મોકલનાર અને સુરત ખાતે માલ મંગાવનાર બે વ્યક્તિને પોલીસે વોન્ટેડ જાહેર કર્યા છે. હાલ તો પોલીસે આ તમામ મુદામાલ તથા વાહનો જપ્ત કરી અંદાજિત રૂા.૬ કરોડથી વધારાનો મુદામાલ જપ્ત કબજે કર્યો છે .ડુપ્લીકેટ ગુટખાનો જથ્થો ઉત્તરપ્રદેશ અને રાજસ્થાનથી ગોડાઉનમાં લાવી અહીં પેક કરી અન્ય સ્થળોએ મોકલાતો હતો.

સુરત જાણે નકલી ચીજવસ્તુઓનું એપીસેન્ટર બની ગયું હોય તેમ લાગે છે. પનીર, ઘી, તેલ બાદ હવે નશાકારક પદાર્થો જેવા કે તમાકુ, ગુટખા અને પાન મસાલા પણ ડુપ્લિકેટ વેચાઈ રહ્યા છે. ફરી એકવાર સુરત શહેરના સારોલી સણીયા હેમંત ગામ રોડ પર આવેલા પ્રિન્સ એસ્ટેટ ખાતે ક્રિયા શક્તિ લોજિસ્ટિકના ગોડાઉનમાંથી પોલીસે બાતમીના આધારે રેડ કરી મોટાપાયે ડુપ્લીકેટ ગુટખાનો જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસ દ્વારા જપ્ત કરવામાં આવેલો ડુપ્લીકેટ ગુટકાનો જથ્થો દિલ્હીથી મંગાવવામાં આવ્યો હતો. દિલ્હીમાં રહેતા મહાવીર રખારામ નૈણ નામના વ્યક્તિએ ક્રિયા શક્તિ લોજીસ્ટિકના ટ્રાન્સપોર્ટમાં સુરત ખાતે આ મોટો જથ્થો મોકલી આપ્યો હતો. જેમાં ટ્રાન્સપોર્ટ ગોડાઉનના ઈન્ચાર્જ સંજય સીતારામ શર્માને આ વાતની જાણ હતી. જેથી તેઓએ દિલ્હી ખાતેથી ટ્રાન્સપોર્ટ વાહનોમાં હેરાફેરી કરી સુરત ખાતે માલ લાવ્યા હતા. આ ઉપરાંત આ તમામ મુદ્દામાલ ગોડાઉનમાં રાખી ડુપ્લીકેટ ગુટખાનો જથ્થો હેરાફેરી કરવા માટે તથા મુંબઈ મોકલવા માટે વિશાલ રાજીવકુમાર જૈન દ્વારા

### ત્રણ આરોપીઓ ઝડપાયા : બે વોન્ટેડ જાહેર

ટેમ્પો મંગાવી રાખવામાં આવ્યો હતો. જેમાં આ ડુપ્લીકેટ ગુટખાનો જથ્થો મુંબઈ મોકલવા માટે લોડ કરતા હતા ત્યારે જ પોલીસે છાપો મારી તમામ મુદ્દામાલ ઝડપી પાડ્યો હતો. પોલીસે કુલ પાંચ વાહનો સાથે ડુપ્લીકેટ ગુટખાનો જથ્થો મળી અંદાજિત ૬ કરોડથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ ઉપરાંત પોલીસે દિલ્હી ખાતે ક્રિયા શક્તિ લોજિસ્ટિક્સના ટ્રાન્સપોર્ટથી મોકલનાર આરોપી મહાવીર રખારામ નૈણ (રહે.દિલ્હી) અને સુરત ખાતે માલ મંગાવનાર અનિલ ઉર્ફે અભિષેક યાદવ (રહે.સુરત)ને પોલીસે વોન્ટેડ જાહેર કર્યા છે. જયારે ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે જેમાં સંજય સિતારામ શર્મા, સંદિપ જયવિર નૈણ, વિશાલ રાજીવકુમાર જૈનનો સમાવેશ થાય છે. ગુટખાના જથ્થા ઉપર કાનુની ચેતવણી પણ લખવામાં આવી ન હોવાનું પોલીસના ધ્યાન પર આવ્યું છે.

રાજ્યમાં ખેતીની જમીન વેચાણ કિસ્સામાં નોંધ દાખલ અને પ્રમાણિત કરવાના નિર્ણયની કાર્યવાહી સરળ બનશે

# રાજ્યમાં ખેડૂત ખરાઇ માટે રેકર્ડ ચકાસણીમાં એપ્રિલ ૧૯૯૫થી જ મહેસૂલી રેકર્ડ ધ્યાને લેવાશે

## લેન્ડ રેકર્ડ ડિજિટાઇઝેશન અને ઓનલાઇન પ્રક્રિયાને વેગ આપવા મુખ્યમંત્રીનો નિર્ણય

(સંવાદદાતા દ્વારા) ગાંધીનગર, તા.૧૩

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં ખેતીની જમીનના વેચાણના કિસ્સાઓ માટે ડિજિટાઈઝેશન અને પારદર્શી ઓનલાઈન પ્રક્રિયાને વેગ આપતા મહત્ત્વપૂર્ણ નિર્ણય કર્યા છે.

રાજ્યમાં ખેતીની જમીનના વેચાણના કિસ્સાઓમાં વેચાણ નોંધ હક્કપત્રકમાં દાખલ કરતી વખતે વેચાણ લેનાર ખેડૂત ખાતેદાર પાસેથી ૧૯૫૧-૫૨થી ખેડૂત હોવા અંગે ખેડૂત ખરાઈ પ્રમાણપત્રનો આગ્રહ રાખવાની પ્રથા રાજ્યમાં અમલમાં છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ એવી રજૂઆતો આવી હતી કે, બિન ખેતીની પરવાનગી દરમ્યાન મૂળથી ખેડૂત ખાતેદારની ચકાસણીના કિસ્સાઓમાં રેકર્ડની બિન ઉપલબ્ધતા અને બિન ખેતી મંજુરીના કેસોમાં વિલંબને કારણે ખેડૂતો અને અરજદારોને અનેક સમસ્યાઓ નડે છે. ૧૯૫૧-૫૨થી બિનખેતી પરવાનગી સમયે જ્યારે મૂળથી ખેડૂત ખાતેદાર હોવાના આધાર પૂરાવાઓ માંગવામાં આવે છે, ત્યારે આવા પુરાવાઓ જિલ્લા વિસ્તરણ, પૂર જેવી આકસ્મિક કુદરતી આપત્તિઓ, તેમ જ વડીલો અને હાલ ખરીદ કરનારાઓ દ્વારા જૂના માણસોના ખેડૂત હોવાના પુરાવાઓ અપ્રાપ્ય હોવાને કારણે વેચાણ-નોંધો તેમ જ બિનખેતી અરજીઓ ખેડૂત ખરાઈના મુદ્દે દફતરે કરવાના કે નામંજૂર કરવાના કિસ્સાઓ રાજ્ય સરકારના ધ્યાનમાં આવ્યા છે. આના પરિણામે મૂળ ખેડૂત ખરાઈ બાબતે મૂળથી રેકર્ડની ચકાસણી કરવા બાબતે રેકર્ડની બિનઉપલબ્ધતાના કારણે વેચાણ-નોંધો અને બિનખેતી મંજૂરીઓના કેસોમાં સરળીકરણ કરવાના હેતુથી મુખ્યમંત્રીએ મહત્ત્વપૂર્ણ નિર્ણયો કર્યા છે. તદઅનુસાર, ખેતીની જમીનની વેચાણ નોંધ પ્રમાણિત કરવા અંગેના નિર્ણયમાં ખેડૂત ખરાઈની ચકાસણીમાં તા. ૬ એપ્રિલ ૧૯૯૫ પછીના રેકર્ડને જ ધ્યાનમાં લેવાનું રહેશે. એટલું જ નહીં, આવી ખરાઈ કરતી વખતે ૬ એપ્રિલ ૧૯૯૫ પહેલાંના સમયે ધારણ કરેલી કોઈ જમીનના કિસ્સામાં અરજદાર જમીન મૂળથી કેવી રીતે ધારણ કરે છે તેની ચકાસણી કરવાની બાબતો ખેતીની જમીનની હવે પછી વેચાણની નોંધ મંજૂર કરવાના તબક્કે લાગુ પડશે નહીં. ખેડૂત હોવા અંગેના ઉપલબ્ધ ઓનલાઈન રેકર્ડ તપાસીને સક્ષમ મહેસૂલી સત્તાઅધિકારીએ ખેડૂત ખરાઈ કરી આપવા નોંધ પ્રમાણિત કરવાનો નિર્ણય કરશે. વેચાણ નોંધ પ્રમાણિત કરવા અંગેનો નિર્ણય કરતી વખતે ખેડૂત ખરાઈ પ્રમાણપત્રનો આગ્રહ રાખવાનો રહેશે નહીં. જોકે આવી ખેતીની જમીનની હક્કપત્રકમાં વેચાણ નોંધ દાખલ કરતી વખતે ખેડૂત ખાતેદારે પોતે ખેડૂત ખાતેદાર હોવાનું સોગંદનામુ નિયત નમુનામાં રજૂ કરવાનું રહેશે. મુખ્યમંત્રીએ વધુમાં એવો મહત્ત્વપૂર્ણ નિર્ણય કર્યો છે કે, મૂળથી જૂની શરતની હોય તથા ખેતીથી ખેતીના હેતુ માટે જૂની શરત થયેલા હોય, પરંતુ બિનખેતી માટે પ્રિમિયમને પાત્ર હોય તેવી જમીનો માટે જ્યારે બિનખેતી માટેની અરજી આવે, ત્યારે માત્ર ખેડૂત ખરાઈના હેતુસર ૬ એપ્રિલ ૧૯૯૫ પછીનું જ રેકર્ડ ધ્યાને લેવાનું રહેશે.

આવી પરવાનગી વખતે કબ્જેદારો પાસેથી "ફક્ત બિનખેતી વિષયક પરવાનગી આપવાની અરજી હોવાનું તેમજ આ પરવાનગીથી માલીકીપણા- ટાઈટલ કે અન્ય કોઈ બાબતે વિસંગતતા જણાય તો કાયદેસરની કાર્યવાહી કરવાપાત્ર રહેશે." એ પ્રકારનું સોગંદનામું કલેક્ટરશ્રીઓએ મેળવી લેવાનું રહેશે.

બિનખેતી પરવાનગી અંગેની અન્ય જોગવાઈઓ યથાવત રહેશે તથા તેનો ચુસ્તપણે અમલ તમામ સક્ષમ સત્તાધિકારીઓએ કરાવવાનો રહેશે. હાલ જે કેસોમાં ખેડૂત ખાતેદારના દરજ્જા બાબતે લીટીગેશન કે તપાસ પડતર છે તેવા કિસ્સાઓમાં આ જોગવાઈઓ લાગુ પડશે નહીં.

સુરેન્દ્રનગરમાં આવેલી આઈપીએસ શાળા હવે વિવાદમાં

# વિશ્વના સૌથી મોટા પક્ષ ભાજપ દ્વારા ફરી એકવાર શાળાના બાળકોને સભ્ય બનાવવાનો પ્રયાસ

## ભાજપ જનાધાર ગુમાવી ચૂકયો છે : કોંગ્રેસ

અમદાવાદ, તા. ૧૩

વિશ્વભરમાં સમગ્ર વિશ્વની સૌથી મોટી પાર્ટી હોવાનાં બણગા ફૂંકતી ભાજપ પોતાના સદસ્યતા અભિયાનને લઈ વધુ એકવાર વિવાદોમાં ઘેરાઈ છે. બે દિવસ અગાઉ સુરેન્દ્રનગરની એક શાળામાં બાળકોને ભાજપના સભ્ય બનાવવાનો મામલો પ્રકાશમાં આવતાં વિવાદ સર્જાયો હતો. હજુ આ ઘટનાને બે દિવસ પણ નહોતા વીત્યા કે ફરી એકવાર સુરેન્દ્રનગરની જ એક આઈપીએસ શાળામાં બાળકોને ભાજપના સભ્ય બનાવવાનો મેસેજ વાયરલ થતાં હવે આ મુદ્દે ગુજરાતનું રાજકારણ ગરમાયું છે. સમગ્ર બાબતની વિગતે ચર્ચા કરીએ તો, ગુજરાતના સુરેન્દ્રનગરમાં આવેલી IPS સ્કૂલના સંચાલકોએ ધોરણ ૪ના વિદ્યાર્થીઓના વ્હોટ્સએપ ગ્રુપ Guj 4C Ips ગ્રુપમાં એક લિંક શેર કરી હતી. જેમાં લખ્યું હતુ કે, 'અમે ભારતીય જનતા પાર્ટીના પ્રાથમિક સભ્યો તરીકે નોંધણી કરાવવાના અભિયાનમાં તમારા સહકારની વિનંતી કરીએ છીએ.' સોશિયલ મીડિયા પર આ મેસેજ આગની જેમ પ્રસરતા શાળાના સંચાલકો બેકફૂટ પર આવી ગયા છે. આ અંગે કોંગ્રેસ પ્રવક્તા હિરેન બેંકરે જણાવ્યું હતું કે, ભાજપ જનાધાર ગુમાવી ચુકી છે. જેના લીધે હવે સભ્ય બનાવવા શાળાના બાળકોનો સહારો લેવો પડી રહ્યો છે. જો કે, આ વિવાદ મુદ્દે શાળાના સંચાલકોએ મીડિયાનાં સવાલોનાં જવાબો આપવાનું પણ ટાળ્યું હોવાની માહિતી પ્રાપ્ત થવા પામી છે. ઉલ્લેખનીય છે કે, ભાજપના નેતાઓ દ્વારા આ અગાઉ પણ શાળાનાં બાળકોને ભાજપના સભ્ય તરીકે જોડી સભ્ય નોંધણીનાં મોટાં આંકડા જાહેર કરવાનો ખેલ કરાયો હતો. જે હેઠળ ૧૦ સપ્ટેમ્બરે સુરેન્દ્રનગરમાં કુમારી એમ.આર. ગાર્ડી વિદ્યાલયના વિદ્યાર્થીઓને ભાજપના સભ્યો તરીકે નોંધવામાં આવ્યા હતા. ત્યારે ફરી એક વાર આવો જ બનાવ સામે આવતાં જાગૃત નાગરિકોના મનમાં સવાલ ઉઠી રહ્યાં છે કે, વિશ્વભરમાં લોકપ્રિયતાનો દાવો કરતી અને શિસ્તબદ્ધ પાર્ટીનું ગણગાતી ભાજપને આખરે કેમ બાળકોને જ બળજબરીથી સભ્ય બનાવવાની જરૂર પડી રહી છે ? તેવા વેધક સવાલો ઉઠવા પામ્યા છે.

### વિવાદમાં આવેલી શાળા ભાજપના નેતા મહેન્દ્ર પટેલની હોવાનો આક્ષેપ

ગુજરાતમાં ભાજપના પદાધિકારીઓ દ્વારા વિદ્યાર્થીઓનો ઉપયોગ કરીને પાર્ટીની સદસ્યતા વધારવાની ઘટનાઓ વધી રહી છે. સુરેન્દ્રનગરની કુમારી એમ. આર. ગાર્ડી વિધાલય બાદ હવે સુરેન્દ્રનગરની આઈપીએસ સ્કૂલ પણ બાળકોને સભ્ય બનાવવાના વિવાદમાં સપડાઇ છે. આ શાળા ભાજપના નેતા મહેન્દ્ર પટેલની હોવાનું મનાય છે. જો કે, આ મામલે મહેન્દ્ર પટેલે હજુ સુધી કોઈ જ પ્રતિક્રિયા આપી નથી.



મુસ્લિમોના ઈદે-મિલાદ અને હિન્દુઓના ગણેશ ચતુર્થીના પર્વ સાથોસાથ ઉજવાઈ રહ્યા છે અને સૌહાર્દપૂર્ણ માહોલ સર્જવાની ઉત્તમ તક છે ત્યારે કેટલાક ગણ્યાગાંઠયા તત્ત્વો વડોદરા, સુરત, કઠલાલ, ભરૂચ જેવા વિસ્તારમાં તંગદિલી સર્જી ચૂક્યા છે. બીજી તરફ વકફ સંશોધન વિરૂદ્ધ પણ મુસ્લિમ સમાજમાં વિરોધની લાગણી બળવત્તર બની છે ત્યારે ગઈકાલે અમદાવાદની સુપ્રસિદ્ધ જામા મસ્જિદ ખાતે જુમ્માની નમાઝ વેળાએ પોલીસનો તંતોતંત બંદોબસ્ત ગોઠવાયો હતો. બોડી વોર્ન કેમેરાથી સજ્જ પોલીસે ચાંપતી નજર રાખી હતી. આશા રાખીએ કે પોલીસ આવી જ ચાંપતી નજર દરેક વિસ્તારના દરેક લોકો પર રાખે કે જેથી આપણા શાંત ગુજરાતના એકતાના વાતાવરણને ડહોળવાની કોઈને તક ન મળે.

# ગેમીંગ ઝોન મામલે નિષ્ફળતા બદલ રાજકોટના મ્યુનિસિપલ કમિશનરે કોર્ટની માફી માગવી જોઇએ : હાઇકોર્ટ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૧૩

રાજકોટ ગેમીંગ ઝોનમાં આગ લાગવાની ઘટનામાં ૨૭ લોકોના કરુણ મોતની ઘટના બાદ આજરોજ હાથ ધરવામાં આવેલી સુઓમોટો પિટિશનમાં ગુજરાત હાઈકોર્ટે રાજકોટના મ્યુનિસિપલ કમિશનરને અંગત રીતે પિડીત પરિવારોને વળતર આપવા બાબતે અને વર્ષ ૨૦૨૨માં હાઈકોર્ટને ફાયર સેફ્ટીના નિયમોનું પાલન કરવાની ખાતરી આપવા છતાં આ ઘટના બની હોવાથી હાઈકોર્ટના આદેશનું પાલન કેમ નથી કરવામાં આવ્યું તેનો જવાબ રજૂ કરવા કારણ દર્શક નોટીસ કાઢવામાં આવી છે. કોર્ટે સ્પષ્ટ કહ્યું હતુ કે, મ્યુનિસિપલ કમિશનરે પોતાની નિષ્ફળતા સ્વિકારીને બદલ કોર્ટની માફી માગવી જોઈએ. બીજી બાજુ રાજકોટના મ્યુનિસિપલ કમિશનર દ્વારા અગાઉના તેમની કચેરી દ્વારા કરવામાં આવેલી કામગીરીઓ બાબતે ૧૮૦૦ થી વધુ પાનાની એફિડેવીટ હાઈકોર્ટે નકારી કાઢી હતી અને તેમને પરત ખેંચી હતી. આથી કોર્ટે પોતાના હુકમનો અનાદર અને પિડિતોને અંગત રીતે વળતર કેમ ના આપવું તે બાબતે જવાબ માંગીને આવતા શુક્રવારે વધુ સુનાવણી રાખી હતી. ઉલ્લેખનીય છે કે ગત તા. ૮ ફેબ્રુઆરી, ૨૦૨૨ના રોજ ફાયર સેફ્ટીને લઈને થયેલી જાહેર હિતની અરજીમાં રાજકોટ મ્યુનિસિપલ કમિશનર દ્વારા ખાતરી આપવામાં આવી હતી કે, તમામ બિલ્ડીંગોમાં ફાયર સેફ્ટીના નિયમોનું પાલન કરવામાં આવશે અને નિતી નિયમોનું પાલન કરનારને ઈન્સ્પેક્શન અને બીજી પ્રક્રિયા જ બીયુ પરમીશન આપવામાં આવશે. પરંતુ તેમ છતાં ટીઆરપી ગેમીંગ ઝોનની આવી દુર્ઘટના બનતા અરજદાર એડવોકેટ દ્વારા બે વર્ષ પહેલા તત્કાલિન મ્યુનિસિપલ કમિશનર દ્વારા આપવામાં આવેલી ખાતરી અને તે મુજબ આપવામાં આવેલા આદેશનો ભંગ કરવામાં આવ્યો હોવાથી જે-તે મ્યુનિસિપલ કમિશનર સામે પગલા લેવા જોઈએ તેવી માગણી હાઈકોર્ટ સમક્ષ કરી હતી. ઉલ્લેખનીય છે કે, રાજકોટ ગેમીંગ ઝોન અસ્તિત્વમાં આવ્યું અને દુર્ઘટના બની તે સમયગાળામાં અમીત અરોરા, આનંદ પટેલ અને ઉદિત અગ્રવાલ મ્યુનિસિપલ કમિશનર તરીકે કાર્યરત હતા. અગાઉ અરજદાર એડવોકેટ દ્વારા કરવામાં આવેલી ફાયર સેફ્ટીના નિયમોના પાલન બાબતની જાહેર હિતની અરજીમાં (PIL/૧૧૮/૨૦૨૦) રાજકોટ સહિત રાજ્યના તમામ મ્યુનિસિપલ કમિશનર દ્વારા કરવામાં આવેલી એફિડેવીટ અને તેના આધારે હાઈકોર્ટ દ્વારા કરવામાં આવેલા આદેશ બાબતે ચીફ જસ્ટીસ સુનિતા અગ્રવાલ અને જસ્ટીસ પ્રણવ ત્રિવેદીની ખંડપીઠનું ધ્યાન દોર્યું હતું. આ એફિડેવીટમાં હાઈકોર્ટ દ્વારા ફાયર સેફ્ટી મુદ્દે અગાઉ આપવામાં આવેલા આદેશો, નિતિ નિયોનું પાલન અને તમામ ઈમારતો આપત્તિ વ્યવસ્થાપન નિયમો મુજબની સુવિધા અને ઈમારતનું ઈન્સ્પેકશન કર્યા બાદ યોગ્ય સત્તાધીશ તરફથી પ્રમાણપત્ર આપ્યા બાદ જ બીલ્ડીંગ યુઝ પરમીશન આપવાની ખાતરી આપી હતી. જેથી ફાયર સેફ્ટીના તમામ નિયમોનું પાલન કરવામાં આવશે અને ફાયર એનઓસી વગર બીયુ પરમીશન આપવામાં આવશે. ત્યારબાદ કોર્ટે આન નિયમોનું કડક પાલન કરવાનો આદેશ આપ્યો હતો. આ બાબત ધ્યાનમાં આવતા ચીફ જસ્ટીસે કહ્યું હતું કે આવા નિયમોમાં માત્ર કાયમી ઈમારતો જ નહી પરંતુ હંગામી ઈમારતોનો પણ સમાવેશ થાય છે. ટીઆરપી ગેમ ઝોનને તોડી પાડવાની નોટીસ આપવામાં આવી હતી પરંતુ તેનો અમલ કરાયો નહોતો. મ્યુનિસિપલ કમિશનર તેમ ના કહી શકે કે તેમના તાબાના અધિકારીએ જાણ નહોતી કરી એટલે તેઓ જવાબદાર નથી અને ટાઉન પ્લાન અને આસિસ્ટન્ટ ટાઉન પ્લાનર દ્વારા આમ કરવામાં આવ્યું છે. અમે કોઈ એ કે બી મ્યુનિસિપલ કમિશનરની વાત નથી કરી રહ્યા પરંતુ સમગ્ર સિસ્ટમની વાત કરી રહ્યા છીએ. જ્યારે તેમણે સોગંધ ઉપર ખાતરી આપી હોય ત્યારે તેનું પાલન કરવું જોઈએ. તાબાના અધિકારીઓને ભલે જવાબદારીઓ આપવામાં આવી હતી પરંતુ તેમને નિરીક્ષણ કરવાની જરૂરિયાત તો હતી જ. હાઈકોર્ટના આદેશના આધારે રચવામાં આવેલી સત્ય શોધક સમિતિ દ્વારા રજૂ કરાયેલા અહેવાલને હાઈકોર્ટે ધ્યાનમાં લીધો નહોતો. આ અહેવાલમાં મ્યુનિસિપલ કમિશનરોને જવાબદારીમાંથી મુક્ત કરવામાં આવ્યા હતા કારણ કે તેમના તાબાના અધિકારીઓએ તેમને ગેમીંગ ઝોન બાબતે માહિતી આપી નહોતી. પંરતુ હાઈકોર્ટે આજે એવું જણાવ્યું હતું કે, અમે સમિતિનો રિપોર્ટ ધ્યાનમાં લઈશું નહી કારણ કે તેઓએ મ્યુનિસિપલ કમિશનર દ્વારા અગાઉ આપવામાં આવેલી ખાતરી બાબતે કોઈ ફોડ પાડ્યો નથી. કોઈપણ મ્યુનિસિપલ કમિશનરને હાઈકોર્ટના આદેશને અવગણવાની મંજૂરી આપી શકાય નહી. તેઓ એવું ના કહી શકે કે તાબાના અધિકારીએ જાણ કરી નહોતી, સત્તાઓ તેઓને આપવામાં આવી હતી એટલે નિર્દોષ છે. હાઈકોર્ટ સ્પષ્ટ જણાવ્યું હતું કે, આ બાબતે સંદેશ જવો જોઈએ જેથી અધિકારીઓ આવું બીજીવાર કરે નહી. જો કશું કરવામાં નહી આવે તો પોતાને સુરક્ષિત માનીને તેઓ રાજી જ રહેવાના છે. જો દાખલો નહી બેસાડવામાં આવે તો સ્થિતી ઠેરની ઠેર જ થઇ જવાની છે. તેમણે પોતાની જવાબદારી સમજીને કંઈક આપવું જોઈએ. તેમણે માફી માગવી જોઈએ. કોર્ટના આદેશનું વારંવાર અવગણના કરવામાં આવે છે. અધિકારીઓ ભ્રમિત એફિડેવીટો દાખલ કરે છે. આ બનાવ એટલા માટે બન્યો છે કે, તંત્ર ઉપર અંકુશ નથી. જો અંકુશ હોત તો આ દુર્ઘટના ટાળી શકાઇ હોત. જો સંસ્થાના વડા નબળા હોય અને અંકુશ ના હોય તો તેઓ પોતાને નિર્દોષ કહી શકે નહી. જો તેઓ પોતાની ફરજ ગંભીરતાથી બજાવે નહી તો તે દોષિત જ ગણાય. તેઓએ યોગ્ય કામગીરી કરવાની ખાતરી બે વર્ષ પહેલા જ આપી દીધી હતી. આથી ફરજમાં બેદરકારી બદલ જવાબદાર ઠેરવવા માટે તેમને નોટીસ આપવી જોઈએ. એક બાજુ તંત્રમાં આટલા બધા છીંડા છે અને તેની ભૂલ સ્વિકારીને માફી માંગવી જોઈએ. તમે ભૂલ સ્વિકારતા નથી અને તમારી કામગીરીને યોગ્ય ઠરાવવાનો પ્રયાસ કરો છો. સવાલ એ છે કે તમે અગાઉ કોર્ટને ખાતરી આપી હતી અને હવે તેનો જવાબ આપવાનો રહેશે. ત્યારબાદ કોર્ટે ઉપરોક્ત આદેશ કર્યો હતો.

ભાદરવાનો આકરો તાપ પડવાનો શરૂ

# રાજ્યમાં સામાન્ય વરસાદી ઝાપટાં વચ્ચે ગરમી અને બફારાનો અનુભવ

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૧૩

રાજ્યમાં છૂટાછવાયા વરસાદની શક્યતાઓ દર્શાવાઈ રહી છે ત્યારે એક અઠવાડિયું રાજ્યભરમાં ગરમી અનુભવાશે. ગુજરાતમાં છેલ્લા એક સપ્તાહથી વરસાદે વિરામ લીધો છે, જેને કારણે ગુજરાતવાસીઓને ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. એટલે કે, ભાદરવા મહિનાની અસર વર્તાઈ રહી છે, ત્યારે હજુ આગામી સાત દિવસ આ તાપમાંથી રાહત મળે તેવી શક્યતાઓ નહીંવત પ્રમાણમાં છે. તેમ છતાં ચોમાસાની ઋતુ ચાલી રહી છે, તે માટે હવામાન વિભાગ દ્વારા આગામી સાત દિવસ ગુજરાત રાજ્યના વિવિધ જિલ્લાઓમાં ખૂબ જ ઓછા વિસ્તારમાં હળવા છૂટાછવાયા વરસાદી ઝાપટા વળતી શકે છે, તેવી આગાહી કરી છે. પરંતુ ગુજરાત રાજ્યમાં હાલમાં વરસાદ નહીં હોવાથી સામાન્ય જ છે, પરંતુ તેનો અનુભવ વધુ થઈ રહ્યો છે. એટલે કે ભાદરવા મહિનાનો આકરો તાપ શરૂ થયો છે. હવામાન વિભાગની આગાહી મુજબ આગામી સાત દિવસ ગુજરાતવાસીઓને ક્યારેક તડકો તો ક્યારેક વાદળછાયું વાતાવરણ અનુભવાશે. જેને કારણે ગરમી અને બફારાનો અનુભવ રહેશે. સામાન્ય રીતે જ્યારે આકાશમાંથી વરસાદ પડશે. ત્યારે જમીનથી નજીકનું તાપમાન નીચે જતું રહેતું હોય છે. એટલે કે તે સમયગાળો દરમિયાન ઠંડકનો અહેસાસ થાય છે, પરંતુ જ્યારે વાદળો ખસી જાય છે અને સૂર્યના સીધા કિરણો જમીનને સ્પર્શે છે, ત્યારે જમીનની અંદર રહેલું પાણી વરાળરૂપે બહાર નીકળે છે, તેને કારણે વરસાદના થોડા દિવસો બાદ બફારાનો અનુભવ થાય છે તથા સૂર્યના કિરણોને કારણે સતત ગરમીનો પણ અનુભવ થાય છે, ત્યારે સામાન્ય રીતે સપ્ટેમ્બર માસના પાછલા પખવાડિયામાં ભાદરવા મહિનાની શરૂઆત થતી હોય છે.

For Advertisement:gtadvt@yahoo.co.in WWW.gujarattoday.in facebook.com /gujarattodaydaliy @ Gujarat paper Google Play Store : GUJARAT TODAY

● આદ્યસ્થાપક : મર્હુમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હુમ સિરાજુદીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● Posting at Ahd. RMS